INDIANS OF TO-DAY.

(From The Pioneer. 22nd May 190[illegible])

We have already quoted a short account from the Bombay papers of Shrimad Rajchandra Ravjibhai, (popularly known as Kavi) a rising Jain reformer, who died on April 9th, 1901, in Rajkot, Kathiawar at the premature age of 33. Shrimad had the reputation of being the only *Shatavadhani* poet of India, when he was only nineteen. *Avadhana* means attention. *Shatavadhana* means attention to a hundred things at a time. A poet is styled *Shatavadhani*, when he stores up a hundred things in his memory,—be they verses in different languages whose words are recited to him at random, or some games such as chess, cards, &c., or any other things, and reproduces them in their proper order from memory. During the performance the strokes of a bell are counted, and arithmetical problems are solved by the poet. This feat of memory power, coupled with poetic gifts,—for the *Shatavadhani* poet has also to compose poetry *extempore*,—can be realised better by sight than description.

Shrimad Rajchandra was a living psychological instance of how far memory can be developed. He was considered by his admirers to be one of the greatest moral teachers of our time and country, and the enlightened portion of the Jain community regarded him as its youngest great philosopher in this *Pancham Kal*. He was born in Vavanya, Kathiawar, in 1867, of *Vanika* parentage. As a boy at school he showed extraordinary powers of memory. He finished within two years the vernacular course of his studies, which generally requires six years to complete. His teachers regarded him as a prodigy of intellect and memory. At a very early age he showed a predilection for poetry. At the age of nine,

he wrote small *Ramayana* and '*Mahabharata*' in Padya (poetry). At the age of twelve, he wrote three hundred stanzas on a clock in three days. This shows that Shrimad was a born poet. He also began to contribute to several monthly magazines and newspapers, and wrote an essay on the importance of female education. When he was thirteen, he went to Rajkot to study English. At the age of fourteen or fifteen, he went to Morvi, and performed an *Ashthavadhána* (in which eight things are attended to at a time) feat before a circle of friends. He then increased the *Avandhanas* from eight to twelve, and gave a public performance of the same. He gradually increased his powers of memory to such an extent that from twelve *Avadhanas* he began to perform sixteen, and from sixteen fifty-two and lastly, one hundred, and thus at the age of nineteen, he became a *Shatavadhani* poet. He went to Bombay and gave a public performence of his *Shatavadhans*, at the Framji Kawasji Institute and other places. For these wonderful feats of memory he was awarded a gold medal by the Bombay public, and was given the name of *Sakshat Sarasvati* (સાક્ષાત્ સરસ્વતિ.) Mr. Malabari, the well-known social reformer, after witnessing the performance wrote in his paper, the *Indian Spectator*, a very admirable article calling Shrimad, ' a prodigy of intellect and memory." Shortly after this, at the instance of the late Sir Charles Sargent, the then Chief Justice of the High Court of Bombay, Dr. Peterson, Mr. Yajnik, and such other well-known citizens, arrangements were made for a big public meeting to witness Shrimad's *Shatavadhna*. The public and the Press expressed their high appreciation and admiration of the Young prodigy. Sir Charles advised him to visit Europe and exhibit his powers there but he could not do so, as he thought he could not live in Europe as a pure Jain ought to live.

After such public recognition of sudden change seemed

to come over him. At the age of twenty, he completely disappeared from the public gaze. He determined to use his powers and ablilites for the instruction and enlightment of his community and the people at large. From his very early age he was a voracious reader. He studied the six schools of religions (ષડ્દર્શન) and other systems of Oriental and Western philosophy. Strange though it might seem it was a fact that a book was required to be read only once in order to be digested, and without any regular study of Sanskrit and Prakrit, he could accurately understand works in those languages and explain them to others, as only learned scholars could be expected to do. Shrimad now began to inculcate his taste for knowledge in others and soon attracted a large number of disciples, whom he guided to the proper study of the Jain philosophy. He found that the *Acharyas* (religious teachers) of the time held narrow and secatrian viewas, and did not appreciate the change of times. Agein those who renounced the world were generally lacking in some of the good things of the world, and had some reason or other to be dissatisfied with their lot in the world. Such men could not impress their congregations by their example. He believed that if a man of wealth, and social position renounced the world, he could work real good by his example; convinced of his sincerity and disinterestedness, the people would more readily follow his guidance and profit by his preaching. Holding such views, he had believed that he had not sufficiently qualified himself to appear before the public as an ascetic and a spiritual guide, and he continued steadily a man of the world, though his inclinations were all the other way.

When he was twenty-one, he took to business and in a very short time gained the credit of being a capable jeweller. The cares of a flourishing business, however, did not keep him from his favourite study of religion and philosophy. In

the midst of his busy life he was quietly extending his studies and was always found surrounded by his books. Again, for some months of the year, he would leave Bombay with instructions to the members of the firm not to correspond with him unless he wrote to them. He used to retire into the forests of Gujerat and there pass days and weeks in meditation and *yoga*. He always tried to conceal his identity and whereabouts, and, in spite of that, he was often found out followed by a large number of people, eager to listen to his preaching and advice.

After ten years of business life, he felt that he had accomplished the object with which he had entered business. He expressed his desire to sever his connection with it. Knowledge, possession of wealth, social position, the enjoyment of family happiness (for Shrimad had parents, one married brother, four married sisters, a wife, two sons and two daughters, all living), he was preparing to renounce the world and lead the life of an ascetic. In the meantime, in his 32nd year, his health gave way. He was treated by a number of competent medical men. And once there was a change for the better. A relapse, however, followed, and after an illness of more than a year, in spite of competent medical treatment and good nursing by devoted disciples, he quietly passed away on the 9th ultimo, (April, 1901) at Rajkot, Kathiawad. During his long and painful illness he never uttered a sigh or a groan. He was cheerful while all others around him were despondent.

Besides scattered poems he has written several works His *Moksha Mala* has already been published. This work is the keynote of Jainism. This, he had written at the age of seventeen. Among his unpublished works there are *Atman-Siddhi Upaya* and *Panchastikaya*, and several essays on the *Atman* or soul. The corner-stone of the Jain religion and

philosophy is the theory of Karma, in which he strongly believed. He thought of writing a convincing treatise on this theory, and a series of works on the principles taught by the Great Mahavira, but unfortunately he was prevented from doing so by his long illness. He had also solved several difficult problems of religion. After careful study of the Jain and the Buddhist literature, he had come to the conclusion that both Mahavira and Budha were different personages, their principles were quite different and the belief of European scholars, that Jainism was the offspring of Buddhism was not well founded. He said, that in the Jain manuscripts, of two thousand years old, it was clearly stated that the great Mahavira and the Great Buddha were hard religious competitors. Shrimad had also maintained that the two chief sects of Jainism,—the Digambara and the Swetambara—were the outcome of irregular condition of the country.

The above short sketch of his life is sufficient to show that, Shrimad Rajchandra was in every way a remarkable man. His mental powers were extraordinary. At the same time the moral elevation of his character was equally striking. His regard for truth, his adherance to the strictest moral principles in business, his determination to do what he believed to be right, in spite of all opposition, and his lofty ideal of duty, inspired and elevated those who came in contact with him. His exterior was not imposing, but he had a serenity and gravity all his own. On account of his vast and accurate knowledge of religions and philsophy, his wonderful powers of exposition and his lucid delivery, his discourses were listened with the utmost attention. His self-control under irritating circumstances was so complete, his persuasive powers so great, and his presence so inspiring, that those who came to discuss with him in a defiant and combative frame of mind, returned quite humiliated and full of admiration.

Shrimad Rajchandra deplored the present condition of India, and was always solicitous for its amelioration. His views on the social and political questions of that day were liberal. He said there ought not to be anything like caste-distinction amongst the Jains, as those who were Jains were all ordered to lead similar life. Among all the agencies for reform, he assigned the highest place to the religious reformer, working with the purest of motives and without ostentation. He found fault with the religious teachers of the present day because, they preached sectarianism, did not realise the change of the times, and often forgot their real sphere in the desire to proclaim themselves as *avatars* of God, and arrogated to themselves powers which they did not possess. In his later years, it was clear that he was preparing to fulfil his life's mission in that capacity. But unfortunately death intervened and the mission remained unfulfilled. Shrimad had, however, succeeded in creating a new spirit among the Jains in the Bombay Presidency. It is generally believed that had he lived long, he would have revolutionised the whole system of the present Jain religion, and would have taught the people what the Great Mahavira had actually taught. He wanted to do away with the numerous sects of the Jain religion in order to establish one common religion, founded by Mahavira. That such an useful life should have been cut short at this premature age was a distinct loss to the country.

His admirers have already collected about Rs. 11,000 to perpetuate his memory. A movement is still going on to increase the fund. It is expected that an institution to collect old manuscripts and to publish the works of the Jain religion which remain unpublished, in several *Bhandaras*, will be started, bearing his honoured name. It is hoped that some one of his numerous disciples may give the public a comprehensive account of his life and work.

આજના હિંદીઓ.

[અલાહાબાદના 'પાયોનીયર' (૨૨, મે, ૧૯૦૧) પત્ર ઉપરથી.]

અમે મુંબઈના વર્તમાનપત્રોમાંથી શ્રીમદ્ રાજચંદ્ર રવજીભાઈ (પ્રસિદ્ધિમાં 'કવિ તરીકે જ્ઞાત થયેલા) અને ઉગતા જૈનસુધારક કે જે કાઠિયાવાડમાં આવેલ રાજકોટમાં ૩૩ વર્ષની અકાલ ઉમરે ૧૯૦૧ ના એપ્રિલની નવમીએ ગત થયા તેનું ટુંક વર્ણન કયારનું ટાંકેલ છે. જ્યારે ૧૯ વર્ષના હતા ત્યારે હિંદીના શતાવધાની કવિ તેઓ એકજ છે એવું માન શ્રીમદ્‌ને મળ્યું હતું. અવધાન એટલે લક્ષ. શતાવધાન એટલે એકી વખતે સો વસ્તુપર ધ્યાન આપવું તે. એક કવિ જ્યારે પોતાની સ્મરણશક્તિમાં એક સો બાબતોનો સંગ્રહ કરી રાખે છે ત્યારે તે શતાવધાની કહેવાય છે. આ બાબતોમાં જુદી જુદી ભાષાઓની કવિતાઓ કે જેમાંના શબ્દો આડાઅવળા ક્રમમાં ગમે તેમ કહેવામાં આવે છે, અથવા શેતરંજ, પાનાં આદિ કેટલીક રમતો અને બીજી કેટલીક બાબતોનો સમાવેશ થાય છે. આ અવધાનક્રિયામાં ઘંટ વગાડવામાં આવે છે તેના ટકોરા ગણતાં ગણતાં ગણિતના દાખલાઓ કરી આપે છે. કવિત્વની અર્ક્ષીસ સાથેની—કારણ કે શતાવધાની કવિને પૂછેલી કવિતા તાત્કાલિક અને શિઘ્ર રીતે કરવી પડે છે—સ્મરણશક્તિનું આવી રીતે વ્યક્તત્વ વર્ણન કરતાં દષ્ટિએ જોયાથીજ તેનો ખરો ખ્યાલ આવી શકે છે.

શ્રીમદ્ રાજચંદ્ર, સ્મરણશક્તિનો કેટલોબધો વિકાસ કરી શકાય છે તેના અધ્યાત્મશાસ્ત્રદષ્ટયા પ્રત્યક્ષ ઉદાહરણરૂપ હતા. તેમના સ્તુતિકારો તેઓ આપણા સમય અને દેશના મહત્તમ નીતિશાસ્ત્રના ઉપદેશકોમાંના એક હતા એમ ગણતા અને જૈનસમુદાયના સુશિક્ષિત પુરૂષો તેઓને આ પંચમકાલના એક ઉભરતા મહાન્ ક્રિયાસુધારક તરીકે લેખતા. તેમનો જન્મ કાઠિયાવાડના વવાણિયા ગામમાં વણિકજ્ઞાતિમાં ૧૮૬૭ માં થયો હતો. નાનપણમાં જ્યારે તેઓ શાળામાં જતા ત્યારે તેઓએ અદ્ભુત સ્મરણશક્તિ દર્શાવી હતી. ગુજરાતી ભાષાનો અભ્યાસક્રમ કે જે પૂરો કરવાને છ વર્ષ લાગતાં હતાં તે તેમણે બે વર્ષની અંદર પૂરો કર્યો. તેમના શિક્ષકો તેમને બુદ્ધિ અને સ્મરણશક્તિ વિષે અસાધારણ લેખતા. ઘણીજ નાની ઉમરથીજ તેમને કવિતા

પ્રત્યે અનુરાગ હતો. નવ વર્ષની વયમાં તેમણે પદ્યમાં નાના રામાયણ અને મહાભારત લખ્યાં હતા. બાર વર્ષની વયમાં ત્રણ દિવસમાં ઘટિકાયંત્ર પર ત્રણસો વૃત્ત લખ્યા હતા. આ દર્શાવે છે કે શ્રીમદ્ આજન્મસિદ્ધ કવિ હતા. તેમણે કેટલાક માસિક અને જાહેર વર્તમાનપત્રોમાં લખાણ લખવા માંડ્યાં હતાં, અને સ્ત્રીકેળવણીની ઉપયોગિતા ઉપર એક નિબંધ લખ્યો હતો. તેર વર્ષની ઉમરે તેઓ ઇંગ્લીશ ભાષાનો અભ્યાસ કરવા રાજકોટ ગયા. ૧૪ કે ૧૫ વર્ષથી ઉમરે તેઓએ મોરબી જઇ મિત્રમંડળ પાસે અષ્ટાવધાન (એકી વખતે આઠ બાબતોમાં ચિત્ત રાખવાની ક્રિયા) કર્યાં. પછી આઠમાંથી બાર અવધાન કરવાની શક્તિ વધારી અને પછી તે બાર અવધાનો પ્રજા સમક્ષ કર્યાં. તેમણે ધીમે ધીમે પોતાની સ્મરણશક્તિ એટલા બધા પ્રમાણમાં વધારી કે બારમાંથી સોલ અવધાન કર્યાં; સોળમાંથી બાવન અવધાન કર્યાં અને અંતે સો અવધાન કર્યાં, અને આવી રીતે ઓગણીશ વર્ષની ઉમરે તેઓ શતાવધાની કવિ થયા. તેઓએ મુંબઈ જઇ પોતાની શતાવધાન કરવાની શક્તિ ફ્રામજી કાવસજી ઇન્સ્ટિટયુટ અને અન્ય સ્થલોએ પ્રજાસન્મુખ કરી બતાવી. આ આશ્ચર્યભૂત સ્મરણશક્તિની ક્રિયાઓથી તેમને પ્રજાએ સુવર્ણચંદ્રક (ચાંદ) આપ્યો અને 'સાક્ષાત્ સરસ્વતિ'નું બિરૂદ આપવામાં આવ્યું. પ્રસિદ્ધ સુધારક મિ. મલબારીએ ઉપરોક્ત શતાવધાનક્રિયા જોઇ પોતાના પત્ર નામે 'ઇન્ડિઅન સ્પેક્ટેટર' માં તે વિષયે ઘણોજ સ્તુતિપ્રદર્શક લેખ લખ્યો અને તેમાં શ્રીમદને "બુદ્ધિ અને સ્મરણશક્તિ અદ્ભુત રીતે ધરાવનાર" (a prodigy of intellect and memory). કહ્યા. આ પછી થોડાક વખતમાં મુંબઇની હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સર ચાર્લ્સ સારજન્ટ, ડૉક્ટર પીટર્સન, મિ. યાજ્ઞિક અને અન્ય પ્રતિષ્ઠિત પુરૂષોની પ્રેરણાથી શ્રીમદના શતાવધાન જોવાને માટે એક મહાન્ લોકસભા બોલાવવાને વ્યવસ્થા કરવામાં આવી. આ અસાધારણ શક્તિવાળા યુવકની સ્તુતિ અને કદર લોકોએ અને પત્રવાળાઓએ* ઉત્તમ રીતે પ્રદર્શિત કરી. સર ચાર્લ્સે તેમને યુરોપમાં

*જુદા જુદા વર્તમાનપત્રોએ શ્રીમદ્ રાજચંદ્રના સંબંધમાં લખેલ લેખોમાંથી અહીં તા. ૪, ડિસેમ્બર ૧૮૮૬ (સંવત્ ૧૯૪૩ ના માગશર શુદ ૮, શનિ) ના અંકમાં 'મુંબઇ સમાચાર' પત્રે લખેલો એક અગ્રલેખ, (Leading article) મૂકીએ છીએ:—

જઈ ત્યાં પોતાની શક્તિઓ દર્શાવવાને ભલામણ કરી પણ તેઓ તેમ કરી શક્યા નહિ, કારણ કે તેમણે વિચાર્યું કે, યુરોપમાં પોતે જૈનધર્માનુસાર રહી શકે નહિ.

આવી રીતે સમગ્ર પ્રજામાં ખ્યાતિ થયા પછી તેમના પર એકાએક નવું પરિવર્તન આવ્યું હોય તેમ જણાયું. વીસ વર્ષની વયે પ્રજાની દૃષ્ટિમાં પૂર્ણ રીતે તેઓ અદૃશ્ય થયા. પોતાની શક્તિ અને બુદ્ધિબળનો ઉપયોગ પોતાના સમુદાયવર્ગમાં અને વિસ્તારથી સમગ્ર લોકને શિક્ષા અને જ્ઞાનબોધ આપવામાં કરવા માટે તેમણે નિશ્ચય કર્યો. તેઓ ઘણી નાની ઉમરથી અતિશય પરિમાણમાં વાંચનાર હતા. તેમણે પડ્દર્શનની આલોચના કરી; અને તેની સાથે પૂર્વ તેમજ પશ્ચિમની ફિલસુફીનાં દર્શનો જોયાં. જો કે આશ્ચર્યકારક

અદ્‌ભુત સ્મરણશક્તિ તથા કવિતાશક્તિ ધરાવનાર એક જવાન હિંદુની અત્રે પધરામણી, અને તેના તરફથી થતા શતાવધાનના પ્રયોગ.

મોરબીથી કવિશ્રી રાયચંદ્ર રવજીભાઈ નામનો માત્ર ઓગણીશ વરસની વયનો એક હિંદુ ગૃહસ્થ અત્રે આવી સ્મરણશક્તિ તથા કવિતાશક્તિનાં જે અદ્‌ભુત કૃત્યો કરી દેખાડે છે તેનાથી વાંચનારાઓને અમે વાકેફ કરતા જઈએ છીએ. એવી મહાન્ શક્તિના પુરુષો એથી ક્યારે આવી ગયા છે, અને ખુદ મુંબઈમાં શીઘ્ર કવિ-પંડિત ગટુલાલજી તેવી શક્તિ ધરાવનાર તરીકે જાણીતા છે; પણ [illegible] પુરુષ તેઓ કરતાં ચઢતી શક્તિનો કહેવાય છે; એટલે ગટુલાલજી જ્યારે અષ્ટાવધાનના એટલે એકીવેળા આઠ પ્રકારના પ્રયોગો કરી બતાવે છે ત્યારે આ શતાવધાની એટલે એકસો પ્રયોગો કરી દેખાડનાર સમજવામાં આવે છે. તેમનામાં રહેલી શક્તિની મોટી ખૂબી એ છે કે, તેઓ એકી વેળા અનેક બાબત પોતાના મનમાં યાદ રાખી તથા રચી શકે છે; અને તે બાબત [illegible] હોય છે. [illegible]

[illegible]

લાગશે, પરંતુ આતો વાસ્તવિક સત્ય છે કે તેમને પુસ્તકને પૂર્ણ રીતે ગ્રહણ કરવાને ફક્ત એકજ વખત વાંચવાની જરૂર રહેતી, અને સંસ્કૃત અને પ્રાકૃતના નિયમિત અભ્યાસ વગર તેઓ તે ભાષામાંના પુસ્તકો મ્હોટા પંડિતોની પેઠે તેવી રીતે તેઓ યથાર્થ રીતે સમજી શકતા અને બીજાને સમજાવી શકતા.

તેઓએ જોયું કે ધર્મગુરૂઓ વર્તમાનમાં સાંપ્રદાયિક દૃષ્ટિથી સંકુચિત—ટુંક મર્યાદાવાળા—વિચારો ધરાવે છે અને હાલના પરિવર્તનઅનુસાર કેવી રીતે વર્તન કરવું જોઈએ તે સમજતા નથી. વિશેષ જેઓ આ સંસારનો ત્યાગ કરી ત્યાગવૃત્ત સ્વીકારે છે તેઓમાં કેટલાક સાંસારિક સંપત્તિઓના અભાવે તથા સંસારથી એક યા બીજા કારણથી થયેલા અસંતોષને પરિણામે

છે. આટલું તો ખરૂં છે કે, એવી શક્તિ કુદરતની એક બક્ષીસ માત્ર છે, અને તે કોઈક ભાગ્યશાળી ગૃહસ્થને અર્પણ થયેલી હોય છે; પણ તે ખીલી કે વધી શકે કે નહીં અને મનુષ્ય જાતના કારોબાર તથા વહેવારમાં આવી શકે કે નહીં તે નક્કી કરવાની જરૂર છે. કેટલીક તરફથી એવું માનવામાં આવે છે કે, તે તેવા ઉપયોગમાં આવી શકે નહીં; અને જો એવા માને, તો તેનું 'ખરું ખોટું' ગણું જાય. આમાં કેટલી સચ્ચાઇ છે તે પણ શોધી કાઢવું જોઇએ. જો એ શક્તિ એવા ઉપયોગમાં આવી શકે નહીં તો પછી તે માત્ર જોવાની અને નકામી થઇ પડે. પણ આપણે એકદમ તેમ માનીશું નહીં. મનુષ્ય જાતમાં ઈશ્વરે મેલેલી દરેક શક્તિઓ ખીલવીને વધારી શકાય છે, તેમ કુદરતી અદ્ભુત શક્તિઓના સંબંધમાં પણ થવું જોઇએ; અને જો તેમ હોય તો પછી આવા ચમત્કારિક પુરૂષોને ઉત્તેજન આપી તેમની શક્તિ ખીલવવા અને તેને લોકઉપયોગી કામમાં આણવાની કોશીશ કરવામાં આપણે પછાત પડવું જોઇતું નથી. એવા પુરૂષો જો યુરોપ કે અમેરિકામાં હોય તો તેઓ મોટું માન અને દોલતે પામત; તથા પ્રજા અને સરકાર તેમને ઉત્તેજન આપી આગળ વધાર્યા વગર રહે નહીં. અત્રે પણ તેમજ થવું જોઇએ છે; અને તેમ થશે તોજ એવા નામીચા પુરૂષોનો આપણામાં વધારો થશે. આ વાત પણ તપાસવા જેવી છે કે, એવા પુરૂષો અત્યાર સુધી હિંદુ કોમમાંથીજ મળી આવે છે, મોહમેડન, પારસી વગેરે કોમમાંથી તેઓ મળી આવતાં નથી એનું કારણ શું? શું એવા પુરૂષો ખાસ જાતમાંજ જન્મ પામે છે અથવા વંશ પરંપરા ઉતરે છે? એ સર્વ બાબતોની તપાસ કરતાં અગત્યના ખુલાસા મળશે, અને તેથી એવા પુરૂષો ઉત્પન્ન થવાનો કાંઇ નિયમ જણાયા પછી તેમની વૃદ્ધિ પ્રજાને ફાયદો કરશે.

તેમ કરે છે. આવા પુરુષો પોતાના ચારિત્ર્યની અસર તેઓના સમુદાય પ્રત્યે પાડી શકતા નથી. શ્રીમદ્‌ની એવી માનીનતા હતી કે ધનવાન અને સાંસારિક સારી સ્થિતિવાળો પુરુષ સંસારનો ત્યાગ કરે તો પોતાના ચારિત્ર્યથી સંગીન-હિત કરી શકે. જનસમાજ તેના શુદ્ધ હૃદય અને નિઃસ્વાર્થના સદ્‌ગુણની ખાત્રી થયેથી તેના કહેવા પ્રમાણે દોરાવામાં ઘણુંજ તત્પર રહે અને તેના ઉપદેશથી લાભ મેળવતી થાય. આવા વિચાર શ્રીમદ્‌ના હતા અને તેની સાથે જનસમાજ આગળ એક ગુરુ અને ધાર્મિક નાયક તરીકે રજુ થવા યોગ્ય સ્થિતિમાં મુકાયા નથી એમ તેઓ માનતા હતા; અને તેથીજ ગૃહસ્થ-ધર્મમાંજ ઉત્તમ ચારિત્ર્યવાનું ચાલુ રાખ્યું હતું. જ્યારે તેના આંતરિક વિચારો સંસારપ્રત્યે તદ્દન ઉદાસીન વર્તતા હતા.

જ્યારે શ્રીમદ્ ૨૨ વર્ષના હતા, ત્યારે તેમણે ધંધામાં પ્રયાણ કર્યું; અને થોડા ટૂંક વખતમાં એક પ્રામાણિક ઝવેરી તરીકેની નામના મેળવી. વધતા જતા વ્યાપારની ઉપાધિઓમાં પણ ધર્મ અને તત્ત્વજ્ઞાનના પોતાના પ્રિય અભ્યાસમાં તેઓએ ખલેલ આવવા દીધી નહિ. પોતાના ઉદ્યોગરત જીવનમાં ફુરસદથી જ્ઞાનવૃદ્ધિ કરતા હતા. તેમજ હમેશાં પુસ્તકોમાં ગુંથાયેલા રહેતા હતા. વળી, વર્ષમાં કેટલાક મહિનાઓ તો પોતે મુંબઈ છોડી ચાલ્યા જતા અને પોતાની પેઢીએ કહી જતા કે જ્યાં સુધી પોતે લખે નહિ ત્યાં સુધી કોઈએ પોતાની સાથે પત્રવ્યવહાર પણ ચલાવવો નહિ. ગુજરાતના વનોમાં તેઓ એકાંત વાસ કરતા અને ત્યાં તેઓ ચિંતન અને ધ્યાનમાં કલાક અને અઠવાડિયાંઓ વ્યતીત કરતા. તેઓ હમેશ પોતે એકાગ્રભાવે જાય અથવા પોતાના આવ્યાની ખબર પડી જાય તેવી સાવધાનીથી ઘણું ગુપ્ત રહેવાનો હમેશ પ્રયાસ કરતા, છતાં તેઓ જ્યારે એકાગ્રભાવે જતા અને કોઈની નજરે ચઢતા તેમનાં ઉપદેશ અને શિક્ષા વચનો શ્રવણ કરવાની ઇંતેજારીપૂર્વક તેમની પાછળ આવતા.

[illegible]

સામાં ૩૨ મા વર્ષની વયે તેમની શારીરિક પ્રકૃતિ નબળી પડી. અનેક કુશળ ડાક્ટરોની સારવાર નીચે રાખવામાં આવ્યા અને એક વખત તો તેમની પ્રકૃતિ સુધરી જવાની આશા રખાઇ, પરંતુ વ્યાધિએ ફરીવાર દેખાવ દીધો અને હાસ્પિટલવાળી સારવાર અને તેમના ભક્તશિષ્યોની માવજત છતાં એક વર્ષ કરતાં વધારે વખત બીછાનાવશ રહીને કાઠિયાવાડના રાજકોટ શહેરમાં ગયા માસની નવમી તારીખે (૧૯૦૧ ના એપ્રિલ માસમાં) તેઓ શાંતિથી કાલશરણ થયા. તેમની લાંબી અને તીવ્ર માંદગી દરમ્યાન તેમણે કદી પણ નિઃશ્વાસ અથવા આર્તતા દાખવી ન હોતી જ્યારે તેમના બીછાનાની આસપાસના બીજા મનુષ્યો દીલગીર થતા ત્યારે પણ પોતે આનંદસમેત રહેતા.

છૂટી છવાયી કવિતા શિવાય તેમણે કેટલાંક પુસ્તકો લખ્યાં છે.* તેમની **મોક્ષમાલા** ક્યારની પ્રસિદ્ધિ પામી ગઇ છે; આ ગ્રંથ જૈનધર્મની કુંચી સમાન છે. આ તેમણે સત્તરવર્ષની વયે રચ્યો હતો. તેમના અપ્રસિદ્ધ ગ્રંથોમાં **આત્મસિદ્ધિશાસ્ત્ર+** તથા **પંચાસ્તિકાય** અને આત્માના વિષય પર કેટલાક નિબંધો છે. જૈનધર્મ તથા તેના તત્વજ્ઞાનનો મુખ્ય સિદ્ધાંત કર્મવાદ છે. કર્મવાદમાં તેમને અખંડ શ્રદ્ધા હતી. તેમણે આ કર્મવાદ પર પ્રમાણો સાથે એક પુસ્તક લખવાનો અને ભગવાન્ મહાવીરે પ્રકાશેલા સિદ્ધાંતો પર ગ્રંથમાલા લખવાનો વિચાર હતો પરંતુ દુર્ભાગ્યે તેમ તેનાથી લાંબી માંદગીને સબબે થઇ શક્યું નહિ. વળી તેમણે ધર્મના કેટલાક કઠિન સિદ્ધાંતો પ્રતિપાદિત કર્યાં હતાં. જૈન અને બૌદ્ધ સાહિત્યનું સંભાળપૂર્વક નિરિક્ષણ કર્યાં પછી તેઓ એવા નિર્ણય પર આવ્યા હતા કે મહાવીર અને બુદ્ધ બંને ભિન્ન મહાન્ પુરૂષો હતા, તેઓના સિદ્ધાંતો તદ્દન જુદા હતા અને જૈનધર્મ એ બૌદ્ધ ધર્મની શાખા છે એવી યુરોપીય પંડિતોની જે માનીનતા હતી તે બરાબર પ્રમાણ સહિત નથી. તેઓ કહેતા કે જૈનોના બે હજાર વર્ષના પ્રાચીન હસ્તલિખિત પુસ્તકોમાં સ્પષ્ટ રીતે જણાવે છે કે મહાન્

---

* શ્રીમદ્ રાજચંદ્રના લખેલા જે જે લેખો મળી આવ્યા તેનો સંગ્રહ કરી 'પરમશ્રુતપ્રભાવક મંડળે' રૉયલ ચાર પેજી ૭૦૦ પાનાનો ભવ્ય ગ્રંથ બહાર પાડ્યો છે.

+ આ લખાયા પશ્ચાત આ ગ્રંથની ત્રણ આવૃત્તિઓ પ્રસિદ્ધ થઇ ચૂકી છે.

મહાવીર અને મહાન્ બુદ્ધ એ ધાર્મિક પ્રતિસ્પર્ધિઓ હતા. શ્રીમદ્ આ પણ નિશ્ચિત રીતે પ્રતિપાદિત કરતા કે જૈનની બે મુખ્ય શાખાઓ નામે દિગંબર અને શ્વેતાંબર દેશની અનિયમિત સ્થિતિને લઇને જન્મ પામેલ છે.

શ્રીમદ્ રાજચંદ્ર દરેક રીતે લાક્ષણિક ચિન્હથી અંકિત પુરૂષ હતા એ દર્શાવવાને તેમની જીંદગીની ઉપર દર્શાવેલી લઘુ રેખા પૂરતી છે. તેમની માનસિક શક્તિઓ અદ્ભુત રીતે ચમત્કૃતિવાળી હતી, તેમજ તેમના ચારિત્ર્યની નૈતિક ઉન્નતિ ચકિત કરાવનાર હતી. સત્યપ્રત્યે તેમનો આદર, વ્યાપારમાં અસંત ચીવટથી નૈતિક તત્વોને વળગી રહેવાનું વર્તન ગમે તેટલી વિરૂદ્ધતા છતાં જે ખરૂં તેઓ માનતા તે કરવાની તેમની નિશ્ચય વૃત્તિ, અને તેમનો કર્તવ્ય સંબંધે ઉચ્ચ આદર્શ જેઓ તેમના સહવાસમાં આવતા તેમનામાં પ્રેરણા કરી તેમને ઉન્નતિની શ્રેણિપર ચડાવતા. તેમની બાહ્યકૃતિ ડીમાકવાળી ન હતી, પરંતુ આંતરિક શાંતિ અને ગાંભીર્ય તો તેમનાંજ હતાં. તેમનું ધર્મો તથા તત્વજ્ઞાન સંબંધી વિશાલ અને યથાસ્થિત જ્ઞાન, તેમની સમજાવવાની અદ્ભુત શક્તિ, અને ઉપદેશ કરવાની તેમની દીવ્ય પદ્ધતિ હોવાથી તેમના ઉપદેશો પૂર્ણ લક્ષપૂર્વક સાંભળવામાં આવતા હતા. ઉશ્કેરનાર સંજોગો હોય ત્યારે પણ તેમનો આત્મસંયમ એટલો બધો પૂર્ણ હતો, તેમની મધ્યસ્થ રીતે સમજાવવાની શક્તિ એટલી બધી મહાન્ હતી, અને તેમની હાજરી એટલી બધી પ્રેરણાત્મક હતી કે જેઓ તેમની સાથે વાદવિવાદ કરી તેમના ઉપર જય મેળવવાની બુદ્ધિએ આવતા તેઓ તદ્દન તેઓથી વશ થઇને તેમની આદરપૂર્વક સ્તુતિ કરતા જતા હતા.

હિંદની વર્તમાન દશા પર શ્રીમદ્ રાજચંદ્રને ખેદ થતો અને તે દૂર કરવાને હમેશાં ઇચ્છા ધરાવતા હતા. વર્તમાન સામાજિક અને રાજકીય પ્રશ્નોપરના તેમના વિચારો ઉદાર હતા. તેઓ કહેતા કે જૈનોમાં જ્ઞાતિભેદ જેવું કંઇ પણ હોવું જોઇએ નહિ કારણ કે જેટલા જૈનો છે તેમને એકજ પ્રકારનું જીવન વર્તન રાખવાનું હોય છે. બધા સુધારકોમાં જે સુધારક પવિત્રતમ આશયથી, અને દાંભિક વૃત્તિ વગર સુધારાનું કાર્ય કર્યાં જાય છે તેમને શ્રીમદ્ ઉચ્ચતમ પંક્તિ આપતા. વર્તમાનકાલના ધર્મગુરૂઓનો દોષ એ કારણથી કાઢતા હતા કે તેઓ સ્વસંપ્રદાયના મોહથી આગ્રહી ઉપદેશ કરી કાલના ફેરફારનું લક્ષ રાખતા નથી. પોતાને પ્રભુના અવતાર તરીકે કહે

ડાવવાની ઇચ્છાથી પોતાનું ખરું કર્તવ્ય વારંવાર ભૂલી જાય છે અને જે શક્તિ પોતાનામાં ન હોય છતાં તેનો દાવો કરવાનો ગર્વ રાખે છે. તેના પાછલાં વર્ષોમાં એ તો સ્પષ્ટ જણાયું હતું કે શ્રીમદ્ પોતાના જીવનનો સંદેશ ધર્મગુરૂ તરીકે આપવાની તૈયારી કરતા હતા. પરંતુ દુર્ભાગ્યે મરણે વચમાં પડી તે સંદેશ પૂર્ણ થતાં અટકાવ્યો છે, છતાં મુંબઇ ઇલાકામાં જૈનોમાં એક નવીન જીવન ઉપજાવવામાં શ્રીમદ્ વિજય પામ્યા છે. સાધારણ રીતે એવું મનાય છે કે જો તેઓ વધુ વખત જીવ્યા હત તો હાલના જૈનધર્મની સંપૂર્ણ દર્શનની ક્રાંતિ કરી હત અને મહાન્ મહાવીરે જે વાસ્તવિક ઉપદેશ આપ્યો છે તે ઉપદેશ લોકોને શિખવ્યો હત. જૈન ધર્મના અનેક ગચ્છભેદો કાઢી નાંખી મહાવીરે સ્થાપેલો એક સામાન્ય ધર્મ સ્થાપવાનો તેઓનો વિચાર હતો. આવી ઉપયોગી જીંદગી અપક્વ વયે ઉપયોગમાં આવતી બંધ પડી તેથી દેશને ચોખ્ખો ગેરલાભ થયો છે.

તેમનું નામ ચિરંજીવ રાખવાને તેમના સ્તુતિ પાઠકોએ આશરે રૂ. ૧૧૦૦૦ ઉપરાંતના અંગીકૃત કર્યા છે. તે ફંડને વધારવાની હિલચાલ હજુ પણ ચાલી રહી છે. અને એવી આશા રખાય છે કે જૂનાં હસ્તલિખિત પુસ્તકોને એકત્ર કરી જૈનધર્મવિષયક પુસ્તકો કે જે કેટલાક ભંડારો અપ્રગટ દશામાં પડ્યા છે તેને પ્રગટ કરનારી સંસ્થા તેમના માનવંતા નામ સાથે સ્થાપવામાં આવશે* આશા રહે છે કે તેમના અનુયાયીઓમાંના કોઇ શ્રીમદ્‌ના જીવનવૃત્તાંત અને કાર્યનો સર્વગામી અને સમજી શકાય તેવો અહેવાલ પ્રજાસમક્ષ રજુ કરશે.

---

*પરમશ્રુતપ્રભાવકમંડલે જૈન ધર્મના બે મુખ્ય સંપ્રદાય—શ્વેતામ્બર અને દિગમ્બરના પ્રાચીન શાસ્ત્રો શ્રીમદ્ રાજચંદ્રનું નામ જોડી "રાજચંદ્ર જૈન શાસ્ત્ર-માલા" ના નામથી પ્રકટ કરવાનું શરૂ કર્યું છે, અને તે યોજનાનુસાર નીચે પ્રમાણે ગ્રંથો મૂળ તથા હિંદી અનુવાદસહિત બહાર પણ પડી ચૂક્યાં છે:—૧ સપ્તભંગી તરંગિણી. ૨. તત્ત્વાર્થાધિગમ સૂત્ર. ૩. પુરૂષાર્થસિદ્ધિઉપાય. ૪. પંચાસ્તિકાય. ૫. જ્ઞાનાર્ણવ. ૬. સ્યાદ્વાદમંજરી. ૭. બૃહદ્દ્રવ્ય સંગ્રહ. ૮. દ્રવ્યાનુયોગતર્કણા.

અનુક્રમ.

પ્રસ્તાવના.

જૈનકાવ્યોના સંગ્રહરૂપ 'આ ગ્રંથને 'જનસમાજ સમીપ મૂકતાં મને હર્ષ થાય છે. જૈનવિદ્વાનોએ લખેલું ગુજરાતીસાહિત્ય ઘણા મોટા જથામાં છે. આ સઘળું એકત્ર કરી ક્રમે ક્રમે પ્રકટ કરવાની ધારણા મેં રાખી છે. આવી ધારણા કરાવવામાં મુખ્ય નિમિત્ત મારા સ્વર્ગસ્થ જ્યેષ્ઠ બંધુ શ્રીમાન્ રાયચંદ હોવાથી, આ સંગ્રહની સાથે તેઓનું નામ જોડવાનું મેં કર્યું છે. આ સંગ્રહને 'જૈનકાવ્યમાલા' એવું નામ આપી તેની સાથે મારા જ્યેષ્ઠ બંધુનું ઉપર્યુક્ત કારણે નામ જોડતાં 'રાયચંદજૈનકાવ્યમાલા' થયું છે.

મારા તરફથી પ્રકટ થનારા ગુજરાતીજૈનકાવ્યના સંગ્રહમાં આ પ્રથમ છે; અને તેથી તેને 'કાવ્યમાલા' નો પ્રથમ ગુચ્છક કહ્યો છે. આ ગુચ્છકમાં જૈનના ત્રણ કવિઓની કૃતિઓ આવી છે. શ્રીમાન્ આનંદઘનની સ્તવનાવલિ, અને 'બહુતેરી', શ્રી નેમવિજયનો 'શીલવતીનો રાસો' અને શ્રી ધર્મમંદિરનો 'મોહ-વિવેકનો રાસો.' આનંદઘનસ્તવનાવલિ તથા બહોતેરી જૈનસમાજમાં અતિ વિખ્યાત છે. શીલવતીનો રાસો મુંબઇ યુનિવર્સિટિની એમ. એ. ની પરીક્ષા માટે મંજુર થયેલ છે. 'મોહ-વિવેક' નો રાસ એક આધ્યાત્મિક ગ્રંથ હોઇ સંસ્કૃતમાં 'પ્રબોધ ચિંતામણિ' નામનો ગ્રંથ છે તેનું ગુજરાતી કાવ્યરૂપે છે.

દરેક ગુચ્છકમાં એક મુખ્ય કવિનું જીવનચરિત્ર આપવાનો વિચાર રાખ્યો છે. આ વિચાર અનુસાર આ પ્રથમ ગુચ્છકમાં શ્રીમાન્ આનંદઘનજીનું ચરિત્ર આપ્યું છે.

મારી પ્રબલ ઇચ્છા પ્રત્યેક ગુચ્છકને અંતે ગહન અને પારિભાષિક શબ્દોનો કોષ આપવાની છે; પરંતુ અવકાશના અભાવે આ ગુચ્છકમાં તો આપી શક્યો નથી.

મારા મનને એવી લાગણી સ્વા કરે છે કે, જો આ પ્રથમ ગુચ્છક સમાજની પ્રીતિ સંપાદન કરશે, તો અનુક્રમે આ કાવ્યમાલાના ક્રમવાર ગુચ્છકરૂપે ગુજરાતીજૈનકાવ્યસાહિત્ય બહાર પાડવું. હું આશા રાખું છું કે, આ ગુચ્છક સમાજને રુચિકર થઇ પડશે. આટલા મોટા કદનું પુસ્તક પાકા પુંઠા સહિત માત્ર બાર આના જેટલી અલ્પ કિંમતે આપવાનો વિચાર રાખ્યો છે તેનું કારણ પણ આ કાર્યને સમાજની પ્રીતિ સંપાદન કરાવવાનો છે.

જો સમાજની પ્રીતિ પ્રાપ્ત થશે, તો કાંઇ પણ નફાની ઇચ્છા રાખ્યા

વખત, અને દ્રવ્ય સંબંધી થોડું ઘણું સહન કરવું પડશે, તો તે સહન કરીને પણ હું ગુજરાતીજૈનકાવ્યસાહિત્ય બહાર પાડવાનું ચાલુ રાખીશ.

મારો વ્યવહાર વ્યાપાર સંબંધીનો હોઇ, તેમજ, 'સનાતન જૈન' પ્રકટ કરવાનું હોવાથી, આવાં કાર્યો માટે, તીવ્ર અભિલાષા છતાં મને જોઇએ તેટલો અવકાશ મળતો નથી. મારી આ મુશ્કેલી જોઈ મારા સ્નેહી ભાઇ કેશવલાલ પ્રેમચંદ વકીલ, બી. એ. એલ. એલ. બી.એ જે સૂચના કરી છે તે સૂચના અમલમાં લાવવાની મારી વૃત્તિ રહે છે. ભાઇ કેશવલાલે એવી મતલબ બતાવી છે કે, પ્રોફેસર મેક્સમુલરની દેખરેખ તળે પ્રોફેસર હર્મન જેકોબી આદિ વિદ્વાનો "Sacred Books of the East" પ્રકટ કરતાં, તેમ મારી દેખરેખ તળે અન્ય ગૃહસ્થોને આ કાવ્યમાલાના ગુચ્છકોને તૈયાર કરાવવાનું કામ સોંપવું. ભાઇ કેશવલાલે, પોતે મને આવા પ્રકારની સહાયતા આપવાનું સ્વીકાર્યું છે, અને તે માટે હું તેઓનો આભાર માનું છું.

આ પ્રથમ ગુચ્છક તરફ સમાજની રૂચિ થશે, તો અનુક્રમે બીજા ગુચ્છકો બની શકે તેટલા જાતે, અને બીજા ભાઇ કેશવલાલની સૂચના પ્રમાણેની સહાયતાકારોએ તૈયાર કરાવી પ્રકટ કરવાનું કરીશ. મારે જૈનસમાજને ખાસ કરી આગ્રહપૂર્વક જણાવવું પડે છે કે, જો તેઓ આ કાર્યની કદર કરશે, તો ઓછામાં ઓછા આવા ૧૦૦ ગુચ્છકો તૈયાર કરી પ્રકટ કરવાની હું ધારણા ધરાવું છું. જો આવા ૧૦૦ ગ્રંથો પ્રકટ થાય તો ગુજરાતીજૈનકાવ્યસાહિત્યના સંબંધમાં કેટલો પ્રકાશ પડે, અને કેવો કલ્યાણકારક ઉદ્ધાર થાય એ વિચારી, આ ગુચ્છકની કદર જૈન સમાજ કરશે એવી આશા છે.

અહીં ખાસ ધ્યાન ખેંચવા રજા લઉં છું કે, આ કાર્યદ્વારાએ કોઈ પણ દ્રવ્યસંબંધી લાભ મેળવવાની ઇચ્છા નથી, જો કે આવો ગ્રંથ આવી જુજ કિંમતે આપતાં લાભ પણ રહેવાનો નથી—પરંતુ ઉલટી એવી ઇચ્છા છે કે, અનુકૂળતાથી આવાં નાનકાર્યો માટે થોડો ઘણો દ્રવ્યવ્યય કરવાની સ્થિતિ છે તે અનુસાર આની પછવાડે કાંઇ સહન કરવું પડે તો કરવું. મારું આ કાર્ય પ્રીતિશ્રમ (Labour of love) છે.

આ કાવ્યમાલાનો ગુચ્છક ૨ જો છપાવવો શરૂ થઇ ગયો છે.

આ ગુચ્છક પ્રકટ કરતાં રા. હિંમતલાલ ગણેશજી અંજારીઆ એમ. એ. એ આ પ્રકાશન સંબંધી જે વિચારો જણાવ્યા છે તે માટે તેઓનો આભાર માની તે વિચારો અહિં આ દઉં છું.

'સનાતન જૈન' કાર્યાલય.
ઝવેરી બજાર મુંબઈ.
[illegible] ૧૯૧૪.

મનસુખલાલ રવજીભાઈ મહેતા.
અધિપતિ, સનાતન જૈન.

એક સાક્ષરના વિચારો.

બૃહત્ કાવ્યદોહનના પહેલા ભાગને બહાર પડ્યે આજે સત્તર વર્ષ થઇ ગયાં. દશ ભાગમાં-બધો સંગ્રહ બહાર પાડવાની મૂળ કલ્પના હતી, તેમાંથી ૭ તો બહાર પડી પણ ચૂકયા છે, અને સાતમાની તૈયારી થાય છે. આ સંગ્રહની કલ્પના કરતી વખતે દશ ભાગમાં સર્વ ભંડાર પ્રકટ થઈ જશે એવી માન્યતા હતી. પણ શોધખોળના લાગેલા રંગને પરિણામે પ્રાચીન સાહિત્યનો શોખ વધતો ગયો અને શોધખોળની વૃત્તિ અને વાંચકોનો શોખ બન્ને પરસ્પર મદદરૂપ થઈ એક એકને વૃદ્ધિંગત કરતાં ગયાં, તેનું જે શુભ ફળ આવ્યું છે તેનો એક અંશનું જ્ઞાન આ ગ્રન્થસમૃદ્ધિના પ્રકાશથી પ્રત્યક્ષ થશે.

બૃહત્ કાવ્યદોહનના પહેલા ભાગમાં જૈન કવિઓ માત્ર બેજ આવ્યા છે, અને ૯૧૦ પાનાંના ગ્રંથમાં છેલ્લાં પાંચ પાનાંથી તેમની કૃતિની પિછાન આપવામાં આવી છે.

આમ થવાનાં કારણો નહોતાં એમ નથી. જૈન કવિઓનાં લખાણો જૈનોનેજ કામનાં હોય; જેટલું સર્વવ્યાપિત્વ હિન્દુ ધર્મને મળેલું છે તેટલું જૈનધર્મને મળેલું નહિ હોવાને લીધે જૈનકવિઓનાં લખાણમાં લોકને રૂચે તેવું હોવાનો સંભવજ ન હોય; જૈનભાઇઓ તો વ્યાપાર અને જીંદગીના બીજા સાદા અને વ્યવહાર ઉદ્યોગોમાંજ લાગી રહેલા હોવાથી વાચન-લેખન તરફ ઉદાસીનતા ધરાવનાર હશે; આવાં આવાં કારણોથી તેના ગુપ્ત ભંડારમાં પ્રવેશ કરવાનું પણ કોઇને સૂઝ્યું ન હોય એ સ્વાભાવિકજ છે.

પરંતુ જેમ જેમ ગુજરાતી ભાષાના જૂના ઇતિહાસનો શોખ વધતો ગયો, તે મેળવવા માટે શોધખોળ થતી આવી, જુના ગુજરાતીનાં સ્વરૂપજ્ઞાન માટે પ્રયાસો થતા ગયા તેમ તેમ જણાવા લાગ્યું કે જૈન લેખકોએ તો ગુજરાતી ભાષામાં ઘણું લખ્યું છે. એવું લખ્યું છે કે જે ભાષાવ્યુત્પત્તિની સાંકળો તપાસનારને બહુ ઉપયોગી મદદ કરે; એટલું બધું લખ્યું છે કે ગુજરાતી ભાષાનાં બીજાં લખાણ સાથે બહુ સારૂં પ્રમાણ ધરાવી શકે; એવે વખતે લખ્યું છે કે તેનાં લખાણોપરથી દેશસ્થિતિનું અને ઇતિહાસનું જ્ઞાન મેળવવામાં ઘણી સુગમતા થઇ પડે.

આવાં જ્ઞાનનાં પ્રથમ કિરણો પહેલાં અન્ય ધર્મી સાક્ષરોપર પડયાં તે ઉજ્જસનો લાભ લઇ પાટણ જૈન ભંડાર જોવાનો પ્રસંગ શોધાયો અને સ્વ૦ સાક્ષર શ્રી મણીલાલ નભુભાઇએ કેટલાંક જૈન પુસ્તકોનું ભાષાંતર કરવાનું માથે લીધું. આજ સુધીમાં માન્ય સાક્ષરોમાંથી કોઇએ જૈનસાહિત્યનો આવી જાતનો ઉદ્ધાર કર્યો હોય તો ઉક્ત ગૃહસ્થજ છે. ત્યાર પછી ગુજરાતી

ભાષા સાહિત્યના ઐતિહાસિક અભ્યાસમાં જૈન સાહિત્યની ઉપયોગિતા જોનાર સ્વ. ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી તથા સાક્ષર શ્રી કેશવલાલ હર્ષદરાય ધ્રુવ થયા. ત્યાર પછી જૈનોમાં સ્વધર્માભિમાનનાં અને સ્વસાહિત્યાભિમાનનાં અંકુરો ફુટવા લાગ્યાં. સ્વધર્મીભાઇઓને મદદ કરવા ધનસંચય થવા લાગ્યો; સ્વધર્મવિવેચન માટે સભાઓ અને મંડળો ભરાવા લાગ્યાં, સ્વધર્મ વિચારના ફેલાવા માટે માસિકો અને પત્રો પ્રકટ થવા લાગ્યાં અને છેવટે સ્વધર્મી ભાઇઓનાં સમસ્ત સંમેલનની પણ શરૂઆત થઈ ગઈ. આમ જૈન ભાઇઓ પોતેજ પોતાનાં સાહિત્યની સેવામાં દાખલ થયા અને જો કે હજી સમગ્ર સાહિત્યના સંસ્કારી અભ્યાસથી, દેશી વિદેશી પુસ્તકોના યોગ્ય પરિશીલનથી, અને નવીન તેજથી દીપી આવતા અવનવા સુંદર રંગોનાં દર્શનથી ભાગ્યશાળી થયેલ કોઇ નાયકવ્યક્તિ બતાવી શકાય તેવું નથી; તોપણ સમસ્ત ભૂમી તૈયાર થઇ હોય એવું દેખાય છે, બોધ વારિનું સિંચન થયા કરે છે, અહિં તહિં બીજની વાવણી થતી માલમ પડે છે અને આશા રાખી શકાય છેકે થોડા વખતમાં સારાં ફળ આવે તેવાં સુંદર વૃક્ષથી શોભતો એક બગીચો તૈયાર થઇ જશે.

આવા પ્રયાસોનાં શુભ ફળ તરીકે "રાયચંદ્ર જૈન કાવ્યમાળા"નો આ સંગ્રહ સર્વ–સ્વધર્મી અને અન્યધર્મી સર્વ–ગુજરાતી વાંચકોને આદરણીય થશે એમાં તો શક લાગતો નથી. તેના સંગ્રહ કરનાર રા. મનસુખલાલ આશા રાખે છે કે આજ કદનાં લગભગ ૪૦ થી ૫૦ પુસ્તકો છપાવાય તેટલા લેખો તો તેની પાસે તૈયાર છે. આ હકીકતજ બતાવી આપશે કે ગુજરાતી ભાષામાં લખાયેલ પુસ્તકોમાંથી કેટલાં થોડાંજ હજી પ્રકાશમાં આવી શક્યાં છે!

ઉપર કહ્યું છે કે, જૂનાં જૈનસાહિત્યનો પરિચય આપણા ભાષાના ઇતિહાસનાં અધ્યયનમાં પણ ઉમદા લાભ આપી શકશે. તેનાં કારણો સ્ફુટજ છે. અત્યાર સુધી ગુજરાતી ભાષામાં સૌથી જુનામાં જુનો ગ્રંથ પદ્મનાભ કૃત કાનડદે **પ્રબંધ પદ્ય** સંવત ૧૫૧૨ માં લખાયેલો ગણાતો હતો. જો કે ભાલણમાં જૂની ગુજરાતીના પ્રયોગો પુષ્કળ માલમ પડે છે તો પણ તેનાથી જૂની ગુજરાતીના ઇતિહાસની સાંકળ જોડી શકાય તેવું નથી. નરસિંહ મહેતા લગભગ ભાલણના અરસામાંજ થઇ ગયા, તોપણ તેની ભાષામાં કાં તો પાછળથી ફેરફાર થયા કર્યા, તેને લીધે અને કાં તો કાંઇ બીજાં અગમ્ય કારણને લીધે હાલની ભાષાથી બહુ ઝાઝો તફાવત માલમ પડતો નથી. ત્યાર પછીના લેખકોના સમયમાં તો ભાષાનું બદલાયેલું સ્વરૂપજ બંધાઇ ગયું. જૂની ગુજરાતી માટે પદ્મનાભ, ભાલણ, ભીમ અને નરહરિ એ ચાર સિવાય બીજા ઉપયોગી થઇ શકે તેવા થોડાજ હાથ લાગ્યા છે. જૈનેતર સાહિત્યમાં જ્યારે

આવી સ્થિતિ છે ત્યારે જૈન સાહિત્યમાં તેવું નથી. તેમાં તો લગભગ ઇ. સ. એક હજારમાં લખેલાં પુસ્તક મળી આવે છે. અને ત્યારપછી પુસ્તકોની સાંકળ તુટી જતી નથી, પણ તે વખતથી તે આજસુધી એક પછી એક પુસ્તકો લખાતાંજ રહ્યાં છે એવું આપણા જોવામાં આવે છે. ઇ. સ. એક હજાર અને તે અરસામાં લખાએલાં બધાં પુસ્તકો ગુજરાતીમાં નથી. તેઓ પણ સંસ્કૃતની[1] વિશ્વવિમોહક મોહનીથી દુર રહી શકયા નથી. સંસ્કારી ગણાતા ઉચ્ચ લોકોમાં પોતાનું કહેવું સંભળાય અને પોતાનું કરેલું કંઇ દેખાય એટલા માટે તેમને સંસ્કૃતમાં લખવાની ફરજ પડી હતી એમ કહીએ તો ચાલે. પણ તેનાં ધર્મ પુસ્તકો પહેલવહેલાં લખાયાં ત્યારે તે વખતની બોલાતી ભાષામાં લખાયેલાં હોવાથી જૈનોનો બોલાતી ભાષા માટેનો પક્ષપાત તદ્દન નિર્મૂળ થયો નહોતો અને અવારનવાર કોઈ કોઈ પુસ્તક લોકભાષામાં લખાયેલું મળી આવે છે, અને ગુજરાતી ભાષાના ઐતિહાસિક વિકાસમાં આપણને મદદરૂપ થઇ પડે છે.

તે વખતની બોલાતી ભાષામાં પુસ્તકો લખ્યા ઉપરાંત જૈન વિદ્વાનોમાંથી કોઇ કોઇએ ભાષા શાસ્ત્રનાં સ્વતંત્ર પુસ્તકો લખીને પણ ગુજરાતી ભાષાની સેવા કરી છે. આવા વિદ્વાનોમાં હેમાચાર્ય સૌથી પ્રથમ પદ્દી ભોગવે છે. 'શબ્દાનુશાસન' નામનો કોશ, 'દેશીનામમાળા' નામનો દેશી શબ્દોનો સંગ્રહ અને 'પ્રાકૃત વ્યાકરણ' એ ત્રણે ગ્રંથો ગુજરાતી ભાષાના અભ્યાસીને માટે અમૂલ્ય છે.

આવી રીતે જૈન લેખકોએ તે વખતની બોલાતી ભાષામાં પુસ્તકો રચીને અને બીજી રીતે પણ ગુજરાતી સાહિત્યની ઉપકારક સેવા બજાવી છે અને તેથી તેમના લેખો પ્રકાશમાં આવે એ ગુજરાતી સાહિત્યને બહુ લાભકારક થશે એ નિર્વિવાદ છે. આ ગ્રંથથી પ્રારંભ પામતો આ પ્રયાસ જારી રહે અને ગુજરાતીના ભક્તોને ઉપયોગી થાય તેવી રીતે સંસ્કારી, શુદ્ધ અને ભરોસો રાખવા લાયક રીતે સર્વ પુસ્તકોનું સંશોધન થઈ, ગ્રંથો એક પછી એક બહાર પડતા જાય એમ સૌ ઇચ્છા રાખશે.

---

૧. ઘણાને નવાઈ જેવું લાગશે કે જૈનોજ નહિ, પણ પારસીઓને પણ સંસ્કૃતની મોહની લાગેલી હતી, અને પારસીનાં પવિત્ર ઘણાં ધર્મ પુસ્તકોનાં પહેલવીમાંથી સંસ્કૃતમાં તરજુમા કરવામાં આવ્યા હતા.

આ સાથે બીજું નવું જાણવાનું એવું મળે છે કે જૈનોની પેઠે, પણ પ્રમાણમાં થોડે અંશે, પારસીઓએ પણ જુની ગુજરાતીના સાહિત્યમાં ઉમેરો કર્યો છે. 'અર્દાવિરાફનામા'નો, મૂળ પહેલવીમાંથી સંસ્કૃતમાં થયેલા ભાષાન્તર ઉપરથી ગુજરાતીમાં તરજુમો કરવામાં આવ્યો છે અને તેની લિખિત પ્રતની સાલ સંવત ૧૫૦૩ ની છે તેના લખનારનું નામ 'મહેરવાન કૈખશરૂ' છે.'

બીજું જુનું પુસ્તક 'નિરંગ ...' છે તે પણ મૂળ પહેલવીમાં છે અને તેનાં સંસ્કૃત ભાષાન્તર પરથી ગુજરાતીમાં તરજુમો કરવામાં આવ્યું છે. તે લખાણની સાલ સંવત ૧૧૧૩ ની છે એમ જણાય છે.

જૈન પુસ્તકોનાં વાંચન અને અધ્યયન વખતે એક વાત યાદ રાખવા જેવી છે. જેમ બ્રાહ્મણોમાં બોલાતી ભાષા કરતાં સંસ્કૃત માટે પક્ષપાત વધારે રહેલો છે અને સંસ્કૃત પછી હિન્દી માટે માન હતું તેમ જૈનોમાં પણ બોલાતી ભાષા હમેશાં પૂજાતી હોય તેવું માલમ પડતું નથી. પોતાના ધર્મપુસ્તકો માગધીમાં લખાયેલાં હોવાથી માગધી પ્રયોગો માટે તેમનું વલણ રહે એ સ્વાભાવિકજ છે. જૂની ગુજરાતીમાં માગધી અને અપભ્રંશનું ઘણું પ્રમાણ હોવાથી ઘણા જૂના સમયના લેખકોમાં આ અંતર બહુ દેખાઈ આવે એવું નથી. પણ જેમ જેમ બોલાતી ભાષામાં ફેર પડતો ગયો તેમ તેમ લેખકોના જૂના શબ્દો અને જૂના પ્રયોગો માટે શોખ વધતો ગયો. વિ. સં. ૧૭૦૦ માં લખાયેલા પુસ્તકોની ભાષા આપણે જોઇશું તો તે વખતના બ્રાહ્મણોનાં લખેલાં પુસ્તકોથી બહુ જૂદી પડે છે. બ્રાહ્મણો એક ગુજરાતી બોલતા અને જૈનો બીજી બોલતા એવું માનવાને કશું કારણ નથી. લોકભાષા તો એકજ હતી. પણ પ્રેમાનંદના નાટકો અને ઉચ્ચ વર્ગ માટે લખાયલાં આખ્યાનોમાં જેમ તેણે સંસ્કૃત શબ્દો તરફ પક્ષપાત બતાવ્યો છે, તેમજ જૈન કવિઓએ જુની ગુજરાતીનાં રૂપો અને પ્રયોગો માટે પક્ષપાત બતાવ્યો છે. આ ગ્રંથમાંજ છપાએલું શ્રીમાન્ આનંદઘનજીનું લખાણ વાંચવાથી જણાશે કે તેનો ગુજરાતીનો પરિચય ગાઢ અને સંસ્કારી હતો અને તે જે સૈકામાં થઇ ગયા છે તે સૈકાની ગુજરાતીની છાપ તેનાં લખાણોમાં મોજુદ છે. તોપણ જૂની ગુજરાતીના પ્રયોગોનો ટોટો નથી. આ પ્રયોગો ઉપર કહેલા પક્ષપાતનુંજ કારણ હોય એમ માન્યા સિવાય છૂટકો નથી. આવું હોવાને લીધે જો કે બધા જૈન લેખો સળંગ બોલાતી ભાષામાં લખાયેલા કહી શકાય તેવું નથી, તોપણ તેથી તેની ઉપયોગિતામાં ન્યૂનતા આવતી નથી. અને પ્રાચીન સમયના લેખો પૂરા પાડનારા એકલા જૈનજ હોવાને લીધે ગુજરાતી ભાષાના વંશાવતારમાં ખુટતા મંકોડા આપવા માટે તેનો જેટલો ઉપકાર મનાય તેટલો થોડો છે.

(જૈન સાહિત્ય ગુજરાતીની પેઠે દેવરહસ્ય, દેવકથા અને દેવભક્તિથી ભરપુર હોવાને લીધે) જૈન ધર્મીઓ પોતાનાં સાહિત્યનાં પ્રકાશન માટે ઉત્કંઠા ધરાવનારા હોય એ સ્વાભાવિક છે. પરંતુ અન્યધર્મીઓ પણ આવા સંગ્રહનાં પ્રકાશનથી ભાષા, ભાષાશાસ્ત્ર અને દેશના ઇતિહાસમાં લાભ થવાના સંભવ જુએ છે અને તેથી આશા રાખે છે કે આ ગ્રંથપ્રકાશનપ્રયાસ જેવા ઉત્સાહથી શરૂ થયો છે તેવાજ ઉત્સાહથી જારી રહેશે.

હીમતલાલ ગણેશજી અંજારીઆ
એમ૦ એ૦

ગુજરાતીજૈનપદ્ય સાહિત્ય.

It is only in recent years that the vast and intricate literature of Jainism has been partially explored, and there is still much to be done in the way of translation and investigation before the History of the Order can be written.

Imperial Gazetter, 1907.

જૈન ધર્મસંબંધી સાહિત્ય વિશાળ, તેમજ ગહન છે; અને તેની શોધ બહુ થોડી થયેલી છે; અને તે પણ થોડુંક થયાં, એટલે તે ધર્મ સંબંધી ઇતિહાસ યોજવા પૂર્વે ભાષાંતર અને શોધ ખોળરૂપે હજુ ઘણું કરવાનું છે.

—ઇમ્પીયરલ ગેઝીટીયર, ૧૯૦૭.

ઉદ્દેશ.

મારા પરમ પૂજ્ય સ્વર્ગીય વડીલ ભાઇ શ્રીમાન્ રાજચંદ્રે પોતાના દેહોત્સર્ગ પહેલાં એક એવી ઇચ્છા પ્રકટ કરી હતી કે, જૈનનું પ્રાચીન સાહિત્ય પ્રસિદ્ધિમાં લાવવા પ્રબળ પુરૂષાર્થ થાય એવી ખાસ જરૂર છે. તેઓના દેહોત્સર્ગ પૂર્વે થોડા વખતપર સ્થપાયેલ 'પરમશ્રુતપ્રભાવક મંડલ'ના ફંડનો આ પ્રકારના કાર્યમાં ઉપયોગ કરવાનો હતો, પરંતુ તે કયા કાર્યમાં ઉપયોગી વિશેષપણે થશે એ સંબંધી કોઇ નિશ્ચિત અભિપ્રાય દર્શાવવામાં નહોતો આવ્યો. મને એમ વિચાર આવ્યો કે, જૈનનું પ્રાચીન સાહિત્ય પ્રકટ કરવું એ ખરૂં; તથાપિ તે એવા પ્રકારે કરવું કે, જેથી વિશેષમાં વિશેષ લાભ થવાના અનેક કારણોમાંનું એક કારણ ઉત્પન્ન થાય. વિશેષમાં વિશેષ લાભ કયા પ્રકારે થાય એ સંબંધી વિચાર કરતાં એમ ભાસ્યું કે, જૈનના બે મુખ્ય સંપ્રદાય શ્વેતામ્બર અને દિગમ્બર છે; એ બન્નેના સર્વોત્કૃષ્ટ તત્ત્વજ્ઞાનના ગ્રંથો એવી રીતે તૈયાર કરાવવા કે, શ્વેતામ્બર દિગમ્બરગ્રંથોનો અને દિગમ્બર શ્વેતામ્બરગ્રંથોનો લાભ લઇ શકે; અને એક બીજાના અભિપ્રાયોમાં શું શું ભેદ પડે છે તે જોઇ શકે. જૈનનાં શાસ્ત્રો ચાર પ્રકાર અથવા અનુયોગમાં વહેંચાયેલાં છે. દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણાનુયોગ, અને ધર્મકથાનુયોગ. આ ચારે અનુયોગોમાં સર્વોત્કૃષ્ટ અનુયોગ દ્રવ્ય સંબંધીનો મુખ્ય

છે, કેમકે તેમાં વિશ્વના કારણભૂત દ્રવ્યોની વસ્તુસ્થિતિ બતાવી છે. આ અનુયોગમાં જૈનનું ઉત્તમોત્તમ તત્ત્વજ્ઞાન સમાયેલું છે. જૈનના તત્ત્વજ્ઞાનનો પ્રકાશ થવો એ શ્રીમાન્ રાજચંદ્રને પરમોલ્લાસનું કારણ હતું; કેમકે તેથી વિશેષ ઉપકાર થવો સંભવિત જ; એટલે મેં ઉપર કહ્યું તેમ શ્વેતામ્બર અને દિગમ્બર સંપ્રદાયના વિખ્યાત ગ્રંથકારોના આ દ્રવ્યાનુયોગ સંબંધી લખાએલા ગ્રંથો એક બીજાની સાથેસાથે પ્રકટ થાય એવી વ્યવસ્થા રચી. પ્રથમ બન્ને સંપ્રદાયના ગ્રંથોની ચોક્કસ સંખ્યા નક્કી કરી. જે સંખ્યા નક્કી કરી તેમાં અર્ધ ભાગમાં શ્વેતામ્બરગ્રંથો અને અર્ધ ભાગમાં દિગમ્બરગ્રંથો ગોઠવ્યા. જે પ્રકારનો વિષય શ્વેતામ્બરગ્રંથમાં હોય તેજ પ્રકારનો વિષય દિગમ્બરગ્રંથમાં હોવો જોઇએ; એમ સાધારણ રીતે દ્રષ્ટિ રાખી. બની શક્યું ત્યાંસુધી પ્રાચીનમાં પ્રાચીન ગ્રંથોની પસંદગી કરી. પ્રાચીન ગ્રંથો બહુધા સંસ્કૃત અને પ્રાકૃતમાં હોવાથી તેનો લાભ સર્વ સામાન્યને મળવો મુશ્કેલ એમ ધારી એમ વિચાર કર્યો કે તેનાં દેશભાષામાં ભાષાન્તરો કરાવવાં. દેશભાષા કઈ ગણવી? એ એક પ્રશ્ન હતો. અત્યાર સુધીમાં સ્થિતિ એવી પ્રકારની ચાલી આવે છે કે, શ્વેતામ્બરગ્રંથો ઘણું કરી ગુજરાતીભાષામાંજ અનુવાદિત થયાં છે. અને દિગમ્બરગ્રંથો હીંદિ ભાષામાંજ અનુવાદિત થયાં છે. આનું પરિણામ એ આવ્યું હતું કે, શ્વેતામ્બરોના ગ્રંથોનો લાભ ગુજરાતીભાષા નહીં જાણનારા એવા દિગમ્બરો (કે જે વિશેષે હીંદિભાષા જાણનારા જ છે. કેમકે તે ઉત્તર હિંદુસ્થાનમાં વિશેષ રહે છે) ને નહોતો મળતો; અને દિગમ્બર-હીંદિ ગ્રંથોનો લાભ ગુજરાતી ભાષા જાણનારા એવા ગુજરાતીઓને નહોતો મળતો; અને લાભ ન મળે, તો બન્નેમાં અભિપ્રાયભેદ શું છે તે ક્યાંથી જોઇ અને નિર્ણીત કરી શકાય? આ ઉપરથી વિશેષ લાભદાયક રસ્તો લેવાનું નક્કી કર્યું; અને તેમ કરતાં એમ લાગ્યું કે બન્ને સંપ્રદાયના ગ્રંથોના હીંદિ ભાષામાં અનુવાદ તૈયાર કરાવવાં. આ નક્કી થયેલી ગોઠવણ પ્રમાણે "રાયચંદ્રજૈનશાસ્ત્રમાળા" નામની સીરિઝ પ્રત્યેક બે માસે 'પરમશ્રુતપ્રભાવક મંડલ' તરફથી બહાર પડે છે; જેમાં અત્યાર સુધીમાં ઘણી સારી સંખ્યામાં મહાન્ તત્ત્વજ્ઞાનના ગ્રંથો બહાર પડી ચૂક્યા છે; અને પડે છે.

આ 'શાસ્ત્રમાલા' નું કામ 'પરમશ્રુતપ્રભાવક મંડળ' દ્વારા થતું જોઇ, મેં ખાનગી સાહસથી સાહિત્યના પ્રકાશ માટે કોઇ બીજી દિશામાં,—પણ

શ્રીમાન્ રાજચંદ્રની પ્રાચીન સાહિત્યની પ્રકટતા થાય એ ઇચ્છાને અનુકૂળ-પ્રયત્ન કરવાનો વિચાર કર્યો. વિચાર કરતાં કરતાં એમ લાગ્યું કે, હમણાં હમણાંમાં સંસ્કૃત પ્રાકૃતના ભાષાંતરરૂપે જૈનગદ્યસાહિત્ય પ્રકટ કરવાની ઇચ્છા સમાજમાં ઉત્પન્ન થઇ છે; પરંતુ પદ્યસાહિત્યસંબંધમાં હજી સમાજ કેવળ ઉદાસીન છે; તો તે દિશામાં યત્ન કરવો યોગ્ય છે. પદ્યસાહિત્યમાં પહેલાં કઇ ભાષાના પદ્ય તરફ વલણ રાખવું; એ વિચાર કરતાં યોગ્ય, તો એમ લાગ્યું કે, જેમ "રાયચંદ્રજૈનશાસ્ત્રમાળા" માં શ્વેતામ્બર અને દિગમ્બર બન્નેના ગ્રંથોપર સમાન દૃષ્ટિ રાખી હતી, તેમ આ પદ્યના સંબંધમાં પણ સમાનદૃષ્ટિ રાખી કામ લેવું; એટલે કે, દિગમ્બરોનું દેશભાષાનું પદ્યસાહિત્ય હીંદિ ભાષામાં લખાયું છે માટે હીંદિજૈનપદ્યસાહિત્ય, અને શ્વેતામ્બરોનું ગુજરાતી ભાષામાં લખાયું છે છે માટે ગુજરાતીજૈનપદ્યસાહિત્ય એમ બે યુગપદ આકારે બહાર પાડવાં.

સસ્તું સાહિત્ય.

જેમ સાહિત્યપ્રકાશમાં લાવવાની શ્રીમાન્ રાજચંદ્રની ઇચ્છાએ કરેલી પ્રેરણા મારે વિષે ઉત્પન્ન થઇ હતી, તેમ એક બીજી પ્રેરણા એવા પ્રકારની થઇ હતી કે, સાહિત્ય પ્રકટ તો કરવું, પણ જેમ અંગ્રેજીમાં Cheap Literature (સસ્તું સાહિત્ય) બહાર પડે છે તેમ પાડવાની ગોઠવણ થાય તોજ એ પ્રયત્ન કરવો. સસ્તું સાહિત્ય, એટલે સુંદર રીતે સારા કાગળ ઉપર છપાયેલા, સરસ બંધાઇ અને શુદ્ધિવાળી છપામણીવાળાં પુસ્તકો ઘણીજ ઓછી કીંમતમાં આપવાં. મારૂં અનુભવ ઉપરથી એમ માનવું છે કે, જે કાર્ય પોતાની મેળે પોતાનું ખર્ચ નીભાવી શકે તેવું હોય તેજ કાર્ય લાંબો સમય સુધી ટકી રહે છે. આ અનુભવને અનુસરી મેં એવો પ્રયોગ અજમાવવાનું ધાર્યું કે, સસ્તામાં સસ્તી કિંમતે આપવાના ઇરાદાથી ગુજરાતીજૈનપદ્યસાહિત્ય ઉપર કર્યું તેમ શુદ્ધ અને સુંદર રીતે પ્રથમ છપાવવું; અને જો સમાજની રુચિ આવાં કાર્ય તરફ વધે, અને તેવું કાર્ય પોતાનું ખર્ચ નીભાવી શકે, તો પછી આગળ વધવું. અહીં પ્રશ્ન થવાયોગ્ય છે કે, હીંદિ અને ગુજરાતી બન્ને પર સમાનબુદ્ધિ રાખી સાથે સાથે પ્રકટ કરવાની ઉપર કહ્યું તેમ ઇચ્છા છતાં પ્રયોગ ગુજરાતી સંબંધમાં પહેલો કેમ કર્યો? તો તેનાં કારણો અનેક છે; પરંતુ એટલું કહીએ કે, " ઉંટ મરે, તોપણ મારવાડ

-સામું જુએ" એવી જે કહેવત છે એ અનુસાર મારો પ્રયાસ ગણી લેવામાં આવે, તો કોઈક અંશે ખરૂં છે.

જ્યારે મેં ગુજરાતીભાષામાં લખાએલું જૈનપદ્યસાહિત્ય એકત્ર કરી બહાર પાડવાની ઇચ્છા કરી ત્યારે સ્વાભાવિક રીતે મને પહેલી એ તપાસ કરવાની જરૂર લાગી કે, ગુજરાતીભાષામાં જે જૈનકાવ્ય સાહિત્ય છે તે માત્ર શ્વેતામ્બર સંપ્રદાયનુંજ છે કે દિગમ્બરનું પણ છે? મારી અત્યાર સુધીની તપાસના પરિણામમાં જે માલમ પાડ્યું છે તે ઉપરથી કહી શકું છું કે ગુજરાતી ભાષામાં શ્વેતામ્બર આમ્નાયનુંજ સાહિત્ય જોવામાં છે; અને દિગમ્બર આમ્નાયનું જોવામાં આવતું નથી. બીજી તપાસ મેં એ કરી કે ભલે શ્વેતામ્બર આમ્નાયનું હો, પણ તે જૈનકાવ્યસાહિત્યનો વિસ્તાર કેટલો હશે. આજ સુધીમાં હું જે જે સાધનો એકઠાં કરી શક્યો છું તે ઉપરથી કહી શકું છું કે, ગુજરાતી જૈનકાવ્યસાહિત્યનો એટલો બધો વિસ્તાર છે કે, જો તેની પુરેપુરી શોધખોળ કરવામાં આવે તો એટલો સંગ્રહ મળી શકે તેમ છે કે, એક બાજુએ માત્ર જૈનનુંજ લખેલું ગુજરાતીકાવ્યસાહિત્ય મૂકીએ, અને બીજી બાજુ અન્યદર્શનના વિદ્વાનોનું અને ખાસ સાહિત્યકારોનું ગુજરાતીકાવ્યસાહિત્ય મૂકીએ, તો જૈનના વિદ્વાનોથી ગુજરાતીભાષામાં લખાએલું સાહિત્ય ઘણું વધી જશે. આ વાત મારો જૈનધર્મપ્રત્યેનો રાગ અથવા પક્ષપાત છે તેને અનુસરી કહેતો નથી; પણ મને વસ્તુસ્થિતિ તેમ કહેવરાવે છે. ખુદ ગુજરાતીભાષાનું જે કાવ્યસાહિત્ય ગણાય છે, એટલે કે નરસિંહ મહેતા આદિ કવિઓથી લખાએલું જે કાવ્યસાહિત્ય ગણાય છે તે સાહિત્યનો સંગ્રહ કેટલાંક વર્ષો થયાં રા. ઇચ્છારામ સૂર્યરામ દેશાઈ કરે છે: અને તેમ કરતાં તેઓ તરફથી 'બૃહત્ કાવ્યદોહન' છપાય છે; એવાં ખુદ ગુજરાતીકાવ્યસાહિત્યના ગણવામાં આવતાં કાવ્યદોહનના જેટલા ભાગ વધારેમાં વધારે થશે તે કરતાં ઘણી મોટી સંખ્યામાં માત્ર જૈનગુજરાતીકાવ્યસાહિત્યના થશે એમ હું ખાત્રીપૂર્વક માનું છું; મારૂં આ માનવું માત્ર કલ્પનાદ્વારાએ નથી થયું. મારી પાસે જેટલો સંગ્રહ એકઠો થયો છે તે સંગ્રહ તરફ જ્યારે હું દૃષ્ટિ કરૂં છું ત્યારે રા. ઇચ્છારામના 'બૃહત્ કાવ્યદોહન' જેવાં લગભગ ૫૦ થી ૬૦ ભાગ, તો જૈનકાવ્યસાહિત્યના જોતજોતામાં થઈ જાય તેમ છે એમ હું જોઈ શકું છું.

જૈનસાહિત્ય અપ્રકટ રહેવાનાં કારણો

જો આટલા મોટા વિસ્તારવાળું ગુજરાતી જૈનકાવ્યસાહિત્ય છે, તો અત્યારસુધીમાં તે પ્રકાશમાં કેમ આવ્યું નથી એ પ્રશ્ન યથાયોગ્ય છે. આનાં ઘણાં કારણો છે. મુખ્યમાં મુખ્ય અને પ્રથમમાં પ્રથમ કારણ એ છે કે, જૈનસમાજમાં એક એવા પ્રકારનો ખ્યાલ બેસી ગયેલો કે, જો ગ્રંથો છપાવવામાં આવે, અને તેની વિશેષ પ્રસિદ્ધિ થાય, તો તેનું બહુમાન ઓછું થાય, કાળે કરી આશાતના થાય છે. આ ખ્યાલ જ્યારે ઉત્પન્ન થયેલો ત્યારે જો કે, સકારણ હતો. જ્યારે મુસલમાની સમય હતો, અને જ્યારે હિંદમાં જુદા જુદા ધર્મો વચ્ચે પરસ્પર કલેશ ચાલતો હતો ત્યારે એક બીજાનાં ધર્મપુસ્તકોનો નાશ કરવાનું કેટલાક ધર્મઝનુનીઓએ કરેલું. આવા ઝનુનના પરિણામથી બચાવવા માટે વિચારવાન પુરુષોએ શાસ્ત્રો અને ગ્રંથોની કોઇ પ્રકારે આશાતના ન થાય તે અર્થે ગુપ્ત ભંડારો કરાવ્યા હતા. આ આશાતનાનો વસ્તુતઃ હેતુ કાળ જતાં ભૂલી જવાયો; અને તેના પરિણામમાં એવો ખ્યાલ ઉત્પન્ન થયો કે, શાસ્ત્રોને પ્રસિદ્ધિ અપાય નહીં. પશ્ચિમપ્રણાલીના વિદ્યાના સંસ્કારોના પરિચયે હવે આ ખ્યાલ બહુજ ઓછો થઇ ગયો છે; પરંતુ પ્રથમ કેવો ગંભીર હતો તેનો સહેજ આભાસ આપવા માટે એક દાખલો અત્ર આપું છું. જૈનોના ગ્રંથો છપાવવાની પ્રથમ શરૂઆત કરનાર કચ્છી જૈનગૃહસ્થ શા. ભીમશી માણેકે જ્યારે ગ્રંથો છપાવવાની શરૂઆત કરી ત્યારે આ ખ્યાલને આધીન એવો જૈનસમાજનો મોટો ભાગ એમ કહેતો કે, તે ગૃહસ્થ નરકે જશે. મને ચોક્કસ સ્મૃતિ છે કે, લગભગ દશેક વર્ષ પહેલાં એક જૈનિની સાથે પ્રસંગોપાત વાત થતાં તેણે ઉપર કહ્યા પ્રમાણે કઠોર વાણીનો પ્રયોગ કર્યો હતો. આટલાં વર્ષો સુધી, જૈનનું તત્ત્વજ્ઞાન જો અપ્રકાશિત રહ્યું, તો પછી આ કાવ્ય સંબંધીના પ્રકાશનનો વિચાર ન થાય એ સ્પષ્ટ છે. બીજું કારણ એ છે કે, જૈનમાં શ્રાવકવર્ગ તો લગભગ વિદ્યાદાનથી ઉદાસીન છે. જે વર્ગ વિદ્યાદાનનો કોઇ અંશે પરિચય રાખનાર હોય, તો તે સાધુવર્ગ છે. આ સાધુવર્ગ પણ એક તો ઉપર કહ્યા ખ્યાલને આધીન હતો, અને હજી પણ ઘણે અંશે છે, અને બીજું આ સાધુવર્ગ પોતાના વ્યવહારમાં એટલાં બધાં સમય અને વીર્યનો ઉપયોગ કરે છે કે, તેને શાસ્ત્રપ્રકાશનસંબંધમાં વિચાર કરવાનો અવકાશ રહેલો

[illegible] છે એ અનુસાર મારો પ્રયાસ ગણી લેવામાં આવે, તો [illegible] છે.

[illegible] મેં ગુજરાતીભાષામાં લખાયેલું જૈનપદ્યસાહિત્ય એકત્ર કરી [illegible] કરી ત્યારે સ્વાભાવિક રીતે મને પહેલી એ તપાસ કરવાની જરૂર લાગી કે, ગુજરાતીભાષામાં જે જૈનકાવ્ય સાહિત્ય છે તે માત્ર શ્વેતામ્બર આમ્નાયનુંજ છે કે દિગમ્બરનું પણ છે? મારી અત્યાર સુધીની [illegible] જે માલમ પડ્યું છે તે ઉપરથી કહી શકું છું કે ગુજરાતી ભાષામાં શ્વેતામ્બર આમ્નાયનુંજ સાહિત્ય જોવામાં છે; અને દિગમ્બર [illegible] જોવામાં આવતું નથી. બીજી તપાસ મેં એ કરી કે [illegible] શ્વેતામ્બર આમ્નાયનું છે, પણ તે જૈનકાવ્યસાહિત્યનો વિસ્તાર કેટલો છે? [illegible] જે જે સાધનો એકઠાં કરી શક્યો છું તે ઉપરથી કહી શકું છું કે, ગુજરાતી જૈનકાવ્યસાહિત્યનો એટલો બધો વિસ્તાર છે કે, જો તેનો પૂરેપૂરો [illegible] કરવામાં આવે તો એટલો ગ્રંથ મળી શકે તેમ છે કે, [illegible] માત્ર જૈનનુંજ લખેલું ગુજરાતીકાવ્યસાહિત્ય [illegible] વિદ્વાનોનું અને ખાસ સાહિત્યકારોનું ગુજરાતીકાવ્યસાહિત્ય [illegible], તે જૈનના વિદ્વાનોથી ગુજરાતીભાષામાં લખાયેલું સાહિત્ય [illegible] નહીં. આ વાત મારો જૈનધર્મપ્રત્યેનો રાગ [illegible] છે તેને અનુસરી કહેતો નથી; પણ મને વસ્તુસ્થિતિ તેમ [illegible] છે. [illegible] ગુજરાતીભાષાનું જે કાવ્યસાહિત્ય ગણાય છે, એટલે કે [illegible] આદિ કવિઓએ લખેલું જે કાવ્યસાહિત્ય ગણાય છે તે [illegible] દેસાઈ કરે છે: [illegible] 'બૃહત્ કાવ્યદોહન' છપાય છે; એવાં બૃહદ્ ગુજરાતી[illegible] કાવ્યદોહનના જેટલા ભાગ [illegible] જૈનગુજરાતીકાવ્યસાહિત્યના [illegible] 'બૃહત્ કાવ્યદોહન' [illegible] જૈનકાવ્યસાહિત્યના [illegible]

જૈનસાહિત્ય અપ્રકટ રહેવાનાં કારણો.

જો આટલા મોટા વિસ્તારવાળું ગુજરાતી જૈનકાવ્યસાહિત્ય છે, તો અત્યારસુધીમાં તે પ્રકાશમાં કેમ આવ્યું નથી એ પ્રશ્ન યથાયોગ્ય છે. આનાં ઘણાં કારણો છે. મુખ્યમાં મુખ્ય અને પ્રથમમાં પ્રથમ કારણ એ છે કે, જૈનસમાજમાં એક એવા પ્રકારનો ખ્યાલ બેસી ગયેલો છે, કે જો ગ્રંથો છપાવવામાં આવે, અને તેની વિશેષ પ્રસિદ્ધિ થાય, તો તેનું બહુમાન ઓછું થઇ, કાળે કરી આશાતના થાય છે. આ ખ્યાલ જ્યારે ઉત્પન્ન થયેલો ત્યારે જો કે, સકારણ હતો. જ્યારે મુસલમાની સમય હતો, અને જ્યારે હિંદમાં જૂદા જૂદા ધર્મો વચ્ચે પરસ્પર કલેશ ચાલતો હતો ત્યારે એક બીજાનાં ધર્મપુસ્તકોનો નાશ કરવાનું કેટલાક ધર્મઝનુનીઓએ કરેલું. આવાં ઝનુનના પરિણામથી બચાવવા માટે વિચારવાન પુરૂષોએ શાસ્ત્રો અને ગ્રંથોની કોઇ પ્રકારે આશાતના ન થાય તે અર્થે ગુપ્ત ભંડારો કરાવ્યાં હતા. આ આશાતનાનો વસ્તુતઃ હેતુ કાળ જતાં ભૂલી જવાયો; અને તેના પરિણામમાં એવો ખ્યાલ ઉત્પન્ન થયો કે, શાસ્ત્રોને પ્રસિદ્ધિ અપાય નહીં. પશ્ચિમભણીના વિદ્યાના સંસ્કારોના પરિચયે હવે આ ખ્યાલ બહુજ ઓછો થઇ ગયો છે; પરંતુ પ્રથમ કેવો ગંભીર હશે તેનો સહેજ આભાસ આપવા માટે એક દાખલો અત્ર આપું છું. જૈનોના ગ્રંથો છપાવવાની પ્રથમ શરૂઆત કરનાર કચ્છી જૈનગૃહસ્થ શા. ભીમશી માણેક જ્યારે ગ્રંથો છપાવવાની શરૂઆત કરી ત્યારે આ ખ્યાલને આધીન એવો જૈનસમાજનો મોટો ભાગ એમ કહેતો કે, તે ગૃહસ્થ નરકે જશે. મને ચોક્કસ સ્મૃતિ છે કે, લગભગ દશેક વર્ષ પહેલાં એક મુનિની સાથે પ્રસંગોપાત વાત થતાં તેણે ઉપર કહ્યા પ્રમાણે કઠોર વાણીનો પ્રયોગ કર્યો હતો. આટલાં વર્ષો સુધી, જૈનનું તત્ત્વજ્ઞાન જે અપ્રકાશિત રહ્યું, તે પછી આ કાવ્ય સંબંધીના પ્રકાશનનો વિચાર ન થાય એ સ્પષ્ટ છે. બીજું કારણ એ છે કે, જૈનમાં શ્રાવકવર્ગ તો લગભગ વિદ્વત્તાથી ઉદાસીન છે. જે વર્ગ વિદ્વત્તાનો કાંઇ અંશે પરિચય રાખનાર હોય, તો તે સાધુવર્ગ છે. આ સાધુવર્ગ પણ એક તો ઉપર કહ્યા ખ્યાલને આધીન હતો અને હજી પણ ઘણે ભાગે છે, અને બીજું આ સાધુવર્ગ પોતાના વ્યવહારમાં એટલાં બધાં સમય અને વીર્યનો ઉપયોગ કરે છે કે, તેને આવા પ્રકાશનસંબંધમાં વિચાર કરવાનો અવકાશ ઓછો

નથી. [illegible] પણ આજસુધી 'જૈનસાહિત્ય પ્રકટ' કરવામાં એક [illegible] કે, અમુક વર્ગ વિદ્વાન સંબંધમાં [illegible], [illegible] કે આખો જૈનવર્ગ વ્યાપાર રસ્તે હોવાથી આ કાર્ય [illegible] રીતે બરાબર થઈ શકે નહીં. એમ પ્રશ્ન કરવામાં આવે છે. [illegible] વર્ગ પોતપોતાના સાહિત્યના પ્રકાશન અને [illegible] કરે છે, તો પછી જૈનનો [illegible] વર્ગ એ [illegible] નથી? આનું કારણ એ છે કે, એક તરફથી [illegible] માટે, શાસન [illegible] વાપરવામાં આવે છે; અને બીજી [illegible] પરિચય થવાથી, [illegible] ઉત્પન્ન થતો નથી એ- [illegible] કરાવી શકે ! આ [illegible] કરવામાં આવે [illegible]

આ ઉપરાંત એક વિશેષ કારણ એ છે કે, જેઓ માત્ર ભાષાસાહિત્યનાજ શોખીન છે, અથવા જેઓ શોખીન ગણાવાનું પસંદ કરે છે, તેઓ તરફથી જૈનસાહિત્યના સંબંધમાં લગભગ અત્યારસુધી ઉપેક્ષાજ રહી છે. જેઓ સાહિત્યપ્રેમાળ હોય, અથવા સાહિત્ય જેનો વિષય હોય, તેનામાં સાધારણ રીતે પોતાના સંપ્રદાયનો મોહ, સાહિત્યની શોધખોળ કરવાની આડે આવવો ન જોઈએ; એટલે કે સાહિત્યની શોધખોળ કરનાર માણસને આ સાહિત્ય પોતાના સંપ્રદાયનું છે કે, પોતાના પ્રતિસ્પર્ધિના સંપ્રદાયનું છે એવો ખ્યાલ રહેવો ન જોઈએ. આમ છતાં દીલગીરીની વાત છે કે, આ કાળના ગુજરાતીભાષાના સાહિત્યની શોધખોળ કરનારાઓ અને સાક્ષરોમાં આવો ખ્યાલ વ્યક્તાવ્યક્તપણે રહ્યા કર્યો છે, અને તેથી કરી, ગુજરાતીભાષાના સાહિત્યપ્રેમીઓ અને સાક્ષરો તરફથી રા. મણિલાલ નભુભાઈએ આ ખ્યાલની દિશા ફેરવી ત્યાં સુધી જૈનસાહિત્યની ઉપેક્ષાજ કરવામાં આવતી હતી. આવો ખ્યાલ એક પ્રાચીન વૃત્તિનો વારસો છે. આ પ્રાચીનવૃત્તિ "हस्तिना ताड्यमानोऽपि न प्रविशेत् जिनमंदिरे" એ કલેશકાર વાક્યનું પરિણામ છે. અત્યારના જૈન સિવાયના અન્ય સાહિત્યશોખીનો અથવા સાક્ષરો ગમે તેવું મનોબળ વાપરે છતાં તેઓને વિષેથી આ ખ્યાલનો વારસો હજી સુધી મગજમાંથી ગયો નથી. હા, એ ખરૂં કે, એ વાક્યમાં કહ્યાં પ્રમાણેની ભયંકર વૃત્તિ રહી નથી; પણ તેનું ઝેર હજુ સુધી રહ્યું છે. કેટલાકમાં ઘણે અંશે, તો કેટલાકમાં થોડે અંશે, કેટલાકમાં વ્યક્તપણે તો કેટલાકમાં અવ્યક્ત પણે; પણ એ ઝેર, તો હજી મગજમાંથી ગયું નથી એમ મારૂં માનવું છે. મારી આ માનીનતાની પુષ્ટિ અર્થે એકજ દાખલો આપવો બસ થશે. ગુજરાતી ભાષાસાહિત્યની ખીલવણી કરનારૂં ગુજરાતમાં મુખ્ય કરી એકજ મંડળ છે, અને તે 'ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી' છે. આ સંસ્થા તરફથી આજ સુધીમાં કેટલાક જૂદા જૂદા માર્ગના ગ્રંથો બહાર પડયા છે; પણ જૈનનું એક પણ જાણીતું પુસ્તક તેના તરફથી બહાર પડયું સાંભળ્યું નથી. જૂદા જૂદા માર્ગના ગ્રંથોની વાત બાજુ ઉપર રાખો, જોઇએ તો પાશ્ચાત્ય જડવાદ ઉપર રચાયેલાં કેટલાંક નૈતિક અને બીજાં ચરિત્ર સંબંધીના ગ્રંથો બહાર પડ્યા છે, પણ શું તેઓને એક પણ એવો જૈનગ્રંથ ન મળ્યો કે જે તેઓ દ્વારા પ્રકાશન પામવાને પાત્ર ન હોય ? જો તેઓ એમ કહે કે,

તેઓનો વિષય માત્ર સાહિત્ય સંબંધીનો છે, તો જૂદા જૂદા જૈન શિવાયના માર્ગને માનનારા ગુજરાતી કવિઓના વિચારો પ્રકાશમાં લાવવાનું તેઓને સૂઝ્યું; અને જૈનના એક પણ ગુજરાતી કવિની કૃતિ બહાર લાવવાને ન મળી ? આ સંબંધમાં વિશેષ નહીં કહેતાં, હું તો એમ માનીશ કે, ઉપર કહેલા ઝેરનો વ્યક્ત નહીં તો અવ્યક્ત ભાવ હજુ સુધી મૂળમાં રહ્યો છે; નહીં તો આમ થવા ન પામત. અત્ર પ્રસંગવશાત્ કહેવું પડે છે કે, 'ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી'ને પ્રથમમાં પ્રથમ સહાયતા આપનાર જૈનિયો છે; પરંતુ તે સહાયતા જેટલો તો નહીં, પણ કોઈ અંશે પણ આ સંસ્થા તરફથી બીજા, કવિઓ કે, વિદ્વાનોની સરખામણીએ જૈનને બદલો વાળવામાં આવ્યો નથી. એક રીતે એમાં જૈનસહાયકોનો પણ હું દોષ જોઉં છું. જો તેઓ સહાયતા આપે છે તો તેઓ એવો આગ્રહ કેમ બતાવતાં નથી કે, જૈનગ્રન્થે જે સંસ્થાના કાર્યવાહકો ઉપેક્ષા રાખે છે તે હવે વિશેષ વખત સુધી ચલાવી લેવામાં નહીં આવે. ઉપર કહ્યા ઝેરનો અવ્યક્ત ભાવ હજુ નહીં એવા આશયોમાં રહ્યો છે કે નહીં તે બતાવવાનું એક નિમિત્ત મને મળ્યું હતું તે અહીં ટાંક્યા વિના હું રહી શકતો નથી. ગયા વર્ષે 'ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી" તરફથી પ્રકટ થતાં 'બુદ્ધિપ્રકાશ'માં સાહિત્ય સંબંધીનો એક અહેવાલ આપવામાં આવ્યો હતો. તેમાં વેદાંતાદિ દર્શનાનુયાયીઓ તરફથી પ્રકટ થતાં માસિક પત્રોની નોંધ લેવામાં આવી હતી. આ નોંધ જોતાં, સામાન્યમાં સામાન્ય એવાં અન્ય દર્શનોના માસિકની નોંધ લીધેલી જોવામાં આવી; પરંતુ જૈનના એક પણ માસિકપત્રની તેમાં નોંધ લેવાયેલી દષ્ટિગોચર ન થઈ! આ હેતુપૂર્વક થયું છે એમ કહેવું તેના કરતાં એમ કહેવું કે [illegible] પોતાની અવ્યક્ત અસર કોઈ અંશે જોવા [illegible] અનુમાન છે [illegible]

[illegible]

રાજ ગાયકવાડ સરકારને પાટણ વગેરેના ભંડારોની નોંધ કરી ગ્રંથોની ઉપયોગ પ્રકટ થવાથી, અને તે ગ્રંથોનો સમગ્ર અપ્રકટ સંસ્કૃત ગ્રંથ-દ્વારા થવાથી, અન્ય વિદ્વાનોને તે તરફ લક્ષ દોરવું પડ્યું. ગાયકવાડ સરકારની આજ્ઞાથી રા. હરિવલ્લભ ભાયાણીએ "જૈન કવિ" છપાવવાની શરૂઆત કરી; અને તેમાં તેઓએ અપભ્રંશ ભાષા પ્રાકૃત ભાષા આદિ ભાષાઓને મેળવ્યા. તેના પ્રકાશનમાં તે વિદ્વાનોને જૈન સાહિત્ય જોવાની તક મળી. રા. હરગોવિંદદાસે 'ગુજરાતી પ્રાચીન કાવ્યમાળા' શરૂ કરી અને તેમાં હાલમાં મુનિજિનવિજયજીએ ગ્રંથ ... અપ્રકટ કાવ્ય-ગ્રંથોનો પ્રકાશ કર્યો. પછી પંડિત ... નામના ગ્રંથ ગુજરાતીસાહિત્ય વિષયના સંબંધમાં ... કરવું તે ઉપરથી લેખોનો જે અનુભવ થયો તે હવે પછી જણાવીશ.

રા. ગોવર્ધનરામ શાસ્ત્રી પછી રા. કેશવલાલ હરિલાલ ધ્રુવે એ આરંભ સાહિત્યતાના કારણે જૈન અને વેદ વચ્ચેના ભેદનો વાંધો વિરોધ વિશેષ દૂર કર્યો. મુંબઈ ખાતે મળેલી બીજી 'ગુજરાતીસાહિત્યપરિષદ'ના પ્રમુખપદેથી રા૦ કેશવલાલભાઈએ ગુજરાતી ભાષાને જૈન સાહિત્ય કેટલું સહાયક હતું તે વિષયમાં બોલતાં એવા આશયમાં કહ્યું હતું કે નરસિંહ મહેતાના પૂર્વ પદ્યપ્રધાન યુગમાં ગુજરાતીસાહિત્યનો મોટો આધાર જૈનસાહિત્યનો—જૈનસાહિત્યકારોનો હતો.

કહેવાનો હેતુ એવો છે કે, હવે ક્રમે ક્રમે જૈન અને વેદાશ્રિત ધર્મો વચ્ચેનો ક્લેશ ઓછો થવા લાગ્યો છે; અને તે ક્લેશરૂપ ઝેર જેમ જેમ ઓછું થતું જશે તેમ તેમ ગુજરાતીમાત્રસાહિત્યના ઉપાસકો જૈનસાહિત્ય-પ્રત્યે બીજાં ગુજરાતી સાહિત્યની સાથે શોધખોળ અને પ્રકાશન સંબંધમાં નિષ્પક્ષપાતી થતાં જશે; એવો સંભવ છે. એક દૃષ્ટિએ અન્ય ધર્મના વિદ્વાનોને હાથે જૈનસાહિત્યપ્રકાશન ઈચ્છવું ન જોઈએ; કેમકે સ્વાવલંબન એજ ઉત્તમોત્તમ સાધન છે; એમ મારું માનવું છે. મેં જે દૃષ્ટિએ ગુજરાતી સાક્ષરોનું જૈનસાહિત્ય સંબંધમાં કર્તવ્ય બતાવ્યું છે તે માત્ર સાહિત્યદૃષ્ટિએ છે. સાહિત્યદૃષ્ટિએ આ જૈનનું છે; અને આ અમારા સંપ્રદાયનું છે એમ ધારવું જોઈએ નહીં.

આ પ્રમાણે જૈન કાવ્યસાહિત્ય અત્યારસુધીમાં જેવું જોઈએ તેવું પ્રકાશન પામ્યું નથી એનાં મને લાગ્યાં તે કારણો બતાવ્યાં. હવે

જૈનિયોની ગુજરાતીભાષાના બંધારણમાં મુખ્ય સહાયતા સંબંધમાં થોડુંક વિવેચન કરીશ. મુંબઇ ખાતે મળેલી બીજી 'ગુજરાતીસાહિત્યપરિષદ'માં મોરબીવાળા ભાઇ મનસુખલાલ કીરચંદ મેહતાએ "ગુજરાતી ભાષામાં જૈનિયોનો ફાળો" એ વિષયપર આપેલ વ્યાખ્યાનમાં તેઓએ બહુ સારી રીતે સાબીત કર્યું છે કે, જૈનિયોએ ગુજરાતીભાષાના બંધારણને મુખ્ય અને પ્રાચીન સહાયતા આપી હતી. વડોદરાવાળા રાવબહાદૂર હરગોવીંદદાસ કાંટાવાળાએ પ્રથમ 'ગુજરાતીસાહિત્યપરિષદ' વખતે કહ્યું હતું કે,

"જૈન લોકોના ઘણાં રાસા અને કવિતાઓ અદ્યાપિ પ્રકટ થયાં નથી. જૈન લોકોના રાસા ગુજરાતીના બંધારણ તથા શુદ્ધતા ઉપર સારો પ્રકાશ પાડે એમ છે. જૈન લોકોનું પ્રાકૃત અને પડિમાત્રામાં લખાણ એ જૂની ગુજરાતીનું અનુમાન કરવાને કારણભૂત થાય છે."

પ્રોફેસર મણીલાલ નભુભાઇનો અનુભવ આ પ્રમાણે છે:

"મધ્ય પ્રાચીન સમયમાં જૈન લોકોએ કેટલાંક કાવ્ય પ્રબંધ રાસાદિથી ઐતિહાસિક બાબતો નોંધી રાખી છે; અને તે ઘણી ઉપયોગી છે. હેમચંદ્રાચાર્યે જે ઇતિહાસ 'દ્વાશ્રય'માં આપ્યો છે તે એટલો બધો અગત્યનો છે કે, તેના આધારે ફાર્બસે પોતાની રાસમાળાનો ભાગ લખેલો છે. જૈન ગ્રંથો ઇતિહાસને લગતા છે; તે બધાનું નિશ્ચયપૂર્વક ભાષાંતર થવાની પૂરી આવશ્યકતા છે."

સ્વર્ગસ્થ ગોવર્ધનરામ ભાઇએ ચૌદમા શતકથી જૈનો ગુજરાતીસાહિત્યના સંબંધમાં કેવો અગત્યનો ભાગ બજાવતા આવ્યા છે તે ઉપર બોલતાં કહ્યું છે કે,

"(શતક ૧૪ મું) ગુજરાતમાં તેજસિંહના ... ગ્રંથ વિનાના સર્વ ગ્રંથો માત્ર જૈન સાધુઓના રચેલા છે. એ ગ્રંથો પણ મોટા ભાગે ધર્મસાહિત્યના અને સંસ્કૃત સાથે પ્રાકૃતમાં પણ છે. એ સાધુઓએ તેમના ગચ્છોનો આશ્રય પામી આટલો સાહિત્યવૃક્ષ ઉગવા દીધો છે. ઇત્યાદિ."

"ગુજરાતીસાહિત્યનું મૂળ પ્રથમ રોપાયું તે વેળા દીલીના બાદશાહો, ગુજરાતના સુબાઓ, અને અન્ય નાના મોટા સરદારનો વિગ્રહ આ યુગના આરંભથી ૧૩૫૦ સુધી ચાલ્યો અને તેનો ક્ષોભ ઝાલાવાડ, જુનાગઢ, ગોંડળ, વગેરે કાઠીઆવાડના ગામોમાં અ[illegible] બાકીના ગુજરાતમાં ચાલી રહ્યો હતો. તેવામાં જૈન ગચ્છોના ચાર પાંચ સાધુએ [illegible] ગુજરાતી સાહિત્યના એકલા આધારભૂત હતા. તે પછીના પચીશેક વર્ષમાં........પણ બીજા પાંચેક જૈન સાધુઓ એવા આધારભૂત હતા."

" જૈન સાધુઓ જેટલી સાહિત્યધારા ટકાવી શકયા તેનો કાંઇ અંશ પણ અન્ય વિદ્વાનોમાં કેમ ન દેખાયો ? એઓ કયાં ભરાઈ બેસ હતા ?"

" જૈન ગ્રંથકારોની ભાષા તેમના અસંગ જીવનના બળે શુદ્ધ અને સરળરૂપે તેમના સાહિત્યમાં સ્ફુરે છે. ત્યારે આખા દેશના પ્રાચીન ભીલ આદિ અનાર્ય જાતિઓ, અને રાજકર્તા મુસલમાન વર્ગ એ કમયના સંસર્ગથી બ્રાહ્મણ, વાણીઆઓની નવી ભાષા કેવી રીતે જુદું ધાવણ ધાવી, બંધાઇ, એ પણ તેમના (બ્રાહ્મણાદિ સંસારીઓના) આ શ્રમણના ઇતિહાસથી સમજાશે. એ સાધુઓની અને આ સંસારીઓની કમયની ગુજરાતી ભાષા આમ જુદે જુદે રૂપે બંધાવા પામી."

" (શતક ૧૫ મું ઉત્તરાર્ધ) પાટણ નગરમાં જૈન સાધુઓ પ્રથમની પેઠે પાછા સંસ્કૃત પ્રાકૃતમાં સાહિત્યને રચવા લાગ્યા હતા. અને રાજકીય સ્થાન મટી, એ પણ તે કાળે વીર્ય તેજ આ સાધુઓએ દરેલું જણાય છે.".

—સ્વ૦ ગો૦ ત્રિ૦

સ્વર્ગસ્થ ગોવર્ધનરામભાઇના આ વિચારોએ કેમ જાણે રા૦ કેશવલાલ ભાઇને વિશેષ શોધખોળ કરવાને પ્રેર્યા ન હોય કે તેણે ગુજરાતીભાષાના સમય સંબંધમાં નવીજ પ્રકાશ પાડ્યો છે. રા૦ કેશવલાલભાઇએ, ગુજરાતી ભાષા સમયની મર્યાદા આજ સુધી બાંધવામાં આવતી હતી તે શિથિલ કરી નાંખતાં ગુજરાતીભાષાનો સમય ઘણો વહેલો સિદ્ધ કર્યો છે. આ સમય સિદ્ધ કરતાં તેઓએ જૈનને અગ્રપદ આપ્યું છે. બીજી 'ગુજરાતીસાહિત્ય પરિષદના પ્રમુખપદેથી રા૦ કેશવલાલ ભાઇએ એમ સારી રીતે સિદ્ધ કર્યું" છે કે, ગુજરાતી ભાષામાં લખાએલું જૂનામાં જુનું સાહિત્ય જૈનિયોના હાથનું મળી આવે છે. રા. કેશવલાલભાઇનો આ પ્રયોજને જૈનસમાજ ઉપર મોટો ઉપકાર થયો છે.

રા૦ કેશવલાલભાઇ કહે છે કે "અત્યાર સુધીમાં આદિ કવિનું માન નરસિંહ મેહતાને સર્વાનુમતે અપાય છે. વિશેષમાં એમ પણ માનવું છે કે, એ રસિક નાગરકવિના સમય પહેલાંનું સાહિત્ય તે પ્રાકૃત કે અપભ્રંશ સાહિત્ય, ગુજરાતી સાહિત્ય નહીં. આ રીતે એ ભક્તરાજનું નામ કવિઓની કાલાનુપૂર્વી દર્શાવવામાંજ નહીં, પણ ભાષાઓની મર્યાદા બાંધવામાં પણ કામે લગાડાય છે. અત્યાર સુધીમાં જે જૂજ શોધખોળ થઇ છે તેમાં નરસિંહ મેહતાની પૂર્વે થઇ ગએલા કોઇ સમર્થ કવિનું નામ મળી આવતું નથી, કે

જે એમને આદિ કવિના સ્થાનથી ઉથલાવી પાડે. પરંતુ ભાષાની બાબતમાં તો કહેવું જોઇએ કે, ઇસ્વીસનના પંદરમા શતકની મર્યાદા જે બંધાયેલી તે ચારસેં પાંચસેં વર્ષ અથવા તેથી પણ બે એક સદી વધારે પાછી હઠાવવી પડશે."

રા૦ કેશવલાલભાઇ ગુજરાતી ભાષાની મર્યાદાને પંદરમા શતકની મર્યાદાથી ચારસેં પાંચસેં વર્ષ પાછળ હઠવતાં ચારસેં પાંચસે વર્ષનું કેવું ગુજરાતી હતું એવું બતાવવા માટે અગ્યારમા, બારમા શતકનું અને તેરમા શતકનું ગુજરાતી જૈનગ્રંથોપરથી ટાંકી બતાવે છે. વળી, તેઓ પ્રાકૃતભાષાના **પાણિની** તરીકે જૈનાચાર્ય શ્રી હેમચંદ્રાચાર્યને કહી, ગુજરાતી ભાષાનાં ઓળખ હેમચંદ્રાચાર્યથી કરાવે છે.

ગુજરાતી ભાષાનો જન્મ જૈનિયોથી હોવાયોગ્ય છે ?

આ તો હવે નિર્વિવાદિત વાત છે કે, ગુજરાતી ભાષાના બંધારણમાં મુખ્ય સહાયતા જૈનિયોની છે એ વાત સર્વ સાક્ષરો સ્વીકારે છે. ઘણા ખરા ગુજરાતીભાષાના વિદ્વાનોનું એમ માનવું છે કે જૈનિયોએ ગુજરાતી ભાષાના બંધારણમાં સેંકડે પોણોસો ટકા ભાગ ભજવ્યો છે. રાવ૦ હરગોવિંદદાસ, રા. મણીલાલ નભુભાઇ, રા. ગોવર્ધનરામભાઇ અને રા. કેશવલાલ ભાઇના વિચારોનું પૃથક્કરણ કરી જોતાં આ નિર્ણય શિવાય બીજો કોઇ નિર્ણય નીકળવો સંભવતો નથી. રા. કેશવલાલ ભાઇના વિચારો વાંચ્યા પછી મને ગુજરાતીભાષાની શોધખોળ કરવા સંબંધી જે ઇચ્છા થઇ તે ઇચ્છા, મને એમ મનાવે છે કે, ગુજરાતી ભાષાનો જન્મ જૈનિયોથી હોવા યોગ્ય છે. મારો જે આ અભિપ્રાય થયો છે તે કયા કારણોથી તે અહીં સંક્ષેપમાં જણાવીશ.

સંસ્કૃત ભાષાને જેમ તમામ આર્ય ભાષાઓનું મૂળ ગણવામાં આવે છે તેમ એમ પણ માનવામાં આવે છે કે, હાલની સંસ્કાર પામેલી ગુજરાતી ભાષાની પૂર્વસ્થિતિ અર્થાત્ પ્રાચીનગુજરાતી એ પ્રાકૃત નામથી પ્રસિદ્ધ એવી અપભ્રંશ ભાષા હતી. આ વાતને રા. ગોવર્ધનરામભાઇ અનુમોદન આપે છે. રા. કેશવલાલ ભાઇએ પોતાના વ્યાખ્યાનમાં નરસિંહ મેહતાની ભાષાને અપભ્રંશ કહી તેને ગુજરાતી તરીકે ઓળખાવેલ છે; તેમજ શ્રી હેમચંદ્રાચાર્યની અપભ્રંશ ભાષાને પણ ગુજરાતી તરીકે ઓળખાવેલ છે. વળી, હેમ-

ચંદ્રાચાર્યને પ્રાકૃત બોલીઓના 'પાણિની' તરીકે કેશવલાલભાઇએ ઓળખાવેલ છે એ ઉપરથી એમ કહેવામાં આવે કે, વહેલામાં વહેલી ગુજરાતી ભાષાની ઓળખ આપણને હેમચંદ્રાચાર્યથી થાય છે તો તે અયોગ્ય નહીં કહેવાય. રા. કેશવલાલ ભાઇનો કહેવાનો આશય જે ગર્ભિતપણે–અવ્યક્તપણે સમાવેલો હું માનું છું તે બરાબર હોય તો મને લાગે છે કે રા. કેશવલાલ ભાઇનો અભિપ્રાય ગુજરાતીભાષાનો આરંભ કેટલેક દરજ્જે જૈનિયોથી થયેલો માનવા સંબંધીનો હોવાયોગ્ય છે. રા. કેશવલાલભાઇએ ગુજરાતી ભાષાનો 'આરંભ ક્યારથી ?" એવા પ્રશ્ન નીચે જે ઉત્તમ વિચારો સાહિત્યપરિષદ્‌ના પ્રમુખપદથી બતાવ્યા છે તે વાંચતાં જો કે, એની સર્વથા સ્પષ્ટતા નથી થતી કે, રા. કેશવલાલભાઇનો અભિપ્રાય, ગુજરાતીભાષાનો આરંભ જૈનિયોથી જ થયો છે એવું સ્વીકારવાનો છે; પરંતુ તેની સાથે એટલું તો સ્પષ્ટ દેખાય છે કે, ગુજરાતીભાષાનું વિશેષમાં વિશેષ પ્રાચીન સાહિત્ય દેખાડવા માટે જૈન સિવાય અન્ય કોઇનું સાહિત્ય વિદ્યમાનતા ધરાવતું કેશવલાલ ભાઇની સમર્થ શોધકદૃષ્ટિને જોવામાં આવ્યું નથી.

ગુજરાતીભાષા કઇ ભાષાપરથી થઇ ?

ગુજરાતીભાષાનો જન્મ કોનાથી થયો સંભવિત છે એ વાતપર વિચાર બાંધવા માટે ગુજરાતીભાષા કઇ ભાષા પરથી થઈ એ સંબંધી વિચાર કરવો અગત્યનો છે. અત્યાર સુધી વિદ્વાનો તરફથી એમ અભિપ્રાયો બંધાયેલ છે કે, ગુજરાતીભાષા પ્રાકૃતભાષા પરથી થઈ છે, અથવા કેટલાક એમ કહે છે કે તે અર્ધમાગધી પરથી થઇ છે. હેમચંદ્રાચાર્ય મહારાજે જે ભાષામાં સાહિત્ય લખ્યું છે તે ભાષાને 'પ્રાકૃત' તરીકે ઓળખવામાં આવે છે; જ્યારે શ્રીજિનાગમ જે ભાષામાં લખાયેલ છે તે અર્ધમાગધી તરીકે ઓળખાય છે (જુઓ. 'પ્રબંધચિંતામણિ' ગ્રંથ). રા. કેશવલાલભાઇએ સાહિત્યપરિષદ્‌ના પ્રમુખપદેથી પ્રાકૃત શબ્દની કેવી બહોળી વ્યાખ્યા થઇ શકે તેમ છે તે સંબંધી વિવેચન કર્યું છે. જો એમ કહેવામાં આવે કે, જે પ્રાકૃતભાષા હેમચંદ્રાચાર્યની છે તે ભાષાનો અપભ્રંશ તે ગુજરાતી છે તો તે વાત સ્વીકારવા અત્યારસુધી એકત્ર થયેલ સાધનો જોતાં અયોગ્ય નથી.

ગુજરાતી ભાષાની પહેલાં માગધી, અર્ધ માગધી–મહારાષ્ટ્રી, શૌરસેની અને

પૈશાચી ભાષાઓ હતી; એની કોઈથી ના પાડી શકાય તેમ નથી. હેમચંદ્રાચાર્યની અર્ધમાગધી, કે પ્રાકૃતભાષા જેવી ભાષા પરથી ગુજરાતી ભાષા થઇ છે; એ વાતને જો ખરી શોધ તરીકે સ્વીકારવામાં આવે. તો પછી જોવાનુંજ એ રહે છે કે, અર્ધમાગધી કે પ્રાકૃતનો પરિચય વિશેષ કોને હતો, કે જે પરિચયનાં પરિણામે ગુજરાતીભાષાની ઉત્પત્તિ થઈ હોય ? અત્યાર સુધીમાં જે જે શોધ ખોળો થઇ છે, જે જે ગ્રંથો કે શાસ્ત્રો મળ્યાં છે તે ઉપરથી એમ હિમ્મત પૂર્વક કહી શકાય કે, જૈનોને વિષે અર્ધ માગધીનો સર્વથી વિશેષ પરિચય અને વિશેષ વપરાશ હતો; અને હજુ સુધી છે. જૈનનું માગધી કે અર્ધ માગધી ભાષામાં જેટલું સાહિત્ય લખાએલું અત્યાર સુધી મળી આવ્યું છે તેટલું અન્ય દર્શનોમાં લખાએલું મળી આવતું નથી. વિક્રમ સંવતની બાજુ પહેલાંની સ્થિતિ કેવી હતી તે કહેવું ઇતિહાસના અભાવે મુશ્કેલ છે, પરંતુ આટલું તો ઐતિહાસિક પુરાવાના આધારે કહી શકાય કે, વિક્રમ સંવતની શરૂઆત પહેલાંના નજીકના સમયથી ને વિક્રમ સંવતની શરૂઆત પછી ઘણા સૈકાઓ સુધી તે અત્યાર સુધી કેમ જાણે અર્ધ માગધી અને પ્રાકૃત ભાષા જૈનિઓની અર્જિત મીલકત જેવી છે તો તે અયોગ્ય નહીં કહેવાય. જો પ્રાકૃત ભાષા પરથી ગુજરાતીની ઉત્પત્તિ થઇ છે એમ ગણવામાં આવે, તો પછી એમ કહેવું કે, જૈનોની આ અર્જિત મીલકત જેવી આ પ્રાકૃત ભાષા હતી તેમાંથી ગુજરાતી ભાષાના પ્રથમ સ્વરૂપરૂપ અપભ્રંશ ભાષાને આકાર અપાયો હોય તો તે કેમ અસંભવિત ગણાય ?

એક તરફથી પ્રાકૃતભાષા પરથી ગુજરાતીનો જન્મ કહેવામાં આવે છે, અથવા એમ કહેવામાં આવે છે કે પ્રાકૃત ભાષાનું અપભ્રંશ તે ગુજરાતી. બીજી તરફથી જૈન સિવાય કોઈને માગધી, અર્ધ કે માગધી પ્રાકૃતનો પરિચય નહીં, બીજી તરફથી જૈન સિવાય કોઈ બહુ ઉપયોગ પ્રાકૃત કે અર્ધમાગધી [illegible]

આપેલી સહાયતાથી જૈનિયોનું રાજ્યમાં બળ વધ્યું; એટલે જૈનિયો રાજકાજમાં વધારે ભાગ લેતા થયા, અને બીજી તરફ વ્યાપાર ઉપર પણ પોતાનું વિશેષ બળ ધરાવતા થયા એટલે વિદ્યા-જ્ઞાન સંબંધમાં ક્રમે ક્રમે ઉપેક્ષિત થવા લાગ્યા; એથી કરી અર્ધ માગધી કે પ્રાકૃત ભાષાનો નિયમસર અભ્યાસ તેઓમાંથી ઓછો થવા લાગ્યો; અને ઓછો થતાં થતાં તે ભાષાઓ ઘસાતી ચાલી. આ ઘસારાનું સ્વરૂપ તે અપભ્રંશ; અને એ અપભ્રંશ ક્રમે કરી ખેડાતાં ખેડાતાં અત્યારના ગુજરાતીના આકારમાં આવેલ સંભવે છે. કોઇ પણ ભાષાનો અપભ્રંશ થવો શરૂ થાય છે તો તે અપભ્રંશનું સ્થૂલ સ્વરૂપ થતાં કેટલાક સૈકાઓ જવા જોઇએ. રા. કેશવલાલભાઇ બારમા અગ્યારમા શતકનું જૈનગ્રંથોપરથી ગુજરાતીનો જે આકાર ટાંકે છે તે ગુજરાતીનું સ્વરૂપ મૂળ ભાષાપરથી થવાને માટે ઓછામાં સો બસો વર્ષો જવાં જોઇએ. આ હિસાબે રા. કેશવલાલ ભાઇએ અગ્યારમા-બારમા શતકના ટાંકેલ ગુજરાતીના આકારને અર્ધ માગધી-કે પ્રાકૃતપરથી તે સ્થૂળ આકારમાં આવતાં જ્યારથી જૈનિયો વિદ્યા-જ્ઞાનથી ઉપેક્ષિત થયા ત્યારથી તે અગ્યારમા બારમા શતક સુધીના સમય જેટલો સમય ગયો હોવો જોઇએ. વનરાજ ચાવડાના સમયથી તે કરણ વાઘેલાના સમય સુધી કોઇ વખતે કાંઇ ઓછું તો કોઇ વખતે ઘણું વધારે જૈનિયોનું જોર ગુજરાતમાં હતું. તેમાં પણ વનરાજ, કુમારપાળ અને વસ્તુપાળ તેજપાળના વખતમાં જૈનિયોનું જોર ગુજરાતની રાજ્યસત્તામાં એટલું મહત્વવાળું હતું કે, જૈનિયોથી બીજાઓને દેરાવું પડતું હતું. આવું જેનું જોર હતું તેના તરફથી જે ભાષાનો ઉપયોગ વધારે થતો હતો તે ભાષાનું અનુકરણ બીજી જાતો કરે એ સ્વાભાવિક હતું; એટલે પ્રાકૃતના અપભ્રંશરૂપ થતી જતી ગુજરાતી ભાષાનો ઉપયોગ જૈનિયોની પછવાડે બીજી જાતિઓએ કર્યો હોય એ અસંભવિત નથી.

આ વાતની સાથે જૂનામાં જૂની ગુજરાતી કોના હાથની મળી આવે છે, અને ગુજરાતીના ખેડાણના ઉગ્ર સમયમાં વિશેષ પરિમાણમાં ગુજરાતી સાહિત્ય કોનું લખાએલું છે, એ બે બાબતો પર વિચાર કરવામાં આવે, તો મારો મત વિદ્વાનોના વિચારને પાત્ર છે કે નહીં તે જણાય. અત્યારસુધીમાં જૈન સિવાય બીજા કોઈના હાથથી લખાએલું ગુજરાતી સાહિત્ય મળ્યું નથી. તેમ જ્યારથી ગુજરાતીસાહિત્ય લખાવું શરૂ થએલું મળી આવે છે ત્યારથી તે ગુજરાતીના ખેડાણના ઉગ્ર સમય સુધીમાં વિશેષ જૈનિઓના હાથે તે લખાએલું

છે એમ જો શોધ કરવામાં આવે તો સહજમાં જણાય તેમ છે.

વળી, રા. કેશવલાલભાઈએ હેમચંદ્રાચાર્યને પ્રાકૃત બોલીઓના પાણિની તરીકે ઓળખાવતાં, હેમચંદ્રાચાર્યના "અષ્ટાધ્યાયી" ની જે શાખ આપે છે. તે શું બતાવે છે? શ્રી હેમચંદ્રાચાર્યની 'શબ્દનામમાળા' એ ગુજરાતીભાષાને કેટલી સહાયતા આપી છે?

જો પ્રાકૃતભાષા પરથી થએલ અપભ્રંશ તે ગુજરાતી હોય, જો અર્ધ માગધી અને પ્રાકૃત મૂળ ભાષાનો પરિચય સર્વ કરતાં જૈનિયોને વિષે હોય, જો જૈનિયો રાજકાજમાં પડતાં વિદ્યા–જ્ઞાન તરફ ઉપેક્ષિત થતાં પ્રાકૃતની અપભ્રંશતા થઇ હોય, જો, અપભ્રંશના ખેડાણ કરવાનાં સાધનોની મૂળ પ્રયત્ના જૈનિયોએ કરી હોય, જો જૂનામાં જૂનું ગુજરાતી જૈનિયોનું મળતું હોય, જો ગુજરાતીના ઉગ્ર ખેડાણ સમય સુધીમાં જૈનિયોનું વિશેષ લખાએલું ગુજરાતી સાહિત્ય મળતું હોય, તો એમ કહેવું કે ગુજરાતીની મૂળ ઉત્પત્તિ જૈનિયોથી થઈ છે તો તે કોઇ રીતે અયોગ્ય છે?

મારા આ અનુમાનની સાથે જૈનિયોએ ગુજરાતી ભાષાના બંધારણ અને સ્થિતિને આપેલી પોણોસો ટકા સહાયતા આપી છે એ વાતને લક્ષ્યમાં લેવામાં આવે, તો સરળતાપૂર્વક સ્વીકાર થાય કે, ગુજરાતી ભાષાનું મૂળ સ્થાન જૈનિયોથી માનવું વધારે યોગ્ય છે. રા. હરગોવિંદદાસ કહે છે કે "જૈન લોકોના રાસા ગુજરાતીના બંધારણ તથા શુદ્ધતા ઉપર સારો પ્રકાશ પાડે છે" રા. ગોવર્ધનરામ ભાઈ પણ તેરમા શતકથી શ્રમણ યુગ સુધીમાં જૈનિયોને ગુજરાતી ભાષાના આધારરૂપ માને છે. રા. કેશવલાલભાઇએ તો અગ્યારમા શતકથી જૂનામાં જૂનું ગુજરાતી જૈનિયોનું શોધી બતાવ્યું છે. આ સઘળું બીજાં કોઇ કરતાં જૈનિયોના લાભમાં વિશેષ જતું નથી?

જેમ બીજા સાક્ષરોએ આ સંબંધમાં અનેક અનુમાનો કર્યાં છે તેમ મેં પણ આ એક પ્રકારનું અનુમાન કર્યું છે. આ અનુમાન પાયાદાર છે કે નહીં તે [illegible] કરવું [illegible] છે. મારું અનુમાન સત્યરૂપ ઠરે, અથવા ન ઠરે તેનો મને આગ્રહ નથી, પરંતુ જેમ મારા અનુમાનને કસોટીએ [illegible] આવશે તો મને ઘણો સંતોષ થશે. ગુજરાતી ભાષાનો જન્મ જૈનિયોથી છે એવું સિદ્ધ થાય તો મને એક નવા [illegible] માટે હર્ષ [illegible] થશે, પરંતુ મને સાંપ્રદાયિક

મોહ તો ઉત્પન્ન નહીં થાય કે, ગુજરાતીભાષાના જન્મદાતાઓ મારા પૂર્વજો છે. તથા ઉલટું, જો અર્ધમાગધી કે પ્રાકૃતભાષાનો આશ્રય કરનાર જૈનિયો હોય, તો મને સામો ખેદ થશે. કેમકે જે ભાષાને અપભ્રંશ એક સમયે અપાતું હતું તેનો ગુજરાતીભાષામાં અપભ્રંશ કરી અવનતિ કરવામાં જૈનિયો નિમિત્ત થયા છે. આમ મને લાગ્યા વિના ન રહે. જો કે હું સમજું છું કે રા. મનસુખલાલ કીરચંદે કહ્યું છે તેમ જૈની વિદ્વાનોએ લોકભાષામાં ઉપદેશ આપવો ઉપકારક સમજી તેમ કર્યું છે.

જૂનામાં જૂની ઉત્તમ ગુજરાતી જૈનીની છે ?

નરસિંહ મેહેતાનું ગુજરાતી અત્યારસુધીમાં વિશેષ સંસ્કારી ગણાયું છેઃ મારી પણ આ પ્રકારની માનીનતા અત્યાર સુધી છે, તથાપિ જૂનામાં જૂની ઉત્તમ ગુજરાતી તરીકે પોતાની ભાષા ગણાવાની કીર્ત્તિ તો એક જૈન વિદ્વાન ખાટી જાય તેમ લાગે છે. આ ગ્રંથને માટે જ્યારે હું સંગ્રહ કરતો હતો ત્યારે મને જૂનામાં જૂની ઉત્તમ ગુજરાતીમાં જૈન વિદ્વાનથી લખાએલ એક લેખ મળી આવ્યો. આ લેખે મારી ઉપરની માનીનતા ઉત્પન્ન કરી છે. આ લેખ "ગૌતમરાસો" એ નામનો છે. આ લેખ નરસિંહ મહેતા પહેલાં ઓછામાં ઓછા ૭૫ વર્ષ લખાએલ છે. 'ગૌતમરાસા'ની પૂર્ણતા કરતાં લેખના સમયસંબંધમાં લખ્યું છે કે,

ચઉદદસય બારોત્તર વરસેં, ગોયમ ગણહર કેવળ દિવસેં,
કિઉ કવિત ઉપગાર કરો, આદિહિં મંગલ એહ પભણીજે;
પરવ મહોચ્છવ પહિલો લીજે, ઋદ્ધિ વૃદ્ધિ કલ્યાણ કરો.

"ચૌદ સહ બારોત્તર વર્ષે." આ શબ્દોથી લેખનો સમય જણાય છે. નરસિંહ મેહતા પંદરમા શતકની અંતમાં થયા છે. જ્યારે આ ગૌતમરાસા વાળા ઉદયવંતમુનિ પંદરમા શતકની શરૂઆતમાં થયા છે.

ગૌતમ રાસમાં વત્થુ (વસ્તુ) છંદ લખાએલ છે તે જો કે ગુજરાતી ભાષામાં લખાએલ છે એમ જણાય છે; તથાપિ તે ગુજરાતી પંદરમા શતક પહેલાનું સંભવે છે. જ્યારે રાસામાં ભાષા લખાએલ છે તે પંદરમા શતકનું ગુજરાતી છે. મતલબ કે વસ્તુછંદના લેખક કોઇ બીજા પણ હોય. વત્થુ (વત્થુ) ની ગુજરાતી ભાષા અને ભાષાછંદની ગુજરાતી ભાષા આ રાસમાં મોકલ છે તેપરથી તે ભાષાનું સ્વરૂપ જોઇ શકાશે.

આનંદઘન.

સત્તરમા શતકમાં જે વિદ્વાનો થયા તેમાં એક આત્મજ્ઞાની મહાત્મા તરીકે કોઇએ સર્વથી વિશેષ ખ્યાતિ, શ્વેતામ્બર સંપ્રદાયમાં મેળવી હોય તો આનંદઘનજી મહારાજે મેળવી છે. આ ગ્રંથમાં આનંદઘનજી મહારાજના લખેલા બે લેખો પ્રકટ થાય છે. એક તેઓની રચેલી 'સ્તવનાવલિ' અને બીજી તેઓની રચેલી 'બહોતેરી' આ બે કૃતિઓ શિવાય કોઇ વિશેષ કૃતિ આ મહાત્માની હજી સુધી મળી શકી નથી; અને હવે પછી મળવાનો સંભવ પણ ઓછો છે. ઘણાખરા લખનારાઓની, અને તેમાં પણ ખાસ જૈન લખનારાઓની એક એવી શૈલી જોવામાં આવે છે કે, ગ્રંથપૂર્ણતાએ, ગ્રંથકાર પોતે કયા સંપ્રદાયમાં થયા છે, પોતે કયા ગુરૂના શિષ્ય છે, કયા સ્થળમાં અને કયા વર્ષમાં ગ્રંથ લખ્યો એ વગેરે હકીકત આપે છે. જે મહાત્માનું ચરિત્ર અહીં લખવા પ્રયાસ થાય છે તે મહાત્માએ આ શૈલીનું અનુકરણ કર્યું જણાતું નથી; એટલે આપણે તેઓ સંબંધી આ પ્રકારની ઐતિહાસિક હકીકત મેળવવા નસીબવંત નથી.[1]

આનંદઘને આ શૈલીનું અનુકરણ શા માટે નહીં કર્યું હોય એવી શંકા થવા યોગ્ય છે. પરંતુ તે શંકાનું સમાધાન બહુ સરળ છે. આનંદઘનજીની દશા એવી આત્મરસજ્ઞ થઇ ગઇ હતી કે, તેઓને તે શિવાયનાં

---

૧. આનંદઘનજી મહારાજની બે કૃતિઓમાં 'બહોતેરી' ના અંતમાં આ ક્રમ લીધેલો જોવામાં આવતો નથી. 'સ્તવનાવલિ' માં લીધો હતો કે નહીં તે કહી શકાય એમ નથી; કારણ કે, તેઓએ લખેલી સ્તવનાવલિમાં ૨૨ તીર્થંકરની સ્તવનાઓ મળે છે. બાકીના બે તીર્થંકરોની મળતી નથી. બાકીની જે બે મળતી નથી તેમાં છેલ્લા મહાવીરસ્વામીના સ્તવનને અંતે આ ક્રમ આપ્યો હોય તો કહી શકાતું નથી. વંદાદરાવાળા ભાઈ માણેકલાલ ઘેલાભાઇ ઝવેરીને હાલમાં બે સ્તવનાઓ મળી છે. તેઓને જેના તરફથી આ બે સ્તવનાઓ મળી છે તેનું કહેવું એમ છે કે, એ આનંદઘનજી મહારાજની રચેલી છે. આ વાતનો નિર્ણય થવાની જરૂર છે. ભાઇ માણેકલાલને મળેલી સ્તવનાઓમાં પણ આ ઐતિહાસિક ક્રમ નથી.

—સંગ્રહકર્તા.

મયાં કાર્ય જંજાળરૂપ લાગતાં. કેટલોક સમય થયાં મને એવી અભિલાષા વર્તતી હતી કે, બની શકે તેટલો પુરૂષાર્થ કરી, આ મહાત્માનું ઐતિહાસિક ચરિત્ર મેળવી સમાજસન્મુખ રજુ કરવું. જુદા જુદા આકારે ઘણો શ્રમ કરવા છતાં, હું દિલગિર છું કે, હજી સુધી કાંઇ પણ દૃઢ ઐતિહાસિક વૃત્તાંત હું મેળવી શક્યો નથી.[1]

---

૧. મેં જુદા જુદા સ્થળોએ પૂછપરછ કરી હતી; તે ઉપરાંત નીચેનું પ્રશ્નપત્ર પ્રકટ કર્યું હતું; પણ દિલગિર છું કે, એ પ્રશ્નનો ઉત્તર મળી શક્યો નહોતો:—

મને નીચેની હકીકત શ્રીમાન આનંદઘનજી મહારાજ સંબંધી પુરી પાડશો તો ઘણો આભાર થશે. નીચે પુછેલી હકીકતમાંથી જેટલી જાણવામાં હોય તેટલી પણ મોકલવા વિનંતિ છે.

૧. શ્રીમાન્ આનંદઘનજી મહારાજનો જન્મ ક્યારે અને કયા સ્થળે. થયો હતો ?

૨. તેઓશ્રી જ્ઞાતે કેવા હતા ? તેઓના પિતા તથા માતુનું નામ શું હતું ? તેઓના બાપાપનો મુળ પ્રદેશ કયો ?

૩. તેઓના વંશ અથવા કુલ સંબંધી કંઈ હકીકત જોવામાં છે ?

૪. તેઓને દીક્ષા લેવાનું નિમિત્ત શું મળ્યું હતું ? દીક્ષા કોની પાસે લીધી હતી ? કેટલા વર્ષની વયે, અને કઈ સાલમાં તથા કયા ગુરૂ પાસે લીધી હતી ?

૫. તેઓનું સંસાર દશામાં શું નામ હતું ? અને દીક્ષા લીધા પછી શું નામ રાખવામાં આવ્યું હતું ? તેઓનું "લાભાનંદજી" નામ કઇ અવસ્થાનું હતું ? અજ્ઞાન લોકો તેઓશ્રીને "બંગડભુલા" કહી બોલાવતાં હતા. તે સંબંધી જાણવામાં કંઇ હકીકત છે ?

૬. તેઓએ કયા કયા પ્રદેશોમાં વિચરવાનું રાખ્યું હતું ? મારવાડ, ગુજરાત, કાઠિયાવાડ (ઝાલાવાડ) કચ્છના ભાગમાં તેઓએ વિહાર કર્યો હતો ?

૭. આનંદઘનજી મહારાજ મૂળ કાશી તરફના વતની હોવાનો સંભવ છે ? કાશી તરફથી તેઓ મારવાડ અથવા ગુજરાતના પ્રદેશમાં આવ્યાનો સંભવ છે ?

૮. તેઓએ રચેલાં "આનંદઘન ચોવીશી" તથા "આનંદઘન બહોતેરી" ક્યારે રચાયા હોવાનો સંભવ છે ? પ્રથમ "ચોવીશી" લખાઈ હશે કે "બહોતેરી ?"

૯. એમ જે કહેવામાં આવે છે કે તેઓ અને ઉપાધ્યાય યશોવિજયજી મહારાજનું મળવું થયું હતું તે કઇ સાલમાં તથા કયા સ્થળે ? યશોવિજયજી મહારાજે આનંદઘનજી મહારાજની સ્તુતિ કયા પ્રસંગે કરી હશે ?

આનંદઘનજી મહારાજનો જન્મ કયા પ્રદેશમાં થયો હતો, તેમણે સંસારત્યાગ ક્યારે કર્યો, કયા ગુરૂ સમીપે ક્યાં દીક્ષિત થયા, એ સંબંધી કિંચિત્ માત્ર પણ હકીકત મળતી નથી. આવી હકીકતના અભાવે તેઓ કયા પ્રદેશમાં વિશેષ રહ્યા હોવા જોઈએ એટલું શોધી કાઢવાની હું તજવીજ કરવા ધારૂં છું. આ શોધવું, તે પણ કોઈ ઐતિહાસિક સાધનદ્વારા નથી. તેઓ સંબંધી આ હકીકત હું 'ભાષાવિવેકશાસ્ત્ર' (Philology)ની સહાયતા વડે શોધવા પ્રયત્ન કરીશ. 'ભાષાવિવેકશાસ્ત્ર' એ એક એવી ચીજ છે કે જે પુરૂષનું વૃત્તાંત ચિતરવું હોય તે પુરૂષના લખેલા લેખો મળી આવે, તો તે લેખોની ભાષાની જાતિ–પ્રકાર ઉપરથી કેટલીક હકીકત મેળવી આપે છે. આનંદઘનજીની ઉપર કહ્યા પ્રમાણે, 'સ્તવનાવલિ' અને 'બહુતેરી' એ બે કૃતિઓ મળી આવે છે. આ કૃતિની ભાષાના પ્રકાર ઉપરથી, તેઓ કયા પ્રદેશમાં વિશેષે રહ્યા હોવા જોઇએ એટલું શોધવાની હું પ્રયત્ન કરીશ. આ પ્રયત્ન કરતાં હું જે અનુમાન ઉપર આવું તે અનુમાન સહજ હોય એવું કાંઇ નથી. મારૂં અનુમાન યોગ્ય અથવા સત્ય ન હોય એમ નહીં.

'સ્તવનાવલિ' અર્થાત્ ચોવીશ જિનેશ્વરની સ્તુતિ સ્તવનારૂપ કૃતિ. આ સ્તવનાવલિ જેને શુદ્ધ સંસ્કારી ગુજરાતી કહીએ (જુઓ, શરૂઆતમાં આપેલ મી૦ અંજારીઆનો અભિપ્રાય) તેમાં લખાએલ છે. જો કે કેટલાક જૈન પારિભાષિક પ્રાકૃત શબ્દોનો પ્રયોગ અવાર નવાર થયો છે ખરો.

---

૧૦. "આનંદઘન ચોવીશી" અને "આનંદઘન બહોતેરી" ના શિવાય બીજા કોઇ તેઓના બનાવેલા ગ્રંથો છે કે ?

૧૧. આનંદઘન ચોવીશીની ભાષા વધારે કયા પ્રદેશને લગતી છે? ગુજરાત, મારવાડ કે કાઠિયાવાડને લગતી છે? મારવાડી, કાઠિયાવાડી કે ગુજરાતી શબ્દો કયા કયા સ્થળે ચોવીશીમાં જોવામાં આવે છે?

૧૨. તેઓનો દેહોત્સર્ગ ક્યારે અને કયા સ્થળે થયો ?

૧૩. તેઓ કયા ગચ્છમાં થયા છે? અને તેઓના ગુરૂભાઇ અથવા કોઈ શિષ્યનાં નામ જાણવામાં છે ?

ઉપલી હકીકત મારા તરફથી પ્રગટ થનારા "જૈન કાવ્યમાળા" માટે આનંદઘનજી મહારાજનું ઐતિહાસિક ચરિત્ર લખવું છે, તેટલા માટે જોઇએ છે. કૃપા કરી જેનાથી જેટલી હકીકત મોકલી શકાય તેટલી મોકલાવશો, તો ઘણો આભાર થશે.

'બહોંતેરી'એ દીદિભાષામાં લખાયેલ પદોનો સંગ્રહ છે. 'બહોંતેરી' સંજ્ઞા ઉપરથી સામાન્ય રીતે એમ માની શકાય કે, તેમાં બહોંતેર પદ હશે; પરંતુ આમાં તેમ નથી. આ કૃતિમાં એંકરો ઉપરાંત પદ છે. 'બહોંતેરી' સંજ્ઞા શા કારણે અપાઈ તે કહી શકાતું નથી. જો 'સ્તવનાવલિ' નું ગુજરાતી, ગુજરાતી ભાષા જે જુદા જુદા ભાગમાં બોલાય છે તેમાં કયા ભાગનું છે તે નક્કી કરી શકાય, તેમજ 'બહોંતેરી' કયા પ્રદેશની હિંદુસ્થાની ભાષામાં લખાયેલ છે તે ધારી શકાય, તો આનંદઘનજી મહારાજ કયા પ્રદેશમાં વિશેષે વિચર્યા હતા, અથવા કયા પ્રદેશનો તેમને વિશેષ પરિચય રહ્યો હતો તે સંબંધી વિચાર બાંધી શકાય. કેટલાકનું એમ માનવું છે કે, આનંદઘનજી મહારાજ મારવાડમાં વિશેષે રહેતા હતા. કેટલાકનું તો વળી એમ પણ માનવું છે કે, તેઓ મારવાડનાં મૂળ વતની હોઇ તે તરફમાં વિશેષ કાળ રહ્યા હતા. કેટલાક તેઓની ભાષાને મારવાડી સંસ્કારવાળી પણ ગણે છે. વળી, કોઈ કોઇ ગુજરાતને પણ તેઓનો વિચરવાનો પ્રદેશ માને છે. જ્યારે મેં આનંદઘનજી મહારાજ સંબંધી ઐતિહાસિક હકીકત મેળવવાની તજવીજ શરૂ કરી ત્યારે મને જો કે એટલી હકીકત મળી કે, મારવાડના ચોકસ નાના ગામમાં આનંદઘનજી મહારાજનો ઉપાશ્રય છે; પરંતુ એ ઉપરથી હું હજુ સુધી એમ માનવાને દોરાયો નથી કે, તેઓ વિશેષે મારવાડમાં વિચર્યા હતા. 'બહોંતેરી' ની ભાષાનું પૃથક્કરણ કરવાનું હવે પછીને માટે રાખી હું પ્રથમ 'સ્તવનાવલિ'ની ભાષાનું પૃથક્કરણ કરવા એટલા માટે તજવીજ કરીશ કે, આનંદઘનજી મહારાજની ગુજરાતી ભાષા, ગુજરાતી બોલાતા કયા પ્રદેશને વિશેષ બંધબેસ્તી થાય છે.

પ્રાચીનશોધખોળદર્શક વસ્તુની કેટલી કિમ્મત છે તેનો ખ્યાલ હજુ સુધી આપણા લોકોમાં જોઇએ તેવો નહીં હોવાથી તેઓ પ્રાચીન વસ્તુમાં ફેરફાર કરી નાંખે છે; અને ઘણી વખતે એટલો મોટો ફેરફાર કરી નાંખે છે કે, મૂળ વસ્તુનો સહેજ પણ ખ્યાલ આવી શકવો મુશ્કેલ. કેવો મોટો ફેરફાર કરી નાંખે છે તેનો એકજ દાખલો અહીં આપવો બસ થશે. શ્રી શેત્રુંજય ઉપર જૈનરાજ્યકર્તા શ્રી સંપ્રતિરાજાનું દેવાલય છે. આ દેવાલય જીર્ણ થતાં તેના ઉપર થોડી ઘણી ન ચાલી શકે તેવી મરામત કરાવવી

એ ખાસ જરૂરનું છે, પરંતુ અત્યારે એ દેવાલયના સંબંધમાં એવો મોટો ફેરફાર કરી નાંખવામાં આવ્યો છે કે, શ્રી સંપ્રતિ રાજાના વખતનું તે કરાવેલું છે એવો સહેજ પણ ખ્યાલ આવવો મુશ્કેલ; એટલુંજ નહીં, પણ અત્યારના પ્રવાહ પ્રમાણે રંગ, ચિત્રો, કાચ, વગેરે પદાર્થોનો એટલો અને એવા પ્રકારનો ઉપયોગ કર્યો છે કે, અત્યારના માણસો તો એમ સમજે કે, સુધારણા કરી છે, પણ બસો વર્ષ પછીના માણસોને સંપ્રતિ રાજાના વખતનું તે દેવાલય છે એમ કહેવામાં આવે, તો તે અવશ્ય શંકાની નજરથી જોયા વિના ન રહે. પ્રતિમાવિષયક તકરારના સંબંધમાં સંપ્રતિ રાજાના વખતની પ્રતિમાઓનો દાખલો આપવામાં આવે છે, પરંતુ મારૂં તો પ્રમાણિક એમ માનવું છે કે, સો બસો વર્ષ પછીના માણસો ઘણું કરીને, કરેલા ફેરફારના કારણે એ દાખલો બનાવટી છે એમ કહેવાને પણ તૈયાર થાય તો ના નહીં.

આજ રીતે બીજો ફેરફાર એવો કરવામાં આવે છે કે, જે વિશેષ આશંકા કરતાં શીખવે. ખંભાતના બિંબને બિહારમાં સ્થાપવામાં આવે. એ બિંબ ઉપર સંવત્ આદિ સમયસૂચક ચિન્હો પ્રાચીન હોય, અન્ય ભુમિદર્શક હોય છતાં તે બિહારમાં સ્થાપવામાં આવે, તો ભવિષ્યના પ્રાચીન શોધખોળ કરનારાઓની શોધને આડે આવવા જેવું થાય કે નહીં ?

જેમ પ્રાચીન શોધખોળ વસ્તુઓના સંબંધમાં આવો ફેરફાર કરી નાંખવામાં આવે છે તેમ પ્રાચીન ભાષામાં પણ ફેરફાર કરવામાં આવે છે. આથી જે નુકસાન સમાજને થાય છે તેનો ખ્યાલ માત્ર શોધકોનેજ આવી શકે. વડોદરા સરકાર તરફથી છપાએલ ‘શીલવતીના રાસા’માં ભાષા સંબંધનો ફેરફાર કરી નાંખવામાં આવ્યો છે. જો કે હું પૂરવાર કરવાની સ્થિતિમાં નથી પરંતુ મારૂં તો એમ માનવું છે કે નરસિંહ મહેતાના મૂળ ગુજરાતીમાં પણ પાછળથી ફેરફાર થયો હોય એ સંભવિત છે. આજના ચરિત્રનાયકની આ અવલોકન હેઠળની ‘ સ્તવનાવલિ ’ ની આવૃત્તિઓ જૂદા જૂદા અનેક સ્થળોએથી છપાએલ છે; અને દરેક જૂદા જૂદા છપાવનારાએ પોતાની મતિ પ્રમાણે ફેરફાર કર્યો છે. હું દિલગિર છું કે, આ ગુચ્છકમાંજ મારા તરફથી પણ આજ જાતની ભૂલ શરૂઆતમાં થઇ ગયેલ છે. હું પણ ભાષાને શુદ્ધ કરવાના ખ્યાલમાં પ્રથમ ખેંચાઇ ગયો હતો, અને તેથી તે ભૂલ શરૂઆતમાં કરી છે.

દાખલા તરીકે, કેટલીક આવૃત્તિઓવાળાએ આનંદઘનજી મહારાજની જૂની ભાષામાં 'કિમ' શબ્દ હોવો જોઇએ તેને બદલે 'એમ' કરી નાંખેલ છે. 'કિમ' ને બદલે 'કેમ' કરી નાંખેલ છે. 'કિરિયા' ને બદલે 'ક્રિયા' કરી નાંખેલ છે. અત્યારના શુદ્ધ ગુજરાતીની નજર આગળ જૂની ભાષા અશુદ્ધ લાગશે અથવા ઉત્તમ પ્રકારની નહીં લાગે; પરંતુ 'ભાષાવિવેકશાસ્ત્ર' (Philology) દષ્ટિએ આવા ફેરફારો પણ જૂની શોધખોળને કેટલું ગંભીર નુકસાન કરે છે તે તો જાણનારાજ જાણી શકે.

આનંદઘનજી મહારાજની ભાષા ઉપરથી તે સમયની સ્થિતિ વગેરે શોધવામાં, છપાવનારાઓએ કરેલા ફેરફારો, ઘણા વિઘ્નકર્તા થાય તેમ છે. એટલે નિરૂપાયતાથી અસારે મળતી પ્રતો ઉપરથી ભાષાવિવેકશાસ્ત્રની દષ્ટિએ તે વખતની જે સ્થિતિ અનુમાનાય તેટલી અનુમાનવી પડે છે.

આપણામાં એક કહેવત છે કે, "બાર ગાઉએ બોલી બદલાય." આ કહેવત પ્રમાણે જો કે મૂળ ભાષા એકજ હોય છે, છતાં તેમાં સ્થાનિક ફેરફાર હોય છે. ગુજરાતી ભાષા મુખ્ય કરી ત્રણ પ્રદેશમાં બોલાય છે. ગુજરાત, કચ્છ અને કાઠિયાવાડ. ગુજરાતની અંદર અમદાવાદના ગુજરાતીમાં અને સુરતના ગુજરાતીમાં સ્થાનિક ફેરફાર નાનો નથી, આજ રીતે અમદાવાદ જીલ્લાના ગુજરાતીમાં અને તળ અમદાવાદના ગુજરાતીમાં પણ ફેરફાર જોવામાં આવે છે. જો એક તાલુકા અને બીજા તાલુકાની ભાષા વચ્ચે ફેર પડતો હોય, જો એક જીલ્લા ને બીજા જીલ્લાની વચ્ચે પણ તફાવત રહેતો હોય, તો એ સ્પષ્ટ છે કે એક પ્રાંત અને બીજા પ્રાંત વચ્ચે તફાવત રહેવો જ જોઇએ. આ રીતે ગુજરાત, કાઠિયાવાડ અને કચ્છના ગુજરાતીમાં ઘણો ફેરફાર માલમ પડે છે તેમ હોવો જ જોઇએ.

ગુજરાત, કચ્છ અને કાઠિયાવાડના ગુજરાતીમા જે તફાવત નજરે પડે છે તે પ્રથમ કેવા પ્રકારનો છે તે જોઇએ. આ ત્રણે પ્રદેશના ગુજરાતીમાં મુખ્ય ફેર કેટલાક અક્ષરોના ઉચ્ચારણમાં, કેટલાક સ્થાનિક પદ્ધતિએ અક્ષરો વાપરવામાં અને કેટલાક સ્થાનિક શબ્દો વાપરવામાં પડે છે, આ ઉપરાંત જાતિ અથવા વિભક્તિના પ્રત્યયો વાપરવામાં પણ ફેરફાર પડે છે. ગુજરાતમાં એલ્યા કહેવામાં આવે છે તો કાઠિયાવાડમાં ઓલ્યા કહેવામાં આવે છે. ગુજરાતમાં

[illegible] ભાષામાં [illegible] બોલાય છે. ગુજરાતમાં [illegible] ભાષામાં [illegible] બોલાય છે. ગુજરાતમાં [illegible] કાઠિયાવાડમાં ' શ ' [illegible] કાઠિયાવાડમાં 'ખાણું' [illegible] બોલાય છે [illegible] આવે છે. [illegible] નાળિયેરીમાં [illegible] છે. [illegible] કાઠિયાવાડની [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

કરીનાખ્યું છે. એ ગુજરાતમાં અપભ્રંશ થયું હોત તો દરશણ થાત. જ્યારે કાઠિયાવાડમાં ' દરસણ થયું જોઈએ.

મલ્લિનાથ સ્તવનમાં ચોથાપદમાં બીજા ચરણમાં

—સપરિવારસું ગાઢી

એમ કહ્યું છે, અને ચોથા ચરણમાં

—ઘરથી બાહિર કાઢી હો.

એમ કહ્યું છે. ગુજરાતીમાં 'કાહાડી' ને બદલે, 'કાઢી' કહાડી 'કાઢી' ને બદલે ઘણુંકરી વપરાય છે. મતલબ કે કાઠીયાવાડમાં 'ઢ' નો ઉપયોગ આવા સ્થાનકે ગુજરાત કરતાં વધારે થાય છે. ગુજરાતમાં શબ્દને છેડે કેટલેક સ્થળે ઈ વપરાય છે અને કાઠિયાવાડમાં 'ણી' વપરાય છે. દાખલા તરી કે ગુજરાતમાં રીસાઈ વપરાય છે તો કાઠિયાવાડમાં 'રીસાણી' વપરાય છે. આનંદઘનજી મહારાજે મલ્લિનાથ સ્વામિના સ્તવનમાં ત્રીજા પદમાં ત્રીજા ચરણમાં જે કહ્યું છે કે

—નિદ્રાસુપન દશા રીસાણી તેમાં 'રીસાણી' કાઠિયાવાડના ગુજરાતીનો ભાસ આપે છે.

આજરીતે શબ્દોમાં પણ જે સ્થાનિકપણું જોવામાં આવે છે તે ગુજરાત કરતાં કાઠિયાવાડને વધારે અનુકૂળ છે, કાઠિયાવાડી સ્થાનિક શબ્દોનો ઘણો મોટો જથ્થો જોવામાં આવે છે. 'સગાઈ' શબ્દ જો કે ગુજરાતી ભાષાનો છે, છતાં તેનો ઉપયોગ વધારે કરીને કાઠિયાવાડમાં થાય છે. સગાઈ એટલે 'વેશવાળ' ગુજરાતમાં 'વેશવાળ' શબ્દ વધારે વપરાય છે; જ્યારે કાઠિયાવાડમાં સગાઈ શબ્દ વધારે વપરાશમાં લેવામાં આવે છે. આનંદઘનજી મહારાજે 'સગાઈ' શબ્દનો પ્રયોગ સારી રીતે કરેલો છે. ઋષભજિનરાજ પહેલા સ્તવનમાં બીજા ચરણમાં બીજા, ત્રીજા અને ચોથા પદમાં 'સગાઈ' શબ્દ વાપર્યો છેઃ

પ્રીત સગાઈ જગમાં સહુ કરે,
પ્રીત સગાઈ ન કોય,
પ્રીત સગાઈ રે જગમાં સહુ કરે—

વળી મલ્લિનાથસ્તવનના પહેલા ચરણ

—સમકિત સાથે સગાઈ કીધી.

માં 'સગાઇ' શબ્દ વાપરેલ છે, 'મેળો' શબ્દ જો કે ગુજરાતની અંદર વપરાશમાં લેવાય છે, પણ કાઠિયાવાડમાં તેનો ઉપયોગ ઘણો વધારે છે. ઋષભ-સ્તવનામાં ત્રીજાપદમાં 'મેળો' શબ્દ બે વાર વપરાયેલ છે. કાઠિયાવાડમાં **કાણુ માંડવી** એ વાક્ય બહુ બોલાય છે. 'કાણુ' શબ્દનો જોકે **કથા** એવો અર્થ થાય છે, પરંતુ લાંબી લાંબી વાત કર્યા કરવી તેને 'કાણુ માંડી બેસવુ' કાઠિયાવાડમાં કહેવાય છે. આનંદઘનજીએ મલ્લિનાથના સ્તવનામાં 'કાણુ' શબ્દનો પ્રયોગ કર્યો છે. **થોથું** શબ્દ કુંથુંજિનની સ્તવનામાં વપરાયેલો છે. 'સોહલી દોહલી' કેટલીક પ્રતોમાં જોવામાં આવે છે. પણ કેટલાક વર્ષ અગાઉ મારા હાથમાં એક પ્રત જોવામાં આવી હતી તેમાં 'સોયલી દોયલી' જોવામાં આવેલ. અનંતનાથજીના સ્તવનમાં પહેલાં ચરણમાં જ કહ્યું છે કે.

ધાર તરવારની સોયલી દોયલી.

આ પ્રમાણે દરેક સ્તવનામાં કાઠિયાવાડમાં વિશેષ વપરાશમાં લેવામાં આવતા શબ્દોના પ્રયોગો થયેલા જોવામાં આવે છે. 'બાપડા', 'તંત' 'રણરોઝ.' 'દોયલો' આ શબ્દો હું નમુનાની ખાતર મૂકું છું. આખી કૃતિ જો જોવામાં આવે, તો કાઠિયાવાડી ખ્યાલ વધારે આવશે. ગુજરાત અને સુરતના ભાગમાં 'સાલો' શબ્દ જોકે ઘણો વપરાય છે; પરંતુ કાઠીયાવાડમાં '**મારો સાલો**' વધારે વપરાતો જણાય છે. કુંથુજિનની સ્તવનામાં મન પ્રત્યે આક્ષેપ કરતાં કહ્યું છે કે

—સમજે ન **મારો સાલો** હો.

કાઠિયાવાડમાં કેટલીકવાતને પ્રસંગે 'હેઠ મારા સાળા' એમ બોલવામાં આવે છે; અથવા કોઈ પ્રત્યે આક્ષેપ કરતાં એમ કહેવામાં આવે છે કે 'મારો સાળો લુચ્ચોને'

આનંદઘનની ભાષામાં સર્વત્ર કાઠીયાવાડી બોલીનું તત્ત્વજ રહ્યું છે એમ મારૂં કહેવું નથી. ગુજરાતની ગુજરાતીના શબ્દો પણ જોકે કોઈ કોઇ સ્થળે જોવામાં આવે છે. દાખલા તરીકે 'સંગુ કોઈ ન સાથ, દીઠા નહીં **દીદાર**, કાઠિયાવાડમાં **દેદાર** બોલાત. જેમ ગુજરાતમાં બોલાતી ગુજરાતી બોલીનો અંશ આનંદઘનજીની ભાષામાં જોવામાં આવે છે તેમ કોઇ કોઇ સ્થળે કચ્છ અને મારવાડનો અંશ પણ જોઈ શકાય છે, કાઠિયાવાડમાં '**કરી**'

ને બદલે ' કીધી ' શબ્દ જવલ્લેજ વપરાય છે. ગુજરાતમાં ક્વચિત્ વપરાતો હોય તો ભલે. ' કરી ' ને બદલે ' કીધી ' કર્યું ને બદલે ' કીધું ' એવા પ્રકારની શૈલી કચ્છ જેટલી કોઈ ઠેકાણે પ્રચલિત નથી. તેમાં પણ ખાસ કરીને ' સગાઇ કરી ' એવી જે ખાસ કાઠિયાવાડ બોલી તે કચ્છમાં 'સગાઇ કીધી' એ આકારમાં હમેશાં બોલાય છે, મલ્લિનાથજીની સ્તવનામાં જે એમ કહ્યું છે કે.

—સમકેત સાથે સગાઇ કીધી

તેનો પ્રયોગ અત્યારે પણ કચ્છમાં સતત પ્રચલિત છે. હવે મારવાડી આભાસ ક્યાંય આવે છે કે નહિં તે જોઇએ: શાંતિનાથની સ્તવનામાં સાતમા પદના ચોથા ચરણમાં

—ઈસ્યો આગમે બોધ રે.

એમ કહ્યું છે. તેમજ અજિત્ત સ્તવનામાં પહેલા પદમાં ચોથા ચરણમા કહ્યું છે કે,

— પુરખ કિશ્યું મુંજ નામ.

—સેશુ કોઇ ન સાથ.

(અભિનંદન સ્તવના.)

તેમજ,

—મનરાવાલા (નેમીશ્વર સ્તવના.)

આ શૈલી મારવાડને વધારે અનુકૂળ ગણાય કે નહિં તે મારવાડી ભાષાના જાણકાર પાસેથી જાણવા વિનંતિ છે.

આ પ્રસંગે મારો ઉદ્દેશ આનંદઘનની સંપૂર્ણ ભાષાનું ખુદ પૃથક્કરણ કરવાનો નથી; કેમકે તો તો એક મોટો નિબન્ધ લખાય તેમ છે; પરંતુ મારો ઉદ્દેશ સહજ ખ્યાલ આપવાનો છે કે આનંદઘનજીની ભાષા ગુજરાતી ભાષાના કયા પ્રદેશને વિશેષ બંધબેસ્તી થાય છે. આ ઉપરથી વાચક જોઇ શકશે કે, મારો અભિપ્રાય આનંદઘનજીની ભાષા કાઠિયાવાડીને વિશેષ સાનુકૂળ આવવા સંબંધમાં છે. આ સ્તવનાવલિ મેં રા૦ હીમતલાલ ગણેશજી અંજારિયા એમ૦ એ૦ ને અવલોકન અર્થે આપી તેઓનો કયા પ્રદેશને લગતી ગુજરાતી ભાષા હોવા વિષેનો અભિપ્રાય માગ્યો હતો; અને તેનો અભિપ્રાય પણ મારી પેંઠે કાઠિયાવાડીને લગતો વિશેષે થયો હતો.

આનંદઘનની ગુજરાતી ભાષા મુખ્યતાએ કાઠિયાવાડી-ગુજરાતી હોવાનું

અહિં નિર્ણીત કરી અટકવાનું નથી. કાઠિયાવાડી છતાં કાઠિયાવાડના કયા પ્રાંતની તે છે તે પણ નક્કી કરવાનું છે, કેમકે તેમ કર્યાથીજ આનંદઘનજી મહારાજને કયા પ્રદેશનો વિશેષ પરિચય હતો એ સંબંધીની વિચારણા થઇ શકે.

કાઠિયાવાડના હાલારને લગતા પ્રાંતો, અને ઝાલાવાડને લગતા પ્રાંતોની ભાષામાં પણ જેને provincial difference of languages "ભાષાના પ્રાંતિક તફાવત" કહેવામાં આવે છે તેવો તફાવત નજરે પડે છે. હાલારને લગતા પ્રદેશમાં 'કેમ' વપરાય છે, ત્યારે ઝાલાવાડને લગતા પ્રદેશમાં 'કિમ' વપરાય છે: આજ રીતે 'એમ'ને બદલે 'ઇમ' આવો ફેર જોવામાં આવે છે. આવો પ્રકાર આનંદઘનજીની સ્તવનાવલિમાં પણ છે. સ્તવનાવલિમાં કોઇ પણ ઠેકાણે 'એમ' કે 'કેમ' એવો પ્રયોગ જોવામાં આવતો નથી. વળી ઝાલાવાડમાં 'કોણ'ને બદલે 'કુણ' વપરાય છે તેમ આનંદઘનજીના પદમાં 'કુણ ગંજે નરખેટ' એ ચરણમાં કુણ શબ્દ વપરાયો છે. ખેટ શબ્દ પણ ઝાલાવાડને મળતો છે. ઘણા ખરા જૈનિ કવિઓના કાવ્યમાં **ઇમ** આદિ શબ્દો વપરાયેલા જોવામાં આવે છે એટલે એમજ નિશ્ચિતપણે ન કહી શકાય કે એવા પ્રકારનો **ઇમ** આદિનો ઉપયોગ કરનારા ઝાલાવાડને લગતા હતા. પરંતુ જો એમ અનુમાન કરીએ કે હાલારના કરતાં ઝાલાવાડીને મળતી આવતી ગુજરાતીભાષાના પ્રદેશને લગતી આનંદઘનજીની ભાષા વધારે હોવાનો સંભવ છે તો તે તદનજ ખોટું નહીં ગણાય.

હવે સ્તનાવલિ મૂકીએ. બહોતેરી લઇએ, અને છેવટે આનંદઘનજી મહારાજનો વિશેષ પરિચયનો પ્રદેશ નિર્ણીત કરીએ. 'બહોતેરી' ગ્રંથ ઉપર કહી ગયા કે હિંદુસ્થાની ભાષામાં છે. મને હિંદુસ્તાનની ભાષાનો નિયમસર અભ્યાસ નથી એટલે આનંદઘનજીની હિંદુસ્થાની ભાષાના ગુણદોષમાં ઉતરી શકું નહીં. તથાપિ સામાન્ય પરિચયના કારણે એટલું તો કહી શકું છું કે જેવી હિંદુસ્થાની ખુદ ઉત્તર હિંદુસ્થાનમાં વપરાય છે તેવી શુદ્ધ હીંદિ, તો આ નથી. આ હીંદિમાં ગુજરાતી ભાષાનું મિશ્રણ ઘણું જોવામાં આવે છે. દાખલા તરીકે, આપણે પદરત્ન ૬૦માનું રામગ્રીવાળું પદ લઇએ:

મા઼ઉરો બાલુડો સંન્યાસી, દેહ દેવલ મઠવાસી; (આંકણી.)
ઇડ પિંગલા મારગ તજ યોગી, સુખમના ઘરવાસી.
બ્રહ્મરંધ્રમધિ આસન પૂરી બાબુ, અનહદ તાન બજાસી. માઉરો૦

યમ નિયમ આસન જયકારી, પ્રાણાયામ અભ્યાસી;
પ્રત્યાહાર ધારણા ધારી, ધ્યાન સમાધિ સમાસી. માહરો૦
મૂલ ઉત્તર ગુણ મુદ્રા ધારી, પર્યંકાસનવાસી;
રેચક, પૂરક, કુંભ સારી, મન ઇંદ્રિય જયકારી. માહરો૦
થિરતા, જોગ યુગતિ અનુકારી, આપોઆપ વિલાસી;
આતમ પરમાતમઅનુસારી, સીઝે કાજ સમાસી. માહરો૦

નમુના દાખલ હું આ એકજ પદ અહીં મૂકું છું. જે આની રચના જોવામાં આવશે, તો મારો અભિપ્રાય કાંઇક વ્યાજબીપણાના તત્ત્વસમેત જ-ણાશે. ગુજરાતી ભાષાના મિશ્રણવાળી હીંદિ ભાષા છતાં મારે કહેવું જોઇએ કે આનંદઘનજીની હિંદી ભાષા એવા પ્રકારની નથી કે, તે માત્ર પરિચયથી-જ આવેલી હોય. ગુજરાતના રહેનારને હિંદનો પરિચય હોય અને હીંદિ પરિચિત થતાં આવડી ગયેલું તેઓનું હીંદિ નથી. આ ચરિત્રમાં જુદે જુદે ઠેકાણે હીંદિ પદો મૂકવામાં આવ્યા છે એ પરથી જણાશે કે તેઓની હીંદિ ભાષા ઉત્તરહિંદમાં બોલાતી ભાષાને કેટલીક રીતે મળતી આવે છે. ફેર માત્ર એટલોજ છે કે, ગુજરાતીભાષાના ઘણા પરિચયના કારણે તે લખતાં ગુજ-રાતીભાષાનો શબ્દસમૂહ વધારે વપરાઇ ગયો છે.

કબીરજીની હીંદિભાષાને મળતી હીંદિભાષા આનંદઘનજી મહારાજની જણાય છે; તેમ વિચારો પરથી એવો આભાસ પણ આવી શકે કે. કબીર-જીને મળતા ઉપદેશ વિચારો જણાવવાનો તેમનો પ્રકાર હતો. ઉપદેશવિચારો અને સિદ્ધાંતવિચાર એ બન્ને ભિન્ન વસ્તુ છે, ઉપદેશવિચાર આત્માને વૈરાગ્યાદિ જાગૃતિમાં લાવવા તે છે; જ્યારે સિદ્ધાંતવિચાર, આત્માનું સ્વરૂપ, તેની સ્થિતિ, વિશ્વરચના આદિને લગતાં છે. આનંદઘનજીના સિદ્ધાંતવિચાર પરમ જૈન છે; જ્યારે કબીરજીના વિચારોમાં સિદ્ધાંતજ્ઞાન જોવામાં આવતું નથી. કહેવાનો હેતુ એટલોજ છે કે વૈરાગ્યાદિ વિચારણાની ભાષાશૈલી બ-ન્નેની મળતાપણાવાળી છે.

આનંદઘનની આ બે કૃતિઓની ભાષારચનાદ્વારાએ તેઓને કયા પ્રદેશની સાથે વિશેષ પરિચય થયો હતો તેનું અનુમાન બાંધવા માટે જેટલાં સાધનો એકઠાં થયાં તે હમણાં એક બાજુ ઉપર રાખીએ; અને તેઓના સં-બંધમાં મળતી હકીકત હવે અહીં મૂકીએ એ મૂકાઇ ગયા બાદ આપણે અનુમાનનિર્ણય ઉપર આવીશું.

આનંદઘનજીના સંબંધમાં જે હકીકત અત્યાર સુધીમાં મેળવવા હું ભાગ્યશાળી થયો છું તે સંક્ષેપે આ પ્રમાણે છે: તેઓનું મૂળ નામ લાભાનંદજી હતું. તેઓ શ્વેતામ્બર સંપ્રદાયને વિષે થયા છે. આનંદઘનજી મહારાજ અને યશોવિજયજી મહારાજનો સમાગમ થયો હતો. યશોવિજયજી મહારાજ આનંદઘનજી પ્રત્યે એક વખત એવી વિનંતિ કરવા આવેલા કે, શાસનની સ્થિતિના ઉપકાર માટે આપ જેવા સમર્થ પુરૂષે પુરૂષાર્થ કરવો જોઇએ છે. આ વખતે આનંદઘનજી મહારાજે ઉપાધ્યાયજીને એમ કહેલું કે તમે સ્વહિત કરશો તો પરહિત કરી શકશો; અર્થાત્ જગતમાં ધર્મ પ્રવર્ત્તાવવાની એકાંત બુદ્ધિ ન રાખતાં સ્વાત્માકલ્યાણ કરવાની પ્રથમ આવશ્યકતા છે. મહારાજ સાહેબના વચનથી ઉપાધ્યાયજી અંતર્જ્ઞાન તરફ વધારે આકર્ષાયા; અને દિવસે દિવસે તેઓની આત્મદશા વિશેષ ઉન્નત થઈ. કાશીમાં ઉપાધ્યાયજીને મહારાજશ્રીના સમાગમનો લાભ મળ્યો હતો. સંપ્રદાયમોહને આધીન થયેલા જીવો બાહ્ય માર્ગમાં રાચી રહેલા હોવાથી આનંદઘનજી મહારાજની તેઓ અદ્દભુત આત્મદશા જોઇ શકતા નહીં; અને તેથી તેઓ પ્રત્યે પરિતાપ આપતા હતા. મહારાજ સાહેબે લોકપરિચય છોડવાના કારણે જૈન વેષ બદલી એક કફની તથા તંબુરો લઇ પરમ જૈન દશાના ધ્યાનમાં રહેવાનું કર્યું હતું. મારવાડમાં મહારાજ સાહેબના નામથી ઓળખાતો એક ઉપાશ્રય એક નાના ગામમાં છે. શ્રીમદ્ વિજ્યાનંદસૂરિ (આત્મારામજી મહારાજ) પોતાના જૈન તત્ત્વાદર્શમાં લખે છે કે, "શ્રી સત્યવિજય ગણિજી ક્રિયા ઉદ્ધાર કરી શ્રી આનંદઘનજીની સાથે બહુ વર્ષ સુધી વનવાસમાં રહ્યા." આ ઉપરથી, તેમજ તેઓએ દ્રવ્ય પૂજાના જે વિધિ સ્તવનાવળિમાં બતાવી છે તે ઉપરથી લાગે છે કે તેઓ તપગચ્છમાં થયા હોવા જોઇએ.

આટલી હકીકત મેળવવા ઉપરાંત બીજી વિશેષ હકીકત મળી શકતી નથી. પ્રથમ આ હકીકતનું અવલોકન કરીએ; જો જેમ હકીકત મળી છે તેમ આનંદઘનજીનું મૂળ એટલે સંસારદશાને વિષે અને નહીં કે દીક્ષિત અવસ્થાને વિષેનું નામ લાભાનંદજી હોય; તો તે નામ ગુજરાત કે કોઇ બીજા પ્રદેશના કરતાં ઉત્તરહિંદને લગતું વધારે ગણાય; તેમ ઉપાધ્યાયજીની સાથેનો સમાગમ જો કાશીમાં થયો હોય તો તેઓ હિંદુસ્થાનમાં પણ વિચરતા હતા એમ માની શકાય.

જો આનંદઘનજી મહારાજનું સંસારી નામ ઉત્તરહિંદને અનુકૂળ લા- ભાનંદજી હોય, અને તેઓના 'બહોતેરી' ગ્રંથનું હીંદિ ગુજરાતી ભાષાના મિશ્રણવાળું હોવા છતાં પરિચિત નહિં, પણ મૂળ વતનીના જેવા સંસ્કારો- વાળું હોય, તો આપણે પહેલું જે અનુમાન કરી શકીએ તે એજ કે તેઓનો જન્મ ઉત્તરહિંદની તરફમાં થયો હોવો જોઇએ. તેઓનો 'સ્તવનાવલિગ્રંથ' શુદ્ધ પ્રકારના ગુજરાતીનો હોવાથી એમ અનુમાન કરી શકીએ કે, તેઓના જી- વનનો વિશેષ ભાગ ગુજરાતના પ્રદેશમાં વ્યતીત થયો હોવો જોઇએ. ગુજરાતમાં પણ કાઠિયાવાડ અને તેમાં કદાચ્ ઝાલાવાડને વિષે વિશેષ વિચરવું થયું હો- વું જોઇએ; કેમકે ભાષા તે પ્રદેશને લગતી વિશેષ છે. કચ્છનો પણ પ્રદેશ તે- ઓની ભાષામાં કચ્છી-ગુજરાતીનું તત્ત્વ આવવા પામે તેટલો સમય વિહા- રમાં આવ્યો હોવો જોઇએ; કેમકે આપણે ઉપર જોઇ ગયા કે તેમની ભાષામાં કચ્છી-ગુજરાતી પણ જોઇ શકાય છે. મારવાડમાં તેઓનો ઉપાશ્રય છે તેથી તેમજ તેઓના ગુજરાતીમાં મારવાડી તત્ત્વ પણ સમાયેલું છે એટલે મારવાડમાં પણ તેઓનું વિચરવું થયું હોવું જોઇએ.

તેઓના સંબંધમાં છેવટના અનુમાન ઉપર આવતાં પહેલાં એક વધારે વાત ધ્યાનમાં લેવાયોગ્ય છે. આ વાત એ છે કે 'સ્તવનાવલિગ્રંથ' જોતાં જણાય છે કે, આનંદઘનજી મહારાજના સમયમાં શ્વેતામ્બર સંપ્રદાયને વિષે ગચ્છના ભેદો ઘણા વર્તતા હતા; અને ક્રિયાજડત્વપ્રત્યે સમાજ દોરાયેલી હતી. ઉપર કહેવામાં આવ્યું કે, તેઓને લોકપરિષહના કારણે કદ્ની તંબુરેટ લઇ જૈન વેષ બદલાવવો પડ્યો હતો; એક તો શ્વેતામ્બર સંપ્રદાયનું વિ- શેષ પ્રબળ ગુજરાતમાં છે. અને બીજું જૈન ઇતિહાસના સાધનો જોતાં જ- ણાય છે કે, ગચ્છભેદાદિની તકરારો વિશેષે ગુજરાતમાં હતી એટલે ગુજરાતના લોકોએ સંપ્રદાયમોહના કારણે તેઓ પ્રત્યે પરિષહ આપ્યા હોય; અને આ પરિષહના કારણે તેઓએ કફની આદિનું અંગીકરણ કરી ગુજરાતના પ્રદેશમાં- થી ચાલ્યું જવાનું કર્યું હોય; મારવાડમાં જો તેઓના નામનો ઉપાશ્રય હોય તો ગુજરાતમાંથી નીકળી મારવાડમાં કેટલોક વખત કાઢ્યો હોય; અને છેવટના ભાગમાં જ્યારે ઉપાધ્યાયજીનો કાશીને વિષે સમાગમ થયો હોય તે વેળાએ હિં- દના એ પ્રદેશમાં વિચરવું કર્યું હોય.

...ના પ્રદેશમાં વિશેષ સ્થિરતા કરી હોવી જોઇએ; અને તે કારણે તેઓને ...ને પ્રદેશ વિશેષ પરિચયવાળો હોવો જોઇએ. અનુમાન એ એવી ચીજ છે ...જે નિર્ણય ન કરી શકાય. અનુમાન સત્ય રૂપ તો કદાચ્ નીકળી આવે; ...ણી અસત્ય રૂપ તો ઘણીવાર નીકળે છે. 'ભાષાવિવેકશાસ્ત્ર'દ્વારાએ કેટલી ...તીતિ, પાશ્ચાત્ય વિદ્વાનો મેળવે છે એ હજુ હિંદમાં અને ખાસ કરી ...નસમાજમાં બહુ ઓછું જણાવામાં છે. 'ભાષાવિવેકશાસ્ત્ર'દ્વારાએ કેટલી ...બત બહુ મોટી શોધખોળ થઇ શકે છે. મહાન્ દેશભક્ત શ્રીયુત બાળગંગાધર ...ળકે, વેદનો ઘણો જુનો સમય છે એવો નિર્ણય કરી વિદ્વાનો પાસે તેનો ...વીકાર કરાવ્યો તે આ ભાષાવિવેકશાસ્ત્રને આભારી છે. બૌધની જૈન શાખા ...થી એવું પ્રતિપાદન પ્રોફેસર જર્મન જેકોબીએ કર્યું; અને તે આપણને ...ન્ય થઇ પડ્યું તે પણ કેટલેક અંશે આ ભાષાવિવેકશાસ્ત્રને આભારી છે. ...દ્યૂ કોઇ અનુભવી આનંદઘનજી મહારાજના સંબંધમાં ઐતિહાસિક ...કીકત જાણતાં હોય, અને તેની સરખામણીએ મારાં ઉપરનાં અનુમાનો ...સત્ય નીકળે, તો મારા પ્રત્યે આક્ષેપ નહીં કરતાં મારા પ્રયત્નને જોઇ ...મા આપશો. તેમજ હું પણ એટલું કરવાને બંધાઉં છું કે, જો કોઇ ...નુભવી શ્રી આનંદઘનજીના સંબંધમાં ઐતિહાસિક હકીકત બહાર મૂકશે, ...થવા મારાં અનુમાન કરતાં બીજું વધારે દૃઢ અનુમાન બાંધી દેખાડશે, ...હું ઉપકાર સમેત સ્વીકારી લઇશ. મારે આ પ્રસંગે જણાવવું જોઇ... ...એ કે શ્રી આનંદઘનના સંબંધમાં ઐતિહાસિક હકીકત મેળવવા માટે જાહેર ...ખબરપત્રદ્વારાએ માંગણી કરી હતી; પણ કોઇ પણ તરફથી કાંઇ પણ ...ઐતિહાસિક હકીકત મને પૂરી પાડવામાં આવી નહોતી. એકાદ સ્થળેથી દંત... ...જેવી હકીકત આવી હતી, પરંતુ તે બહાર મૂકતાં કલ્પિત લાગે તેવી ...થી મેં મૂકી નથી.

આનંદઘનનું જ્ઞાનસામર્થ્ય.

શ્રી આનંદઘનના જ્ઞાનસામર્થ્ય વિષે અભિપ્રાય બાંધવાનો વિચાર ક... ...એ પણ મારા જેવા પામર જંતુની શક્તિની બહારનું કામ છે, તો પછી ...ના જ્ઞાનસામર્થ્યનો નિર્ણય કરવા બેસવું એ મહાસમુદ્ર તરવા જેવું ...શક્ય કાર્ય કરવાના પ્રયત્ન જેવું દેખાય છે. આમ છતાં પણ હું પૂર્વ... ...એ તેઓના સામર્થ્ય વિષે કરેલા વિચાર અનુસાર અહીં થોડાક શબ્દો

લખ્યા વિના રહી શકતો નથી. શ્રીમાન્ રાજચંદ્રે એક સ્થળે કહ્યું છે કે, "આનંદઘનજીને સિદ્ધાંત સંબંધી તીવ્ર જ્ઞાન હતું." ઘણા ગ્રંથો લખવા એ જો કે મહા પાંડિત્યનું કામ છે; પરંતુ ઘણા ગ્રંથો ન લખતાં એકાદ બે કૃતિ પણ તત્ત્વભરપુર લખાઇ હોય, તો તેથી જ્ઞાનસામર્થ્ય કાંઇ ઓછું હોય એમ કહેવાય નહી. એકજ કૃતિ હોય પરંતુ તે તત્ત્વોનો સંક્ષેપ હોય, તો તેના કર્ત્તાના જ્ઞાનસામર્થ્યનો ખ્યાલ આવી શકે છે. આનંદઘન મહારાજની બે કૃતિઓ શિવાય, ઉપર કહ્યું તેમ, બીજી કોઇ કૃતિ હજુ સુધી મળવામાં નથી. પરંતુ આ બે કૃતિઓજ તેઓના જ્ઞાનસામર્થ્યનો ખ્યાલ આપવાને બસ છે. 'આનંદઘનસ્તવનાવલિ,' અને 'આનંદઘન બહોતેરી' એ બે ગ્રંથો પૈકી 'સ્તવનાવલિ' તેઓના જ્ઞાનસામર્થ્યનો ખ્યાલ આપે છે; જ્યારે 'બહોતેરી' તેઓની અદ્ભુત આત્મદશાનું ભાન કરાવે છે. 'સ્તવનાવલિ' જો કે ચોવીશ જિનેશ્વરોની સ્તુતિઓરૂપ છે; છતાં તેમાં આખા જિનાગમનો અથવા સિદ્ધાંતનો સાર આવી જાય છે. 'સ્તવનાવલિ' એ એવો ગ્રંથ છે કે, મારા અવલોકન પ્રમાણે અત્યારે હું જૈનસમાજમાં એક પણ પુરૂષ જોઇ શકતો નથી કે, જે તેનામાં રહેલ અદ્ભુતતાને ખરી રીતે ચીતરી શકે. આનંદઘનજી મહારાજની આ 'સ્તવનાવલિ' ઉપર જે પુરૂષે પ્રથમ અર્થ ભર્યા છે તેઓએ ગ્રંથનું માહાત્મ્ય દર્શાવતાં જે કહ્યું છે કે,

બાલક બાંહ પસારીને, કહી ઉદધિ વિસ્તાર;
આશય આનંદઘન તણો, અતિ ગંભીર ઉદાર.

તેજ વાક્ય આ ગ્રંથની અસાધારણતા બતાવવા માટે બસ છે. આ નાના પણ અતિ ગંભીર ગ્રંથના અવલોકન પરથી સહજમાં જણાઇ શકે તેમ છે કે, શ્રી આનંદઘનનું જૈનદર્શનનું સૂક્ષ્મમાં સૂક્ષ્મ જ્ઞાન સમ્યગ્દર્શનની અપેક્ષાએ-ને દશાના પ્રમાણમાં અનુભવ સમેત હતું. શ્રી જૈનદર્શનનું સૂક્ષ્મમાં સૂક્ષ્મ જ્ઞાન હતું એ તો સ્વાભાવિક છે; પરંતુ ષડ્દર્શનનું તેઓનું જ્ઞાન તેટલુંજ સામર્થ્યવાન્ હોવું જોઇએ તેમ હતું. એકવીશમી સ્તવના શ્રીનમિજિનની છે. આ સ્તવના કરતાં ષડ્દર્શન પ્રત્યે સમદૃષ્ટિ રાખતાં તેઓએ સાંખ્યાદિ દર્શનોને જિન અંગ માની બતાવ્યાં છે તે, તેઓના ષડ્દર્શનના સૂક્ષ્મજ્ઞાનની ખાત્રી કરાવે છે.

[illegible] જાણવામાં આવ્યું છે કે, ઉપાધ્યાયજી મહારાજે [illegible]

કરવા અર્થે આનંદઘનજી મહારાજને વિનંતિ કરી હતી. શાસનજાગૃતિ કરવામાં વિશેષ આધ્યાત્મિક દશા ખાસ થવી નથી; પરંતુ ષડ્દર્શનનું સંપૂર્ણ જ્ઞાન પણ આવશ્યક છે. ઉપાધ્યાયજી મહાપંડિત તરીકે જગતમાં જેમની કીર્તિ તે આજ સુધીમાં ગવાય છે, અને કેટલાક તેઓને કળિકાળ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યની ઉપમા આપે છે. આવા ઉપાધ્યાયજી જેવા સમર્થ પુરુષે જ્યારે મહારાજ સાહેબને શાસનજાગૃતિ માટે અરજ કરી હતી ત્યારે તેમના કરતાં પંડિતના અંગમાં આનંદઘનજી મહારાજ કેટલા વિશેષ પ્રખર હશે એ સહેજે સમજી શકાય તેમ છે. શાસનજાગૃતિ એકલા જૈનદર્શનના જ્ઞાનથી થતી નથી, પરંતુ ષડ્દર્શનનું પણ સંપૂર્ણ જ્ઞાન હોય છે ત્યારે થાય છે. શ્રીમાન્ રાજચંદ્રે પોતાના 'આત્મસિદ્ધિ' ગ્રંથમાં સદ્ગુરુના લક્ષણો બતાવતાં કહ્યું છે કે,

આત્મજ્ઞાન, સમદર્શિતા, વિચરે ઉદય પ્રયોગ;
અપૂર્વ વાણી, પરમશ્રુત, સદ્ગુરૂ લક્ષણયોગ્ય.

અર્થઃ—આત્મજ્ઞાનને વિષે જેમની સ્થિતિ છે; એટલે પરભાવની ઇચ્છાથી જે રહિત થયા છે, તથા શત્રુ, મિત્ર, હર્ષ, શોક, નમસ્કાર, તિરસ્કારાદિ ભાવ પ્રત્યે જેને સમતા વર્તે છે; માત્ર પૂર્વે ઉત્પન્ન થયેલાં એવાં કર્મોના ઉદયને લીધે જેમની વિચરવા આદિ ક્રિયા છે; અજ્ઞાની કરતાં જેની વાણી પ્રત્યક્ષ જુદી પડે છે; અને ષડ્દર્શનના તાત્પર્યને જાણે છે, તે સદ્ગુરૂનાં ઉત્તમ લક્ષણો છે.

અન્ય વિદ્વાનોની સાક્ષીઓ આપવા કરતાં સ્તવનાવલિની કૃતિનોજ સંપૂર્ણ અભ્યાસ તેઓના જ્ઞાનસામર્થ્યનો ખ્યાલ આપશે. જો આ કૃતિનો અભ્યાસ થશે તો તેનો બેવડો લાભ થશે. એકતો મહારાજ સાહેબના જ્ઞાનસામર્થ્યનો ખ્યાલ આવશે, અને બીજું અભ્યાસીની દશા જાગૃત થશે.

આનંદઘનની અદ્ભુત દશા.

આનંદઘનજી મહારાજ આત્માનુભવી પુરુષ હતા એ, તો તેઓ સાહેબની કૃતિનો સહજ અભ્યાસજ પ્રતીત કરાવે છે; તથાપિ તેઓ કેવા અદ્ભુત આત્માનુભવી પુરુષ હતા તે સંબંધી થોડુંક બોલીએ.

એક એવો ખ્યાલ રહ્યો છે કે, એક વેળા શ્રીમાન્ રાજચંદ્ર પ્રત્યે એવો પ્રશ્ન કરવામાં આવ્યો હતો કે, " શ્રીમાન્ હેમચંદ્રાચાર્યની દશા વધ કે આનંદઘનની?" તેનો ઉત્તર એમ મળ્યો હતો કે, હેમચંદ્રાચાર્યે શાસનરક્ષણ માટે જે પરમ પુરુષાર્થ કર્યો હતો તે તેઓને 'તીર્થંકરગોત્ર'

બંધાવવાને પાત્ર છે; પરંતુ વર્ત્તમાન દેહે આત્મદશા જો વિશેષ તીવ્ર રાખવા પ્રયત્નવંત રહ્યા હોય તો તે આનંદઘન રહ્યા જણાય છે. આવા પુરૂષની સરખામણી કરતાં શ્રીમાન્ રાજચંદ્રે બતાવેલું સ્વરૂપ ખરા આકારમાં મૂકાયું છે કે નહીં તે, મને શક છે, તથાપિ આવો કાંઇક આભાસ રહ્યો છે. હું આ સંબંધમાં વિશેષ નથી લખતો, કેમકે બેમાંથી એક મહાત્માપ્રત્યે વખતે અજ્ઞાનતાને લઈને અવિનય થઇ જાય. આનંદઘનજીએ પોતાને આત્માનુભવ થયા સંબંધમાં પોતાની આ બન્ને કૃતિઓમાં વારંવાર કહ્યું છેઃ

અવધૂ અનુભવકલિકા જાગી, મતિ મેરી આતમ સમરન લાગી;
જાયે ન કહું ઉર ઢિગ નેરી, તેરી વિનતાવેરી
માયા ચેરી કુંટુંબ કરી હાથે, એક ડેઢ દિન ઘેરી; અવધૂ૦
જરા જનમ મરન વસ સારી, અસરન દુનિયાં જેતી,
દેઢવ કાંઇ ન બાગમેં મીયાં, કીસ પર મમતા એતી; અવધૂ૦
અનુભવરસમેં રોગ ન સોગા, લોકવાદ સબ મેટા;
કેવલ અચલ અનાદિ અબાધિત, શિવશંકરકા ભેટા; અવધૂ૦
વર્ષા બુંદ સમુદ્ર સમાની, ખબર ન પાવે કોઈ,
આનંદઘન હૈ જ્યોતિ સમાવે, અલખ કહાવે સોઈ. અવધૂ૦

આનંદઘનના આત્મત્વ પ્રાપ્તિનાં ઉદ્ગારો.

જે જે મહાત્માઓ થયા, તે તે મહાત્માઓને જ્યારે પોતાની દશા સંબંધમાં કોઇ અનુભવ થયેલો ત્યારે તેઓએ તે નિડરપણે લખેલ છે. આનંદઘનજી મહારાજના અંતર્ આત્માપણું પામ્યાના ઉદ્ગારો તેઓની કૃતિમાં નજરે પડે છેઃ

અહો અહો હું મુજને કહું, નમો મુજ નમો મુજરે;
અમિત ફળ દાન દાતારની, જેહની ભેટ થઇ તુજરે,
—શાંતિ સ્તવના, સ્તવનાવલિ.

આ ઉપરથી જોઇ શકાશે કે, આનંદઘનજી મહારાજે આત્મત્વ પ્રાપ્તિના ઉદ્ગારો વિલક્ષણ રચનામાં લખ્યા છે. આ પ્રસંગે એક વાત લખવાનું મને નિમિત્ત મળે છે. "શ્રીમદ્ રાજચંદ્ર" નામનો જે બૃહત્ ગ્રંથ બહાર પડયો છે તેની અંદર શ્રીમાન્ રાજચંદ્રના કેટલાક લેખોમાં આનંદઘનજી મહારાજની શૈલીને મળતી શૈલી વપરાયેલી જોઇ કવિઓની ભાષા શૈલીથી અજ્ઞાન એવો

ાર્ગે અનેક પ્રકારના કુતર્કો કરે છે. દાખલા તરીકે, "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથમાં ૨૯૫ પૃષ્ઠપર ૨૪૫ વાળા આંકના લેખના અંતમાં જે લખ્યું છે કે, "અવિરામપણે જ્યાં આત્મધ્યાન વર્તે છે, એવા જે "શ્રી રાયચંદ્ર" તે પ્રત્યે ફરી ફરી નમસ્કાર કરી આ પત્ર અત્યારે પુરૂં કરીએ છીએ." તે ઉપરથી કેટલાક એવા કુતર્ક ઉપર જાય છે કે, આ શબ્દો માનાર્થે લખ્યા હશે. હવે જ્યારે આનંદઘનજી મહારાજની ઉપર ટાંકેલ પદમાં શૈલી જોઇએ છીએ ત્યારે તેની તેજ જોવામાં આવે છે; કેમકે—

અહો અહો હું મુજને કહું,
નમો મુજ નમો મુજ રે;
અમિત ફળ દાન દાતારની,
જેહની ભેટ થઇ તુજ રે.

એની અંદર અને શ્રીમાન્ રાજચંદ્રની શૈલીની અંદર કાંઈ પણ તફાવત જોવામાં આવતો નથી. 'સમયસાર નાટક' ના હીંદિ ભાષામાં પદ્યાનુવાદકર્તા કવિવર બનારસીદાસજીએ પોતાનું જીવનચરિત્ર (Autobiography) લખેલ છે તેમાં પણ આ પ્રકારની શૈલી જોવામાં આવે છે.

આનંદઘનની લોકોત્તર માર્ગપ્રત્યે દૃષ્ટિ.

આત્માનુભવી પુરૂષની દૃષ્ટિ લૌકિક હોતી નથી; પરંતુ લોકોત્તર હોય છે. તેઓની દૃષ્ટિ ધર્માંધ હોતી નથી; પરંતુ ધર્માંધતારહિત હોય છે. તેઓની દૃષ્ટિ બાહ્ય નથી હોતી, પરંતુ આંતર હોય છે. આ કારણથી આનંદઘનજીની લોકોત્તર દૃષ્ટિ બતાવવાનું કાંઈ પ્રયોજન નથી, છતાં તેઓએ ગાયેલી લોકોત્તર દૃષ્ટિ આપણને પરમોપકારક હોવાથી લક્ષ્ય ખેંચવા અર્થે એક બે નમુના તેઓની 'બહોતેરી' ઉપરથી અહીં ટાંકું છું;

તેરી હું તેરી હું એસી કહુંરી, તેરી૦
ઇન બાતમેં દગો તું જાને, તો કરવત કાશી જાય ગ્રહુંરી
વેદ પુરાણ કિતાબ કુરાનમેં આગમ, નિગમ કછું ન લહુંરી તેરી૦
વાચા રેર સિખાઇ સેવતકી મેં તેરે રસ રંગ રહુંરી. તેરી૦
મેરે તો તું રાચ્ચ ચહિયેં, ઔરકે બોલમેં લાખ સહુંરી;
આનંદઘન પિય વેગ મીલો પ્યારે, નહી તો ગંગતરંગ વહુંરી તેરી૦

—પદરત્ન ૪૪ મું.

વળી,

અવધૂ રામ રામ જગ ગાવે, વિરલા અલખ લખાવે; અવધૂ૦
મતવાલા તો મતમેં માતા, મઠવાલા મઠરાતા;
જટાજટાધર પટાપટાધર, છતા છતાધર તાતા, અવધૂ૦
આગમ પઢી આગમધર થાકે, માયા ધારી છાકે;
દુનિયાદાર દુનીસેં લાગે, દાસા સબ આશાકે, અવધૂ૦
બહિરાતમ મૂઢા જગજેતા, માયાકે ફંદ રહેતા;
ઘટ અંતરપરમાતમ ભાવે, દુર્લભ પ્રાણી તેરા અવધૂ૦
ખગપદ ગગન મીન પદજલમેં જો ખોજે સો બૌરા;-
ચિત પંકજ ખોજે સો ચિન્હે, રમતા આનંદ ભૌરા. અવધૂ૦

—પદરત્ન ૨૭ મું.

આ તો મેં અહીં બેજ નમુના ટાંક્યા છે. પરંતુ આખી કૃતિ તેવાજ લોકોત્તર રસથી ભરપૂર છે. ભાષારચના એવા પ્રકારની છે કે, સર્વ કોઇ દર્શનના અનુયાયીને તે તીવ્ર અસર કર્યાં વિના રહે નહીં. આવા આત્મજાગૃતિકારક વચનો કોના આત્માને ન પલાળે?

આનંદઘનની સર્વદર્શનો પ્રતિ સમદર્શિતા.

આ, ઉપર બે ટાંક્યા તે નમુનાઓ આનંદઘનની સર્વ દર્શનો પ્રતિ સમદર્શિતા પણ ઉત્તમ રીતે બતાવે છે. 'આગમનિગમ' જૈન માનનારા છે. વેદપુરાણ વેદને માનનારાઓના છે. કીતાબ કુરાન મુસલમાન માને છે. આ અને શીખાઈ મતવાળાઓ તથા બીજા મતવાળા બધા પ્રત્યે સરખી દૃષ્ટિએ આ ૭૮ પદરત્નમાં ટીકા કરી છે. પદરત્ન ૨૭ માં આગમધર કહેતાં જૈનિયો, જટાધારીઓ અને માત્ર મુખેથી રામરામ બોલનારા એ સઘળા પ્રત્યે લૌકિકમાર્ગને લઈને મતાંધતા થઈ જોઈ જાગૃતિ કરાવેલ છે. આનંદઘનજીએ સ્તવનાવલિમાં જૈનદર્શનને બીજાં દર્શનોના વિરોધી ગણી ક્લેશકર્તા વાદવિવાદને ઉત્તેજન આપવાને બદલે, જૂદાં જૂદાં દર્શનોને જૈનના અંગ કહી વર્ણવેલ છે. અભિપ્રાય સ્થાપવા અર્થે બે પ્રકારની શૈલી શાસ્ત્રકારોએ યોજી છે. એક, નિષેધક, અને બીજી પ્રતિપાદક. નિષેધકશૈલી એ છે કે, અસત્ય અભિપ્રાયનો જે નિષેધ કરી બતાવે તે અને પ્રતિપાદકશૈલી એ છે કે, સત્ય વસ્તુનું પ્રતિપાદન કરી બતાવે તે. ઘણું કરી નિષેધકશૈલી ઉપકાર થોડો કરી

ે છે; અને કલેશરૂપ હાનિ વધારે કરી શકે છે. પ્રતિપાદનશૈલી હાનિ
ી શકતી નથી; પરંતુ લાભ કરી શકે છે. હિંદુસ્થાનના તમામ સંપ્રદાયોમાં
ધિપદકશૈલીને અનુસરનારાઓનું વિશેષ પરિમાણ જોવામાં આવે છે; ત્યારે
તિપાદકશૈલીના અનુયાયીઓ બહુ થોડા જોવામાં આવે છે. નિષેધકશૈલીએજ
દુસ્થાનમાં આટલા ધર્મસંબંધીના ઝઘડાઓ ઉત્પન્ન કર્યા છે એમ મારું
નવું છે. આનંદઘનજીની શૈલી, સ્તવનાદિકમાં, પ્રતિપાદક જોવામાં આવે
શ્રી નમિનાથસ્તવનામાં ષડ્દર્શનને જૈનના જૂદા જૂદા અંગ ગણી જે પ્રતિપા-
શૈલી ગ્રહણ કરી, આનંદઘનજી મહારાજે સર્વ દર્શનો પ્રતિ સમાનદૃષ્ટિ
ાવી છે તે જોઇએ.

ષટ્ દર્શન જિન અંગ ભણીજે, ન્યાસ ષડંગ જે સાધે રે;
નમિ જિનવરના ચરણ ઉપાસક, ષટ્ દરશન આરાધે રે. ષડ્૦

ષટ્એ દર્શનો શ્રીજિનના અંગ કહેવાય છે. શી રીતે ? તો કે જિન ભ-
ગનની આકૃતિમાં છ અંગોને વિષે છ દર્શનોની સ્થાપના સાધવામાં આવે. આ
દ કહાણ આરાધે, તો કે એકવીશમા નમિનાથ જિનેશ્વરના ચરણ ઉપાસક અર્થાત્
ો જૈનો. હવે છ ન્યાસની રીત બતાવતાં કહે છે કે,

જિન સુરપાદપ પાય વખાણો, સાંખ્ય જોગ દોય ભેદે રે,
આતમસત્તા વિવરણ કરતા, લહો દુગ અંગ અખેદે રે.

એટલે કે, જિનેશ્વર ભગવાનરૂપ કલ્પતરૂ તેના પાય (મૂળીઆં) રૂપે બે
વખાણો. હવે જિનેશ્વરના તે બે કયા અંગો ? સાંખ્ય અને યોગ. આ
ો દર્શનો આત્માની સત્તા માને છે. આ અપેક્ષા શ્રી જૈનની પણ હોવાથી
અપેક્ષાએ સાંખ્ય અને યોગને બે પગરૂપ કહ્યા છે. ગ્રંથકાર પોતાની તો
ંતરરહિતતા દર્શાવે છે, પરંતુ વાચકને પણ ભલામણ કરે છે કે, આ
ખેદરહિતપણાએ લહો.

ભેદવાદી, અને અભેદવાદી અથવા સુગતબુદ્ધપ્રણીત બૌદ્ધ દર્શન અને
નિમુનિપ્રણીત પૂર્વમીમાંસા તથા વ્યાસમુનિપ્રણીત વેદાંતરૂપ ઉત્તરમીમાંસા
મીમાંસક દર્શનને જૈનના બે હાથ કહેતાં કહ્યું છે કે,

ભેદ અભેદ સુગત મીમાંસક, જિનવર દોય કર ભારી રે;
લોકાલોક અવલંબન ભજિયે, ગુરુગમથી અવધારી રે. ષડ્૦

શ્રીજિનદર્શનમાં સ્વભાવમાં જૂદા જૂદા જ્ઞેયના જ્ઞાનરૂપ અને વિ-

ભાવમાં કર્મને આશ્રિત પુદ્ગલથી પ્રાપ્ત થએલ દેહોમાં પર્યાયને ક્ષણે ક્ષણે બદલાતા માન્યા છે; એટલે બૌદ્ધ દર્શને પર્યાયના ફેરફાર મૂળના ફેરફારરૂપ માન્યો છે. આ રીતે પર્યાયાર્થિક નય પ્રમાણે બૌદ્ધદર્શન ખરૂં છે; અને જિનેશ્વરના અંગરૂપ છે. પર્યાયથી આત્મા ક્ષણે ક્ષણે બદલાય છે; એમ કહેવું અસત્ય નથી; પણ કેટલેક અંશે સત્ય છે. વ્યવહાર નયથી પર્યાયાંતર કાળથી આત્માને જોતાં બૌદ્ધદર્શન યથાર્થ્ય છે.—(ભાઇ માણેકલાલ ઘેલાભાઇએ લખેલ 'સ્તવનાવલિ'ના અર્થ ઉપરથી) મીમાંસકો આત્મા એકજ છે, નિત્ય છે, અબંધ છે; ત્રિગુણ બાધક નથી એમ માને છે. જૈનદર્શનના નિશ્ચયનયની અપેક્ષાએ આ વાત યોગ્ય કહેવાય છે; કેમકે તે કહે છે કે, સર્વ આત્માઓ સત્તાએ એક સરખા હોવાથી આત્મા એકજ ગણી શકાય. તેમજ શ્રી જૈનદર્શન પ્રમાણે આત્માને બંધ નથી. આ અપેક્ષાએ મીમાંસક જૈનનું એક અંગ કહેલ છે. બૌદ્ધદર્શન વ્યવહારનયપૂર્વક સિદ્ધ છે એટલે તેને ડાબો હાથ કહેલ છે; અને મીમાંસક નિશ્ચયનયની અપેક્ષાએ યોગ્ય છે એટલે તેને જમણો હાથ કહેલ છે.

જૂદાં જૂદાં ધર્મદર્શનો પ્રત્યે આવી ઉત્તમદૃષ્ટિ રાખી, શ્રીઆનંદઘને વિચારણા બાંધી પોતાનું અદ્‌ભુત મતાંતરરહિતપણું દર્શાવ્યું છે; પરંતુ એથીએ વિશેષ વાત તો એ છે કે, ચાર્વાક અથવા નાસ્તિક મતનું તેઓએ ખંડન નહીં કરતાં જૈનદર્શન ભણી વાળવાને પરમગંભીર શૈલી ગ્રહી છે. તેઓએ કહ્યું છે કે,

> લોકાયતિક કૂખ જિનવરની, અંશ વિચાર જો કીજે;
> તત્ત્વવિચાર સુધારસ ધારા, ગુરૂગમ વિણ કિમ પીજે. ષડ્૦

આ પદમાં ચાર્વાકમતને જિનેશ્વરની કુખ (પેટ) કહેલ છે; એવા હેતુથી કે, ચાર્વાકો જે એમ માને છે કે, જગતનો કોઇ કર્ત્તા નથી; પણ વસ્તુસ્વભાવાનુસાર અનાદિકાળથી જગતમાં, ઉત્પત્તિ, સ્થિતિ અને લય પામ્યા કરે છે, તે વાત જૈન પણ માને છે.

જૈન દર્શનને ઉત્તમાંગ કહેતાં મસ્તકરૂપ કહેલ છે.

> જૈન જિનેશ્વર ઉત્તમ, અંગ અંતરંગ બહિરંગે રે;
> અક્ષર ન્યાસ ધરા આરાધક, આરાધે ધરી સંગે રે. ષડ્૦

આવા પ્રકારની શૈલીએ જૈને અન્યદર્શનોનું સ્વરૂપ બતાવી સ્વદર્શનનું

સ્વરૂપ પ્રતિપાદન કરવામાં આવતું હોય તો કેટલું ઉપકારક થાય એ સહજ સમજી શકાય તેવી વાત છે. આનંદઘનજી મહારાજ જેવી શૈલી ઘણાજ થોડા લખનારાઓએ ગ્રહેલી જણાય છે. જે લેખમાં સ્વમતસ્તુતિ અને પરમત-નિંદા હોય તેવા લેખો ઉપયોગી ન થાય એ વાતને આ દાખલો સિદ્ધ કરે છે. નમસ્કાર છે, મહાત્મા તમારી પરમોપકારક શૈલીને !

ભક્તિરસ અને ગુરૂમાહાત્મ્ય.

આનંદઘનજી મહારાજની 'સ્તવનાવલિ' અદ્ભુત ભક્તિરસથી ભરપુર છે. એકેએક સ્તવનામાં ભક્તિરસ શ્રેષ્ટ પ્રકારનો દૃષ્ટિગોચર થાય છે. ગુજરાતી સાહિત્યમાં એમ કહેવાય છે કે, નરસિંહ મહેતાની ભક્તિ અત્યુત્તમ હતી. જૈનને વિષે ભક્તિમય કોઇ પુરૂષનું જીવન જોવું હોય, તો આ આનંદઘનજી મહારાજનું છે.

(૧) ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો, ઓર ન ચાહું કંત;
રીઝયો સાહિબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ અનંત. ઋષભ. ૧
પ્રીત સગાઇ રે જગમાં સહુ કરે, પ્રીત સગાઇ ન કોઇ,
પ્રીત સગાઇ રે નિરૂપાધિક કહી, સોપાધિક ધન ખોય,

(૨) દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે, સુખ સંપદશું ભેટ;
ધીંગ ધણી માથે કિયો રે, કુંણ ગંજે નર ખેટ. વિમલ જિન૦ ૨
દીઠા લોયણ આજ, મારા સીધા વાંછિત કાજ,
મુજ મન તુજ પદપંકજે, લીણો ગુણ મકરંદ;
રંકગણે મંદિર ધરા, ઇંદ ચંદ્ર નાગેંદ્ર. વિ૦ દી૦ ૩
સાહેબ સમરથ તું ધણી રે, પામ્યો પરમ ઉદાર;
મન વિસરામી વાલહો રે, આતમચો આધાર. વિ૦ દી૦ ૪
અમિયભરી મૂરતી રચી રે, ઓપમ ન ઘટે કોય;
શાંત સુધારસ ઝીલતી રે, નિરખત તૃપ્તિ ન હોય. વિ૦ દી૦ ૫
એક અરજ સેવક તણી રે, અવધારો જિન દેવ;
કૃપા કરી મુજ દીજિયે રે, આનંદઘન પદ સેવ. વિ૦ દી૦ ૬

૩) દરસણ દરસણ રટતો જો ફરૂં, તો રણરોઝ સમાન;
જેહને પીપાસા હો અમૃતપાનની, કિમ ભાંજે વિષપાન. અભિનંદન૦

તરસ ન આવે હો, મરણ જીવનતણો, સીજે જો દરિસણ કાજ;
દરિસણ દુર્લભ સુલભ કૃપા થકી, આનંદઘન મહારાજ. અભિનંદન૦

(૪) તુજ મુજ અંતર અંતર ભાજસે રે, વાજસે મંગળ તૂર;
જીવ સરોવર અતિશય વાધસે રે, આનંદઘન રસપૂર. પદ્મ૦

(૫) દેખણ દે રે, સખી મુને દેખણ દે, ચંદ્રપ્રભ મુખચંદ. સખી૦
ઉપશમ રસનો કંદ, સખી૦ ગત કલિમલ દુઃખદંદ. સખી૦

(૬) તે માટે ઉભો કર જોડી, જિનવર આગળ કહિયે રે;
સમય ચરણ સેવા શુદ્ધ દેજો, જિમ આનંદઘન લહિયે રે.

તેઓની ભક્તિનો સહેજ ખ્યાલ આપવા સાથે આ છ ભિન્ન ભિન્ન કાવ્ય મૂકું છું. નરસિંહ મેહતાના પદ એક વખત વાંચીએ, અને બીજી વખત આનંદઘનજી મહારાજના પદ વાંચીએ, તો ભક્તિરસના સંબંધમાં તે બન્નેમાં સમાન રસ આવે; જોકે ફેર એટલો: પડે કે, બન્નેની કહેણીની શૈલી જુદા પ્રકારની છે.

આનંદઘનજીએ ગુરૂમાહાત્મ્ય પણ ઉત્તમરીતિએ ગાયેલું દૃષ્ટિગોચર થાયછેઃ—

(૧) નિર્મળ સાધુ ભગતિ લહી, સખી મુને દેખણદે.
યોગ અવંચક હોય. સખી૦ ક્રિયા અવંચક તિમ સહી. સખી૦
ફળ અવંચક જોય. સખી૦ મુને દેખણ દે, ચંદ્રપ્રભ મુખચંદ.

(૨) દેવ ગુરૂધર્મની શુદ્ધિ કહો કેમ રહે,
કેમ રહે શુદ્ધ શ્રદ્ધા ન આણો;
શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ ક્રિયા કરે,
છારપર લીંપણું તેહ જાણો. ધાર૦

(૩) આગમધર ગુરૂ સમકિતિ,
કિરિયા સંવર સાર રે;
સંપ્રદાયી અવંચક સદા,
સુચી અનુભવા ધાર રે. શાંતિ૦

(૪) દુષ્ટ જન સંગતિ પરિહરી,
ભજે સુગુરૂ સંતાન રે;
જોગ સામર્થ્ય ચિત્ત ભાવ જે,
ધરે મુગતિ નિદાન રે.

આ પદો પોતાની મેળે આનંદઘનજી મહારાજે વર્ણવેલી ભક્તિ તથા ગુરૂમાહાત્મ્ય બોલે છે એટલે એ સંબંધમાં વિશેષ વિવેચન કરવું જરૂરનું છે એમ હું માનતો નથી. જેઓ એમ કહે છે કે, જૈનમાં ભક્તિ તથા ગુરૂ માહાત્મ્ય બહુ વર્ણવેલ નથી તેઓ આ વિચારો જોઇ પોતાની ભૂલ જોઈ શકશે ખરા કે?

આનંદઘનની કાવ્યચમત્કૃતિ અને નિષ્પક્ષપાતતા.

આનંદઘનજી મહારાજની હીંદિ તેમજ ગુજરાતીમાં જે ચમત્કૃતિ દષ્ટિ-ગોચર થાય છે તેની નોંધ લીધા વિના આ લેખ રહે એ મને યોગ્ય નહીં લાગવાથી અહીં બે એક નમુના બન્ને ભાષાના મૂકવા પડે છે;

અવધૂ એસો જ્ઞાન બિચારી, વામે કોણ પુરૂષ કોણ નારી. અવધૂ૦
બમ્મનકે ઘર ન્હાતી ધોતી, જોગીકે ઘર ચેલી;
કલમા પઢપઢ ભઇરે તુરકડી તો, આપહી આપ અકેલી; અવધૂ ૦
સસરો હમારો બાલો ભોલો, સાસુ બાલ કુમારી;
પીયુજી હમારો પ્હોઢે પારણીએ તો, મેં હું ઝુલાવનહારી. અવધૂ૦
નહીં હું પરણી નહીં હું કુંવારી, પુત્ર જણાવન હારી;
કાલી દાઢીકો મેં કોઇ નહીં છોડયો, તો હજુએ બાલ કુંવારી. અવધૂ૦
અઢી દ્વીપમેં ખાટ ખટૂલી, ગગન ઓશીકું તલાઈ;
ધરતીકો છેડો આભકી પીછોડી, તોય ન સોડ ભરાઇ. અવધૂ૦
ગગનમંડલમેં ગાય વીઆણી, વસુધા દૂધ જમાઇ;
સઉ રે સુનો ભાઈ વલોણું વલોવે તો, તત્ત્વ અમૃત કોઇ પાઇ. અવધૂ૦
નહીં જાઉં સાસરીયે ને નહીં જાઉં પીયરીયે, પીયુજીકી સેજ બીછાઇ;
આનંદઘન કહે સુનો ભાઈ સાધુ તો, જ્યોતસેં જ્યોત મિલાઇ. અવધૂ૦
—પદરત્ન ૯૯ મું.

આ ઉપરથી કાવ્યની ચમત્કૃતિનો ખ્યાલ વાચકને એની મેળે આવે એવું છે એટલે વિશેષ વિવેચન અનાવશ્યક છે. રા. હીમતલાલ અંજારીઆએ આ પદજ વાંચતાં એવો શેરો કર્યો છે કે "આમાં જૈન જેવું કાંઇ નથી" (Nothing Jain-like in this) તેમજ એજ ગૃહસ્થ આ રચનાને **મીરાભક્તની** રચના જેવી કહે છે. બીજો નમુનો આ પ્રમાણેનીજ ચમત્કૃતિ દર્શક મૂકું છું;

અવધૂ નામ હમારા રાખે, સો પરમ મહારસ ચાખે, અવધૂ૦
નહીં હમ પુરૂષા નહીં હમ નારી, વરન ન ભાત હમારી;

જાતિ ન પાંતિ ન સાધન સાધક, નહીં મહ લઘુ નહીં ભારી. અવધૂ૦
નહીં હમ તાતે નહીં હમ સીરે, નહીં દીર્ઘ નહીં છોટા,
નહીં હમ ભાઈ નહીં હમ ભગિની; નહીં હમ બાપ ન બેટા. અવધૂ૦
નહીં હમ મનસા નહીં હમ શબ્દા, નહીં હમ તરણકી ધરણી;
નહીં હમ ભેખા ભેખ ધર નાંહી, નહીં હમ કરતા કરણી અવધૂ૦
નહીં હમ દરસન નહીં હમ પરસન, રસ ન ગંધ કછુ નાંહી;
આનંદઘન ચેતનમય મૂરતિ, સેવક જન બળિ જાહીં. અવધૂ૦

હવે એકાદ ગુજરાતી કાવ્ય મૂકવું યોગ્ય ગણું છું;

—પદ્યરત્ન ૨૯ મું.

ધાર તરવારની સોહલી દોહલી, ચૌદમા જિનતણી ચરણસેવા;
ધારપર નાચતા દેખ બાજીગરા, સેવના ધારપર રહે ન દેવા. ધાર૦
એક કહે સેવિયે વિવિધ કિરિયા કરી, ફળ અનેકાંત લોચન ન દેખે;
ફળ અનેકાંત કિરિયા કરી બાપડા, રડવડે ચાર ગતિ માંહે લેખે. ધાર૦
ગચ્છના ભેદ બહુ નયણ નીહાળતા, તત્ત્વની વાત કરતાં ન લાજે;
ઉદરભરણાદિ નિજકાજ કરતા થકા, મોહ નડિયા કળિકાળ રાજે. ધાર૦
વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો, વચન સાપેક્ષ વ્યવહાર સાચો;
વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફળ, સાંભળી આદરી કાંઇ રાચો. ધાર૦
દેવ ગુરૂ ધર્મની શુદ્ધિ કહો કિમ રહે, કિમ રહે શુદ્ધ શ્રદ્ધા ન આણો;
શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ ક્રિયા કરે, છારપર લીંપણું તેહ જાણો. ધાર૦
પાપ નહીં કોઇ ઉત્સૂત્ર ભાષણ જીસો, ધર્મ નહીં કોઇ જગસૂત્ર સરીખો;
સૂત્ર અનુસાર જે ભવિક ક્રિયા કરે, તેહનું શુદ્ધ ચારિત્ર પરીખો. ધાર૦
એહ ઉપદેશનો સાર સંક્ષેપથી, જે નરા ચિત્તમાં નિત્ય ધ્યાવે;
તે નરા દિવ્ય બહુ કાળ સુખ અનુભવી, નિયત આનંદઘન રાજ પાવે. ધાર૦

હીંદિ કાવ્યોની અંદર કેવી ચમત્કૃતિ મૂકી છે તેમજ તેમાં તત્ત્વ કેવું ઉત્તમ સમાવેલું છે એ જેમ જોઇ શકાય છે તેમ ગુજરાતી કાવ્યમાં ઝમઝમાટ અથવા ભાષાની નીપુણતા જોઇ શકાય છે. કોઇ પણ સંસ્કારી ગુજરાતીને રોચે એવી આનંદઘનજી મહારાજની ગુજરાતી ભાષા છે. સત્તરમા શતકની ગુજરાતી ભાષાનો ખ્યાલ બહુ સારી રીતે આનંદઘનજીની ભાષા આપી શકે છે. હીંદિકાવ્યમાં ગુજરાતી મિશ્રણ જોઇ શકાય છે એ તો પહેલેથી કહેવાઇ ગયું છે.

આનંદઘનને લોકોએ આપેલ પરિષહો.

શ્રીમાન્ રાજચંદ્ર કહેતા કે, જ્ઞાનીઓની હયાતિમાં તેઓના ઉપર પથરા પડે ; અને તેઓની હયાતિ પછી તેઓના પથરા (પ્રતિમા) પૂજાય છે. મતલબ કે, યારે સત્પુરૂષ પ્રત્યક્ષપણે બિરાજતા હોય છે ત્યારે જગતને તેનું ઓળખાણ થી થતું. સત્પુરૂષનો ઉપદેશ લોકોત્તર માર્ગનો હોય છે, અને જગતનો લૌકિક ર્ગ છે; એટલે જ્ઞાનીનું કથન જગતને અનુકૂળ પડતું નથી; અને અનુકૂળ તું ન જાણી તેઓ તેના પ્રત્યે પરિષહો આપવા તત્પર થાય છે. જ્યારે જ્ઞાની વિદ્યમાન થાય છે ત્યારે, જેમ જેમ તેના સામર્થ્યની ખબર પડતી જાય છે મ તેમ પછી તેની પ્રશંસા કરતાં શીખે છે; અને તેનું પરિણામ એ આવે કે, પછી તેની પ્રતિમા પૂજવાને તૈયાર થાય છે. શ્રીઆનંદઘનજીના સમયમાં વું જ બન્યું કહેવાય છે. આનંદઘનજીના સમયમાં લોકોનો લક્ષ્ય ઞાન અધ્યાત્મ–ભણી લગભગ ઉપેક્ષિત થઇ ગયેલો. ક્રિયામાર્ગ માત્ર ર સમજ્યા વિના અનુસરાતો હતો. ગચ્છના ભેદોની જંજાળ વધી પડેલી. ની સ્થિતિ જોઇ આનંદઘનજી મહારાજે તે સંબંધી વિચારો જણાવવાનું ર્યું એટલે લોકો તેઓને 'પરવાદ'–ધર્મથી પતીત–થઇ ગયેલા માનવા લાગ્યા. લોકો તો તેઓને 'ભંગડભુતા' નું અનઇચ્છવા યોગ્ય વિશેષણ પણ પતા. આનંદઘનજી મહારાજના સંબંધમાં ઉપર કહી જવામાં આવ્યું તેમ વાય છે કે, તેઓએ જૈનવેષ ત્યાગી કફની અને તંબુરો લીધાં હતાં. જો કે દંતકથા છે, પરંતુ તે દંતકથા પ્રમાણે થયું હોય એ અસંભવિત ી. જેઓ અંતરથી પરમ જૈની હતા તેઓએ જૈની વેષ ત્યારેજ ત્યાગ્યો કે, જ્યારે ગચ્છના કલેશોમાં રાચી રહેલા જીવો તેઓના પ્રત્યે ઘણુ ત્મઘાતક પરિષહો આપતા હશે. હજુ વીશ વર્ષ પહેલાં સુધી કેટલાક ોને અનઇચ્છવા યોગ્ય આશયમાં અધ્યાત્મી કહી તેઓનું સ્વરૂપ વિચારી તા નહોતા. હવે તેઓનું ખરૂં ઓળખ થવું શરૂ થયું છે.

પ્રતિમા સંબંધે આનંદઘનનું વલણ.

સત્તરમા શતકમાં જૈન શ્વેતામ્બર સંપ્રદાયને લગતી એક ઐતિહાસિક કત સંબંધી આનંદઘનના લેખ ઉપરથી શું અજવાળું પડી શકે છે તે બંધી વિચાર કરવાનો પ્રસંગ અહીં લીધેલો નિરર્થક નહીં ગણાય. આ

ઐતિહાસિક હકીકત પ્રતિમાને લગતી છે. સોળમા શતકમાં જૈન શ્વેતામ્બર સંપ્રદાયને શિરે બે મુખ્ય ભેદ પડયા. સોળમા શતક પહેલાં જિનપ્રતિમા સંબંધમાં જૈનમાં બે ભેદ નહોતા; એટલે જિનપ્રતિમાનું અવલંબન સ્વીકારનાર આખો શ્વેતામ્બર સંપ્રદાય પણ હતો. સોળમા શતકમાં આ સંબંધે શ્વેતામ્બરમાં નવો ભેદ પડયો; એ નવો ભેદ જે પડયો તે પ્રતિમાનું અવલંબન સ્વીકારતો નથી. પ્રતિમાનું અવલંબન લેનાર વર્ગ પોતાના મતના આગ્રહે ગમે તેવી રીતે પ્રતિમાનિષેધકને ચિતરે, પરંતુ હું તેને તે આકારે ચીતરી શકતો નથી. મારી માનીનતા એવી છે કે, જે સમયે પ્રતિમાનો નિષેધ થયો તે સમયે તેમ થવાનું કારણ પ્રતિમા માનનાર વર્ગેજ ઉત્પન્ન કર્યું હતું. આ વાત તો ઐતિહાસિક છે કે, શાસનરક્ષક ધર્મગુરૂઓ તરીકે પ્રથમ યતિવર્ગ શ્રીપાટે ચાલ્યો આવતો હતો. શ્વેતામ્બરવૃત્તિએ લાંબેલ સકારણ તેમજ ઉપકારક છૂટનો દુરૂપયોગ કરવાથી યતિવર્ગ ધીમે ધીમે શિથિલાચાર ભણી વળ્યો; અને તે એટલે સુધી શિથિલાચારની ટોચે પહોંચેલો કે, પુષ્ટિમાર્ગના નિંદાયેલા ગુરૂઓ કરતાં કોઇ રીતે ન્યૂન નહોતો. 'સંઘપટ્ટક' નામનો ગ્રંથ વાંચતાં આ વાતની પ્રતીતિ થાય છે. આ શિથિલાચારને આધીન થયેલ યતિવર્ગે જિનમંદિરને પોતાના પ્રપંચકાર્યો કરવાનું સ્થળ કરી મૂકેલું. સ્થિતિ આવી થઇ જવાથી લોંકાશાહ નામના ગૃહસ્થે તેવા પ્રપંચસ્થાનથી દૂર કરવાના હેતુએ પ્રયત્ન કરેલો. લોંકાશાહના સંબંધમાં અત્યાર સુધી કાંઇ ખાસ હકીકત મળતી નથી; તેમ તેઓની કોઇ ગ્રંથરચના પણ મળી શકતી નથી; એટલે તેની વિદ્વતાના સંબંધમાં અભિપ્રાય બાંધવાનાં સાધનોની ગેરહાજરીમાં, પ્રતિમાવલંબની જૈનિયો તરફથી જે હકીકત આપવામાં આવે છે તે હકીકતને પ્રતિમાનિષેધક વર્ગ ખોટી પાડે નહીં ત્યાંસુધી જો કે સત્ય માની લેવામાં દોષ ગણાય નહીં, પરંતુ હું તો તેવા સાહસમાં પણ ઉતર્યા વિના એટલાજ અભિપ્રાય ઉપર આવું છું કે, લોંકાશાહ વિદ્વાન હો અથવા હો, પરંતુ તેને તે સમયના શ્વેતામ્બર સંપ્રદાયનો ઘણો સારી રીતે પરિચય હતો; અને એ પરિચયના કારણે તેને શ્વેતામ્બર સંપ્રદાયની તે વખતની સ્થિતિના અનુભવી તરીકે ગણવા જોઇએ. યતિવર્ગે શ્રી જિનમંદિરને પ્રપંચસ્થાનના આકારમાં ફેરવી નાંખેલ જોઇને કદાચ લોંકાશાહને લાગણી થઇ આવી હોય અને તેથી તેણે લોકોને એ પ્રપંચસ્થાનથી દૂર કરવાના હેતુએ તેનો નિષેધ કર્યો હોય એમ મારૂં માનવું છે.

મારા આ અભિપ્રાયને એક ઐતિહાસિક બનાવ પુષ્ટિ આપે છે. આ ઐતિહાસિક બનાવ સંવેગી ગચ્છની ઉત્પત્તિ સંબંધીનો છે. સંવેગી ગચ્છ ઉત્પન્ન થવાનું કારણ પણ યતિવર્ગના શિથિલાચારને દૂર કરવા સંબંધીનું છે. સંવેગી ગચ્છસ્થાપકે સંવેગી ગચ્છ ચલાવીને યતિઓને પરાસ્ત કર્યા અને ત્યારબાદજ શ્વેતામ્બર સંપ્રદાય પાછો જાગૃતિમાં આવ્યો.

લોંકાશાહનો યતિવર્ગને પરાસ્ત કરવાનો પ્રયત્ન દેખીતી રીતે ઉપકારક હતો; તથાપિ મારે સાથે સાથે એમ પણ નિર્દોષબુદ્ધિએ સ્વતંત્ર માનવું છે કે, લોંકાશાહ પ્રપંચસ્થાનનો નિષેધ કરતાં, જિનાલયની મૂળ વસ્તુસ્થિતિનો કેટલો ઉપકાર છે તે જોઇ શકયા નહોતા; કેમકે તેઓ માત્ર યતિવર્ગના શિથિલાચારની સ્થિતિના અનુભવી હતા. જો જેમ સંવેગી ગચ્છસ્થાપકે યતિવર્ગને પરાસ્ત કરી, જિનાલયને પ્રપંચસ્થાનપરથી મૂળ સ્થિતિએ લાવવા માટે પ્રયત્ન કર્યો હતો તેવા પ્રકારની કોઇ પદ્ધતિએ પ્રયત્ન કર્યો હોત, તો તેથી જિનમુદ્રાનો પરમ ઉપકાર સ્થાયી રહેત.

હું અનુમાન કરું છું તે કારણથી લોંકાશાહથી પ્રતિમાનો નિષેધ થયો, અથવા કોઇ બીજા કારણથી થયો તે જ્ઞાની મહારાજ જાણે; પરંતુ આટલું તો નિર્વિવાદ સિદ્ધ છે કે, સોળમા સૈકાથી શ્વેતામ્બર સંપ્રદાયમાંએ ભેદ પડ્યા: એક પ્રતિમા માનનાર; અને બીજો પ્રતિમા નહિ માનનાર. સંવેગી સંપ્રદાયની ઉત્પત્તિ થયાથી યતિવર્ગનું પ્રતિમા પ્રતિપાદન સંબંધીનું મૂળ કાર્ય (mission) તેણે હાથ ધર્યું. એક તરફથી લોંકાશાહના અનુયાયીઓ પ્રતિમાનો નિષેધ કરતા, અને બીજી તરફથી સંવેગી સંપ્રદાયના અનુયાયીઓ પોતાના કાર્યાનુસાર તેની સામે થતા. આમ થતાં થતાં બન્ને વચ્ચે કજીઆનું વૃક્ષ રોપાયું. લોંકાશાહની પછી જે જે પ્રતિમા અવલંબને લેનારા ધર્મગુરુઓ થયા તેઓ ઘણા જતન પૂર્વક લોંકાશાહના પ્રયત્નસામે થવા લાગ્યા. લોંકાશાહથી શરૂ થયેલી પ્રવૃત્તિની સામે તે સમયે કોઇએ પણ વિશેષ પુરુષાર્થ કર્યો હોય, તો તે ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજે કર્યો જણાય છે. ઉપાધ્યાયજી મહારાજે તે સંબંધી અનેક લેખો પણ લખ્યા છે.

પ્રતિમાની તકરારના સંબંધમાં જૂદા જૂદા વિદ્વાનોએ મદદ કરેલી ૫-રંતિમાં મુખ્યત્વે બે પ્રકાર જોવામાં આવે છે: એક નિષેધક, અને બીજો

પ્રતિપાદક. યશોવિજયજી મહારાજની પદ્ધતિ નિષેધક હતી, જ્યારે આનંદઘનજી મહારાજની પ્રતિપાદક હતી. યશોવિજયજી મહારાજે પ્રતિમાના નિષેધ કરનારાઓના નિષેધ કરવાની શૈલી પકડી છે; જ્યારે આનંદઘનજી મહારાજે પ્રતિમાનો નિષેધ કરવાને બદલે પ્રતિમાના ઉપકારનું પ્રતિપાદન કરેલું છે. પ્રતિમા સંબંધમાં યશોવિજયજી મહારાજના લેખો વાંચતાં જણાય છે કે, તે સમયમાં આ તકરાર ગંભીરરૂપમાં આવી પહોંચેલી હતી. આવી ગંભીરરૂપમાં આ તકરાર હતી ત્યારે સ્વાભાવિક છે કે, બન્નેમાંથી કોઇ પણ પક્ષનું માથું ધડ ઉપર હોય નહીં. આવી સ્થિતિ ચાલતી હતી ત્યારે આનંદઘનજી મહારાજે પોતાના આત્મબળે વિશેષ ઉપકારક માર્ગે કામ લીધું. તેઓએ પ્રતિમાપૂજનની રીતિ તથા તેનો ગંભીર ભાવ સ્તવનાવલિમાં સ્થિર કર્યો છે. શ્રી સુવિધિનાથના સ્તવનના પહેલાપદમાં કેવા ઉલ્હાસપૂર્વક, પ્રભાતે ઉઠી પૂજા કરવી તે બતાવ્યું છે. બીજા પદમાં દ્રવ્યશુચિ અને ભાવશુચિ ધરીને જિનાલયને વિષે હર્ષપૂર્વક જઇ ત્રીકો સાચવી મનને એકાગ્ર સાધવાનું કહ્યું છે. પછીના પદોમાં જૂદી જૂદી પૂજાઓના ભેદ અને વિધિ દર્શાવી છે; અને છેવટે ભાવપૂજા અને પડિવત્તી (પ્રતિપત્તી) પૂજાનું સ્વરૂપ બતાવ્યું છે. આનંદઘનજીની પ્રતિમા પ્રતિપાદક શૈલી કેવી હતી તે નીચેના શબ્દોથી જણાશેઃ—

ઇમ પૂજા બહુ ભેદ સુણીને,
સુખદાયક શુભ કરણી રે;
ભવિક જીવ કરશે તે લેશે,
આનંદઘનપદ ધરણી રે. સુવિધિ૦

આ ઉપરથી જોઇ શકાશે કે, આનંદઘનજી મહારાજનું વલણ પ્રતિમાની સ્થાપના પરત્વેનું હતું; એટલુંજ નહીં પણ તેઓ પ્રતિમાના પરમ અનુયાયી હતા. આટલું છતાં તેઓની વૃત્તિઓ એવી શાંતિ પામી ગઇ હતી કે, તેઓએ પ્રતિમાનો બોધ કરવા માટે ગંભીર પ્રતિપાદક શૈલી પકડી છે. શ્રી યશોવિજયજીએ નિષેધક શૈલી ગ્રહી હોય કે આનંદઘનજીએ પ્રતિપાદક શૈલી પકડી હોય, પણ આટલું તો ચોકસ છે કે, સત્તરમા શતકમાં આ તકરારે ગંભીરરૂપ ગ્રહણ કરી લીધું હતું; કેમકે જો તેમ ન હોત, તો પૂર્વના આચાર્યોએ તત્ત્વના ગ્રંથોમાં આ વિષયને ઘણું કરી વિસ્તારપૂર્વક ચર્ચ્યો નથી તેમ મહારાજ સાહેબ પણ ચર્ચત નહિં.

આ સ્થળે લક્ષ્યમાં રહેવું જોઇએ કે, ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજના પ્રતિમા સંબંધીના પુરૂષાર્થને ઉતારી પાડવાનો હેતુ રાખ્યો નથી. યશોવિજયજી મહારાજના સમયમાં નિષેધકનો નિષેધ કરનારી શૈલી ઉપકારનું કારણ હોય અને તે કારણે તેઓએ તે શૈલીનું અનુકરણ કર્યું હોય એ સંભવિત છે. દેશકાળને અનુકૂળ વિચાર બતાવવાની શૈલી હોય છે. તેઓથીના સમયમાં તે શૈલી અનુકૂળ નહીં હોય એમ આપણે શી રીતે કહી શકીએ?

સતરમા શતકની જૈનસમાજની ધર્મસંબંધી સ્થિતિ.

આનંદઘન સંબંધમાં હમણાં સુધી અંગિત વિચારો કર્યા. અર્થાત્ આનંદઘનજીના જ્ઞાનસામર્થ્ય, દશા આદિ સંબંધમાં અત્યાર સુધી કહેવાયું. હવે તેઓના લેખ ઉપરથી સતરમા શતકની જૈનસમાજની ધર્મ સંબંધી સ્થિતિપરથી જે પ્રકાશ પડવાયોગ્ય છે તે સંબંધે થોડુંક લખીએ.

આનંદઘનસ્તવનાવલિ જોતાં પ્રથમ આટલી વાત ધ્યાનમાં તરત આવી જાય છે. સતરમા શતકમાં જૈનધર્મની અંદર ગચ્છભેદના કલેશો ઘણા ચાલ્યા કરતા હોવા જોઇએ. એ ગચ્છભેદના કલેશોને મૂળ જળસીંચન સાધુવર્ગ તરફથી મળતું હોવું જોઇએ. સાધુવર્ગની સ્થિત અવનતિના માર્ગભણી હોવી જોઇએ. ઉત્તમ ગુરૂઓનું અલ્પત્વ હોવું જોઇએ. જ્ઞાનમાર્ગ ભૂલાઇ જવાથી ક્રિયાજડત્વ સમાજને વિષે બહુ વર્ત્તતું હોવું જોઇએ. આત્મજ્ઞાન ભણીનો લક્ષ્યાર્થ રહ્યો હોવો ન જોઇએ. એકાંત વ્યવહાર માર્ગ ભણી સમાજની વૃત્તિ દોરાયેલી હોવી જોઇએ. નિશ્ચય માર્ગ તરફ લોકદૃષ્ટિ ઉદાસીન હોવી જોઇએ. સામાન્યતઃ આ પ્રકારની સ્થિતિ સતરમા શતકની હતી એમ જોઇ શકાય છે. આ પ્રત્યેક અભિપ્રાયની સિદ્ધિ અર્થે હું આનંદઘનજીના વચનો મૂકીશ.

પ્રથમ, ગચ્છભેદના કલેશો વિષે.

અનંતનાથ ભગવાનની સ્તવનામાં ત્રીજા પદમાં કહ્યું છે કે,

ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં,
તત્ત્વની વાત કરતાં ન લાજે;
ઉદર ભરણાદિ નિજકાજ કરતાં થકાં,
મોહ નડિયા કલિકાળ રાજે.

* ભાઈ માણેકલાલ ઘેલાભાઈએ આ પદનો પરમાર્થ નીચે પ્રમાણે ભર્યો છે:—

"એક તરફ મત અથવા ગચ્છનો મમત્વ, અને બીજી તરફ નિર્મળ આત્મત્વની વાત કરવી એ બનતું નથી. જ્યાં મતનો મમત્વ હોય ત્યાં આત્મત્વનું જાણપણું હોતું નથી; છતાં સમુદાય અથવા તપાલોંકાદિ ગચ્છના ભેદોમાં ગુંથાયેલા એવા તેઓ તત્ત્વની વાતો કરતાં શરમાતા નથી.

વૃક્ષના મૂળમાં અગ્નિ બળતો છતાં વૃક્ષ લીલું રહે તે સંભવિત નથી; તેમ મમત્વ અને તત્ત્વની વાત તેને વિસંવાદ છે એટલે મમતીઓ યથાર્થ તત્ત્વ જાણે, અને કહે તે ઉપર કહેલા વૃક્ષના દૃષ્ટાંત જેવું છે.

"આ ગચ્છ અને પ્રતિભેદોમાં ગુંથાએલા મમતીઓ શું કરે છે? અને તેમની એવી સ્થિતિ કેમ છે? તે કહે છે.

"આવા મમતીઓને કળિકાળરૂપી રાજાએ, અથવા કળિકાળના રાજમાં મોહરાજાએ નડતર કરી છે; અર્થાત્ મોહરાજાએ તેઓને પોતાના તાબામાં લીધેલા છે; અને તેથી કષાયપૂર્વક તેમની કરણી હોય છે; અને તેથી તેઓ ઉદરપોષણ વિગેરે કામ કરે છે; અને પરમાર્થથી વેગળા છે. સામાન્ય મનુષ્યોને મોહે કોઈને કેડ સુધી તો કોઈને ગરદન સુધી ગ્રહેલા છે; એટલે સામાન્ય મનુષ્યમાં કષાય જણે કે ઓછા જોવામાં આવે છે; પણ આ વેષ ધારી

* ભાઈ માણેકલાલ ઘેલાભાઈ ઝવેરીએ આનંદઘનચોવીશી (સ્તવનાવલિ) ના અર્થ લખી છપાવી રાખ્યા છે; પરંતુ તે હજુ બહાર પાડેલ નથી. તેઓએ છપાવેલ 'સ્યાદ્વાદ દર્શન' ના સંબંધમાં એક લેખકના હક્ક ઉપર ત્રાપ મારનાર મનાતું શ્રી શ્વેતામ્બર જૈન પરિષદ્ની અમદાવાદની બેઠક વેળાએ લેવાનું કરેલું તેથી તેઓને આ 'ચોવીશી' ના અર્થ બહાર પાડતાં તેઓના સ્વજનો અટકાવે છે. અમારા અભિપ્રાય પ્રમાણે ભાઈ માણેકલાલે આ અર્થ સારા ભર્યા છે. કેટલેક ઠેકાણે અર્થ. વાત કહેવાની તીક્ષ્ણતા વાપરવી પડી હોય તેથી સમુદાય કલેશ કરશે એવો ભય રાખી ભાઈ માણેકલાલે આ અર્થ બહાર ન પાડે એ વાત એક લેખકની નૈતિક હિમ્મતને લાજ ન આપનાર. બહાર નહીં પાડેલા એવા એક ગ્રંથ અથવા લેખ... ઉપર વિવેચન કરવાનો અન્યનો હક્ક ન હોવા છતાં મેં આ અભિપ્રાય અનેક કારણે જાહેર કર્યું છે તે માટે ભાઈ માણેકલાલ પાસે ક્ષમાની યાચના છે.—

સંગ્રહ કર્તા.

વાદિઓને તો મોહરાજાએ પગથી તે માથા સુધી ગ્રહણ કરેલા છે; લે તેમનામાં કષાયની પ્રબળતા જણાય છે. તેઓ બાપડા દયાપાત્ર છે. છે કે,—

બાખે નિરપેક્ષ વચન, ક્રિયા દેખાવે કૂર;
વાહો તપ સંયમ સરવ, કર્યો કરાવો ધૂર.

"મારે જે એકાંત પક્ષી, ગમે તો દયા પક્ષી હોય, વા ભક્તિ પક્ષી , કે "ગુરૂ-ગુરૂ જપના, ઔર સબ સુપના". એમ કહેનાર ગુરૂ પક્ષી હોય, પણ નિરપેક્ષ વચન બોલનાર કષાયવાન ચારે ગતિઓમાં ભ્રમણ કરશે."

આ તીવ્ર વચનો ઉપદેશક અથવા સાધુવર્ગ તરફ કહ્યા છે. જૈનના ધર્મ માને આહારાદિ શરીરપોષણના સાધનો શ્રાવક સમુદાયમાંથી પ્રાપ્ત કર ા હોય છે. જૈનસાધુને અર્થે કાંઇ પણ આહારાદિ પદાર્થ તૈયાર કરાવી તો નથી. તેને તો શ્રાવકવર્ગમાં ગાયની પેઠે ફરી ફરીને "ગૌચરી" જેવા ર અલ્પ આહાર લઈ પોતાનું શરીરપોષણ કરવું પડે છે. આવી રીતે ર પણ કિંચિત્ માત્ર બોજારૂપ ન થનાર એવા જૈનધર્મગુરૂઓ પ્રત્યે ધનજી જેવી શાંતમૂર્તિ એવી, તીક્ષ્ણતા બતાવે છે કે તમો કળિકા- પ્રતાપે મોહપૂર્વક પેટ ભરવાનું કાર્ય કરો છો. આ શું બતાવે છે? કથન એમ બતાવે છે કે તે સમયે ગચ્છના મમતમાં ધર્મગુરૂઓ રાચ્યા ા રહેતા હોવા જોઇએ. એક તરફ ગચ્છના મમતમાં રાચ્યા રહેવું અને તરફથી તત્ત્વની વાતો કરવી એ અસંભવિત જેવું ગણી આનંદઘનજી ને કહે છે કે, તમને શરમ આવતી નથી કે તત્ત્વની વાતો કરો છો. દઘનજી મહારાજનો કહેવાનો હેતુ એવો છે કે ધર્મગુરૂઓ પરમાર્થથી ા છે; કેમકે જેઓ પરમાર્થને જાણનાર હોય તેઓને તો કોઈ પણ પ્ર- મત મમત્વ હોયજ નહીં. ધર્મગુરૂઓ પ્રત્યે આટલો સખત કટાક્ષ જ્યારે જ સાહેબે કર્યો છે ત્યારે આપણે જે સાર ઉપર આવી શકીએ તે કે, આ વખતે ધર્મગુરૂઓ સંપ્રદાયમોહને ઘણા આધીન થઇ ગયેલા જો ધર્મગુરૂઓની સ્થિતિ આવી થઈ ગઇ હોય, તો શ્રાવક સમુદાયની સામાન્યતઃ જૈનસમાજની સ્થિતિ કેવી પામર થઇ ગઇ હોવી જોઇએ હેજે વિચારી શકાય તેવું છે.

જૂદા જૂદા અનેક પ્રસંગોએ મેં મારા તરફથી પ્રકટ થતા "સનાતન

જૈન" પત્રમાં સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો છે કે, શ્વેતામ્બરો, દિગમ્બર જેવી આદર્શ દશાની વિશેષતા પોતાની દૃષ્ટિ સમીપ ન રાખતાં, દેશકાળને યોગ્ય સ્થિતિ રહેવી જોઈએ એવી ખાસ અપેક્ષાએ ઉપકારક વિચારણાનેજ એકાંત વળગી રહ્યા તેથી ક્રમે ક્રમે તેમાં શિથિલતા દાખલ થતી ગયેલ; તેમજ દિગમ્બરોએ, એકાંત દિગમ્બર વૃત્તિનોજ આગ્રહ રાખી, શ્વેતામ્બર દશાનું ઉપયોગીપણું ન જોયું તેથી શાસનરક્ષક એવા ધર્મગુરૂઓનો તેમાંથી લોપ થયો. શ્વેતામ્બરોએ જ્ઞાનીપુરૂષોએ સહેતુ રાખેલ અવકાશનો વિશેષ ઉપયોગ કરવા માંડ્યો તેનું પરિણામ એ આવ્યું કે, એક વખત એવો આવી ગયો હતો કે, વીતરાગ યતિની દશા ગંભીર અધમપણાને પામી ગયેલી (જુઓ, સંઘપટ્ટક). મતલબ કે, શ્વેતામ્બર દશામાં કોઇ ઉપકારક કારણે રાખેલ અવકાશને વિશેષ લંબાવતાં જતાં પરિણામ એ આવતું ગયેલું કે, સાધુદશામાં શિથિલત્વ આવતું ગયું. આ શિથિલત્વના કારણેજ જૂદા જૂદા અનેક ગચ્છભેદો જન્મ પામેલા; અને એ ગચ્છભેદોના જૂદા જૂદા વાડા બંધાઇ એક જાતનો તેના સેવનકર્ત્તાઓમાં સંસારના જેવો મોહ ઉત્પન્ન થયેલો. જ્યાં આવો મોહ હોય ત્યાં તત્ત્વની વાત ક્યાં સંભવે? અને જો ધર્મગુરૂઓની દશા આવી હોય, તો પછી આખા સમાજની સ્થિતિ કેવી અવનત હોય તે કહેવા કરતાં કલ્પી શકાય તેમ છે. આ ઉપરથી જોઇ શકાય છે કે, આનંદઘનજી મહારાજના સમયમાં અનેક ગચ્છભેદોની જંજાળ થઇ રહેલી; એ જંજાળની વૃદ્ધિ અર્થે જળસીંચન ધર્મગુરૂઓથી થયેલું; અને સામાન્યતઃ જૈનસમાજની સ્થિતિ ધર્મ ઝગડાઓવાળી થઇ રહેલી. આ ઉપરથી તેમજ શ્રી નમિનાથની સ્તવના ઉપરથી જોઇ શકાય છે કે, સુગરૂનો યોગ આ કાળમાં બહુ ઓછો થઇ ગયેલો; એટલે કે ઉપદેશકવર્ગની સ્થિતિ અવનતિના માર્ગ પ્રત્યે હતી. આ સ્તવનામાં કહ્યું છે કે,—

શ્રુત અનુસાર વિચારી બોલું, સુગુરૂ તથાવિધ ન મલે રે;
કિરિયા કરિ નવિ સાધી સકીયે, એ વિષવાદ ચિત્ત સઘળે રે.

અર્થાત્.

આ સ્થળે શ્રુત એટલે જૈનસિદ્ધાંતો, તેમાં કહેલા વચનોને આધારે વિચારીને જો બોલું છું, તો જેવાં આગમોમાં ગુરૂનાં લક્ષણો કહ્યાં છે તેવા ગુરૂઓ મળી શકતા નથી; તેમજ સાધુપણાની ક્રિયા કરીને હું મોક્ષ સાધી શકતો નથી; તેથી એ પૂર્વોક્ત ખેદ સઘળાના મનમાં વ્યાપ્ત રહેલો છે.

ભાઇ માણેકલાલે આ પદનો જે પરમાર્થ ભર્યો છે તેમાં નીચેની વાત આપણું ખાસ ધ્યાન ખેંચનારી છેઃ—

"શ્રી આનંદઘનજી મહારાજની અનુમોદના કરનારા તે વખતમાં કેટલાક બીજા સાધુમુનિરાજો પણ હતા; અને કેટલીક દંતકથાને આધારે શ્રીમદ્ યશોવિજયજી અને નયવિજયજી મહારાજ આનંદઘનજીના સમકાલીન થયા છે; કે જેમના જેટલી વિદ્વતા અને ક્રિયાપરાયણપણું તેમજ આત્મલક્ષ હાલ તો જોવામાં આવતાં નથી તેવા વખતમાં પણ આ મહાત્માને કહેવું પડ્યું છે કે, શાસ્ત્રપ્રમાણે જોતાં શ્રી શાંતિનાથ ભગવાનની સ્તવનામાં કહ્યું છે તેવા આગમધર સમકિતી અને જેમની સંવરરૂપ ક્રિયા છે ઇત્યાદિ ગુણો વાળા ગુરૂ મને જણાતા નથી."

ભાઇ માણેકલાલના આ વચનો બહુ કાળજીપૂર્વક લખાએલાં છે. તેઓના હૃદયમાં જે વાત હોવાનો સંભવ છે તે વાત તેઓએ જો કે કહી છે; પણ તે એવી સ્પષ્ટતાપૂર્વક કહી નથી કે, જેથી એકાએક તેનો ખ્યાલ આવી જાય; અને તેઓએ તેમ સકારણ કર્યું જણાય છે. ભાઇ માણેકલાલનો કહેવાનો હેતુ હું જો બરાબર સમજી શકતો હોઉં, તો મને લાગે છે કે, તેઓ એમ કહેવા માગે છે કે, ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજીમહારાજ અને નયવિજયજી મહારાજને વિષે પણ જે આશયમાં આનંદઘનજી મહારાજે જૈનાગમમાં સુગુરૂની દશા જોઇ છે તે પ્રકારની દશામાં કોઇ અંશે ન્યૂન રહેલા આનંદઘનજી મહારાજની દૃષ્ટિમાં આવેલા હોવા જોઇએ, કેમકે નહીં તો તેઓ (આનંદઘનજી) "સુગુરૂ તથાવિધ નમિલેરે" એવા ભારવાળા શબ્દો બોલત નહીં.

આ જાતનો અભિપ્રાય, ભાઇ માણેકલાલના વચનોપરથી મારો થાય છે. જો ભાઇ માણેકલાલનો કહેવાનો અભિપ્રાય એવો હોય, તો મને લાગે છે કે, તેઓએ તે સ્પષ્ટ ભાષામાં નથી બતાવ્યો તેનો હેતુ એમ જણાય છે કે, ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજનું જૈનસમાજમાં એટલું બધું વાસ્તવિક માહાત્મ્ય છે કે, જો તેઓ (શ્રી યશોવિજયજી)ના સંબંધમાં કિંચિત્ માત્ર તીવ્ર પણે બોલાય, તો સમાજ સહન કરી શકે નહીં. આ કારણે ભાઇ માણેકલાલે ભાષારચના કાળજીવાળી કરી જણાય છે. તે ગમે તેમ હો, પરંતુ એટલું તો લાગે છે કે, ભાઇ માણેકલાલના વિચારોપરથી જેમ કંઇક અ-

સ્પષ્ટપણે જણાય છે તેમ, આવા પ્રકારની આશંકા આનંદઘનજી મહારાજે રચેલા આ પદ પરથી ઉદ્દભવે, તો તે કેવળ અયોગ્ય છે એમ લાગતું નથી. આપણે જેમ જાણીએ છીએ કે, યશોવિજયજી મહારાજ એક અસાધારણ સિદ્ધાંતવેત્તા હતા, એટલુંજ નહીં પણ જો એમ કહીએ કે, સિદ્ધાંતજ્ઞાન પ્રકાશવામાં કળિકાળ સર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્ય પછી શ્રીયશોવિજયજી મહારાજ જેવા સમર્થ બીજા કોઇ થયા નથી તો તે ખોટું નથી; તેમ આપણે આ વાત પણ સાંભળીએ છીએ કે, ઉપાધ્યાયજી મહારાજ આનંદઘનજી મહારાજ-પ્રત્યે પૂજ્ય બુદ્ધિથી જોતા હતા, એટલુંજ નહીં પણ આનંદઘનજી મહારાજે શ્રી ઉપાધ્યાયજીને ચોક્કસ વિદ્યાઓ પ્રાપ્ત કરાવવાનું ધાર્યું હતું. આ ઉપરથી આપણે જે અભિપ્રાય ઉપર આવી શકીએ તે એજ કે, આનંદઘનજી મહા-રાજની દશા વિશેષ તીવ્ર હોવાથી તેઓએ પોતાને યોગ્ય વિશેષ સામર્થ્યવાન ગુરૂની આવશ્યક્તા વિચારી હોય. આવા સમયે ઉપર્યુક્ત પદમાં આનંદઘનજી મહારાજે 'સુગુરૂ તથાવિધ ન મિલે રે' એવા શબ્દો કહ્યા હોય એ સંભવિત છે. શ્રીયશોવિજયજીની ગ્રંથ રચનાઓ જોતાં જણાય છે કે, પ્રથમ તેઓનું પાંડિત્યશક્તિનું ઘણું મહાન્ સ્ફુરણ હતું; અને પછીથી પાંડિત્યશક્તિની સાથે અધ્યાત્મ લક્ષ્યની વિશેષ જાગૃતિ થવા પૂર્વે આનંદઘનજી મહારાજે ઉપર્યુક્ત પદની રચના કરી હોય. આમ છતાં એમ ન કહી શકાય કે, ઉપા-ધ્યાજીની દશા આનંદઘનજી મહારાજને પાત્ર ગુરૂ થવાની હતી, કેમકે આ-નંદઘનજીની દશા તો ઓરજ હતી અથવા આનંદઘનજી મહારાજના ધોરણ (Standard) પ્રમાણેની આત્મજાગૃતિ ઉપાધ્યાયજી મહારાજની હતી એવી તેઓને ખાત્રી ન પણ થઇ હોય. ભાઇ માણેકલાલના લેખપરથી આ કારણ ઉદ્દભવતી આ શંકાનું આ જો કે એક પ્રકારનું સમાધાન છે; પરંતુ આવા પ્રકારની આશંકામાં જવા કરતાં જો આપણે આટલું વિચારી સ્વસ્થ રહીએ કે, આનંદઘનજી મહારાજે 'સુગુરૂ તથાવિધ ન મિલે રે' એવા જે શબ્દો વાપર્યા છે તે ઉત્સર્ગપણે વાપર્યા છે તો તે વધારે યોગ્ય છે. જ્ઞાની-ઓ કોઇ વાત એકાંત કહેતા નથી; તેમ આનંદઘનજી મહારાજે આ વાત એકાંત નહીં કહેતાં ઉત્સર્ગપણે કહેલી છે એટલે અપવાદરૂપ વ્યક્તિઓ રહી જાય કે જેઓ જૈનાગમને વિષે કહેલા સુગુરૂના લક્ષણો સહિત હોય. આવા અપવાદરૂપ પુરૂષોમાં શું શ્રીયશોવિજયજી આદિ પુરૂષો ન હોય? આ સ્થળે

એમ આશંકા કરવામાં આવે કે, આનંદઘનજી મહારાજે એ સ્તવનામાં જે પ્રકારનો ભાષાપ્રયોગ કર્યો છે તે પરથી એમ લાગે છે કે, કેમ જાણે આનંદઘનજી મહારાજને પોતાને તથાપ્રકારના ગુરુનો યોગ ન મળતાં ખેદ પૂર્વક એ વચનો કાઢ્યાં ન હોય? આશંકાનું સમાધાન એટલુંજ છે કે, આનંદઘનજી મહારાજની દશા ઘણી વર્ધમાન થતી ગયેલી હોવી જોઇએ તે છતાં તેઓ પોતાને યોગ્ય એવા સુગુરૂનાં અવલંબનની જરૂર ધારતા હોઈ તેવા સુગુરૂનો યોગ તેઓએ ન જોઈ આ વચનો કાઢયાં છે. હું આટલું લખું છું, પણ તે ઘણા ડરપૂર્વક લખુંછું, કેમકે વખતે યશોવિજયજી મહારાજ જેવા અસાધારણ મહાત્માનો મારાથી અવિનય થઇ જાય, તો મારે કેટલા ભવભ્રમણ કરવાં પડે તેનો મને બહુ ખ્યાલ રહે છે.

સતરમા શતકમાં જૈનસમાજની ધર્મસંબંધી સ્થિતિ જ્ઞાન સંબંધમાં બહુ નિર્બળ થઈ ગયેલી; અને ક્રિયાજડત્વ ઘણું વધી ગયેલું; એમ આનંદઘનજી મહારાજના નીચેના વચનોથી જણાય છેઃ—

એક કહે સેવિયે વિવિધ ક્રિયા કરી;
ફળ અનેકાંત લોચન ન દેખે.
ફળ અનેકાંત કિરિયા કરી બાપડા;
રડવડે ચાર ગતિ માંહે લેખે. ધાર૦

આ પદમાં મહારાજ સાહેબે ક્રિયાનો નિષેધ કર્યો નથી; પરંતુ જેઓ સમજ્યા વગરની માત્ર કાયક્લેશરૂપ ક્રિયાઓમાં ધર્મ માની પ્રવર્તે છે તેની દયા ખાઇ, જ્ઞાનમાર્ગ તરફ લક્ષ્ય કરાવ્યો છે. આ પદ ઉપરથી સ્પષ્ટ થાય છે કે, આ સમયમાં શુષ્ક-જ્ઞાનરહિત-ક્રિયાકાંડમાં શ્વેતામ્બર સંપ્રદાય વિશેષ રાચી રહ્યો હોવો જોઇએ. જો જ્ઞાનસહિત ક્રિયાકાંડ અનુસરાતો હોત, તો મહારાજજીને આવા લાગણી ભરેલાં વચનો કહેવાનો પ્રસંગ મળ્યો ન હોત. જ્ઞાનમાર્ગ ઘણો પામર સ્થિતિમાં આ સમયે આવી ગયો હોવો જોઇએ, તે શ્રી ધર્મનાથના સ્તવન ઉપરથી નીચેનો ભાગ લઇએ છીએ તે પરથી જણાશેઃ—

પરમ નિધાન પ્રગટ મુખ આગળે,
જગત ઉલંઘી હો જાય; જિનેશ્વર૦
જ્યોતિવિના જુઓ જગદીશની,
અંધોઅંધ પુલાય. જિનેશ્વર૦

અર્થાત્, ઉત્કૃષ્ટ એવું જે ગુપ્ત ધન તે મોઢા આગળ પ્રકટ છે, પણ તેને જગતના પ્રાણીઓ ઓળંગીને ચાલ્યા જાય છે. ભગવાનની જ્યોતિ અર્થાત્ જ્ઞાનપ્રકાશ વિના આંધળાની પાછળ આંધળો ચાલ્યો જાય છે. અહીં 'જ્યોતિ' શબ્દથી જ્ઞાન કહેવાનો ઉદ્દેશ છે. જગત્ ધર્મ માની એકાંત જડક્રિયા જ્ઞાનવિના કરતાં જોઇ આ વચનો કહ્યાં છે. સ્તવનાવલિ અને 'બહોતેરી' ના અવલોકન પરથી જણાશે કે, મહારાજ સાહેબે ક્રિયાજડત્વને માટે જગત્ જીવોની ઘણી દયા ખાધી છે; અને જ્ઞાન માટે આવશ્યકતા ગાઇ છે.

કેટલીક વખત એવું બને છે કે, બે યુગપદ ઉપકારક વાત હોય છે; તેમાં એક વાત ઉપર ઘણોજ ઓછો લક્ષ્ય થઈ ગયો હોય છે, અને બીજી વાત ઉપર ઘણોજ વિશેષ ભાર મૂકાઇ ગયો હોય છે. હવે આ બન્ને વાત જો યુગપદ ન હોય, તો સમતોલપણું જતું રહી આવસ્યક ફળ થતું નથી. આવા પ્રસંગે જ્ઞાનીપુરૂષો જે વાત ઘણી ગૌણ થઇ ગઇ હોય છે તેના ઉપર ઘણો ભાર મૂકે છે; અને જેના ઉપર વિશેષ ભાર મૂકાઇ ગયો હોય છે તેના સંબંધમાં કાંઇક નરમાશ લાવવા જેવું કરે છે. જ્ઞાનીપુરૂષોની આ પ્રવૃત્તિનો ઉદ્દેશ લોકસમૂહ જોઇ શકતો નથી; એટલે ગૌણ થયેલ વાતપર ભાર મૂકવાનો હેતુ ન સમજતાં એમ માની બેસે છે કે, પ્રતિપાદકપુરૂષ એકાંત તે વસ્તુનોજ ઉપદેશ કરે છે; અને જે વાત માટે નરમાશ લાવવા જ્ઞાનીપુરૂષ ઉપદેશ દે છે તે વાતનો નિષેધ કરે છે એમ સમજે છે. જ્ઞાન અને ક્રિયા એ બન્ને યુગપદ જેવી સ્થિતિ ધરાવતાં પદાર્થો છે. જ્ઞાન હોય, અને ક્રિયા ન હોય તો જ્ઞાન શુષ્કપણામાં પડયું રહે છે; અને જો ક્રિયા હોય અને જ્ઞાન ન હોય તો શુષ્કક્રિયા અથવા ક્રિયાજડત્વ આવે છે. આ કારણોથી બન્ને સાથે જોઇએ. આનંદઘનજી મહારાજના સમયમાં જ્ઞાનમાર્ગ પ્રત્યે, ઉપર જોઈ ગયા તેમ, ઉપેક્ષા થઇ ગયેલી એટલે તેઓએ જ્ઞાનમાર્ગ ઉપર બહુ ભાર દઇ ઉપદેશ કર્યો; અને ક્રિયાકાંડ જ્ઞાનરહિતતાએ હદબહાર થતો જોઇ તેને નરમાશ આપવા માટે મહારાજ સાહેબે વિચારો દર્શાવ્યા. આનું પરિણામ એ આવ્યું કે, ક્રિયાજડ થઇ ગયેલા જીવોએ એમ માની લીધું કે, આનંદઘનજી મહારાજ ક્રિયાને ઉથાપે છે; અને એકલા જ્ઞાનને સ્થાપે છે. આવી માનતાના કારણે તેઓને 'અધ્યાત્મી' કહી ગાળો ભાંડતાં; અને આજ કારણે તેઓને 'ભંગડભુતા' એવું [illegible] વિશેષણ પણ આપેલું. આ સૈકાના પ્રથમ ભાગ સુધી

ક્રિયાજડત્વનું પ્રમાણ વધારે ચાલેલું; એટલે ત્યાંસુધી આનંદઘનજી મહારાજના સંબંધમાં આવી ભૂલ ભરેલી માનીનતા ચાલી આવેલી. છેલ્લા બે દશકા થયાંજ, અર્થાત્ શ્રીમાન્ રાજચંદ્રના સમયપછી લોકોની તે માનીનતા ફરવા લાગી છે. વાસ્તવિક રીતે જોતાં, આનંદઘનજી મહારાજે ક્રિયાનો નિષેધ કર્યો જ નથી: પરંતુ સૂત્રાનુસાર ક્રિયા સાધવાનો ઉપદેશ આપ્યો છે. શ્રી અનંતનાથની સ્તવનાના ૬ ઠા પદમાં કહ્યું છે કે,

પાપ નહીં કોઇ ઉત્સૂત્ર ભાષણ જીસો;
ધર્મ નહીં કોઇ જગ સૂત્ર સરીખો;
સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે;
તેહનું શુદ્ધ ચારિત્ર પરીખો. ધાર૦

જેમ નિજસ્વરૂપ અર્થે ક્રિયા કરવામાં આવે તે અધ્યાત્મ ગ્રહણ કરવા યોગ્ય છે તેમજ જે ક્રિયા કરતા અધ્યાત્મ પ્રાપ્ત ન થાય તે ક્રિયા પણ નથી.

નિજસ્વરૂપ જે કિરિયા સાધે,
તેહ અધ્યાત્મ કહિયે રે;
જે કિરિયા કરી ચઉગતિ સાધે,
તે ન અધ્યાત્મ કહિયે રે. શ્રી શ્રેયાંસ૦

વળી, ક્રિયાસ્થાપકવચન શ્રી સુવિધિનાથના સ્તવનમાં આ પ્રમાણે કહેલ છે:—

સુવિધિ જિણેસર પાય નમીને,
શુભ કરણી એમ કીજે રે;
અતિ ઘણો ઉલટ અંગ ધરીને,
પ્રહ ઉઠી પૂજી જે રે. સુવિધિ૦

સુવિધિજિનનું આખું સ્તવન પૂજાની વિધિથી ભરેલું છે. એ વાંચવાથી જણાય તેમ છે કે, તેઓએ પૂજા આદિ વિધિઓનું અખંડ પ્રતિપાદન કર્યું છે; અને જે પૂજાદિ વિધિઓનું જેણે પ્રતિપાદન કર્યું હોય તે તપશ્ચર્યાદિ ઉત્તમ સાધનોનો નિષેધ કેમ કરે ? અને આશ્ચર્ય થાય છે કે, આવા મહાત્મા પ્રત્યે લોકો કેમ એવો આક્ષેપ કરવા નીકળેલા કે, તેઓ ક્રિયાના નિષેધક હતા. આમાં આશ્ચર્ય પામવા જેવું જોકે કાંઇ નથી; જ્યાં સુધી સમ્યગ્દૃષ્ટિ નથી થઈ ત્યાંસુધી જીવો એમજ માની બેસે છે. આપણી નજરોનજરનો તાજેતર દાખલો છે. શ્રીમાન્ રાજચંદ્ર, કે જેઓએ ક્રિયાદિ સાધનનું આ પ્રમાણે

નિશ્ચયવાણી સાંભળી, સાધન તજવાં નોય,
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય.

—શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર.

શબ્દોમાં ઉત્તમ પ્રતિપાદન કર્યું છે તેઓ પ્રત્યે, હમણાંના જેવા વિદ્યાવિલાસી કાળમાં પણ આક્ષેપ કરવામાં આવતો હતો, તો પછી જે સમયે વિદ્યાવિલાસનો અભાવ હતો તે સમયે આનંદઘનજી મહારાજ પ્રત્યે આક્ષેપ થાય એમાં કાંઇ આશ્ચર્ય જેવું ન ગણાવું જોઇએ.

આનંદઘનજી મહારાજના સમયમાં આત્મજ્ઞાન ભણી સમાજની ઉદાસીનતા થઇ ગયેલી હોવાનાં પ્રમાણો નીચે પ્રમાણે છે:--

આતમજ્ઞાની શ્રમણ કહાવે,
બીજા તો દ્રવ્યલિંગી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે,
આનંદઘન મત સંગી રે.

વળી, વાસુ૦

અધ્યાતમ જે વસ્તુ વિચારી,
બીજા જાણ લબાસી રે;
વસ્તુ ગતે જે વસ્તુ પ્રકાશે,
આનંદઘન મતવાસી રે. શ્રી શ્રેયાંસ.

પ્રત્યેક પ્રત્યેક વિચારમાં મહારાજસાહેબે આત્મજ્ઞાન ભણી જાગૃતિકરાવવા અર્થે પ્રયત્ન કર્યો છે; અને એકાંત ક્રિયાજડત્વનો નિષેધ વારંવાર કર્યો છે. વાત એમ બતાવવા માટે પૂરતી છે કે, સતરમા શતકમાં જૈનસમાજમાં આત્મજ્ઞાન ભણી ઘણી ઉપેક્ષા થઇ ગયેલી. ઉપાધ્યાયજી શ્રીયશોવિજયજી મહારાજ આ વાતની સાક્ષી પૂરે છે, કેમકે તેઓ મહારાજસાહેબના સમકાલીન હતા. જે શબ્દોમાં તેઓ સાક્ષી પૂરે છે તે શબ્દો આ પ્રમાણે છે:–

વિષયરસમાં ગૃહી માચીઆ,
નાચીઆ કુગુરુ મદ પુર રે;
ધામધુમ ધમાધમ ચલી,
જ્ઞાનમાર્ગ રહ્યો દૂર રે.

આત્મજ્ઞાન પ્રત્યે ઉપેક્ષા ધરાવનારાઓ પ્રત્યે મહારાજશ્રીએ કહ્યું છે, તે શુષ્ક અધ્યાત્મીઓને ભૂલી ગયા છે એવું નથી. શુષ્ક અથવા શબ્દાધ્યાત્મીઓને ઉદ્દેશીને કહ્યું છે કે.

નામ અધ્યાતમ, ઠવણ અધ્યાતમ,
દ્રવ્ય અધ્યાતમ છંડો રે,
ભાવ અધ્યાતમ નિજગુણ સાધે;
તો તેહ શું રઢ મંડો રે. શ્રી શ્રેયાંસ૦
શબ્દ અધ્યાતમ અર્થ સુણીને,
નિરવિકલ્પ આદરજો રે,
શબ્દ અધ્યાતમ ભજના જાણી,
હાન ગ્રહણ મતિ ધરજો રે. શ્રી શ્રેયાંસ.

સત્તરમા શતકમાં અથવા આનંદઘનજી મહારાજના સમયમાં શબ્દ-વાદીઓ પણ હોવા જોઈએ. મહારાજ સાહેબે, આ સમયમાં એકાંત વ્યવહારમાર્ગનું સેવન અને નિશ્ચય માર્ગનું વિસ્મરણ જોઈ કહ્યું છે કે,

પરમારથ પંથ જે કહે, તે રંજે એકતંત રે.
વ્યવહારે લખ જે રહે, તેહના ભેદ અનંત રે. પરમ૦
વ્યવહારે લખે દોહિલો, કાંઈ ન આવે હાથ રે,
શુદ્ધ નય થાપના સેવતાં, નવી રહે દુવિધા સાથ રે. પરમ૦

આ પ્રમાણે આ વ્યવહાર અને નિશ્ચય અથવા પરમાર્થ માર્ગ પરત્વે રસ્તા બતાવી છે.

ટૂંકમાં સત્તરમા સૈકાની સ્થિતિ, ત્યારે, આ પ્રમાણે જૈનસમાજની ધર્મ[illegible] આનંદઘનજી મહારાજના વિચારો પરથી જણાય છે. જૈનસમાજની અનેક ધર્મના મતભેદો પ્રવર્તતા હતા; આ મતભેદને લઈને અનેક [illegible]ો હોવા જોઈએ. આ ધર્મક્લેશોને વૃદ્ધિ અર્થે જમાનીયન ગુરૂઓ [illegible] થયું હતું. ધર્મગુરૂઓ પણ તે કાળે બહુ ઉન્નત સ્થિતિમાં નહોતા. ઉત્તમ ગુરૂઓનું પ્રમાણ અલ્પ હતું. અને ધર્મગુરૂઓની જો ક્રિ-[illegible]શા નહોતી તો પછી બાહ્ય સમજની તો નહોતી જોઈએ એ દેખીતું [illegible] સમાજનો મોટો ભાગ એકાંત ક્રિયાકાંડ ઉપર રહ્યો હતો. આત્મજ્ઞાન બાજુ ઉદાસીનતા હતી. એકાંત વ્યવહારમાર્ગનું સેવન બહુધા થતું હતું. [illegible]વાદીઓ પણ સમાજમાં હોવાનો સંભવ છે. પ્રતિમા સંબંધી ક[illegible] ચાલતું હતું. જ્ઞાન માર્ગ અવ્યવસ્થિત હતો. એકંદરે જૈનસમાજની સ્થિતિ સત્તરમા શતકમાં સંતોષકારક નહીં હોય.

આ પ્રમાણે આનંદઘનજી મહારાજની કૃતિના આધારે જેટલું વિવેચન થઇ શક્યું તેટલું કરવા મેં પ્રયત્ન કર્યો છે. મારા લખવામાં અથવા વિચારમાં જે કાંઇ દોષ હોય તે માટે ક્ષમા ચાહું છું. આ લેખ પૂર્ણ કરતાં એક વાત ખાસ જણાવવાની રહે છે કે, આનંદઘનજી મહારાજના સમયનો જૈનસમાજની સ્થિતિનું અવલોકન કરવાનું તો જ ફળ છે કે, જો આપણે.

સતરમા શતકની સ્થિતિની સાથે ચાલુ શતકની સરખામણી

ફરી આપણે કેટલું જાગૃત થવાનું છે તે વિચારી વર્ત્તન કરીએ. સતરમા શતકમાં જૈનસમાજમાં અનેક ધર્મમતભેદો હતા, અત્યારે જૈનમાં ધર્મમતભેદો ઘણા છે, તથાપિ હવે તે દૂર કરવા જોઇએ એવી વૃત્તિનો કિંચિત્ જન્મ થયો છે ખરો. સતરમા શતકમાં ધર્મક્લેશો ઘણા હતા. અત્યાર સુધીમાં આ શતકમાં પણ કાંઇ ઓછા નહોતા. પરંતુ હવે તે વાત ઠીક નથી એમ સમજવાની શરૂઆત થઇ છે. સતરમા શતકમાં ધર્મક્લેશોને ધર્મ-ગુરૂઓનું જળસીંચન હતું. ચાલુ શતકમાં પણ તેવું જળસીંચન થોડા વર્ષ પહેલાં સુધી હતું; તથાપિ હવે તેઓ એ બાબતમાં કાંઇક મોળા પડ્યા છે. સતરમા શતકમાં ઉત્તમ ગુરૂઓનું જો કે આનંદઘનજી મહારાજની દૃષ્ટિએ અલ્પત્વ હતું, પરંતુ ચાલુ જમાનાની સરખામણીએ તે કાળ અત્યારના કરતાં ઘણો ઉત્તમ હતો, કારણ કે તે સમયમાં આનંદઘનજી મહારાજ પોતેજ તેમજ નયવિજયજી મહારાજ, ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ અને બીજા બસેંક પંડિતો વિદ્યમાન હતા. આ સતક, શતરમા શતકની સરખામણીએ આ બાબતમાં અવર્ણનીય રીતે પછાત છે. સતરમા શતકમાં શ્રાવક દશાની સ્થિતિ નિર્બળ હતી, પરંતુ આ શતકમાં તો તેથી ઘણાજ ગુણી નિર્બળ છે. સતરમા શતક કરતાં અત્યારે વધારે પરિમાણમાં સમાજ ક્રિયા જડત્વમાં ગયો છે. સતરમા શતકમાં અધ્યાત્મ હતું તેના કરતાં આ શતકમાં ઘણું ઘણું ઓછું છે. શુષ્ક અધ્યાત્મીઓ આ કાળમાં વધારે હશે કે ક્રિયાજડ-ત્વાન્ તે એક તપાસ કરવા જેવી બાબત છે. પ્રતિમા સંબંધી ક્લેશ ઓછો કરવાની વૃત્તિ સમાજમાં હમણાંજ શરૂ થાય છે.

મનસુખલાલ,

રાયચંદ્ર જૈનકાવ્યમાળા.



ગુચ્છક ૧ લો.

શ્રીમાન્ આનંદઘન.

શ્રીમાન્ આનંદઘનજી શ્રી શ્વેતામ્બર સંપ્રદાયને વિષે વિ૦ સં૦ ૧૭૦૦ ની સમીપમાં વિદ્યમાન હતા. તેઓ શ્રીનું અપર નામ લાભાનંદજી હતું. શ્રીમાન્ યશોવિજયજીના તેઓ શ્રી સમકાલિન હતા.

સ્તવનાવલિ.

સ્તવન ૧ લી.—રાગ મારૂ.

કરમ પરીક્ષા કરણ કુમર ચલ્યો રે.—એ દેશી.

ઋષભ જિનેશ્વર પ્રીતમ મહારો રે, ઓર ન ચાહું કંથ;
રીઝ્યો સાહેબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ અનંત. ઋષભ૦ ૧.
પ્રીત સગાઇ રે જગમાં સહુ કરે રે, પ્રીત સગાઈ ન કોય;
પ્રીત સગાઇ રે નિરૂપાધિક કહી રે, સોપાધિક ધન ખોય. ઋષભ૦ ૨.
કોઇ કંથ કારણ કાષ્ટ ભક્ષણ કરે રે, મલશું કંથને ધાય;
એ મેળો નવિ કહિયે સંભવે રે, મેળો ઠામ ન ઠાય. ઋષભ૦ ૩.
કોઇ પતિ રંજન અતિ ઘણું તપ કરે રે, પતિ રંજન તન તાપ;
એ પતિ રંજનમેં નવિ ચિત્ત ધર્યું રે, રંજન ધાતુ મિલાપ. ઋષભ૦ ૪.
કોઇ કહે લીલા રે અલખ લલખતણી રે, લખ પૂરે મન આશ,
દોષ રહિતને લીલા નવિ ઘટે રે, લીલા દોષ વિલાસ. ઋષભ૦ ૫.
ચિત્ત પ્રસન્ને રે પૂજન ફલ કહ્યું રે, પૂજા અખંડિત એહ;
કપટ રહિત થઇ આતમ અરપણા રે, આનંદઘન પદ રેહ. ઋષભ૦ ૬

સ્તવના ૨ જી.—રાગ આશાવરી.

મારૂં મન મોહ્યું રે શ્રી વિમળાચળે રે.—એ દેશી.

પંથડો નિહાળું રે બીજા જિનતણો રે, અજિત અજિત ગુણ ધામ;
જે તેં જીત્યા રે તેણે હું જીતિયો રે, પુરૂષ કિશ્યું મુજ નામ. પંથડો० ૧.
ચરમ નયણ કરી મારગ જોવતો રે, ભૂલ્યો સયલ સંસાર;
જેણે નયણે કરી મારગ જોઈએ રે, નયણ તે દિવ્ય વિચાર. પંથડો० ૨.
પુરૂષ પરંપર અનુભવ જોવતાં રે, અંધો અંધ પુલાય;
વસ્તુ વિચારે રે જો આગમે કરી રે, ચરણ ધરણ નહીં ઠાય. પંથડો० ૩.
તર્ક વિચારે રે વાદ પરંપરા રે, પાર ન પહોંચે કોય;
અભિમતે વસ્તુ વસ્તુગતે કહે રે, તે વિરલા જગ જોય. પંથડો० ૪.
વસ્તુ વિચારે રે દિવ્ય નયણ તણો રે, વિરહ પડ્યો નિરધાર;
તરતમ જોગે રે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર. પંથડો० ૫.
કાળ લબ્ધિ લહી પંથ નિહાળશું રે, એ આશા અવિલંબ;
એ જન જીવે રે જિનજી જાણજો રે, આનંદઘન મત અંબ. પંથડો० ૬.

સ્તવના ૩ જી.—રાગ રામગ્રી.

રાતડી રમીને કિહાંથી આવિયા રે.—એ દેશી.

સંભવદેવ તે ધુર સેવો સવે રે, લહિ પ્રભુ સેવન ભેદ;
સેવન કારણ પહેલી ભૂમિકા રે, અભય અદ્વેષ અખેદ. સંભવ० ૧.
ભય ચંચલતા હો જે પરિણામની રે, દ્વેષ અરોચક ભાવ;
ખેદ પ્રવૃત્તિ હો કરતાં થાકિયે રે, દોષ અબોધ લખાવ. સંભવ० ૨.
ચરમાવર્ત હો ચરમ કરણ તથા રે, ભવ પરિણતિ પરિપાક;
દોષ ટળે વળી દૃષ્ટિ ખુલે ભલી રે, પ્રાપતિ પ્રવચન વાક. સંભવ० ૩.
પરિચય પાતિક ઘાતિક સાધુશું રે, અકુશલ અપચય ચેત;
ગ્રંથ અધ્યાતમ શ્રવણ મનન કરી રે, પરિશીલન નય હેત. સંભવ० ૪.
કારણ જોગે હો કારજ નીપજે રે, એમાં કોઈ ન વાદ;
પણ કારણ વિણ કારજ સાધિયે રે, એ નિજ મત ઉન્માદ. સંભવ० ૫.
મુગ્ધ સુગમ કરી સેવન આદરે રે, સેવન અગમ અનૂપ;
દેજો કદાચિત, સેવક યાચના રે, આનંદઘન રસ રૂપ. સંભવ० ૬.

સ્તવના ૪ થી.—રાગ ધન્યાશ્રી, સિંધુઓ.

આજ નિહેજો રે દીસે નાહલો.—એ દેશી.

અભિનંદન જિન દરિસણ તરસીએ, દરિસણ દુર્લભ દેવ;
મત મત ભેદે રે જો જઈ પૂછીએ, સહુ થાપે અહમેવ. અભિનંદન૦ ૧.
સામાન્યે કરી દરિસણ દોહીલું, નિર્ણય સકલ વિશેષ;
મદમેં ઘેર્યો રે આંધો કેમ કરે, રવિશશિ રૂપ વિલેખ. અભિનંદન૦ ૨.
હેતુ વિવાદે હો ચિત્ત ધરી જોઈએ, અતિ દુર્ગમ નયવાદ;
આગમવાદે હો ગુરુગમ કો નહીં, એ સબલો વિખવાદ. અભિનંદન૦ ૩.
ઘાતિ ડુંગર આડા અતિ ઘણા, તુજ દરિસણ જગનાથ;
ધીઠાઈ કરી મારગ સંચરૂં, સેંગૂ કોઈ ન સાથ. અભિનંદન૦ ૪.
દરિસણ દરિસણ રટતો જો ફરૂં, તો રણ રોઝ સમાન;
જેહને પીપાસા હો અમૃત પાનની, કિમ ભાંજે વિષપાન. અભિનંદન૦ ૫.
તરસ ન આવે હો મરણ જીવન તણો, સીઝે જો દરિસણ કાજ;
દરિસણ દુર્લભ સુલભ કૃપા થકી, આનંદઘન મહારાજ. અભિનંદન૦ ૬.

સ્તવના ૫ મી.—રાગ વસંત તથા કેદારો.

સુમતિ ચરણ કજ આતમ અરપણા, દરપણ જિમ અવિકાર; સુગ્યાની.
મતિ તરપણ બહુ સમ્મત જાણીયે, પરિસર પણ સુવિચાર; સુગ્યાની. સુમતિ૦ ૧.
ત્રિવિધ સકલ તનુધર ગત આતમા, બહિરાતમ ધુરી ભેદ; સુગ્યાની.
બીજો અંતર આતમ તીસરો, પરમાતમ અવિચ્છેદ; સુગ્યાની. સુમતિ૦ ૨.
આતમ બુદ્ધે કાયાદિક ગ્રહ્યો, બહિરાતમ અઘરૂપ; સુગ્યાની.
કાયાદિકનો હો સાખીધર રહ્યો, અંતર આતમ રૂપ; સુગ્યાની. સુમતિ૦ ૩.
જ્ઞાનાનંદે હો પૂરણ પાવનો, વર્જિત સકલ ઉપાધિ; સુગ્યાની.
અતીંદ્રિય ગુણ ગણ મણિ આગરૂ, એમ પરમાતમ સાધ; સુગ્યાની. સુમતિ૦ ૪.
બહિરાતમ તજી અંતર આતમા, રૂપ થઈ થિર ભાવ; સુગ્યાની.
પરમાતમનું હો આતમ ભાવવું, આતમ અર્પણ દાવ; સુગ્યાની. સુમતિ૦ ૫.
આતમ અર્પણ વસ્તુ વિચારતાં, ભરમ ટળે મતિ દોષ; સુગ્યાની.
પરમ પદારથ સંપતિ સંપજે, આનંદઘન રસ પોષ, સુગ્યાની. સુમતિ૦

સ્તવના ૬ ઠ્ઠી.—રાગ મારૂ તથા સિંધુઓ.

આંહલિયા સંદેશો કહેજે મારા કંથને રે.—એ દેશી.

પદ્મપ્રભ જિન તુજ મુજ આંતરૂં રે, કિમ ભાંજે ભગવંત;
કર્મ વિપાકે કારણ જોઇને રે, કોઇ કહે મતિમંદ. પદ્મપ્રભ૦ ૧.
પયઇ, ઠિઇ, અણુભાગ, પ્રદેશથી રે, મૂલ, ઉત્તર બહુ ભેદ;
ઘાતી, અઘાતી હો બંધૂદય, ઉદીરણા રે, સત્તા, કર્મ વિચ્છેદ. પદ્મપ્રભ૦ ૨.
કનકોપલવત્ પયડિ પુરૂષ તણી રે, જોડી અનાદિ સ્વભાવ;
અન્ય સંજોગી જિહાં લગે આતમા રે, સંસારી કહેવાય. પદ્મપ્રભ૦ ૩.
કારણ જોગે હો બંધે બંધને રે, કારણ મુગતિ મૂકાય;
આશ્રવ સંવર નામ અનુક્રમે રે, હેય ઉપાદેય સુણાય. પદ્મપ્રભ૦ ૪.
યુંજનકરણે હો અંતર તુઝ પડ્યો રે, ગુણ કરણે કરી ભંગ;
ગ્રંથ ઉક્તે કરી પંડિતજન કહ્યો રે, અંતર ભંગ સુઅંગ. પદ્મપ્રભ૦ ૫.
તુજ મુઝ અંતર અંતર ભાંજશે રે, વાજશે મંગલ તૂર;
જીવ સરોવર અતિશય વાધશે રે, આનંદઘન રસપૂર. પદ્મપ્રભ૦ ૬.

સ્તવના ૭ મી.—રાગ સારંગ તથા મલ્હાર.

લલનાની દેશી.

શ્રી સુપાસ જિન વંદિયે, સુખ સંપતિને હેતુ; લલના.
શાંત સુધારસ જલનિધિ, ભવસાગર માંહે સેતુ; લલના. શ્રી સુપાસ૦ ૧.
સાત મહા ભય ટાલતો, સપ્તમ જિનવર દેવ; લલના.
સાવધાન મનસા કરી, ધારો જિનપદ સેવ; લલના. શ્રી સુપાસ૦ ૨.
શિવશંકર જગદીશ્વર, ચિદાનંદ ભગવાન; લલના.
જિન અરિહા તીર્થંકરૂ, જ્યોતિ સરૂપ અસમાન; લલના. શ્રી સુપાસ૦ ૩.
અલખ નિરંજન વચ્છલૂ, સકલ જંતુ વિશરામ; લલના.
અભયદાન દાતા સદા, પૂરણ આતમરામ; લલના. શ્રી સુપાસ૦ ૪.
વીત રાગમદ કલ્પના, રતિ અરતિ ભય સોગ, લલના.
નિદ્રા તંદ્રા દુરદશા, રહિત અબાધિત યોગ; લલના. શ્રી સુપાસ૦ ૫.
પરમ પુરૂષ પરમાતમા, પરમેશ્વર પરધાન; લલના.
પરમ પદારથ પરમિષ્ઠિ, પરમદેવ પરમાન; લલના. શ્રી સુપાસ૦ ૬.

ધિ વિરંચિ વિશ્વંભરૂ, ઋષીકેશ જગનાથ; લલના.
ઘહર અઘમોચન ધણી, મુક્તિ પરમપદ સાથ; લલના. શ્રી સુપાસ૦ ૭.
મ અનેક અભિધા ધરે, અનુભવ ગમ્ય વિચાર; લલના.
જે જાણે તેહને કરે, આનંદઘન અવતાર; લલના. શ્રી સુપાસ૦ ૮.

સ્તવન ૮ મી.—રાગ કેદારો તથા ગોડી.

કુમરી રોવે આક્રંદ કરે, મુને કોઇ મુકાવે.—દેશી.

દેખણુને દે રે, સખિ૦ મુને દેખણુ દે,
ચંદ્રપ્રભ મુખ ચંદ, સખિ૦ ઉપશમ રસનો કંદ; સખિ૦
સેવે સુરનર ઇંદ, સખિ૦ ગત કલિમલ દુઃખ દંદ. સખિ૦ ૧.
સુહમ, નિગોદ, ન દેખિયો, સખિ૦ બાદર, અતિહિ વિશેષ; સખિ૦
પુઢવી, આઉ, ન લેખિયો, સખિ૦ તેઉ, વાઉ, ન લેશ. સખિ૦ ૨.
વનસપતિ અતિ ઘણુ દિહા, સખિ૦ દીઠો નહીં દીદાર; સખિ૦
બિતિ, ચઉરિંદી, જલ લિહા, સખિ૦ ગતિ સન્નિ પણુ ધાર. સખિ૦ ૩.
સુર, તિરિ, નિરય, નિવાસમાં, સખિ૦ મનુજ, અનારજ, સાથ; સખિ૦
અપજ્જતા પ્રતિભાસમાં, સખિ૦ ચતુર ન ચઢિયો હાથ. સખિ૦ ૪.
એમ અનેક થલ જાણિયે, સખિ૦ દરિસણુ વિણુ જિન દેવ; સખિ૦
આગમથી મત જાણિયે, સખિ૦ કીજે નિર્મલ સેવ. સખિ૦ ૫.
નિર્મલ સાધુ ભગતિ લહી, સખિ૦ યોગ અવંચક હોય; સખિ૦
કિરિયા અવંચક તિમ સહી, સખિ૦ ફલ અવંચક જોય. સખિ૦ ૬.
પ્રેરક અવસર જિનવરૂ, સખિ૦ મોહનીય ક્ષય જાય; સખિ૦
કામિત પૂરણુ સુરતરૂ, સખિ૦ આનંદઘન પ્રભુ પાય. સખિ૦ ૭.

સ્તવન ૯ મી.—રાગ કેદારો.

એમ ધન્નો ધણને પરચાવે.—એ દેશી.

સુવિધિ જિનેસર પાય નમીને, શુભ કરણી એમ કીજે રે;
અતિ ઘણો ઉલટ અંગ ધરીને, પ્રહ ઉઠી પૂજીજે રે. સુવિધિ૦ ૧.
દ્રવ્યભાવ શુચિભાવ ધરીને, હરખે દેહરે જઇયે રે;
દહ તિગ પણુ અહિગમ સાચવતાં, એકમના ધુરિ થઇયે રે. સુવિધિ૦ ૨.
કુસુમ અક્ષત વર વાસ સુગંધો, ધૂપ દીપ મન સાખી રે;
અંગ પૂજા પણ ભેદ સુણી ઇમ, ગુરુમુખ આગમ ભાખી રે. સુવિધિ૦ ૩.

એહનું ફલ દોય ભેદ સુણીજે, અનંતર ને પરંપર રે;
આણા પાલણ ચિત્ત પ્રસન્ની, મુગતિ સુગતિ સુર મંદિર રે. સુવિધિ૦ ૪.
ફૂલ, અક્ષત, વર, ધૂપ, પઈવો, ગંધ નૈવેદ્ય ફલજલ ભરી રે;
અંગ અગ્ર પૂજા મળી અડવિધ, ભાવે ભવિક શુભગતિ વરી રે. સુવિધિ૦ ૫.
સત્તર ભેદ એકવીસ પ્રકારે, અષ્ટોત્તર શત ભેદે રે;
ભાવ પૂજા બહુ વિધ નિરધારિ, દોહગ દુર્ગતિ છેદે રે. સુવિધિ૦ ૬.
તુરિય ભેદ પડિવત્તી પૂજા, ઉપશમ ખીણ સયોગી રે;
ચઉહા પૂજા ઇમ ઉત્તરજ્ઝયણે, ભાખી કેવલ ભોગી રે. સુવિધિ૦ ૭.
એમ પૂજા બહુ ભેદ સુણીને, સુખદાયક શુભ કરણી રે;
ભવિક જીવ કરશે તે લહેશે, આનંદઘન પદ ધરણી રે. સુવિધિ૦ ૮.

સ્તવના ૧૦ મી.

મંગલિક માલા ગુણહ વિશાલા.—એ દેશી.

શીતલ જિનપતિ લલિત ત્રિભંગી, વિવિધ ભંગી મન મોહે રે;
કરુણા કોમલતા તીક્ષણતા, ઉદાસીનતા સોહે રે. શીતલ૦ ૧.
સર્વ જંતુ હિત કરણી કરુણા, કર્મ વિદારણ તીક્ષણ રે;
હાનાદાન રહિત પરિણામી, ઉદાસીનતા વીક્ષણ રે. શીતલ૦ ૨.
પરદુઃખ છેદન ઇચ્છા કરુણા, તીક્ષણ પરદુઃખ રીઝે રે;
ઉદાસીનતા ઉભય વિલક્ષણ, એક ઠામે કેમ સીઝે રે. શીતલ૦ ૩.
અભયદાન તે મલક્ષય કરુણા, તીક્ષણતા ગુણ ભાવે રે;
પ્રેરણ વિણકૃત ઉદાસીનતા, ઇમ વિરોધ મતિ નાવે રે. શીતલ૦ ૪.
શક્તિ વ્યક્તિ ત્રિભુવન પ્રભુતા, નિર્ગ્રંથતા સંયોગે રે;
યોગી ભોગી વક્તા મૌની, અનુપયોગી ઉપયોગે રે. શીતલ૦ ૫.
ઇત્યાદિક બહુ ભંગ ત્રિભંગી, ચમત્કાર ચિત્ત દેતી રે;
અચરિજકારી ચિત્ર વિચિત્રા, આનંદઘન પદ લેતી રે. શીતલ૦ ૬.

સ્તવના ૧૧ મી.—રાગ ગોડી.

[illegible]

[illegible]
[illegible]

...સ સંસારી ઇંદ્રિયરામી, મુનિ ગુણ આતમરામી રે;
...મુખપણે જે આતમરામી, તે કેવળ નિ:કામી રે. શ્રી શ્રેયાંસ૦ ૨.
...જ સ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાતમ લહિયે રે;
કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાતમ કહિયે રે. શ્રી શ્રેયાંસ૦ ૩.
...મઅધ્યાતમ, ઠવણઅધ્યાતમ, દ્રવ્યઅધ્યાતમ છંડો રે;
...વઅધ્યાતમ નિજગુણ સાધે, તો તેહશું રઢ મંડો રે. શ્રી શ્રેયાંસ૦ ૪.
...દ અધ્યાતમ અરથ સુણીને, નિર્વિકલ્પ આદરજો રે;
...દ અધ્યાતમ ભજના જાણી, હાન ગ્રહણ મતી ધરજો રે. શ્રી શ્રેયાંસ૦ ૫.
...ધ્યાતમ જે વસ્તુ વિચારી, બીજા જાણ લબાસી રે;
...તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતવાસી રે. શ્રી શ્રેયાંસ૦ ૬.

સ્તવના ૧૨ મી.—રાગ ગોડી તથા પરજિયો.

તુંગિયાગિરિ શિખર સોહે.—એ દેશી.

વાસુપૂજ્ય જિન ત્રિભુવન સ્વામી, ઘનનામી પરનામી રે;
નિરાકાર સાકાર સચેતન, કરમ કરમ ફલ કામી રે. વાસુપૂજ્ય૦ ૧.
નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદ ગ્રાહક સાકારો રે;
દર્શન જ્ઞાન દુભેદ ચેતના, વસ્તુ ગ્રહણ વ્યાપારો રે. વાસુપૂજ્ય૦ ૨.
કર્ત્તા પરિણામી પરિણામો, કર્મ જે જીવે કરિયે રે;
એક અનેક રૂપ નય વાદે, નિયતે નર અનુસરિયે રે. વાસુપૂજ્ય૦ ૩.
દુઃખ સુખ રૂપ કરમ ફલ જાણો, નિશ્ચય એક આનંદો રે;
ચેતનતા પરિણામ ન ચૂકે, ચેતન કહે જિન ચંદો રે. વાસુપૂજ્ય૦ ૪.
પરિણામી ચેતન પરિણામો, જ્ઞાન કરમ ફલ ભાવી રે;
જ્ઞાન કરમ ફલ ચેતન કહિયે, લેજો તેહ મનાવી રે. વાસુપૂજ્ય૦ ૫.
આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતિ સંગી રે. વાસુપૂજ્ય૦ ૬.

સ્તવના ૧૩ મી.—રાગ મલ્હાર.

ઇડર આંબા આંબલી રે.—એ દેશી.

દુઃખ દોહગ દુરે ટલ્યાં રે, સુખ સંપદ શું ભેટ;
આનંદઘન પ્રભુ ઇતની વિનતી, આ ભવપાર ઉતારા. રિખભ૦ ૪.

પદરત્ન ૧૦૨ મું. રાગ—કાફી.

એ જિનકે પાય લાગરે, તુને કહીયે કેતો; એ જિનકે૦ એ આંકણી.
આઠોઇ જામ ફિરે મદમાતો, મોહનિંદરીયાસું જાગ રે. તુને૦ ૧.
પ્રભુજી પ્રીતમ વિન નહી કોઇ પ્રીતમ, પ્રભુજીની પૂજા ઘણી માગ રે; તુને૦ ૨.
ભવકા ફેરા વારી કરો જિનચંદા, આનંદઘન પાય લાગ રે. તુને૦ ૩.

પદરત્ન ૧૦૩ મું. રાગ—કેરબો.

પ્રભુ ભજ લે મેરા દીલ રાજી રે. પ્રભુ૦ એ આંકણી.
આઠ પોહોરકી ચોશઠ ઘડીયાં, દો ઘડીયાં જિન સાજી રે. પ્રભુ૦ ૧.
દાન પુણ્ય કછુ ધર્મ કર લે, મોહ માયાકૂ ત્યાજી રે; પ્રભુ૦ ૨.
આનંદઘન કહે સમજ સમજ લે, આખર ખોવેગા બાજી રે. પ્રભુ૦ ૩.

પદરત્ન ૧૦૪ મું રાગ—આશાવરી.

હઠિલી આંખ્યાં ટેક ન મેટે, ફિર ફિર દેખણ જાઉં; હઠિલી૦ આંકણી.
છયલ છબીલી પ્રિય છબિ, નિરખિત તૃપતિ ન હોઇ;
નટ કરિંડક હટકૂ કબી, દેત નગોરી રોઇ. હઠિલી૦ ૧.

માંગર જ્યોં ટમાંક નહીં, પાપ સબહિ ધાર;
લાજ ડાંગ મનમેં નહીં, કાને પછેરા ડાર. હઠિલી૦ ૨.
અટક તનક નહી કાહુકા, હટક ન ઇક તિલ કોર;
હાથી આપ મતે અરે, પાવે ન મહાવત જોર. હઠિલી૦ ૩.
સુન અનુભવ પ્રીતમ બિના, પ્રાણ જાત ઇહ ઠાંહિ;
હે જન આતુર ચાતુરી, ઉર આનંદઘન નાંહિ. હઠિલી૦ ૪.

પદરત્ન ૧૦૫ મું. રાગ-આશાવરી.

અવધૂ વૈરાગ બેટા જાયા, વાને ખોજ કુટુંબ સબ ખાયા; અવધૂ૦
જેણે મમતા માયા ખાઇ, સુખ દુઃખ દોનોં ભાઇ;
કામ ક્રોધ દોનોકું ખાઇ, ખાઇ તૃષ્ણા બાઇ. અવધૂ૦ ૧.
દુર્મતિ દાદી મત્સર દાદા, મુખ દેખતહી મુઆ;
મંગલરૂપી બધાઇ વાંચી, એ જબ બેટા હુવા. અવધૂ૦ ૨.
પુણ્ય પાપ પાડોશી ખાયે, માન કામ દોઉ મામા;
મોહ નગરકા રાજા ખાયા, પીછેહી પ્રેમ તે ગામા. અવધૂ૦ ૩.
ભાવ નામ ધર્યો બેટાકો, મહિમા વરણ્યો ન જાઇ;
આનંદઘન પ્રભુ ભાવ પ્રગટ કરો, ઘટ ઘટ રહ્યો સમાઇ. અવધૂ૦ ૪.

પદરત્ન ૧૦૬ મું. રાગ-નટ.

કિનગુન ભયો રે ઉદાસી, ભમરા; કિન૦
પંખ તેરી કારી મુખ તેરા પીરા, સબ ફુલનકો વાસી; ભમરા. કિન૦ ૧.
સબ કલિયનકો રસ તુમ લીનો, સો ક્યું જાય નિરાશી; ભમરા. કિન૦ ૨.
આનંદઘન પ્રભુ તુમારે મિલનકું, જાય કરવત લ્યું કાશી; ભમરા. કિન૦ ૩.

પદરત્ન ૧૦૭ મું. રાગ-વસંત.

તુમ જ્ઞાન વિભો ફૂલી બસંત, મન મધુકરહી સુખસોં રસંત; તુમ૦ ૧.
દિન બડે ભયે બૈરાગભાવ, મિથ્યામતિ રજનીકો ઘટાવ. તુમ૦ ૨.
બહુ ફૂલી ફૂલી સુરુચિ વેલ, જ્ઞાતાજન સમતા સંગકેલ; તુમ૦ ૩.
ઘાનત બાની પિક મધુરરૂપ, સુર નર પશુ આનંદઘન સરૂપ. તુમ૦ ૪.

પદરત્નાવલિ સંપૂર્ણ.

પંડિત શ્રી નેમવિજયજી.

પંડિત શ્રી નેમવિજયજી વિ૦ સં૦ ૧૭૦૦ માં તપગચ્છને વિષે થયા છે.
આ સમયે ગચ્છપતિ શ્રી વિજયસેનસૂરિ હતા.

શીલવતી રાસ.

ખંડ ૧ લો.

દોહરા.

ઓંકાર અક્ષર અધિક, જપતાં પાતિક જંત;
એથી અધિકો કો નહિ, શિવપદ આપે સંત. ૧.
અધ્યાપક આઠે પ્રહર, આપે આળસ છંડ;
જ્યોતિરૂપ જગદીશ જે, મા'લે સમતા સંત. ૨.
ઇચ્છા રાખે અતિ ઘણી, લય આણે ગુણલીણ;
અંતરધર અગુરૂગુરૂ, છયલે કીધાં છીણ. ૩.
પાતિકહરય પય કમળ, વિમળ કમળાવંશ;
અવિનાશી અલવેસરૂ, પ્રણમીજે પરશંસ. ૪.
સુખદાયક વર સરસ્વતી, દાયક સમકિતવાન;
તત્વાતત્વ વિચારણા, અક્ષર આપે જ્ઞાન. ૫.
કહે કવિજન સદગુરૂતણા, ચરણકમળ નમી વાય;
સાન્નિધ્યકારી શિવપૂરા, માગી તાસ પસાય. ૬.
શીલ સમો સંસારમાં, શિખર ન કોઇ થોક;
શીલવંત સતિયોતણા, (તે) સુંદર કથા શલોક. ૭.
શિયલવતી મોટી સતી, સહુ સતિયાં સિરદાર;
રાખે અવસર શીલને, તે પામે ભવપાર. ૮.

ઢાળ ૧ લી.

(દેશી બિંદલીની.)

શીલ સંસારે સાર, સહી ભાખ્યો શ્રી કિરતાર હો ભાવે ભવિ સુણો;
ચોવીશે જિનરાજ, લીલા શીલતણી વડેલાજ હો ભાવે ભવિ સુણો. ૧.

જ્યાને જંગમ તરુનિ, ભવિ મંજુ સમ ગમતી હો ભવિ સુણો;
સદ તે શીલને પ્રભુએ, સકલ વિદાસ્યો તસ જનમે હો ભાવે ભવિ સુણો. ૨.
દાન અંતરાયને બાંધે, ભોગવિલાસી શિવ સાધે હો ભવિ સુણો;
મુક્તિ મારગ છે શીલ, સદી રાખે ભવદધિ કીલ હો ભાવે ભવિ સુણો. ૩.
સ્ફટિક જે આકાર, જાણો તેહનો હારબુદાર હો ભવિ સુણો;
ગિરિ ભમંદર વાસ, હરેમ્યર્ષ અને વળી ખાંસ હો ભાવે ભવિ સુણો. ૪.
હરિ સોહ ને ૯૮, શીલ રાખે ભવઅથાંઈ હો ભવિ સુણો;
શીલભાગી નર ને નારી, જિન ભાખે મત સંસારી હો ભાવે ભવિ સુણો. ૫.
કમળા વિમળા ગેહે, તસ નાદ બોલાવે નેહે હો ભવિ સુણો;
હરિ કરી અજ્જને જાણ્યો, વ્યાલ દાદુરને છે સગાયો હો ભાવે ભવિ સુણો. ૬.
વૈરી અર્યંક તીહ, વહે શીલતણી જે લીહ હો ભવિ સુણો;
સાચો શીલ સનાથ, અવસાને આપે જે હાથ હો ભાવે ભવિ સુણો. ૭.
શીલ સમો ન સખાઇ, જે નિશ્ચય શિવને મિલાઇ હો ભવિ સુણો;
શીલતણી સસનેહ, સરસ કથા ગુણગેહ હો ભાવે ભવિ સુણો. ૮.
ચરિત્ર કથા એ વાર, તમે સાંભળો શુભમતિ ચાર હો ભવિ સુણો;
જંબૂ બદુલો માન, એ તો વરતુલ થાળ સમાન હો ભાવે ભવિ સુણો. ૯.
જાણવિ દક્ષિણ દિશમેં, અછે ભરતક્ષેત્ર તેની વિચમેં; હો ભવિ૦
પાંચસેં જોજન તેહ, છવિસ ખટ કળાને સેહ. હો ભાવે૦ ૧૦.
દેશ સહસ્ર બત્રીસ, ખટ ખંડના વીશવાવીશ; હો ભવિ૦
વૈતાઢ્ય જે ગિરિવર રૂડો, નદિ ભરત વિચાલે કૂડો. હો ભાવે૦ ૧૧.
ખંડ ત્રણ તેણે કીધા, જિન આગમમેં પ્રસિદ્ધા; હો ભવિ૦
દક્ષણ દેશ જે તીન, આરય તિણમેં પ્રવીણ. હો ભાવે૦ ૧૨.
મગધાદિક પચવીશ, આધા આરય કેકય કહીશ; હો ભવિ૦
શ્રાવક ને વળી શ્રાવિકા, વસે ભવિ બહુ પેર બાલિકા. હો ભાવે૦ ૧૩.
અંગ દેશ દક્ષિણ ખંડ, વાસો કાળ તણો નવ મંડ; હો ભવિ૦
ઇલતિ નાહીં છે જ્યાંથી, ભાગી જડતામતિ જે ત્યાંથી. હો ભાવે૦ ૧૪.
દુઃખિયા લોક ન હોય, જે આગલાં પુણ્યે કરી હોય; હો ભવિ૦
ત્યાંકિણ છે ચંપા નગરી, તે ભાગ્યભંડારે છે અગરી. હો ભાવે૦ ૧૫.
ગઢ મઢ પોળ પગાર, શોભા પ્રવરી ઘણું મનોહાર; હો ભવિ૦

સુરરાણી જે પ્રવરી, માનું આવી વશો જ્યહાં અમરી. હો ભાવે૦ ૧૬
છએ ઋતુઓ જેથી વિરાજે, શોભા અધિક જ્યહાં છાજે; હો ભવિ૦
નેમ કહે પહેલી ઢાળે, શ્રોતા સુણજો રંગ રસાળે. હો ભાવે ભવિ૦ ૧૭

દોહરા.

અંગ દેશ ચંપાપુરી, દીપે જેહ કૈલાસ;
સુંદર શોભા શોભતી, સ્વર્ગ લોક સમ ભાસ. ૧.
વાડી વન આરામના, ઠામ અનુપમ અપાર;
નંદન વનના સારખો, ઉત્તમ રમણ અપાર. ૨.
વાડી મહેલે મહીપતિ, નૃપતણાં મંડાણ;
લખતાં એ લેખું નહિ, કેતાં કરૂં વખાણ. ૩.
ઇંદ્ર સમાન જે ભૂપતિ, રહિયા જેથી હાર,
સિંહસેન ત્યહાં ભૂપતિ, ન્યાયી છે નિરધાર. ૪.
સૌભાગ્ય સુંદરી તેહને, નારીગણગુણવંત;
પટરાણી પ્રેમે ભરી, જેથી પિયુ હુલસંત. ૫.

ઢાળ ૨ જી.

[illegible]

ભામની કથને ભૂપતિ, તેડાવીયા મંત્રીશ લાલ રે;
રાજતણી ચિંતા ધરો, બોલે એમ અવનીશ લાલ રે. ભૂપતિ૦ ૭.
મંત્રી કહે સુણો માહરી, મહીપતિ મનની વાત લાલ રે;
કુળદેવી આરાધશો, તો લહેશો સહી જાત લાલ રે. ભૂપતિ૦ ૮.
દેવી તણી ગતિ કો લહે, દેવ કરે હાણુ માંહિ લાલ રે;
દેવથકી છાનું નહિ, જોતાં આવે મનમાંહિ લાલ રે. ભૂપતિ૦ ૯.
દેવશક્તિ બહુલી અછે, દેવ કરે રંક મેર લાલ રે;
છત્ર કરે જંખતણો, તેમાં ફાર ન ફેર લાલ રે. ભૂપતિ૦ ૧૦.
અપુત્ર ભણી દિયે પુત્રને, નિરધનિયાને ધન હોય લાલ રે;
તે માટે જી ધરાધણી, એહ ઉપાય કરોય લાલ રે. ભૂપતિ૦ ૧૧.
સા મેરી મતિ નિર્મળી, રાય કહે સમઝાય લાલ રે;
નેમ કહે સુણજો તમે, આગે જે હવે થાય લાલ રે. ભૂપતિ૦ ૧૨.

દોહરા.

સુર સન્નિધિયે હુવે, આપણા મનની હામ;
મહીપતિને મંત્રી ભણે, કીજે એ હિતકામ. ૧.
તમો અઠ્ઠમ તપ આદરી, કુળદેવી સમરંત;
પૂજા પગરણુ પ્રેમશું, પૂછજો પદઅંત. ૨.
શુભ ગત્વા ગૌરીતણુ, મહામાનસી નામ;
ત્રીજે દિન વિલોચના, ઉભી રહી શુભ ઠામ. ૩.
ગજેંદ્રગમની ગગનથી, બોલે મધુરી વાણુ;
તુઠી હું રાજા તને, માગો કરૂં પ્રમાણ. ૪.
રાય કહે માતા તમો, દીજે પુત્રરતન;
મનવાંછિત એ માહરો, સાંભળ માત વચન. ૫.

ઢાળ ૩ જી.

(દેવતણી રિદ્ધિ ભોગવી આવ્યો;—એ દેશી.)

દેવી કહે સુણ સિંહ નરેશ્વર, વાત કહું એક સાચી;
તુજ કરમે નથી નંદન નીકો, કરણી કરમતી કાચી. નરે૦ ૧.
નરેશ્વર, હઠ એ મ ધરીન શોક;
કીધાં કર્મ તે કેણ ન મટે, સીંચ્યાં પુરવ થોક. નરે૦ ૨.

શુભ અશુભ જે કરમ સંયોગે, ફળ ભોગવિયે તેવાં;
ઉદયથકી દુઃખ આણો કહેણો, સતા બંધ છે જેવા. નરે૦ ૩.
પ્રેમે કરતો પાછું ન જોયે, હોયે ઉપરનો દુઃખિયો;
છપી રહે ફળ જ્યાં લગી તેહજ, ત્યાં લગી તે રહે સુખિયે. નરે૦ ૪.
કર્મ વિહોણું કેમ દેવાયે, દેવ મળે જો ક્રોડ;
નિકાચિત છે જે બંધન વર્યાં, માંડે કુણ તસ હોડ. નરે૦ ૫.
હરિ હર બ્રહ્મા ચક્રી તીર્થંકરા, બીજા પણ નરદેવ;
સુખ દુઃખ આપણે કર્મે પામે, વારી ન શકે કો દેવ. નરે૦ ૬.
લખિયું કર્મ છે જીવની સાથે, હોવે કર્મ તે હાથે;
તે કારણ કહું સાંભળ તુજને, નંદન કર્મની સાથે. નરે૦ ૭.
રાય કહે સુણી સુરની વાણી, કર્મ માંહિ જો હતો;
તો આરાધનનો કામ તમારો, અમારડે કોઈ ન હતો. નરે૦ ૮.
કર્મ હીનને દેવે દેવે, દેવ શક્તિની ખાણી;
કર જોડીને હું તમ ભાખું, કેમે કહો હવે વાણી. નરે૦ ૯.
દોહિલી વેળા સાજન સાચા, આપણે અર્થે આવે;
હેતે હશાને કીજે તેને, નકારો નવ લાવે. નરે૦ ૧૦.
હું સેવક છું રાઉલો સાચો, પૂજા કરું પૂજારો;
તમે કુળદેવી કુળને વધારો, વાંછિત મનનાં સુધારો. નરે૦ ૧૧.
પૂજાકારી આગળ તહારો, વેગેશુ બતલાવો;
કોણ માનશે માતા તમને, શીતલ બોલ સુણાવો. નરે૦ ૧૨.
તુજ કરમે નથી નંદન રાજા, પુત્રી હશે સહી એક;
સતી શિરોમણિ [illegible] રંગીલી, વિદ્યા વિનય વિવેક. નરે૦ ૧૩.
કામસુગારી મૂરતી મીઠી, દીઠી દિલથી ન જાય;
ભાગ્યતણું તે ભાજન હોશે, લક્ષણ બત્રીશ સોહાય. નરે૦ ૧૪.
દેવી વચને હરખ્યો હિયડે, દિલમાંહી સુખ પાયો;
નેમવિજય કહે [illegible] સુરજી, રાય મનોરથ [illegible] નરે૦ ૧૫.

દોહરા.

દેવ [illegible] રાજા નમ્યો, માતા [illegible] નામ;
[illegible] દેવી [illegible], [illegible] ગગને ઠામ. ૧.
દેવ પ્રસાદે [illegible], [illegible] (તિણી) રાત.

શમણે દીઠી લક્ષ્મીને, પોહી પૂરણ પ્યાત. ૨.
પ્રસવી પૂરણ માસ જે, જન્મમાં લક્ષ્મી જોડ;
ભાનુપ્રભા સમ જોહમાં, રેખ ન દીસે ખોડ. ૩.
દિન દિન સંપની પુત્રિકા, ઉત્સવ કરે અપાર;
ઘર ઘર તોરણ બારણે, માદલના દોંકાર. ૪.
ગાવે ગોરી ગીતને, છંદ કવિત કરે ભાટ;
બંદીજન મૂક્યા પરા, બંદીખાના ઘાટ. ૫.

ઢાળ ૪ થી.

(ચરણાલી ચામુંડા રણ ચઢે;—એ દેશી.)

શીલવતી ગુણ આગળી, વાધતી બાળ કુમારી રે;
લઘુવેશે મન મોહતી, પ્રેમદા પુણ્ય ભંડારી રે. શીળ૦ ૧.
મનમાન્યા બોલે બોલડા, રાજી રાય કરંત રે;
કામલતા માનું મોહની, હૃદય કમળ ઉલસંત રે. શીળ૦ ૨.
લીલા નાની લાડકી, સાત વરસની બાળ રે;
પ્રેમે કરી તાતે તદા, લેઇ થાપી નિશાળ રે. શીળ૦ ૩.
પંડિત પાસે પદ્મની, ભણતી તજીને આળ રે;
આવે વરણ ઉતાવળા, રસનાએ સુકુમાળ રે. શીળ૦ ૪.
ગણિત છંદ વ્યાકરણ વળી, જાણે અર્થ વિખ્યાત રે;
વાણીની વાણી કહે, સાંભળી સહુ હરખાત રે. શીળ૦ ૫.
હરિયાળી હરખે ભણે, ગૂઢ ગાથાને એમ રે;
શ્લોક કાવ્ય મનશું ભલાં, ગીતક સઘળાં તેમ રે. શીળ૦ ૬.
ગુણ ચરણ જેવી શારદા, માનું મન્મથ વેલ રે;
સકળ શાસ્ત્ર પોતે ભણી, રામા છે રંગેલ રે. શીળ૦ ૭.
ભાષા ખટ જાણે વળી, જાણે નાટક ભેદ રે;
ભણે ભણાવે હિત કરી, કોવિદ ન આણે ખેદ રે. શીળ૦ ૮.
જીવવિચાર નવ તત્વને, ભણતી કર્મક ગ્રંથ રે;
પ્રકૃતિ લહે સર્વ કર્મની, ધર્મતણો લહે પંથ રે. શીળ૦ ૯.
સાધુ સદા દિલ ધારતી, વારતી મોહ મિથ્યાત રે;

છએ વાડે કરી શીળને, સીંચે ધનક્ષેત્ર સાત રે. શીળ૦ ૧૦.
સમકિત ધારિણી શ્રાવિકા, માને શ્રીજિનદેવ રે;
ધરમતરૂ ફૂલી રહ્યો, સુર સારે બહુ સેવ રે. શીળ૦ ૧૧.
દેવ ગુરૂ જિન ધર્મથી, દઢ ધારી છે જેહ રે;
ચૂકે નહિ દેવે કરી, વાધતો સમકિત ત્રેહ રે. શીળ૦ ૧૨.
આવશ્યક દોય ટંકનાં, કરતી સાધવી સંગ રે.
પરવે પોસહ આદરી, પોશે પુણ્ય જે અંગ રે. શીળ૦ ૧૩.
નવ પદ અરિહંત નામની, જપમાળાએ જાપ રે;
જિન પૂજે ત્રણ કાળને, ધરતી વારતી પાપ રે. શીળ૦ ૧૪.
ગીત ગાયે જિન નામનાં, નિગમતી વર દીહ રે;
પરઉપકારે આગવી, સત્ય ભાખે નિજ જીહ રે. શીળ૦ ૧૫.
અસ્થિરપણું સંસારનું, જાણે સહુ મન માંહ રે;
કરતી ધરમ દયા કરી, આપણ ચિત્ત ઉચ્છાહ રે. શીળ૦ ૧૬.
ચોથી ઢાળ સોહામણી, સુણજો મન તણે રંગ રે;
નેમ કહે ગુણ સતીતણા, ઉલટ આણી અંગ રે. શીળ૦ ૧૭.

દોહરા.

વય નાની ગુણ આગળી, પ્રેમસરોવરપાળ;
પેખે રાણી અંગજા, માને જનમ ખુશાલ. ૧.
હૈયું હર્યું હરિણાક્ષિએ, ચિત્ત હર્યું સુગુણેણ;
તન ધન માન્યું વારણે, પૂરવ પુણ્ય ભરેણ. ૨.
અનુક્રમે પામી સુતા, ગરવો યૌવન વેષ;
અનંગતણા અનુચર જિકે, કીધા તિણે પ્રવેશ. ૩.

ઢાળ ૫ મી.

(સખીરી, ડુંગરિયા હરિયા હુઆ—એ દેશી)

સખીરી, એણે અવસર, અન્યદા સમે—અન્યદા સમે,
આવિયો યૌવન વેશ, કામી મન મોહના;
સખીરી. રૂપ હીન જે માનવી—માનવી,
આપે રૂપ વિશેષ, કામી મન મોહના. ૧

સખીરી, રૂપ લાવણ્ય ગુણ ચાતુરી–ચાતુરી,
અંગે અતિ ઘણી હોઇ, કામી મન મોહના;
સખીરી, નારી વહે હંસગતિ તદા–હંસગતિ તદા,
અંગના શોભતી સોઇ, કામી મન મોહના. ૨.
સખીરી, શીળવતી સખિયો તણો–સખિયો તણો,
સાથે લેઇ પરિવાર, કામી મન મોહના;
સખીરી, વન જોવાને નીસરી—નીસરી,
માનું રંભાની હાર, કામી મન મોહના. ૩.
સખીરી, ખેલે હસતી ખાંત શું—ખાંત શું,
કૂદી દિયે મન રંગ, કામી મન મોહના;
સખીરી, ગાવે ગીત આલાપમાં—આલાપમાં,
સરખે સરખો સંગ, કામી મન મોહના. ૪.
સખીરી, ફરતા ખટપદ ખેલતા—ખેલતા,
અંગે કરે જે ગુંજાર, કામી મન મોહના;
સખીરી, વન માંહી માનું અપછરી—અપછરી,
તાંડવ કરે ઝણકાર, કામી મન મોહના. ૫.
સખીરી, મોહ્યા માનવ છપી રહ્યા—છપી રહ્યા,
નિરખે નાગના ભૂપ, કામી મન મોહના;
સખીરી, જોવે દેવ આકાશથી—આકાશથી,
રંભાથી અધિકું રૂપ, કામી મન મોહના. ૬.
સખીરી, ચિત્રામણ જેમ પૂતળી, પૂતળી,
તેમ લોભાણા દેવ, કામી મન મોહના;
સખીરી, આશંકા અતિ આતુર થયા–આતુર થયા,
થંભ્યા નારીની ટેવ, કામી મન મોહના. ૭.
સખીરી, રમત કરે રંગે ત્યહાં—રંગે ત્યહાં,
આવે નિજ ઘર માંહ, કામી મન મોહના;
સખીરી, અહર્નિશ રંગ રમે રતે—રંગ રતે,
ધરતી હઈડે ઉમાહ, કામી મન મોહના. ૮.
શીલવતી સુંદરીતણી, જન્મપત્રી લઈ આપ;

વાંચે વસુધાધિપતિ ત્યાં, સ્થિર મન કરિને થાપ. ૯.
કેંદ્રાદિક જે ગ્રહતણા, ભાવે જોવે ભાવ,
જન્મ ભાવ હોય કુંડલી, નિરખે તાસ સહાવ. ૧૦.
દેશ દેશના ભૂપતિ——નંદનકેરાં રુપ;
જન્માક્ષર જોઈ કરી, દેખે અંગ પતિ ભૂપ. ૧૧.
રૂપ લાવણ્ય ગુણચાતુરી, અધિક ન દીસે કોય;
મેદિનીપતિ મનમાં થઇ, વરવી ચિંતા સોય. ૧૨.
વૃથા ભુંગળાં એ કશાં, કાગળ મસિના લેખ;
એકે અર્થ ન સંપજ્યો, રાય કહે બહુ દેખ. ૧૩.

ઢાળ ૬ ઠ્ઠી.

(પ્રણમી સદ્ગુરૂ પાય—એ દેશી.)

મંત્રીને મહરાજ, બેઠા હો એક મતો કરી હો;
પુત્રીતણો ભરતાર, જોવો હો હવે દિલથી ધરી હો. ૧.
લખિયું જે કિરતાર, પાછું નહિ ફરે કેહથી હો;
સગપણ છે અવતાર, સુખ વાંછે જે જેહથી હો. ૨.
જો એવો સરદાર, વર વારૂ મહિ મંડળે હો;
કહિયે તમ નિરધાર, વાત વિચારોહો કરતલે હો. ૩.
લખિયો જેહ કપાળ, વર પામે તશો કામની હો;
તેમાં મીન ન મેખ, પુણ્યે પામે ભલો ભામની હો. ૪.
એવે તેણે પ્રસ્તાવ, વિપ્ર આવ્યો કોઈ વિદેશથી હો;
આદરે દીધું માન, બેસણ તેણવિશેષથી હો. ૫.
થઇત થાતે સવિ વાત, ગ્રંથતણું બળે જે કહે હો;
જોવે જ્યોતિષ જોર, ગ્રંથતણી જે આજ્ઞા વહે હો. ૬.
ભૂપ કહે શિર નામી, જ્ઞાની ગણક તમે આવિયા હો;
ટાળો મનતણો શોક, વાત કહો દિલ ભાવિયા હો. ૭.
રાખો હો અમ મામ, સ્વામીહો સામું જોઇએ હો;
ફૂળફુલની બહુ ભેટ, પુત્રી વર વારૂ દાખિયે હો. ૮.
જોવે નિમિત્ત તેણી વાર, લગ્ન ગ્રહી ગ્રહ માંડીને હો;

ઉપરિ પૂગી ઠવેય, ખોડ ભણી સહુ છાંડીને જી. ૯.
સાંભળો શ્રી મહારાય, કન્યા વર ભલો પામશે જી;
ગ્રહશે એનો હાથ, તેને જગ શોભા નામશે જી. ૧૦.
પણ છે તેથી વિયોગે, વરસ સુણો સહી બારનો જી;
નહિ છે તેમાં સંદેહ, ઉપક્રમ નહિ એ વિચારનો જી. ૧૧.
હોશે કેમ વિયોગ, ભાખો ને જ્ઞાની ગુણે ભર્યા જી;
નહિ છે જ્યોતિષ જોર, જાણે કે વળી ભગવર્યા જી. ૧૨.
ગુણવંત કુળ શણગાર, (તમ) પુત્રી બહુ પુણ્યે ભરી જી;
નેમ કહે છઠ્ઠી ઢાળ, કહેજો ઢળકતો સ્વર કરી જી. ૧૩.

દોહરા.

ચંદ્રગુપ્ત નરવર ભલો, હોશે નંદનો નાહ;
અધિકું કાંઇ જાણું નહિ, કહિશું ધરી ઉત્સાહ. ૧.
ઉદરે પુત્રી તમતણી, જણશે પુત્ર રતન;
કેતી કીજે વર્ણના, કરજો તાસ જતન. ૨.
અષ્ટગ્ર વર ભૂપતિ, રત્ન ગુપ્ત તસ નામ;
(એમ) ગયો વિપ્ર તે બોલીને, વાંછિત લેઈ દામ. ૩.
ચટપટ લાગી ચિત્તમાં, નિંદ ન આવે રાત;
મંત્રીને મહીપતિ કહે, શોધ કરો તમે તાત. ૪.
સુમતિ કહે (તમે) સાચું કહ્યું, માંડવિયો મહારાજ;
દાણ લિયે બહુલો સદા, કરે અન્યાયનું કાજ. ૫.
તે કારણ પરદેશના, આવે નહિ વ્યાપાર;
વ્યવસાયી બહુ વાણિયા, મુક્યા ગયા અપાર. ૬.
દૂર અને પામે નહિ, ધન પટણ, ધનધામ;
દેશ દેશના આવિયા, જાય ઘણા તે ગામ. ૭.
માંડવિયો ઉઠાડીને સુપે મુકવું દાણ;
નીક વહે જેમ નીરની, તેમ આવે સુવિજ્ઞાણ. ૮.

ઢાળ ૭ મી.

(સોહાગણ અધા લીંબુ, રેશમની હે—એ દેશી.)

માંડવિયા રાજ ગોહરી, મહારાજ હે,

તુજને કહું એક વાત કે, શ્રી મહારાજા હે;
આવે લોક વિદેશના, મહારાજા હે,
દૂર તણી લેઈ વાત કે, શ્રી મહારાજા હે. ૧,
માંડવિયા તે માનવી, મહારાજા હે,
તેડીને આવજો આંહિ કે, શ્રી મહારાજા હે;
માંડવિયા એમ શીખવી, મહારાજા હે,
બોલી કીધો પસાય કે, શ્રી મહારાજા હે, ૨,
આવે સંગીત દેશના, મહારાજા હે,
કરતા કેઈ વિલાસ કે, શ્રી મહારાજા હે,
એમ કરતાં ત્યાં વોલિયા, મહારાજા હે,
રાય ભણી ખટમાસ કે, શ્રી મહારાજા હે. ૩.
દેશ કર્ણાટ ને કાન્હડો, મહારાજા હે,
વણિક તણી વહે વાટ કે, શ્રી મહારાજા હે;
એવે તિલંગના વાણિયા, મહારાજા હે,
આવ્યા માણસ થાટ કે, શ્રી મહારાજા હે. ૪.
માંડવિયે બોલાવિયા, મહારાજા હે,
દેઈ આદર માન કે, શ્રી મહારાજા હે;
કુણ પુર નગરી દેશના, મહારાજા હે,
નામ કહો શુભ સ્થાન કે, શ્રી મહારાજા હે. ૫.
સ્વસ્થ થઈ સાજન તિહાં, મહારાજા હે,
બોલે મીઠી વાણ કે, શ્રી મહારાજા હે;
દેશ તિલંગ તિલકાપુરી, મહારાજા હે,
ત્યાં સિંહરથ ભૂપ સુજાણ કે, શ્રી મહારાજા હે. ૬.
રાય અમારો તે સહી, મહારાજા હે.
તે નગરી અમ વાસ કે, શ્રી મહારાજા હે;
સાયર બંદર નામ છે, મહારાજા હે,
આવ્યા છું ધન આશ કે શ્રી મહારાજા હે. ૭.
સાથે [illegible] તેહને, મહારાજા હે,
આવે નરપતિ પાસ કે, શ્રી મહારાજા હે;

આદર દીધો અતિ ઘણો, મહારાજા હે,
ખાંત કરીને ખાસ કે, શ્રી મહારાજા હે. ૮.
ભૂપતિ પૂછે ભાવશું, મહારાજા હે,
કહોને રહો કુણ દેશ કે, શ્રી મહારાજા હે;
તિલંગ દેશ તિલકપુરી મહારાજા હે,
[ત્યાં] કાળતણો નહિ લેશ કે, શ્રી મહારાજા હે. ૯.
શ્રી સિંહરથ રાજા ત્યહાં ભલો, મહારાજા હે,
રત્નાવલિ પટનાર કે, શ્રી મહારાજા હે;
દીસે સુંદર શોભતી, મહારાજા હે,
રતિ આણે અવતાર કે, શ્રી મહારાજા હે. ૧૦.
કૂખ સરોવર હંસલો, મહારાજા હે,
પુત્ર અનોપમ એક કે, શ્રી મહારાજા હે;
અજ વશ હું દોસુતણો; મહારાજા હે,
વરિયો વિનય વિવેક કે, શ્રી મહારાજા હે. ૧૧.
રતિરમણુના સારખો, મહારાજા હે,
સાચો કામ કુમેર કે, શ્રી મહારાજા હે;
(જે) બુદ્ધિએ સુરગુરૂ સમો, મહારાજા હે,
કીધા વૈરી જેર કે, શ્રી મહારાજા હે. ૧૨.
વિમળ કમળ દો લોચનાં, મહારાજા હે,
સાચો જગમાં સિંહ કે, શ્રી મહારાજા હે;
તિલક એક ત્રિભુવન તણો, મહારાજા હે,
વાણી જગમાં લીહ કે, શ્રી મહારાજા હે. ૧૩.
અવર કહું શું નરપતિ ! મહારાજા હે,
મૂર્ત્તિ મોહનગાર કે, શ્રી મહારાજા હે;
નેમ કહે વ્યવહારિયા, મહારાજા હે,
કરે સાતમી ઢાલે વિચાર કે, શ્રી મહારાજા હે. ૧૪.

દોહરા.

આખ્યો પહેલાં મુનિવરે, ચરમ શરીરી એહ;
નિપુણ કળા વ્યાપી ભલી, પુણ્યતણી જે રેહ. ૧.

[illegible] [illegible], [illegible] [illegible] મુજરો૦ ૫.
આવે [illegible] સુંદરી, [illegible] [illegible];
[illegible] [illegible] [illegible]. મુજરો૦ ૬.
[illegible] કહે [illegible] [illegible] [illegible];
[illegible] કરી હાલિયા, [illegible] દેખીને [illegible]. મુજરો૦ ૭.
[illegible] કુંભ ન્યાય [illegible] [illegible] [illegible];
[illegible] [illegible] [illegible], [illegible] [illegible]. મુજરો૦ ૮.
[illegible] હાથી [illegible], [illegible] [illegible];
હરિ કરી સોધી [illegible], [illegible] [illegible]. મુજરો૦ ૯.
મન્નેરાર કુશ જિદ્દનું, [illegible] [illegible] ભાન;
મદિનામાં જે માનવી, દેખી નયનમાં ભમાન. મુજરો૦ ૧૦.
પંચ દેસ હાર્યાને તે ક્યાં, ગિરિવર [illegible] તેહ;
તે પ્રેમે કંચન કુંભ ન્યાય, હાથી હોપલા ગેહ. મુજરો૦ ૧૧.
તીર્થ પ્રમુખ જે પાવરી; ભારણ કેડે માર;
પણ કુંભ હાથી તે વર્યું, ગયી હરી ગ્રહી પાર. મુજરો૦ ૧૨.
કોકિલ કંઠની ઉપમા, મધુરી બોલે વાણુ;
મોળા માનવી મદિનાણુ, કેટલાં કહીએ વખાણુ. મુજરો૦ ૧૩.
દાભી દાપર જે નરા, ઉપમા એની તડાક;
નકવેસર મોતી હસાં, હોયાં ન્યાળી ઝલક. મુજરો૦ ૧૪.
નાસા ફિરની ચાંચડી, અધર તે જાણે પ્રવાળ;
રવિ શશિ માનુ એ દો ખડા, કપોલ જ્યાસ રસાળ. મુજરો૦ ૧૫.
આંખ્યો ખંજન ખાખડી, કુંતાં હારીને એહ,
વર્તુલિમ મનમથ ચઢી, સુધનયની મુખગેહ. મુજરો૦ ૧૬.
મૃગ પણ હારીને વન ગયા, લાગ્યા લાજની રેખ,
પદ્મ આગે જસ ફિરતી, રાખે જેને દેખ. મુજરો૦ ૧૭.
અષ્ટમી શશિ સમ ભાળની, તેની કેવી રે હોડ;
ઇંદુ હારીને નમે ગયા, આણી અંગમાં ખોડ. મુજરો૦ ૧૮.
ચંદ્રમુખી એવા નામથી, દિન દિન દીણી કળાય;
તે દિનથી હીણો થયો, રાખી કળાને છપાય. મુજરો૦ ૧૯.

ચિત ચમકયો હઇડે ઘણો, વિરહો થયો અત્યંત;
ભૂપ ભણી મંત્રી હવે, લગ્નતણો કરે તંત. ૮.
ચૈતરની સિત પંચમી, લગ્નતણું મંડાણ;
શ્રીફળ દીધું રાયને, મંત્રી કીધ પ્રયાણ. ૯.

ઢાળ ૯ મી.

(નદી યમુનાકે તીર ઉડે દોય પંખિયાં—એ દેશી.)

સુણ વ્યવહારી વાત, કહું સાચી સહી,
વિરહ વ્યથા વિપરીત, જાય તે કયમ સહી;
જે વશિયા મન માંહી, વીસર્યાં ન વીસરે,
કાળજા કેરી કોર, કહો કિમ નીસરે. ૧.
મન રહિયું ત્યહાં જાઇ, ભ્રમર જ્યમ કેતકી,
ગુણગ્રાહક છઉં એહ, કહાંથી એ વકી;
વળગ્યાં જે દળ આય કે, અળગાં ક્યમ રહે ?
આ મન વચન ને કાય કે, તેણે પૂંઠે ભમે. ૨.
જેણે એ મુજ પ્રાણ, હાથે સોંપી દિયો,
સાંભળતાં તતખેવ, હારી દલ એ લિયો;
તે વિણુ કહો કેમ જાય કે, દિન વળી રાતડી,
ઉદક ન ભાવે અન્ન, ગમે નહિ વાતડી. ૩.
તન મન કરું કુરબાન કે, જો મુજને મળે,
આપું માટિ સવાય. પસાય કરી ભલે;
કહિયે કેને વાત, લગ્નણ લાજની,
તું મુજ બાંધવ જાત, સખા એ શયનની. ૪.
વણિક કહે મહારાજ, અછે જે સુંદરી,
રૂપ તનુ ઉપમાન, કહું ક્યાં અપચ્છરી;
હારી ઇંદ્રાણી તેહ, છપી રહી કિન્નરી,
અવર એ લક્ષ્મી જાણ, એણે યુગ અવતરી. ૫.
કહિયે કેતું એહ, નેહ ગુણાલંકરી,
તે નરનું બહુ ભાગ્ય કે, જેણે એ વરી;

સાંભળી કુંવરે વેણ, જોવા ઉજમ થયો,
કાયા પેહેલો જીવ, જાણે મળવા ગયો. ૬.
સુની થઇ તસ દેહ કે, મન વિના માનવી,
લય લાગી ઘણું જોર, જે લલના અભિનવી;
ફટ ફટ પાપી હૈડા, ન ફાટયું એણે સમે,
વાલાતણા વિજોગ, હજી એ તું કાં ખમે. ૭.
જોયો સકળ સંસાર, લાગે જવ પ્રીતડી,
હોયે એહ હવાલ કે, માનવ રીતડી;
દીઠા વિણ દિલ માંહે, ઝૂરે દિન રાતડી,
ક્ષણ ક્ષણ સાંભરે તેહ, ન જાય એકે ઘડી. ૮.
જાણે છોરૂં માત, વેદન વ્યાયાતણી,
વાંઝણી જાણે ન કોઇ, શિશુ પ્રસવ્યાતણી;
વરવો વિષય વિકાર કે, દુષ્ટ લાગે છકા,
જાણે નિજ દિલ દાહ, લખે કેવલી તિકા. ૯.
પાપી એહજ પ્રાણ, કેમ નવ નીસરે,
રામા રહી જે દુર કે, અતિ નવી સરસરે;
દૈવ દિયે જો પંખ, અંખ પલકે મળું,
રાચું માચું તેહ, ત્યહાંથી ન નીકળું. ૧૦.
કુંવર તમે ભાગ્યવાન, થાઓ કયમ આકળા,
લીધું લગન સમીપ, તે વરજો નિર્મળા;
એટલે સિંહરથ તેહ કે, સેનાને સજ કરી,
સાથે લઇ પરિવાર, કુંવરને અનુસરી. ૧૧.
ગજરથ ઘોડા ઘાટ, જે વાટે વહે ઘણા,
ભલભલા સુભટ સુજાણ, સાથે લઇ આપણા;
કિશોર પદ પડતાળ, ધરા પણ ધડહડે,
ગાજે ઉદધિ જેમ, ગિરિ તેમ આથડે. ૧૨.
નાલીતણા ધડડાટ કે, ગગન ગાજે ઇસા,
ચણુણુણુ ચણુણુણુ તાર તે, ચણુણે ત્યહાં તિસા;
ગાજે ગંભિર નિઃસાણ કે, દુંદુભિ દશ દિશે,

કાયર કંપે પ્રાણ, શુર મન ઉલ્લસે. ૧૩.
ચંદ્રગુપતે એમ, પ્રયાણ કીધા ભલા,
સેના તણો નહિ પાર, ઉદાર તે નિર્મળો;
આવે કેઇ અન્ય, ભૂપતિ લેઇ ભેટણાં,
કુંવર કરે અંગીકાર, સેવક જન તે તણાં. ૧૪.
આવ્યો અરધે પંથ, કુંવર આશા ફળી,
સાથે લીધા તેહ, વ્યાપારી મન રળી;
નેમવિજય કહે એમ, આગે બહુ વારતા,
સાંભળતાં ખુશાલ, શ્રોતા દિલ ઠારતા. ૧૫.

દોહરા.

એક દિન સરવર તીરથે, સેના લે વિશ્રામ;
વાર દેખી વાટિકા, કુંવર કહે તવ આમ. ૧.
વ્યવહારી તે તેડીને, બેસાડ્યા શુભ ઠાણ;
તમે મિત્ર તમે બંધવા, કહિયે કરો પ્રમાણ. ૨.
કોઇક પુણ્યના યોગથી, જો તે દેખું નેણ;
સફળ કરૂં સંસારડો, સુખિયા થઇએ સેણ. ૩.
વ્યવહારી કહે સાંભળી; ધરો ભાટનો વેષ;
કેડ કટારી પામરી, કરી પોટલીઓ પ્રેમ. ૪.
તે નિસુણીને હરખિયો, ચંદ્રગુપ્ત તે વાર;
મંત્રી ત્યહાં બોલાવીને, ભાખ્યો ઇસ્યો વિચાર. ૫.
મત કોઇ કેને કહો, ગોપી રાખજો વાત;
અમો જાશું સહી આગળે, કામ અછે સુવિખ્યાત. ૬.
મેળા હોશે તે (જો) પુરે, તમ અમ નિશ્ચય એમ;
વ્યવહારિને સાંભળી, સાથે ચલિયા પ્રેમ. ૭.

ઢાળ ૧૦ મી.

(સુણ બહેની પિઉડો પરદેશી—એ દેશી.)

અથ અનુક્રમે કુંવર વડો, બે સાથે તે વણિકને લેવે રે;
તીને તાગ પંથને જોવે, જોતજોત અચરજ હોવે રે. ૧.

સાંભળો બંધવ વાત સનેહી, એની પ્રીતિ હશે કેહી રે;
વેહેલો જઇને વદન વિલોકું, દુર્લભ મુજને નેહી રે. સાંભળો૰ ૨.
કાપ્યો પંથ બહુ પહોચ્યા વેહેલા, જાણે હુતા પેહેલા રે;
માળીને ઘરે દીધલા ડેરા, જાણી ગૃહ ભલેરા રે. સાંભળો૰ ૩.
ભાટ જાણીને ભક્તિ કરે એ, દીનાર કુંવર લઇ દેવે રે;
હેજે હસીને માળી લેવે, દામ થકી વશ હોવે રે. સાંભળો૰ ૪.
કુણ પુર માળીને બોલે એમ, નામ કહો ધરી પ્રેમ રે;
ભૂપતિ કુણ છે એણે પુરે પ્રેમ, નંદન નંદની તેમ રે. સાંભળો૰ ૫.
કહી સુણાવી વાત રસાળી, શિયલવતી તસ બાળી રે;
પામી યૌવન પ્રેમ, પ્રતાલી, રહિયા સુર સહુ ભાળી રે. સાંભળો૰ ૬.
ચંદ્રગુપ્તશુ વિહીવા મેળ્યો, રમણી રમણ એ ખેલ્યો રે,
સરખા સરખી જોડી પ્રભુ એ, ખોડ ભણી અવહેલ્યો રે. સાંભળો૰ ૭.
ક્રીડા કારણ દિન દિન કુંવરી, સાથે બહુ પરિવાર રે;
ખેલે અશોક વાડી તે ખાંતે, રમતી બાળકુમાર રે. સાંભળો૰ ૮.
સાંભળી કુંવરને ઉજમ વાધ્યો, મનમથ બાણલે સાધ્યો રે;
સુંદર પેહેરી ભૂષણ સારાં, નારીતણો પદ લીધો રે. સાંભળો૰ ૯.
વાડી માંહી ઉતારા કીધા, મનમથ ડેરા દીધા રે;
છાના રહ્યા તે નવ થયા સીધા, માને રાજ્ય મેં લીધા રે. સાંભળો૰ ૧૦.
અવસર કુંવરી તે મદમાતી, આવી બહુલ સંઘાતી રે;
રંગે રમતી રાતી માતી, દેખી નવ રહે છાતી રે. સાંભળો૰ ૧૧.
વાતો કરવા એકઠી બેઠી, કુંવરે નયણ તે દીઠી રે;
વ્યાપારીએ જેવી વખાણી, તેવી લાગી તે મીઠી રે. સાંભળો૰ ૧૨.
એક કહે આહ એ વર રૂડો, જાણે અમૃત કુંપો રે;
ભાગ્યવંત તું એવો પામીશ, સોભાગી વર સુચંગો રે. સાંભળો૰ ૧૩.
એક કહે વર ભૂમિ ભલેરા, દીઠા મેં જ ઘણેરા રે;
એક કહે શું મોહન મોમાય, સુણો લંપટ પટેરા રે. સાંભળો૰ ૧૪.
એક કહે મેં સાંભળ્યો ઉત્તમ, નિરૂપમ ઉપમા કેહી રે;
ચાંદ ભણે વામાંગના એનો, ધન્ય દેખે તસ દેહી રે. સાંભળો૰ ૧૫.

કોઇ વખાણે કુવખાણે કોઇ, આપણા મુખને મરડે રે;
વૈર વસાવ્યું એહ આગલે, કુંવર દાસનને કરડે રે. સાંભળો૦ ૧૧

દોહરા.

શીલવતી બોલે નહિ, સખીઓ કરતી કેલિ;
એક એક ને ઓથવે, બોલે મનશું મેળી. ૧.
માંહોમાંહ ખુશાલ તે, હોવે બાળા સોય;
પરની મીઠી વાતડી, કરતાં બહુ સુખ હોય. ૨.
(યતઃ) ભૂમિભોજન ને પર ઘર, પરનારી પરવાસ;
નવા સ્નેહ ગૂઢાવલી, લોક પર નિંદા આશ. ૩.
એક કહે દૂરે વસે, મળશે કયી પેર તેહ;
સો કોસે હોય ચાટડી, છાંડી દેજો એહ. ૪.
એક કહે નવ બોલીએ, દૂરે સુસંગી જેહ;
જે આવી લઇંઠે પરથા, નવલો ધરિયે નેહ. ૫.
નેહ વિના સંગે રહે, તેહ વિદેશી જાણ;
મનમાં આવી જે મળ્યા, સોંપે તન મન પ્રાણ. ૬.
સહિએ ! શીલવતી કહે, એવો મ કરો રોષ;
જે લખિયો આ ભાળમાં, પામી ન દીજે દોષ. ૭.

ઢાળ ૧૧ મી.

(નીંદરડી વેરણ હુઇ રહી—એ દેશી.)

વાતલડીએ વેર વસાવિયું, મનમાંહી હો વાધ્યો બહુ દ્વેષ કે;
તાતાં લોચન તવ કર્યાં, હુઆં વિષ ભર્યાં હો હુઆં રગતની રેખ કે. વાત૦ ૧.
એક વાતે સુખ ઉપજે એક વાતથી હો હોવે ઉતપાત કે;
અગ ઠરે એક વાતથી, એક વાતથી હો પાતિક ઘણઘાત કે. વાત૦ ૨.
બેહુની પ્રીત જે મનતણી, તાણ માંહી હો થાયા તસ નાસ કે.
નાંહા નયનથી નેહલો, હુંતા પહેલા હો પેખને જુવિલાસ કે. વાત૦ ૩.
નિર્મળો નીર ખૂટે વહી, વળી અતિ ઘણું હો બાંટ બામ નેહ કે;
બહુ હાસીનું બોલવું, નિબહુ નિંદા હોવે દરમ ભેદ કે. વાત૦ ૪.

રાતે સોચને રાજવી, કરે કાઢી હો શુંપેરે કરવાત કે;
પગ ઉઠાની તેહ બાળી, ત્યાહાં બેઠી હો, રાજાની બાલ કે. વાત૦ ૫.
રે રે કુકુળની ઉપની, તુજ સાંભર્યો હો, બીજો પર જેહ કે;
હોવે ન સિંહબાળ જંબુક, મુજ છતાં હો, કેમ પામીશ તેહ કે. વાત૦ ૬.
કર અહિયો વ્યવહારીએ, કેમ ભૂલો હો ભૂપતિ તમે આજ કે;
કાજ વિચારી કીજીએ, કેમ પામીએ હો, એમ કરતાં લાજ કે. વાત૦ ૭.
સંગ કિસો હતાં તમતણો, પર જાઇ હો, કુંઆરી આર કે;
પરણ્યા વિના બળ કોઇ નહિ, નરપતિજી હો, એમ ભાખે સંસાર કે. વાત૦ ૮.
ધ્યાન કરો તમે માનશું, બળ રાખો હો, પ્રભુ એવું પાય કે;
પરઘરતી પર રાજવી, કેમ કીજે હો, એવી જે બલાય કે. વાત૦ ૯.
એવે ગજ પરે ગડગડ્યા, ઢોલ ઝાંગી હો ગરવાં નિઃસાણ કે;
ધરા પણ ધડહડે ધડક શું, સેના આની હો, એવે સહી નાણ કે. વાત૦ ૧૦.
કર ગ્રહી તેહ કુમારશું, લેઇ ચાલ્યા હો, સેનાતણે સંગ કે;
ક્રોધે અનલ દવ પૂરિયો, ચિત્ત ભરિયો હો, ભૂપજતણે અંગ કે. વાત૦ ૧૧.
પાછો વળવા પ્રેમશું, ભાવ જાણિયો હો, વાણિજ વિચાર કે;
સુવચનશું સમજાવિયો, નવ કીજે હો એવો નિરધાર કે. વાત૦ ૧૨.
ના કહે નૃપ અંગજ તદા, પાણિગ્રહણનો હો મેં લીધો નેમ કે;
મંત્રી સાજન આવિયા, મળી ભાખે હો, સહુએ મળી એમ કે. વાત૦ ૧૩.
વિષ પીજે સહી ઘોળીને, નવ કીજે હો, અણ મળતો સંગ કે;
બાકુળ તરુની ઉપમા, સહી જાણજો હો, તમે મહા ભાગ કે. વાત૦ ૧૪.
એકતણા મનમાં નહિ, એક રાખે હો, બાહુલો મન રાગ કે;
દુઃખદાયક આગે હુવે, પ્રેમ વિણ જે હો, હાયે કારક ભાગ્ય કે. વાત૦ ૧૫.
મિત્ર મળી એમ ભાખિયું, તસ આખિયું હો, સાચો છે એહ કે;
લાજ રહે કેમ છાંડતાં, નવ શોભિયે હો. કહિયે નિઃસંદેહ કે. વાત૦ ૧૬.
અતિ આગ્રહ કર્યો આકરો, તવ પાધરો હો, બોલ્યો મુખ વાત કે;
નેમ કહે ભવિ આગળે. તમે સાંભળો હો, શ્રોતા અવદાત કે. વાત૦ ૧૭.

દોહરા.

કુંવર કહે સુણજો તમે, એવું પરમ વચન;
એ નારી પરણું નહિ, જ્યાં લગી કુશળ તન. ૧.

જે વાતે દુઃખ ઉપજે, લોક કરે તમ હાસ;
કીજે કામ ન એ કદા, કરતાં હોય વિનાશ. ૨.
સિંહરથ રાજાતણું, કુલ લાજે સહિ એમ;
આવ્યા શું તમે જાણીને, એમ કરો પ્રભુ કેમ! ૩.
તું નવ મળિયો તેહને, ક્યાંથી જાગ્યું વેર;
પરણ્યા પછી જેમ પૂંરવે, તે કરજો તમે પેર. ૪.
બહુલા બોલ બોલાવિને, મન આણ્યું તસ ઠામ;
નહીં વરો કેમ કુંવરીને, લાજતણું એ કામ. ૫.

ઢાળ ૧૨ મી.

(શિયાળો ભલે આવિયો—એ દેશી.)

મન ગ્રહ્યાં માનવી તણાં, કુણ સાંધે હે, સખી સાંધણહાર કે;
કેણે તે કાંઈ આસે નહિ, મત આણો હે, જો ડાલા સોનાર. ૧.
હુઆં હરખ વધામણાં, સોહામણી હે, સેના ઉછરંગ કે;
સાજન સહુ સુખ પામિયા, મોહોમાંહે હે, સંતોષ અભંગ. હુઆં૦ ૨.
શીલવતીને સખી કહે, તુજ પ્રીતમ હે, રીસાણો જોર કે;
પાણિગ્રહણ માને નહિ, થઇ એંહા હે, ચિંતડું કરી ઓર. હુઆં૦ ૩.
આણદીઠાં કેમ ઉપન્યું, પરવડ્યું હે, ભવિ ભાવિત વેર કે;
લેહેર હઇ કૃત કર્મની, નિજ મર્મની હે, નિસુણો હવે પેર. હુઆં૦ ૪.
પ્રીતમ જે નવ પેખિયા, નવ નિરખ્યા હે, જેણે નિજ નાર કે;
દુહવણ પામે ઇલાપતિ, હઠ આણો હે, તાણ્યો એ કિરતાર. હુઆં૦ ૫.
તો હું કેમ જઇ વીનવું, કેમ રાખું હે, પિઉડાને થોભાય કે;
નજરે આવે જો નાહલો, વાહલા ભણી હે, હું લોભે લોભાય. હુઆં૦ ૬.
વાહલા વસે જે વેગળા, તસ અતિ ભલા હે, કેમ ગોલ કહાય કે;
જો મુજને પિઉ છાંડશે, મુજ નેહરો હે, ક્યહાં એ મન જાય. હુઆં૦ ૭.
બોલી કહે બેહેની સુણો, તુજ વળિયો હે, સખિ દિવસ એ આજ કે;
હા વળી તુજ વલ્લભ, સહિ થાશે હે, મનવાંછિત કાજ. હુઆં૦ ૮.
તારે પિતાએ મનાવિયે., ગુણ વચને હે, નયને ધરી નેહ કે:
શીલવતી હરખી ઘણું, તન આપણે હે, સુખ પામી દેહ. હુઆં૦ ૯

નારી વચને તેહને, હૈડે વાધ્યો રોષ. ૬.
મહિપતિના મંદીર થકી, પહોત્યો દુજે ઠામ;
શીલવતી દિલ વાતડી, રાખી આવે ધામ. ૭.
મંત્રીને કુંવર કહે, ચાલોજી હવે વેગ;
માગો મહિપતિ આગન્યા, સાહુ સમીપે તેગ. ૮.
શીખામણ દીધી ભલી, પુત્રીને નિજ માય;
પ્રિય મન ચાલે સાસરે, સુજશ વરે તે હાય. ૯.

ઢાળ ૧૩ મી.

(મનમોહન, મનમોહન પાવન દેહડી છ—એ દેશી.)

નિજમાતના, નિજમાતના ચરણ કમળ નમી છ,
તેમ તાતના, તેમ તાતના પ્રણમી પાય હો;
મન વા'લી તન વા'લી શીલવતી કહે છ.
નયણે તે નયણે તે આંસુ આણીને છ,
ગુણવંતી ગુણવંતી ગુણ સમન્વય હો. મન૦ ૧.
માતાજી માતાજી બે કર જોડીને છ,
વિનવીએ વિનવીએ વિનતિ એહ હો;
વિછડિયાં વિછડિયાં વા'લાં દોહિલાં છ,
મળવાનો મળવાનો સાંસો તેહ હો. મન૦ ૨.
જે તનમાં જે તનમાં મનમાં નેહલો છ,
તે છાંડી તે છાંડી આપે છેહ હો;
પરદેશી પરદેશી જે હોય પ્રાહુણા છ,
પણ જાની મન આણી રાખશો નેહ હો. મન૦ ૩.
મન ઓછા મન ઓછા જે હોય માનવી છ,
નટકીને નટકીને ... મીન હો.
નવ નાખે નવ નાખે અન અહવો છ,
દિલ છાંડી દિલ છાંડી ... ગીત હો. મન૦ ૪.
આંગણ ... આંગણ ... આગ્રુધકી પણી છ,
માતાસી ... સાતાની અધિક ... હો.

તેથી છું તેથી છું દૂર દેશાંતરે જી,
ફરી પાછી નહિ આછી આવણ ખાંતિ હો. મન૦ ૫.

નારી તન નારી તન પિઉને આશરે જી,
બીજે પણ બીજે પણ માત આધાર હો;
અબળાને અબળાને પ્રિય પખ દોઇ છે જી,
નહિ ત્રીજે નહિ ત્રીજે કોઇ સંસાર હો. મન૦ ૬.

તે કારણ તે કારણ હું તમને કહું જી,
તમે કરજો તમે કરજો સાર સંભાળ હો;
મુજ આપો મુજ આપો માતા! આગન્યા જી,
સાસરડે સાસરડે જાતાં ખુશાલ હો. મન૦ ૭.

તવ નયણે તવ નયણે બહુ જળ રેડતી જી,
નંદનીને નંદનીને કહે એવી વાણ હો;
ઘણું પ્યારી ઘણું પ્યારી પ્રાણથકી સુતા જી,
તુંહી તનમાં તુંહી તનમાં અમૃત ખાણ હો. મન૦ ૮.

જનસ્થિતિએ જન સ્થિત એવી સંસારમાં જી,
પુત્રીતણો પુત્રીતણો પરઘર વાસ હો;
ઘણું દુખિયાં ઘણું દુખિયાં વિછડતાં હુએ જી,
વળી તનથી વળી તનથી મૂકે નિઃશ્વાસ હો. મન૦ ૯.

સાસરડે સાસરો સાસરિયાંતણી જી,
મતખંડે મતખંડે તેની આણ હો;
પ્રીતમનો પ્રીતમનો વિનય સાચવે જી,
જ્યમ લહિયે જ્યમ લહિયે કોટિ કલ્યાણ હો. મન૦ ૧૦.

શીખામણ શીખામણ દીધી તેહને જી,
સાજનની સાજનની માગી શીખ હો;
શુભ દિવસે શુભ દિવસે બહુ સાધાવિયાં જી,
બોલંતી બોલંતી વાણી ઇખ હો. મન૦ ૧૧.

સાથે તવ સાથે તવ સજ્જન આવિયો જી,
સાજનિયાં સાજનિયાં નયણથી ધાર હો;

બહુ પથે બહુ પથે જોઈ ભોલાવિયાં જી,
વળિયા તે વળિયા તે વર પરિવાર હો. મન૦ ૧૨.

મન ભાવે મન ભાવે જન્મની ભૂમિકા જી,
સહિ હોવે સહિ હોવે દૃઢ મંતંત હો;
પીયરિયાં પીયરિયાં જે નવ જાંત જી,
સાસરિયાં સાસરિયાં છે નવ કંત હો. મન૦ ૧૩.

નિજ સખિયો નિજ સખિયો સાથ ભલાવની જી,
મારગમાં મારગમાં મ્હાલ્યાં ભાવ હો;
અનુક્રમે અનુક્રમે પહોંચ્યા તે પુરે જી,
રાજનગર રાજનગર પ્રેમે ભગાવ હો. મન૦ ૧૪.

નિજનગરે નિજ નગરે રંગ વધામણાં જી,
સિંહરથને સિંહરથને મન બહુ કોડ હો;
ગીત મધુરાં ગીત મધુરાં ગાવે ગોરડી જી,
રાગ સરસે રાગ સરસે હોડાહોડ હો. મન૦ ૧૫.
નર વર નર વર લાવે ભેટને જી,
ઘણું સરસાં ઘણું સરસાં જે હિત આપ હો;
બહુ બોલ્યાં બહુ બોલ્યાં તોરણ મંદિરે જી,
મનમાંહિ મનમાંહિ હરખ સંતાપ હો. મન૦ ૧૬
ગુણ ગાવે ગુણ ગાવે લોક ટોળે મળી જી,
શોભા ભાખે શોભા ભાખે ભાવની રૂપ હો;
હાથ મુખે હાથ મુખે માત મેં ભાખ્યું જી,
તેમ હરખે તેમ હરખે સિંહરથ ભૂપ હો. મન૦ ૧૭.
આદમાન આદમાન [illegible] પધરાવ્યા જી,
[illegible] [illegible] [illegible] [illegible] હો.
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] જી,
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] હો. મન૦ ૧૮.
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] જી,
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] હો.

તેથી છું તેથી છું દૂર દેશાંતરે જી,
ફરી પાછી નહિ આછી આવણ ખાંતિ હો. મન૦ ૫.

નારી તન નારી તન પિઉને આશરે જી,
બીજે પણ બીજે પણ માત આધાર હો;
અબળાને અબળાને પ્રિય પખ દોઇ છે જી,
નહિ ત્રીજે નહિ ત્રીજે કોઇ સંસાર હો. મન૦ ૬.

તે કારણ તે કારણ હું તમને કહું જી,
તમે કરજો તમે કરજો સાર સંભાળ હો;
મુજ આપો મુજ આપો માતા! આગન્યા જી,
સાસરડે સાસરડે જાતાં ખુશાલ હો. મન૦ ૭.

તવ નયણે તવ નયણે બહુ જળ રેડતી જી,
નંદનીને નંદનીને કહે એવી વાણ હો;
ઘણું પ્યારી ઘણું પ્યારી પ્રાણથકી સુતા જી,
તુંહી તનમાં તુંહી તનમાં અમૃત ખાણ હો. મન૦ ૮.

જન સ્થિતિએ જન સ્થિત એવી સંસારમાં જી,
પુત્રીતણો પુત્રીતણો પરઘર વાસ હો;
ઘણું દુખિયાં ઘણું દુખિયાં વિછડતાં દુએ જી,
વળી તનથી વળી તનથી મૂકે નિઃશ્વાસ હો. મન૦ ૯.

સાસરે સાસરે સાસરિયાંતણી જી,
મતખંડે મતખંડે તેની આણ હો;
પ્રીતમનો પ્રીતમનો વિનય સાચવે જી,
જેમ લહિયે જેમ લહિયે કોટિ કલ્યાણ હો. મન૦ ૧૦.

ગામાગમણ ગામાગમણ દીધો તેહને જી,
સાજનનો સાજનનો માગી શીખ હો;
શુભ દિવસે શુભ દિવસે બહુ સાધર્મિયા જી,
આવતા આવતા તાણી હાથ હો. મન૦ ૧૧.

સહુ તવ સહુ તવ સાજન આવિયા જી,
સાજનિયાં સાજનિયાં નવગુણી પાર હો;

ઢાળ ૮ મી.

(કેસરવરણો હો, કાઢી કસુંબો મારા લાલ—એ દેશી)

નજરે નિહાળો હો, બોલ સાંભળો મારા લાલ,
કુમતિ ટાળો હો, વાંકા મહાલો મારા લાલ;
તું ચંદ્રિકાળો હો, હાથે કેમ આવો મારા લાલ,
દૂર નિકાલો હો, વિરહી આવો મારા લાલ. ૧.
શીલવતી સારી હો, મોહનગારી મારા લાલ,
સુકર્મની ક્યારી હો, પ્રેમદુલારી મારા લાલ;
કુસંગે ન્યારી હો, શુદ્ધ વિહારી મારા લાલ,
આપ સવારી હો, શીલે શમારી મારા લાલ. ૨.
તું મુજ વાલો હો, થા ગત કાલો મારા લાલ,
વયે મતવાલો હો, કોઇને પાલો મારા લાલ;
સીધા ચાલો હો, પેર મ ધાલો મારા લાલ,
પ્રેમ નિવાલો હો, ભરિયે પ્યાલો મારા લાલ. ૩.
કિન્નરી નારી હો, અપચ્છરી ભારી મારા લાલ,
દરશી હારી હો. નયણકટારી મારા લાલ.
શ્યામા તારી હો, કામ અટારી મારા લાલ,
નારી મીઠારી હો, દેવ નિવારી મારા લાલ. ૪.
સ્વર્ગથી ઉતરી હો, નારી વિખુરી મારા લાલ,
આણી સુરી હો, અપચ્છર હુરી મારા લાલ;
ભાગ્યે મોરી હો, વસે છોરી મારા લાલ,
લજ્જા મોરી હો. વંછિત પોરી મારા લાલ. ૫.
વેણી કાળી હો, યૌવન બાળી મારા લાલ,
દેહથી સુખાળી હો, નેને નેને બાળી મારા લાલ;
મુક્તિ આવી હો, તો સુરભાળી મારા લાલ,
વિશ્વની જાણી હો, પાપ પખાળી મારા લાલ. ૬.
પુણ્યની પ્રાણી હો, વચને જાણી મારા લાલ,
તાણી આણી હો, ભાગ્યે નાણી મારા લાલ;

એવી વાણી હો, વિષયની માણી મારા લાલ,
નિગુણી સયાણી હો, તે ગુણખાણી મારા લાલ. ૭.
એ સહી ઉણી હો, પાપ વિહુણી મારા લાલ,
કાજ અકુલીણી હો, પ્રેમ વિહુણી મારા લાલ;
કરમે કૂડી હો, પરમ નર સૂડી મારા લાલ,
નરકની કુંડી હો, રોષે ચંડી મારા લાલ. ૮.
મૂકી ટાળી હો, એમ વિચારી મારા લાલ,
કીધી પ્યારી હો, પેહેલા વારી મારા લાલ;
વાત વિચારી હો, સૂધી ધારી મારા લાલ,
મૂઢ ગમારી હો, જે કરે ત્યારી મારા લાલ. ૯.
એમ ન કીજે હો, નેહ વહીજે મારા લાલ,
પ્રેમ પાળીજે હો, હીણ ન થીજે મારા લાલ;
સંત ન ખીજે હો, લાહો લીજે મારા લાલ,
હરીજન છીજે હો, પીયૂષ પીજે મારા લાલ. ૧૦.
ઉત્સાહને પાળે હો, કુપ્રીતિને ટાળે મારા લાલ,
વેણ સંભાળે હો, પંચની સાલે મારા લાલ;
વૈર ન ચાલે હો, વિરહો આલે મારા લાલ,
મધ્યમ કાળે હો, એહવો સાલે મારા લાલ. ૧૧.
ઉત્તમ એહી હો, બહુલ સ્નેહી મારા લાલ,
સુંદર છે જેહી હો, છેહ મ દેઇ મારા લાલ;
હઠમતિ કેહી હો, જાણે તેહી મારા લાલ,
કહિયે કેહી હો, સૈણ સુવેહી મારા લાલ. ૧૨.
દેખીને દાઝે હો, પ્રેમને ભાંજે મારા લાલ,
નીખરદ કાજે હો, શું નવ લાજે મારા લાલ;
મોટી મહીણી હો, પંચ પ્રવીણી મારા લાલ,
મારગ ઝીણી હો, તિણથી ખીણી મારા લાલ. ૧૩.
એહવી વાતે હો, દિન વળી રાતે મારા લાલ,
પાંચને ખાંતે હો, બેશી પાંતે મારા લાલ;

બહૂલી તાતે હો, પશુસેં ભાતે મારા લાલ,
દુર્વચ ધાને હો, તેમને ભાતિ મારા લાલ. ૧૪.
એમ દોષ મિતા હો, પ્રેમ સંજુતા મારા લાલ,
વાતે ખુંતા હો, રાને ન ચુતા મારા લાલ;
નરમ ચમતા હો, કુંવર. તતા મારા લાલ,
નેમ કહે શ્રોતા હો, સુણજો સંતા મારા લાલ. ૧૫.

દોહરા.

આગે હતી તાહરી, પ્રીતડલી [જ] અદોલ;
અંતર એનો કેમ હવો, ચિત્તશું તે ડમડોળ. ૧.
કીજે નહિ કે કોઇથી, પરમારથ જે પ્રીત;
નારી અવગુણ ઓરડી, તોય ન તજે વિનીત. ૨.
કુંવર કહે મેં આ ભવે, છાંડયો એથી નેહ,
જેથી મન માને નહીં, તેને દીજે છેહ. ૩.
શીલવતીને મંદિરે, કુંવર ન આવે આપ;
માતપિતાએ પણ લહ્યો, કુંવરતણો દિલ થાપ. ૪.
ઉદાસી અતિશય થયો, જાવા સહી પરદેશ;
સાંજ સમે સહી માતને, ભુવન કીધ પ્રવેશ. ૫.
નિજ માતા પાયે નમી, ક્રમણ માગે તામ;
માતા (ને) કરે ક્વળ લહ્યો, હરખે જમિયો આમ. ૬.
પગ દાંગે આગુતાણા, શિયલવતી સસનેહ;
દીઠા વાહલા આવતા, ઉલસી આપણી દેહ. ૭.
લલનાએ લજ્જા ધરી, ઊભી આળસ મોડ;
માનત કહે પિઉને કરી, બાળા બે કર જોડ. ૮.
પિઉ વિરહે થઇ વિરહીણી, નયણે નીર ઝરંત;
પિઉ મ છાંડ પ્રમત, અબળા આતુરવંત. ૯.

ઢાળ ૨ જી.

(અમદાવાદન. [illegible] રે. વાલિમ આવંતે રે—એ દેશી.)
વિરહે ઘેલી ગોરી રે, પ્રિયજણી વીનવે રે,
વાઉ એક વિનતી રે, એવી આલવે રે;

પિઉ તું છે પ્રાણાધાર, કહો કાં છોડો નિરધાર
નિરધારી એ નારી રે, અતિ ઘણું આકુળી રે. ૧.
વિમાસી હૃદયે પ્રભુ રે, અવગુણ પામીને રે,
જો જો વિચારી રે, વાહલા અકામને રે;
હાંજી કાંઇ અવગુણ દેખાડો, એમ ઉતાવળે મતિ છાંડો,
છાંડી એમ તે ગોરી રે, જશ કોણે નવ લહ્યો રે. ૨.
મુખશું કેમ બોલું રે, વેદન એહવે રે;
એહ વિજોગની વાત રે, છે જગ જે હવે રે,
હાંજી ગુણવંતા આધાર. હાંજી સૂના મહોલ મોઝાર,
મોટે મહોલે સૂની રે, સેજે કેમ ગમે રે, ૩.
મનના પ્રીતમ પ્યારા રે, કરો કયમ એહવું રે,
હેજે હશીને રે, બોલીએ તેહવું. રે;
મારા સેણ સલૂણા નાહ, યૌવનને લીજે લાહ,
લીલા તેવી તારીરે, નારી તન સુખ લહે રે. ૪.
પાંચની પાંતમાં વાલારે, કરકોલ તેં દિયો રે,
હવે તેહજ જાશે રે, પાછો કેમ લિયો રે;
ભરતાર, ભોળા મ ભૂલ, હાંજી હાંજી કિયાં ઘરનું સૂલ,
મૂળ બિગાડ્યું વાલા રે, કહો કુણ કારણે રે. ૫.
ઉત્તમ માનવ નહિ રે, કદીએ ન પાંતરે રે,
દેઇ કરના કોલ રે, ગુંથા સંચરે રે;
પિઉ તું સાગર ગંભીર, હાંજી મેઘ વાહોલીઆ નીર,
વાહોલીઆની પરે રે, ઓછા નવ થાઇએ રે. ૬.
શિવજી સુવિદ્યા ક્યાંથી રે, હોવે કહો માનવી રે,
વેદના મનની રે, કહો કયમ જે નવિ રે;
હાંજી કોઇક દેશને ભાગ, હૈડામાં શોભાગી રાખ,
કેવું હૈડે રાખ્યું રે, આગે કુણ હોવશી રે. ૭.
નેહનાં જેનાં નેણાં રે, રેખ ન ખામીએ રે,
કેવી કર પ્રતિ રે, પ્રીતડી રાખીએ રે;
એ પ્રીતડી અપાર સ્વરૂપ, એ પ્રીતડી મનુજનું રૂપ,

માનવ મહિયે મોટા રે, પ્રીત ન પાલટે રે. ૮.
મોહન મારા એહ રે. હઠ નવ કીજીએ રે,
તેહી એકાંતે રે, શીખ વારૂ દીજીએ રે;
છાંડીએ પંચમાં ગાળ, હાંજી પ્રીત સરોવર પાળ,
પ્રેમના જળમાં ઝીલો રે, સુધા જળ હેલવ્યું રે, ૯.
પીહરથી પણ ચાલી રે, મન તુમશું વસ્યો રે.
છોડી તે પણ વાલહા રે, જાઓ દુરે વસ્યા રે;
સુણો એમ કહતી ગુણવંત, નારી મનમાં દુઃખ અત્યંત,
દાખી દુઃખની પુરી રે, અવસર ચિંતવી રે. ૧૦.
પાંચને દેખતાં આપી રે, તુજને ભણી વાલહા રે,
દીજે એ કયમ છેહડો રે, નિરૂપમ નાહલા રે;
તમને વિનવું વારંવાર, વિનતિ અવધાર,
અવધારીને પાળો રે, સગપણ મ્હારૂં રે. ૧૧.
એવી કરણી જો જોય રે. ઘર કેમ ચાલશે રે,
વળી બીજી સુંદરી રે, મન્દિરમાં મ્હાલશે રે;
સહી માનની મોટકો મંત્ર, સહી નિવસરસવગુ ચંત્ર,
પંચના ધરના જેવી રે, નારી હાંડી કાનની રે. ૧૨.
શ્રીપાલ સંસારે જાણી રે, કવિ એમ આખિયું રે,
વળી સંસારે મહુ રે, સાચે માખિયું રે;
નારી જો [illegible] વાર, એમ નારીનો અવતાર,
[illegible] વાતો રે, કહો કેમ વીસરે રે. ૧૩.
પિઉડા વહેલા આવે રે, એમ તમ મહિરે રે,
નારી [illegible] આલગવી રે, કરશું સુપરે રે;
મારા [illegible] મનપાળ, મારા [illegible],
[illegible] [illegible] સાકરી રે. ૧૪.
[illegible] એમ ન [illegible] રે [illegible] સાને આવી રે
[illegible] એમ મન [illegible] રે,
[illegible]
[illegible] ૧૫.

ભરતાર ભાવિત ભાવે રે, છેહ નવ દાખવે રે,
અંતે અનુભવ વિપરીત રે, અવગુણ રાખવે રે;
પિઉ કેમ કીજે એહ, જે ટાળવો નયનનો નેહ,
નયન સલૂણી હેજે રે, નારી બહુ નીનવે રે. ૧૬.
વાલમ કહોને બગાડ્યું રે, કામ કહીંએ મુદા રે,
નાથ વિહોણી રે, દુઃખ વહે પ્રેમદા રે;
વિનવિયો એણી પેરે નાર, નેમવિજય ગુણપાર,
બીજા ખંડની બોલી રે, ઢાળ વર દૂસરી રે. ૧૭.

દોહરા.

નારી વચને નરપતિ, ક્રોધ ધરે મન માંહ્ય;
શું સુખ વાંચ્છે જીવમાં, બોલે છે દિલ ચાહ્ય. ૧.
અણબોલાવ્યાં બોલશે, તે તો માણસ ઢોર;
વિશેષે નારીને, મૂકી કરતી સોર. ૨.
વચન લબ્યાં વિષ સારિખાં, જાણી નારી બલાય;
રણક્ષેત્રે સુભટો જસાં, કાયર કુંવર થાય. ૩.
નયણે તે નિરખી નહિ, મીઠા ન બોલ્યો બોલ:
કઠિણ કર્યું કૂળું હિયું, નરપતિ નિગુણ નિટોળ. ૪.
વેગે માતાઘરથકી, વહેલો વળિયો સોય;
દિવસ ગમ્યો મિત્ર વારતા, હરખિત હઇડે હોય. ૫.
શીલવતી મૂકી ત્યહાં, મંદિર માંહ્ય નિરાશ.
પ્રિય ન બોલાવી પ્રેમશું, મૂકે બહુ નિઃશ્વાસ. ૬.
દિન વીત્યે સંધ્યા થઇ, કુંવર થયો સાવધાન;
કાપડી વેષ કર્યો ભલો, બુદ્ધિતણે અનુમાન. ૭.

ઢાળ. ૩ જી.

(મુનિમન પંકજ હંસલો—એ દેશી.)

મિત્રતણે પૂછ્યા વિના, કીધું કુંવરે પ્રયાણ રે;
કાપડી વેષ કાયા જોણે, જાણે નહિ કોઇ જાણ રે. ટેક. ૧
જુઓ જુઓ કરણી પુણ્યની, પુણ્યે ફળ જેહ પાવે રે;

પુણ્યથકી સંકટ ટળે, કમળા ગેહમાં આવે રે. જુઓ० ૨.
જળ થળ જંગલ આકરા, જોતો અટવી ઉદ્દામ રે.
સિંહ વ્યાઘ્ર જે ચીતરા, નિરખે કૌતુક ઠામ રે. જુઓ० ૩.
દેશ વિદેશ ઓલંઘિયા, લંધ્યા દુર્ગ દુરંત રે;
કર્ણાટક દેશ પામિયો, પથી મનડું મોહંત રે. જુઓ० ૪.
સકળ શોભાએ અલંકર્યો, નગર કોટક નામે રે;
સંચર્યો કુંવર તે ભણી, મનમાં આનંદ પામે રે. જુઓ० ૫.
શ્રીપતિ શેઠ તિહાં વસે. ધનવંત છે પુણ્ય પૂરો રે;
મહત્તર મોટો મહાજને, આખે નહીંય અનૂરો રે. જુઓ० ૬.
બેઠો હાટે તેહને, દીઠો પુરૂષ રત્ન રે;
ભાનુસમ તેજે તેહનું, હુઉં હઇડું પ્રસન્ન રે. જુઓ० ૭.
ગ્રાહક આવે ગહગહ્યા, પામે લાભ વ્યાપારી રે;
ક્ષણ માંહે ખટ્ટી વરસની, વણિક મહાવ્યવહારી રે. જુઓ० ૮.
હેતજ વાધ્યું હઇડે ઘણું, નયણે તેમ સનેહ રે;
પાવસ રતે ઘણું મેઘથી, ધરણી ધરે જેમ ગ્રેહ રે. જુઓ० ૯.
હસિત વદન હોંશે કરી, શેઠ બોલાવ્યો કુમાર રે;
કહોજી ક્યાંથી આવિયા, જાશો ક્યાહાં નિરધાર રે. જુઓ० ૧૦.
ક્યહાં વસો કેમ આવિયા, કવી અછે તમ જાત રે;
એકલડા કેમ ઇહાં તમે, કહેજો હઇઆની વાત રે. જુઓ० ૧૧.
હરખે કુંવર એમ કહે, હું પરદેશી રજપૂત રે;
મારગ શ્રીપરમેશનો, સાધવા થયો અવધૂત રે. જુઓ० ૧૨.
લઘુ વેષે લીલા ઘણી, યૌવન વય મન વેશ રે;
કેમ ઉવેખો નેહને, મદનતણો પરવેશ રે. જુઓ० ૧૩.
એણે વેશે યોગ કેમ ધર્યો, મ કરો ભેખ અભ્યાસ રે;
શમ રસ ચિત્તમાં ધરી, વિલસીએ વિવિધ વિલાસ રે. જુઓ० ૧૪.
પૂરતું પેટ છે દોહલું, તો કાજે બીજી શી હુંસ રે;
શેઠને મનમાન્યો ઘણું, પરખ્યો ઉત્તમ પુરૂષ રે. જુઓ० ૧૫.
ત્રીજી કહી અતિ પ્રેમની. બીજા ખંડની ઢાળ રે;
નેમવિજય કહે ભવિજનો. હોશે હવે તે ખુશાલ રે. જુઓ० ૧૬

વાત કહો શત્રુ ચિત્તની, સાંભળિયે હોયે સહી તેમ રે. કહે૦ ૬.
પુરૂષ હોવે ગુણ આગળા, દરિઓ જેમ ગુહિર ગંભીર રે;
થાય કહો કેમ આકળા, છાંડી નિજ જીવની ધીર રે. કહે૦ ૭.
ઉત્તમ લક્ષણ એહવાં, દોષ દીઠે કરે અદીઠ રે;
જે નારી અવગુણ ઓરડી, પણ અવસરે બોલે મીઠરે. કહે૦ ૮.
દેખી દુર્જન કેહથી, આપે જે વિશ્વાઘાત રે;
અબળા બળ ચાલે નહિ, કરતી દુઃખે આંસુપાત રે. કહે૦ ૯.
રમત કરતાં બાળ જે, વઢતાં ચોડે પ્રીત રે;
લણ વળી સાંધે તેહશું, એ તો મધ્યમ કેરી રીત રે. કહે૦ ૧૦.
ઓછી ઓછી તે પાયને, છટકા ન દેખાડે છેહ રે;
ઉત્તમ કહિયે એણી પેરે, અવગુણની ગ્રહી રેહ રે. કહે૦ ૧૧.
એક પખી સુણી વાતને, ગુપ્તે મનમાંહિ રોષ રે;
અબળા કરે કહો શું ત્યહાં? આણે ઘણો તન શોષ રે. કહે૦ ૧૨.
અબળાનું કહેણ ચાલે નહિ, સુરતી દિન વળી રાત રે;
સહાયકારી હોવે નહિ, વાંછે જે સજ્જન વાત રે. કહે૦ ૧૩.
નાસે ગ્રહી જેમ છછુંદરી, મૂકે તો હોવે અંધ રે;
ખાતાં મરણપણું લહે, ભદુ કાળતણો મન ધંધ રે. કહે૦ ૧૪.
સાસરે પીયર પાય છે, દુસ્મન હોય પખ્યાં દોય રે;
મનની હામ મનમાં રહે, તસ દુઃખ સુણે નહિ કોય રે. કહે૦ ૧૫.
દેવી થયો પિઉ જાણીને, દેવી ને સકળ સંભાર રે;
જેમ બાળકની માતા મરે, સર્વે અવર ન હોય આધાર રે. કહે૦ ૧૬.
પિઉ અપમાન [illegible] સુનો [illegible] રે
ભુવન વિવિધ [illegible] દિસથી માને [illegible] રે. કહે૦ ૧૭.
[illegible] તો ને નિપુણ [illegible] રે
અવગુણ [illegible] કરી [illegible] રે. કહે૦ ૧૮.
[illegible] તેહના [illegible] રે,
[illegible] રે. કહે૦ ૧૯.
[illegible] પણ એમ [illegible] રે,

અકારજ એ નવ કીજિયે, પ્રેમદાશું જે પરપંચ રે. કહે૦ ૨૦.
વચન સુણી કુંવરીતણાં, તેહ પાણી ઝરિયાં નયણ રે;
નીચી નજરે નિહાળતો, હું બહુ પાપી અજાણ રે. કહે૦ ૨૧.
પ્રીતિ વધી મનશું ઘણી, બોલે એમ ગદ્ગદ વેણ રે;
હું અપરાધી જનમનો, કેમ પામીશું એ સેણ રે. કહે૦ ૨૨.
અવગુણ વણ છાંડી સતી, તે તો કેમ છૂટિશ પાપ રે;
મન રહિયું ત્યહાં જાઈને, વાધ્યો વિરહનો વ્યાપ રે. કહે૦ ૨૩.
આવિયો અણજાણતાં, હવે પાછાં કેમ જવાય રે;
લાગ્યું મન ફરી તેહશું, લીધું તે પણ લેવાય રે. કહે૦ ૨૪.
હરખી પ્રીતિમતી મને, લેખંતી તે તણો ભાવ રે;
હરિયો મનમાંહે વર તિકો, કરતી તે નયણે સહાવ રે. કહે૦ ૨૫.
ચોથી ઢાળ સોહામણી, બહુ મનની જે રંગરોળ રે;
નેમવિજય કહે રંગશું, બહુ કરશે ચિત્ત ઝકોળ રે. કહે૦ ૨૬.

દોહરા.

પંખી જેમ પલકે મળું, ભળું હું તેની સાથ;
દૂધ અને સાકર પરે, હરખે મન મેળું હાથ. ૧.
શું પ્રીતિ કરે સ્ત્રી, જોર ન ચાલે કોય;
મળવું છે જગ સોહલું, જો નેહ મનમાં હોય. ૨.
લાવણ્ય લીલાલય કરી, રીઝ્યો છે કુમાર;
[illegible] તેડી કુંવરી, પૂછ્યા સકળ વિચાર. ૩.
[illegible]
[illegible] ૪.
[illegible]
[illegible] ૫.
[illegible]
[illegible] ૬.
[illegible]
[illegible] ૭.

गाथा.*

तिलय पुरंमीनयरे निवसोई तत्थ सिंह रहो राया;
भज्जवर रयणमाला पुत्तो सिरिचंद [गुत्त] कुमरो. ८.
सीलवई तह रमणी, छंडि गयो अन्न देसंमी;
माय ताय कुडुंबेण जाणिया सव्वोंवि विस कन्ना. ९.

ઢાળ ૫ મી.

(ઝાંઝરીઆં મુનિવરની—એ દેશી.)

ભાટ કહે ભાવે સુણો જી, ચંદ્રગુપ્ત અધિકાર;
શીલવતી દુર્ભાગ્યણી જી, મેલી ગયો ભરતાર. ૧.
સોભાગી સુંદર નંદન ગયો તું કેથ;
તું તન જીવન માહરો જી, દીસે ન કેમ તું એથ. સોભાગી૦ ૨.
મેદિની સુની તુજ વિના જી, વિરહો કેમ ખમાય;
કેમ મેલી નિજ માતડી જી, વિરહાનલ બળાય. સોભાગી૦ ૩.
રત્નમાળા ત્યાં આવી ઘણું જી, સું હવે કરે રે પોકાર;
શીલવતી વિષકન્યકા જી, કીધી કર કિરતાર. સોભાગી૦ ૪.
નંદન એક તું માહરો જી, કલ્પતરૂપમ જેહ:
ઉખેડ્યો વિષવલ્લી કારણે જી, દુઃખદાયી સહી એહ. સોભાગી૦ ૫.
હા હા ! વત્સ હું શું કરૂં જી, કાંપી ચાલ્યો તું વેશ;
કો આગળ દુઃખ દાખવું જી, નંદન તાહરી રેશ. સોભાગી૦ ૬.
હા વત્સ ! મોહન મંદિરે જી, સુનું તુજ વિણ ગેહ;
શું કીજે એ સુજનને જી, સુનો તુજ વિણ દેહ. સોભાગી૦ ૭.
કર્મ કઠિણ મે શાં કર્યા જી, આવ્યાં ઉદય જે આજ;
પુત્ર વિછોહો દોહલો જી, વીસાર્યા ધરમનાં કાજ. સોભાગી૦ ૮.

---

* ૮—૯ ગાહા—ગાથા—આર્યા તિલય ૯૦ –
" તિલકપુરી મહિ નગરે, નિવસે ત્યાં સિંહરથ રાય;
ભાયા વર રત્નમાલા, પુત્ર શ્રી ચંદ્ર [ગુપ્ત] કુંવર. ૮.
શીલવતી તસ રમણી, છાંડી ગયો અન્ય દેશમહીં;
માત તાત કુટુંબ જાણી સર્વેપણ વિષકન્યા. ૯.

ભાગ્યહીન જે કામની છ, એવો પુત્ર રહે કેમ ?
દેવદાનવ કેણે અપહર્યો છ, રયણ અંધાર ખસે જેમ; સોભાગી૦ ૯.
દોષી દેવ તે દાખવે છ, મોટા જે મહારાજ,
તોસુ તુજ ચાલ્યું નહિ છ, લોપી મોટી મારી લાજ. સોભાગી૦ ૧૦.
અંધા કર જેમ લાકડી છ, હુતી મોરડે ભાગ્ય;
હું દુર્ભાગણ સરજી કરી છ, શીત ટળી હુઇ આગ. સોભાગી૦ ૧૧.
કરમહીન જે માનવી છ, સુખ ક્યહાં થકી પાય;
સંપદ ઠામે આપદા છ, સુખથી દુઃખ બહુ થાય. સોભાગી૦ ૧૨.
મૂર્છા પામે ક્ષણ ક્ષણે છ, હઈડે દુઃખ ન માય;
સરોવર જળ પાળથી છ, પાળી ફાટીને જાય. સોભાગી૦ ૧૩.
કઠિન હઈડું ફાટે નહિ છ, એક જાણે જિન રાય;
એક મુખે કેમ કહી શકું છ, નયણે નીર ભરાય. સોભાગી૦ ૧૪.
સિંહરથ ભૂપતિ તેમ કરે છ, પુત્રના વિવિધ વિલાપ;
નગર લોક દુખિયા થયું છ, જાણે વેદન આપ. સોભાગી૦ ૧૫.
અંગપતિ સિંહ સુણ્યો છ, જમાઈ કેરો વૃત્તાંત;
વેહુવાઈ દુખિયા થયું છ, જાણે કરમે છે દુર્દાંત. સોભાગી૦ ૧૬.
વાંક લહ્યો તેણે પુત્રનો છ, પતિ ગયો જે પરદેશ,
વિષકન્યા કુળ માહરે છ, તો હું કલંક વહેશ. સોભાગી૦ ૧૭.
મેવા મિઠાઈ સહુ તજ્યા છ, છોડ્યા સરસ આહાર;
ધ્યાન ધરે ચંદ્રશેખરનું છ. બીજું નહિ લગાર. સોભાગી૦ ૧૮.
પુત્ર દીઠે સહુ હરખે છ, કરવા મન તણા ભોગ,
એક મનોરથ રાયનો છ, પામે એવો જોગ. સોભાગી૦ ૧૯.
હું પણ [illegible] અવિચલ છ, [illegible],
શીલવતીને [illegible] છ, [illegible] નારી ને ભૂપ. સોભાગી૦ ૨૦.
ચંદ્રશેખર [illegible] છ, [illegible] મન માંહ,
આંખે આંસુ [illegible] છ, [illegible] દિવસ. સોભાગી૦ ૨૧.
[illegible] છ, [illegible] કેમ કિનાર;
[illegible] છ, [illegible] સોભાગી૦ ૨૨.
[illegible] છ, [illegible] આપણ [illegible];

દહતી સહતી કેમ રહી છ, અમા જે લોક નિરાળ. સોભાગી૦ ૨૩.
વનથી મંદિર આવિયો છ, નેહે બોલાવિયો નાર;
નેમવિજય કહે આમજે છ, બહુલો છે અધિકાર. સોભાગી૦ ૨૪.

દોહરા.

પ્રીતમ આમણ દુમણા, આજ દિસાવ્યા કેણ;
હું જાઉં તમ ભામણે, કરજો કદિયં જોણ. ૧.
કહે કુંવર સુણ કામની, દે મુજને તું આણ;
આગે કામ અછે ઘણું, હોયે જેમ પ્રમાણ. ૨.
નારી કહે અમો આવશું, પ્રીતમ કેરે સંગ;
કુંવર કહે જુગતું નહિ, પંથતણો હોય ભંગ. ૩.
વહેલો આવીશ તુજ કને, ચિંતા મ કરે કોય;
બોલ દીધો ત્યાં આપનો, નારીને સુખ હોય. ૪.
સાર શિખામણ તેહને, દેઇ તેમ કુમાર;
સાંજ સમે તે નીસર્યો, કાપડી વેષ ઉદાર. ૫.

ઢાળ ૬ ઠ્ઠી.

(પિઉ તું મારો સુલતાન રે—એ દેશી.)

છોડી એકલી નારીને ચાલ્યો, ટાળી મનતણો પ્રેમ રે;
દેશ વિદેશ વિલાયત લંઘે, લંઘ્યા દુર્ગમ તેમ રે.
પિઉ ચલિયો છે પરદેશ રે, મુજને છોડી એણે વેશ રે. પિઉ૦ ૧.
સાંભળો ભાવે આગે જે હોવે, પુણ્યતણાં પરાક્રમ રે;
પામે પગ પગ રિદ્ધિ સવાઈ, કીધા અનુત્તર ધર્મ રે. પિઉ૦ ૨.
અનુક્રમે તે પહોત્યા કુંવર, વસંત પુરવર ગામ રે;
ગઢ ગઢ મંદિર શોભિત પોળે, જેનો અતિ અભિરામ રે. પિઉ૦ ૩.
માણસ કો ત્યહાં નયન ન નિરખે, વાડી વન આરામ રે,
સૂનું સર્વ દિસે છે સુંદર, જ્યાં માનવનું નહિ નામ રે. પિઉ૦ ૪.
અચરજ પામીને આવિયો પોળે, દારક દિયે તવ દાર રે;
અસ્થિર થઇ કહે આતુર તેહ, આક્રોશ કરતો અપાર રે. પિઉ૦ ૫.
આવી પછે કુંવર પેખિયા, કહી બીક કુણ ધાડ રે;

યામ છતે દિન દિયે છે કોઈ, પોળતણાં કમાડ રે. પિઉ૦ ૬.
શીઘ્ર આવે કહું વાત વિચારી, થયો વિલંબ તેણે ઠામ રે;
એવે પુરૂષ કો આવ્યો એકલો, તાળું ઉગાડ્યું તેણે તામ રે. પિઉ૦ ૭.
પરગટ ધાડ ન ભીતિ ન કોઈ, ભીતિ ગયો નર એહ રે;
મૂળ થકી કહું માનવી તુજને, કુંવર કહે કહો તેહ રે. પિઉ૦ ૮.
વસુપાળક ઇહાં રાજન રૂડો, વીરમતી તસ નાર રે;
વસુમતી છે નંદની તેહની, યૌવન ગુણ ભંડાર રે. પિઉ૦ ૯.
મતિસાગર હુતો તેહનો મંત્રી, નામ હુતો તેવો પરિણામ રે;
રોગ છતે તસ દેહી વંકી, ઉપજ્યો ઉનવા ઉદ્દામ રે. પિઉ૦ ૧૦.
મરણ લહ્યું તે અંતે પ્રાણી, દિન થયા ખટ તાસ રે;
જળ ન બૂડે અગની ન બાળે, છેદ્યો ન જાએ તાસ રે. પિઉ૦ ૧૧.
કરફડી કરીને પ્રાતઃકાળે, મૂક્યો જઇને મશાણ રે;
પહોર છતે દિન આવે છે ગેહ, ધ્રુજે નગર જન પ્રાણ રે. પિઉ૦ ૧૨.
રાય ઢંઢેરો અહોનિશ દેવે, જો હણે મંત્રીને કોય રે;
તેને આપે છે મંત્રીની પુત્રી, એવું કહે નૃપ સોય રે. પિઉ૦ ૧૩.
મદનમંજરી નંદની નીકી, યૌવન ગાવણું કાય રે;
નારીલક્ષણ છે લલિત તે લલના, દીઠી જ આવે દાય રે. પિઉ૦ ૧૪.
બીડું ઝબીને નર કોઇ આવે, તે સમશાન તેહને ખાય રે;
પોતે બળે નહિ બીજાને બાળે, હવે તે કોઇ ન જાય રે. પિઉ૦ ૧૫.
પ્રાતઃકાળે પૂરવ રીતે, શેઠ તણું એમ ત્યાંય રે;
દક્ષિણ ઉસીસે પલંગ મંત્રી, પેઠ નિત્ય ઘર જાય રે. પિઉ૦ ૧૬.
હરખ્યો કુંવર વાત તેની જાણી, [illegible] હવે પ્રકાશ રે;
નેમવિજય કહે સાંભળો આગે, [illegible] લાગ રે. પિઉ૦ ૧૭.

દોહરા.

[illegible]
[illegible] ૧.
[illegible]
[illegible]

કુંવર તેડાવે દાસ ને, બોલે મધુરી વાણ્ય;
તામ તેણે મંત્રી તણા, કીધું એમ વચન પ્રમાણ. ૩.
તેડી મંત્રી શીલાવતી, પહોતો આપ મસાણ;
નર મૂકી પાછા વળ્યા, પૂછે ન કોના તાણ. ૪.
દિનપતિ ત્યારે આથમ્યો, કુંવર (હવે) ચિંતવે તામ;
ધામ નહિ સુજાણજો, કિંપિ ન સૂઝે કામ. ૫.
ઘોડી બાંધી તરુડાળને, ગાંઠી બાંધી આપ;
તરુ હેઠ બેઠો સુખે, જાપે નવકાર જાપ. ૬.
તામ સલિલ લીધા સહે, અનુ દિશિ નિરખી અંગ;
સાહસિક શિરોમણિ, જોતો બહુ વિધ રંગ. ૭.
ધ્યાન ધરી નવકારનું, સમરે શ્રીજિનદેવ;
ધર્મગુરુ સમરે હિયે, સુખ દુઃખ એહજ ટેવ. ૮.
શીલવતી ગોખે ચઢી, ક્ષણ ન વિસારે તાસ.
જિનમતિ ધારી શ્રાવિકા, જાણે શિવપુર વાસ. ૯.

ઢાળ ૭ મી.

(સીમંધર કરજો મયા—એ દેશી.)

બેઠો કુંવર વડ હેઠળે, જપતો જિનવર જાપ;
તિણ અવસર કૌતુક થયો, તે સુણજો સ્થિર થાપ. ૧.
સુણજો અંગજ હસ્તિના, આણીને ઉપકાર;
ધન્ય જનની જગ તેહની, પુરુષાં શિર શણગાર. સુણજો૦ ૨.
નાની મોટી વનગિરિ, રોવે દીન વચન;
અબળા નારી હું એકલી, વસવું એહવે વન. સુણજો૦ ૩.
ભવી ગયાં પતિ માહરો, ભાગે મુખમાં કંસાર;
દુઃખી આંખી શકું નહિ, કરે પ્રબળ પોકાર. સુણજો૦ ૪.
આશારંભ સંસારમાં, બંધક પાપી રે હોય;
આશા સહિત જે આથમ્યા, લહે નરકને સોય. સુણજો૦ ૫.
કો ક્ષત્રી કુળ સાહસી, કો દુઃખ ભાગે રે મુજ;
માણ્યું વાલેશ્વર મનતણું, એ છે નિજ મન ગૂંઝ. સુણજો૦ ૬.

સાંભળી શબ્દ દયામણો, ઉઠયો તવ તે કુમાર;
આણ દેઇ મંત્રી ભણી, ચાલ્યો સ્વર અનુસાર. સુણજો૦ ૭.
આવયો અતિશે ઉતાવળો, દીઠાં પુરૂષ ને નાર;
બોલ્યો મધુરપણે કરી, મીઠાં વચન ઉદાર. સુણજો૦ ૮.
નારી ભણી નર એમ ભણે, કોણે ચઢાવિયો શૂળી;
વાત કહે ઘરથી તદા, માંડીને ત્યહાં મૂળ. સુણજો૦ ૯.
પિઉ દેશે સીધાવિયો, માગીને મુજ આણ,
કાજ કરીને પાછો વળ્યો, દામનું કરી પરમાણ. સુણજો૦ ૧૦.
મારગે આવતાં તેહને, મળિયા વૈરી ઉદ્દામ;
વિષમ પંથે તે સાહમો, બોલાવ્યો વણ કામ. સુણજો૦ ૧૧.
ગામ આવ્યું જવ એ ભણી, કીધો બહુલો વિલંબ;
રાત પડયે વન આવિયા, તરૂવરને વિલંબ. સુણજો૦ ૧૨.
શુળી ચઢાવિને પાપિયા, પહોત્યા તે નિજ ગામ;
હું આવી નર કહેણથી, દીઠાં કરમનાં કામ. સુણજો૦ ૧૩.
હોંસ થઇ કંસારની, માગે છે વારંવાર;
કરૂણા થઇ તે કુમારને, પભણે તે વારંવાર. સુણજો૦ ૧૪.
સ્કંધ ચઢાવી તે કામની, કરતી તેહ અચંભ;
કાપે કંઠ ને કાળજું, કાપે પદમાંસ થંભ. સુણજો૦ ૧૫.
દેખી કુંવરે તેહવું, નાખી પદભણી સાર;
કટિમેખળ ને કંકણ વળી, નેપુરને ત્યમ ત્યાંહ. સુણજો૦ ૧૬.
ચીરને ચરણિયો કંચવો, લીધાં તાણીને તેણ;
ચોર લુંટે જેમ સાથને, કેડે મૂકયું ન જેણ. સુણજો૦ ૧૭.
નગ્ન થકી નાઠી તિહા, નારી મરૂતપરે જેમ;
દેવ આભૂષણ લેઇને, પહોત્યો તે વડ તેમ. સુણજો૦ ૧૮.
સાતમી ઢાળ સોહામણી, પામ્યો ધન બહુ કોડ;
નેમ કહે ભવિ સાંભળો, કુણ કરે ધર્મની હોડ. સુણજો૦ ૧૦.

દોહરા.

આવ્યો કુંવર ઉતાવળો, આનંદ અંગ ન માય;
તીન વસ્ત્ર તિહુઅણ તિલક, દેખ્યાં આવે દાય. ૧.

એહ નગર નિરખતો, રચના વિવિધ પ્રકાર;
ધન્ય ધન્ય શીલવતી સતી, નામે નાસે પાપ. ૨.
ક્ષણુ ન વિસારે તેહને, ભીમેશ્વર નામ ધ્યાન;
તપ આપ્યો કુંવર તિણે, રાખતો મૈત્ર ગાન. ૩.
પહેરો પહોર વાગ્યો તદા, હવે બોલે અધિકાર;
ગાંભાગને શક ઐક મના, ભ્રમતણો પ્રતીહાર. ૪.
આરક્ષક છે એમના, પુણ્યવંત ગુણવંત;
દેવ સવે કૃતપુણ્યથી, દેવ મળી દૃષ્ટાંત. ૫.

ઢાળ ૮ મી.

(એકવીસાની દેશી.)

ગયો અવસર રે, કીનાશક તહાં આવિયો,
દીઠો કુંવર રે, મનમાંહી બહુ ભાવિયો;
દિશ દક્ષિણ રે, ભાગ્ય કરતો મારગો,
આવે ઉતાવળે રે, પાપનો પંક દુરાતમો. ૧.
દુરાતમા અતિ નિષ્ઠુર આવ્યો, નરકતણાં દળ પૂરતો,
પાપતણાં દળ પ્રગટ પ્રોઢાં, સુકૃત જણ્યાં જે ચૂરતો;
દીઠે દર્શન દુઃખ દરિદ્ર મરણ શંકા ઊપજે,
કીનાશ દેખી કુંવર કોટિ કૌતુક દિલ અતિ નીપજે. ૨.
નખ એવડા રે, જાણે પાવડા લોહના,
કાન પરગટ્યા રે, માનું સુપડાં ઢોરનાં;
આંખ ઊંડી રે, બુરી ગયા ડુંગર દરી,
માથું હળ પેરે રે, કેતી કહું વાત મુખે કરી. ૩.
અનુસરિય પૂઠે પર્વત શૃંગે લક્ષિત નીગી લહલહી,
ઉદર કિંચુ પૂઠ નીચું હાથ તાડ સમા સહી;
તાડ થંભા ચરણ દીસે, ઊંચા અતિ ઉત્તંગ એ,
આવતો તેણે સમય એવો વ્યંતર રૂપ અડિંગ એ. ૪.
દીઠો કુંવરે રે, [તે] નિજ પૂઠ બિહામણો,
આવે ઉલ્લસ્યો રે, જેહ ધરાયે અકારણો;

દેવ દેખી રે, લોક હોંસે દુઃખકારણો,
ગાજે પ્રાસિયો રે, જાણિયો જન કુંજમણો. ૫.
કુંજમણો અતિ ઘન [ને] ચંડ ગુંડ કરી વિકરાળ એ,
[illegible] ચડે ધરણી [illegible] આગળે અંબરાળ એ;
[illegible] ગાજે ગગન ગાજે ગાજે રવિ ગ્રહરાજ એ,
[illegible] [એ] પ્રગટ ચિંતે કુંવર સામો આજ એ. ૬.
[illegible] રે, [illegible] તે નિજ મુખ ઓઢવા,
[illegible] રે [illegible] ગજ મળ્યો તોડવા;
[illegible] રે, કુંવર આગે વહે તદા,
[illegible] રે, ગુફાને અંતર ગ્યો મુદા. ૭.
મુદા એ [illegible] ગુફા અંતર [illegible] ભૂત એ,
[illegible] નીચા દીસંતા અદ્ભુત એ;
[illegible] કુંવર [illegible] સહી,
[illegible] કહે શી વલી? ૮.
[illegible] કુંવર રે [illegible] વાણી [illegible],
[illegible] રે મન [illegible]?
[illegible] રે, [illegible] નહિ,
[illegible] રે [illegible] લહી. ૯.
[illegible] કુંવર [illegible],
[illegible]:
[illegible],
[illegible]? ૧૦.
[illegible] રે, [illegible]
[illegible] રે, [illegible]
[illegible] રે, [illegible],
[illegible] રે [illegible]. ૧૧.
[illegible],
[illegible]
[illegible]

સહુ વાત કહિયે માંહી ઘરથી વાંક નહિ કો આમતણો. ૧૨.
સુણો મોટકો રે, દિવસ અછે સહિ સાંભળો,
મહામાંસનું રે, ભક્ષ કરે તજિ આમળો;
તવ કુંવર રે, આકરા બોલ સુણી તેહના,
ગણી નવપદ રે, કરવાળ ગ્રહી કર જેહના. ૧૩.
જેણીપરે કરવાળ કાઢી, જાણે ત્રિભુવન કંપવા,
વ્યંતર સઘળા માન મેલી, દિનકરની પેરે દીપવા;
નવ પદ તે મહિમા પ્રગળ વ્યંતર બત્રીસિં ભય ભરે,
ભાગે સંકટ વિકટ સઘળાં, વૈરી ભાગ જે જાપ કરે. ૧૪.
લીલા લક્ષ્મી રે, લહિયે નવ પદ ધ્યાનથી,
ટાળે આપદા રે, સંપદા દે બહુ માનથી;
જેણે જપિયા રે, જપમાળા નવકારની,
કહો તેહને રે, ચિંતા કશી સંસારની. ૧૫.
સંસાર માંહી પ્રગટ પ્રાણી પોતે હોય શુભ વાસના,
સ્વર્ગનાં સુખ સહજ કરતળ, અવર શુભ તસ વાસના;
ચોર અરિ વિષ રાજ રોગો પાવક કરિ દધિ ઉપશમે,
પરિવાર પ્રૌઢા પુત્ર બહુલા, દોષ તેના જે દમે. ૧૬.
નવકારથી રે, વ્યંતર સહુ આગે હુઆ,
સેવક પેરે રે, જી જી કરતા આગળ વહ્યા;
મદ્યમાંસનું રે, ભોજન રહિયું વેગળું;
જીવવાતણો રે, સંશય પડ્યો અતિ ભલું. ૧૭.
અતિ ભલી ભાતે તેહજ વાતે વિનવતા તે કુમારને,
દાસ અમું અમ ચરણકેરા, છોરો કરુણા આણીને;
મૂકું નહિ કહે કુંવર તેને, બીહું સહિ કેમ નિર્ગમું?
જો મુજ કેણ કરશો એક વાર તો હોય તમને સહુ સમું. ૧૮.
અતિ ઉત્કટ રે, લંપટ વિકટ લાલચા,
સહુ વ્યંતર રે. જિંતર મટકતા ઉમચા;
પદ પદકની રે, તદનંત પદણીની દુર્ભિક્ષ,
આગે પાછે રે, આવે જાવે સુભિક્ષ. ૧૯.

ખુંભિકા તન ચરણ ચંડા ખંડાધર પેરે ધડધડે,
કુંવર પુણ્યે પ્રગટ પૈઠો, કાય જેની આથડે;
આનન અનળ પ્રબળ પૃથુ તન જ્વાળમાળા સંકુળા,
હુઆ આતુર અતિશે પામર મરણ ભયથી આકુળા. ૨૦
જો જો પુણ્યથી રે, વ્યંતર સર્વે વશ થયા,
એક માનવ રે, છતી કુશળે નવ ગયા;
નાના મોટકા રે, દેવતણાં ત્યહાં અંગ દહે,
કર જોડી રે, દેવ સરવ તે એમ કહે. ૨૧.
એમ કહે વ્યંતર કરૂં જે આજ્ઞા તમ આગે ઉભા થકા,
શ્રીજીન મંદિર અતિ સુંદર પાસે પરિમળ વાટિકા;
ઉત્તંગ મંડિત કળશ ઊંચો મંડપ ચોરાશી ભલા,
નેમવિજય કહે ઢાળ આઠમી, કોસીસાં ગઢ નિર્મળા. ૨૨.

દોહરા.

દેવ કહે મીંચો તમે, આંખ સહી મહારાજ;
ભવન નિપાયું જિનતણું, થાપ્યા શ્રીજિનરાજ. ૧.
આંખ ઉઘાડી નિરખિયું, નિપુણ થયું કહ્યું જેમ;
ધ્વજ ગગનમાં સ્થિર રહી, થાપ્યા શાંતિ પ્રભુ તેમ. ૨.
ભૂષણ વસ્ત્ર જે દેવનાં, ચંદ્રશ્વેત લેઈ આમ;
શીલવતીના નામની, બિંદલી કીધી તામ. ૩.
સહુ દીઠી વ્યંતર કરે, શીલવતી આવાસ;
લેઈ મૂકે હરખિતપણે, અંગે થઈ ઉલ્લાસ. ૪.
વળી સંભાર્યો આવશું, કરશું દીધા કોલ;
વ્યંતર પગે લાગી ગયા, બીજો ગયો પહોર અડોલ. ૫.
ત્રીજો પહોર હવે સાંભળો, જેવો થયો અચંભ;
પ્રકટ થયો પૃથિવી પથે, કુંવર કહે મન થંભ. ૬.
ચંદ્રાતપ છાયા પડે, અંગ નવ પડે ત્રાસ;
પ્રગટી ભૂમિ આંગણાં, દીસે અંતર ન તાસ. ૭.
છાયા પડે સંચરે, પેસ દે પરનાળ;

રાજભુવન વેગે ગયા, પેસી સૂર પ્રભાત. ૮.
કુંવરે કર્યાં નિરખિયું, લીધી રાજકુમાર;
વળી જેમ આવ્યા તેમ વળે, તેહજ વન મોઝાર.

ઢાળ ૯ મી.

(સુરતી પ્યારી હો, સાંભે જિન છે તાહરી—એ દેશી).

દૃષ્ઠ ઉપાડી હો, આવ્યો ભુવન નંદની, આવ્યો પાદર મોઝાર;
કુંવર સંમેલ્યુ હો, જેને માનું સજ મેહ્યો, પહોંચ્યો જનક ને દ્વાર;
પ્રીત સંભાળી હો, આવી વચન એમ કહે. દેશ. ૧.
વહને પંજર હો, અંતર દીઠો સાથરો, દૂર કર્યાં હવે તેહ;
ભૂમિ પેસારે હો, સંચારે શો પણ સંચરે, ભૂમિનું મંદિર જેહ. પ્રીત૦ ૨.
મણિ ને પેંદા હો, દીઠું મંદિર તેહવું, તેજે કરી ઝાકઝમાળ;
કંચનનું અંગણ હો, મંગળ મન રાખી રહે, ચંદ્રમ પ્રકાશ. પ્રીત૦ ૩.
જાગી જાય નારી હો, મનમાં પૂરણ પ્રેમશા, દીઠું તસ્કર ગેહ;
મનમાં અતિ ચિંતે હો, બીને બીતિતણે વશે, શું છે કૌતુક એહ. પ્રીત૦ ૪.
તસ્કર લહીં બોલે હો, બોલે અંતર આપણું, મુખી કુળ મરજાદ;
સાંભળતું ગોરી હો, ગોરી મેં કરી તાહરી, તુજને વરવા આહ્લાદ. પ્રીત૦ ૫.
બાળિયો એ કહે હો, અગની કુંડ ઝળહળે, જ્વાળા પ્રચંડ વેતાળ;
દીસંતી કાળી હો, રાતી પીળી ચહુ દિશે, ધૃતપૂરે પ્રતિમાળ પ્રીત૦ ૬.
સ્વપન શ્રી આકુળ હો, તિલવટ દેખે ત્યહાં પસા,હોમસામગ્રી બહુ જેહ;
અજ્જ વર પણ ટીકા હો, અનિશ કુંવરી લોચને,કુંવરે પણ લહ્યું એહ. પ્રીત૦ ૭.
રતનપુર એમ ભાખે હો, વચન લે કુંવરી આદરાં, વર તું કરી ભરતાર;
કાંઇ હવે ચૂકે હો, મૂકે તન કિશે કારણે,થા હવે તું મુજ નાર. પ્રીત૦ ૮.
તું નહિ જો પરણે હો, મરણ સુણ તુજને કહું, નાખીશ અગનિ મઝાર;
તેણે તુમારે હો, પુણ્યને સારે કહું ભલું, હઇડા માંહી વિચાર. પ્રીત૦ ૯.
કુંવરી પણ સોચે હો, એ શું આવે એહને, શું જાણે મન માંહ્ય;
હું અછું કુમારી હો, અમરી નંદન નૃપતણી, હંસી કાગ વિવાહ. પ્રીત૦ ૧૦.
વર ભલું મરણે હો, શરણે શું હોય એહને, એથી અગની એ સાર;
કુસંગને સંગે હો, અંગે હોય અરચિતા, નિષ્ફળ પ્રેમ સંસાર. પ્રીત૦ ૧૧.

કુંવરી ઉમોદી હો, રાજ નવેદી તુજને કહું, તું મુજ બંધવ સમાન;
હું છું તુજ બેન હો, એવું મુજને શું કહો, કહે તે થાઓ સાવધાન. પ્રીત૦ ૧૨.
ઘો અગને ફેરા હો, સાત સોહામણા, કીજે અગની સંસ્કાર;
જેમ કહિયું ચોરે હો, બાળા આગે તેમ કરે, જપતી શ્રીનવકાર. પ્રીત૦ ૧૩.
ગણે મંત્રને છાંટે હો, અગ્નિકુંડે બાકળા, પુરૂપ સુવરણ કાજ;
છઠ્ઠેને ફેરે હો, પૂર્વ દિશ સામી રહી, બોલે શુભલે અવાજ. પ્રીત૦ ૧૪.
જો હોયે આ થાનક હો, છાનો નર જો કો રહ્યો, વ્યંતર વા વૃદ્ધિદેવ;
ક્ષત્રિનો નંદન હો, આનંદ દિયે કુળે, રાખજો અબળા હેવ. પ્રીત૦ ૧૫.
મેં તો વર વરિયો હો, શીલવતીપતિ, બીજો નહિ એ સંસાર;
આપણી શક્તિ હો, ઢાંકી ચૂપ કરી મત રહો, સાતમો ફેરો છે સાર. પ્રીત૦ ૧૬.
નાખે તે જેવે હો, તેવે કુંવર ધસ્યો ત્યહાં, ગ્રહિયો રત્નખુર ચોર;
પાપી તું પ્રાણી હો, જાણી મેં તુજ વાતડી હો, કરતો કરમ અઘોર. પ્રીત૦ ૧૭.
નાખ્યો તે કુંડે હો, ભુંડી ભુંડી ગતિ ભણી, પુરૂપ સુવરણ તામ;
થયો તેણે દીઠો હો, મીંઠા કુંવરે તે લોચને, કુંવરી કરે પરણામ. પ્રીત૦ ૧૮.
નવમી એ ઢાળે હો, જોડી હ્રદય મળી ભલી, પામ્યા હરખ અપાર;
નેમને શાતા હો, રાતા માતા માનવી, પામે ઋદ્ધિ પરિવાર. પ્રીત૦ ૧૯.

દોહરા.

કુંવરી દેખી કુમારને, રૂપે મદન મહંત;
મન માન્યું ઘણું માનની. કામિની કામ લહંત. ૧.
કુંવર બોલાવે તેહને, શીલવતીનો નાદ;
કહે તે કુણ સ્થાનક વસે, જેણું તુજ ઉમાદ. ૨.
તાત ભાગી નિમિત્ત કહ્યો, ચંદ્રગુપ્ત કુમાર;
સાંભળીને વર મેં વર્યો, પણ નવ જાણું સાર. ૩.
પ્રેમ ભરી એમ પ્રેમદા, મધુરા બોલે બોલ;
પરણો પ્રેમ ધરી કરી, મુજ્શું દિયો કુબોલ. ૪.
નારિ કુળ નવ જાણિયાં, તું કેમ કરે વિવાદ;
મેં વરિયા નારી કહે, પરણું કરો ઉન્માદ. ૫.
કોની દેવશની સ્થાપના, સાક્ષી દિનનિશાકર;

મોટી નારી પરણિપો, પુણ્યતણો અતિકાર. ૬.
સુવર્ણ કાઢ્યું કુંડથી, નીરે શીતળ કીધ;
દીઠું ભર ભાવઠ ગઈ, સફળ મનોરથ સિદ્ધ. ૭.
નારી મૂકી ભુવનમાં, જંપી એમ વચન;
હું આવું જવાળી કરી, સચિવતણું જે તન: ૮.
વેગે ત્યાંથી નિસર્યો, મુદ્રાંકિત કરી ગેહ;
ચોથે પહોરે તે ત્યહાં, મંત્રી પામ્યો નેહ. ૯.

ઢાળ ૧૦ મી.

(હઠ કલાલણી ભર ઘડો હે—એ દેશી.)

જક્ષ હેઠે કુમારજી હે, બેઠો શબને લેઈ;
સત્યવંત શિરોમણિ હે; અતલીબળ ને અભેદ. ૧
ગુણવંત ગરવો ગહગહે હે, મીઠો અમીય સમાન;
તેણે સમે જે કૌતુક થયું હે, સુણજો થઈ સાવધાન. ગુણવંત૦ ૨
થરહર થરહર થરહરે હે, હાલે કાયા તેણી વાર;
અમગાયે અતિ આકરે હે, મૃતક તેણી હો વાર. ગુણવંત૦ ૩
હુંકારે હુણી રોપથી હે, કોપશું કરે પોકાર;
શબધાર વચને ગાજતો હે, ભાજતો નર અહંકાર. ગુણવંત૦ ૪
હું હું હું મુખ એમ કહે હે, થાણે સબળ ધોકાર;
ભૃકુટિ ભમારે ઉર્ધ્વથી હે, ત્રિવલી નિકટ તાર. ગુણવંત૦ ૫
ભૂમિ પદ પાછાડતો હે, ધ્રુજાવે ગિરિશૃંગ;
ફરશી એણા કાતરે હે, પાંતરે સુભટનાં અંગ. ગુણવંત૦ ૬
ઉઝળે જ્યમ ચણા પાવકે હે, ધડૂકે ઉદધિ જ્યમ વાર;
ગર્જે ગજે સદો ગર્જણી હે, ગાજતણો ચણુકાર. ગુણવંત૦ ૭
દેખી કુંવર કહે ઈસ્યા હે, થારે પાપી પ્રચ્છન્ન;
હું તુજ ભેદક આવિયા હે, ઉદિયો અંતર યત્ન. ગુણવંત૦ ૮
માંહોમાંહે વળગ્યા તિહાં હે, દેતા પદનો પ્રહાર;
મલ્લ દીઠ ચૂકે નહિ હે, ટાંચણના ધાકાર. ગુણવંત૦ ૯
અકેનૂલ જ્યમ વાયુથી હે, ઉડે જ્યમ આકાશ,

ક્યાં થકી આવ્યા કિહાં, બોલો જ્યતિ તમ જેહ;
વી પાણી પર પૂછિયું, ભૂપ ઉપાયો એહ. ૩.
કુળમેદા છે જતિ અમ, આવ્યા વનની માંય;
જુવારી છે મિત્ર માહરા, દહિયો કર્યો પસાય. ૪.
વિચાર થયો મુજ ઘણો, કીજે કેવો ઉપાય;
અણજાણ્યે મંત્રી સુતા, દેતાં કેમ દેવાય ? ૫.
મન ચિંતે રાજા હંસો, તવ અંતઃપુર માંય;
પોકાર કરે પ્રચુર સ્વરે, રાણી પટની ત્યાંય. ૬.
સંધિ મુખ દઇ ભુવનમાં, લેઇ ગયો કુંવરી કોય;
સાર કરો તમે તેહની, દુઃખ ન શમાવે કોય. ૭.

ઢાળ ૧૧ મી.

(મન આણી ઇ જિન માણી પાણી જાણિયે રે—એ દેશી.)

રાણી મુખે તે વાણી કહે રાયને રે, કુંવરી ગઇ કહો કેય;
ગુણની ખાણી અમીય સમાણી નંદની રે, સાંજે હુતી સહી એય. ભૂપતિ૦ ૧.
સંધિમુખ દઇ ગૃહશું એ ચોરી ગયો રે, જેની ન શોધ લગાર;
જેને નરખ્યો વન એ પરખ્યો આપણો રે, જોવો સકળ સંસાર. ભૂપતિ૦ ૨.
અશ્વ દોડાવ્યા સુભટ ચલાવ્યા સવ દિશે રે, દેખી ન કુંવરી ક્યાંહ;
ફરી જે આવ્યા મન દુઃખ પાયા અંગમાં રે, ભૂપતિ બેઠા છે જ્યાંહ. ભૂપતિ૦ ૩.
કહે કુંવર રાજા મુજને પરણાવિયે રે, વિલંબ કરો હવે કેમ;
બોલિયો લાભે આભે માનવ ફરસણી રે, પ્રભુજી ધરીને પ્રેમ. ભૂપતિ૦ ૪.
દુઃખ ભરી રાજા બોલજે તાજા એમ કહે રે, કોણ વેળા કહો વેણ;
દુઃખભર છાતી ફાટી તાતી આકરી રે, આંસુ ઝરતે નેણ. ભૂપતિ૦ ૫.
ઢોલ ઢંઢેરો રાજન નગરે ફેરવે રે, પુત્રી દેખાડે કોય;
તે ભણી આપું દરિદ્ર કાપું તેહનું રે, સુંદર આપીએ સોય. ભૂપતિ૦ ૬.
કુંવર બોલિયો એમ સાંભળો રાજવી રે, દેખાડું તમને ધાય;
બોલે ચૂક્યા થયા સહી તમે રાજવી રે, એવો ખોટો તમ ન્યાય. ભૂપતિ૦ ૭.
બોલે ચૂક્યા જે કોઇ હોય માનવી રે, કેવી તસ પરતીત;
રસના છેદિયે બોલ ન મૂકીયે બોલિયો રે, તો હોવે જગ જસ જીત. ભૂપતિ૦ ૮.

ગુણ ધણી પણ ન્યાય રે, વટપદ છે નયરમાં લલના રે વટપદ છે ન્યાય. ૭
ઘટ મધ્યે કેટર ભેદ રે, દેખો નરનો લલના રે દેખો નરવેદ;
સાથરો કીધો દૂર રે, જે દુલો ઝાએરો લલના રે જે દુલો ઝાએરો. ૮.
ભાન ધરી મન માંય રે, જાગતિ વિનવે લલના રે જાગતિ વિનવે.
આતુરતા કરી ગેહ રે, ગમન અજિનવે લલના રે ગમન અજિનવે. ૯.
આગળ કીધો કુમાર રે, પછે સહુ વિમલા લલના રે પછે સહુ વિમલા;
શેઠ તણુજ તે ચાર રે, મનમાં પરિક્રાંત લલના રે મનમાં પરિક્રાંત. ૧૦.
પરિ જાગતિ એમ રે, જાગીને ઘર જાય લલના રે જાગીને ઘર જાય;
આવે જાતાં તેહ રે, ઓવારે આવે લલના રે ઓવારે આવે. ૧૧.
દીઠું ગૃહ મનોહારી તે, સપનું લોગને લલના રે સપનું લોગને;
રવિ શશિની પેર તેજ રે, દેખ્યો ન સુહણે લલના રે દેખ્યો ન સુહણે. ૧૨.
વસુમતિ તેણી વાર રે, શાંગે ઉભી થઇ લલના રે શાંગે ઉભી થઇ;
દેહું દિસે ભેદ રે, દુઃખની રેખા ગઇ લલના રે દુઃખની રેખા ગઇ. ૧૩.
પસર્યો અંગ અનંગ રે, મરકલડો મુખથી લલના રે મરકલડો મુખથી;
નયન કટાક્ષ કમાલ રે, ખાલુ ન ચૂકતી લલના રે ખાલુ ન ચૂકતી. ૧૪.
પ્રેમ સરોવર માંહી રે, પિયુ જળ ઝીલતી લલના રે પિયુ જળ ઝીલતી;
નેમવિજય કહે એમ રે, દુઃખને હેલતી લલના રે દુઃખને હેલતી. ૧૫

દોહરા.

પુઠ દેઇને નારને, અવળું મુખ કરી લાજ;
ચમત્કાર ચિત્તે તરત, એમ ચિંતે મહારાજ. ૧.
અહો અહો! એ ગેહમાં, કેવી ધનની કોડી;
નામાંકિત સહી નિરખીને, ગઇ કુમતિ સહુ છોડી. ૨.
સુવર્ણ પુરીઓ દેખીને, અહો અહો કૃત પુણ્ય!
કેણે નીપાયો કર ગ્રહી, પાયો તે નર ધન્ય. ૩.

ઢાળ ૧૩ મી.

(આવી મુસાફર નંદની તેં મુલ્યું ગોકુળ ગામ—એ દેશી.)

અચરજ દેખી ઉપન્યું રાજન, નંદન કેરું ચરિત્ર, (૨)
હાસી કરે કુણ પેખી એવું, પુત્રી પુણ્ય પવિત્ર; (૨)

નેહ ન કીજે એહવો રે પિયુજી, છેલ શિરોમણુ છેલ, પિયુ દિલ૦;
શકટી ગલાણુ બેહેડે કરી રે પિયુજી, હાલે નહિ કો બેલ, પિયુ દિલ૦ ૨.
હો તું અંબુ ઉદધિ પેરે રે પિયુજી, ગરવો ગુણ ગંભીર, પિયુ દિલ૦
તાપ વાયુ કરી લીજિયે રે, પિયુજી, છિલર ત્યમ સરનીર, પિયુ દિલ૦ ૩.
ચંદ્ર ચકોરની પ્રીતડી રે પિયુજી, રાખે ઉત્તમ રીત, પિય દિલ૦
કેશવરામ શું નેહલો રે પિયુજી, જેમ મીન ને જળ હીત, પિયુ દિલ૦ ૪.
હઠ કરીને જો છાંડશો રે પિયુજી, તો કહો કેમ કહાય, પિયુ દિલ૦;
સમજે ચતુર એક વેણથી રે પિયુજી, જીવિત લગી પહોચાય, પિયુ દિલ૦ ૫.
કેતવ કેળવો અન્યથી રે પિયુજી, નારીશુ ન કીજે હાસ, પિયુ દિલ૦;
એ હાસે સાશજ નહિ રે પિયુજી, ક્ષણમાં હોવે વિખાસ, પિયુ દિલ૦ ૬.
સીતાતણે વિરહે કરી રે પિયુજી, રામજી કીધ વિલાપ, પિયુ દિલ૦;
શું કહિયે તમને સુદા રે પિયુજી, સમજો હિયલડે આપ, પિયુ દિલ૦ ૭.
સુખ દુઃખ કારણ એકઠાં રે પિયુજી, ગમનશી કહો સુખ વાણ, પિયુ દિલ૦;
અંત લગે થાઓ એકમના રે પિયુજી, હાસીથી હોયે હાણ, પિયુ દિલ૦ ૮.
જીવતાં ઈ દેઈ જીવનાં રે પિયુજી, ક્ષણમાં ન કીજે વિછોહ, પિયુ દિલ૦;
વાલમ વિહોણી વિરહિણી રે પિયુજી, મોટો પ્રીતમ દ્રોહ, પિયુ દિલ૦ ૯.
ઉપજતો પિયુપ્રેમથી રે પિયુજી, છંડો છો નિરુપમ નાર, પિયુ દિલ૦;
અંતલગી કયમ રાખશો રે પિયુજી, નેહ વધ્યો જે અપાર, પિયુ દિલ૦ ૧૦.
ઇચ્છા જે હોય તમતણી રે પિયુજી, તે દિયે અમચો તાત, પિયુ દિલ૦;
જાવું કુણ દુઃખ કારણે રે પિયુજી, પિયુ કહો માંડી વાત, પિયુ દિલ૦ ૧૧.
સેવાકારી રૂપ સુંદરી રે પિયુજી, રહેછે કેવો અનૂર, પિયુ દિલ૦;
અમે લહિયે તમ મનતણી રે પિયુજી, વળી વળી તન ભરપૂર, પિયુ દિલ૦ ૧૨.
ખામી નહિ અમ સેવમાં રે પિયુજી, જે હોય દુઃખ વદો કંથ, પિયુ દિલ૦;
છેહડો છોડી કેમ દાખવો રે પિયુજી, એક મતો કરી તંત, પિયુ દિલ૦ ૧૩.
જાવું પડે પરદેશડે રે પિયુજી, આછતતણે તે મંડાણ, પિયુ દિલ૦;
કુંવર કહે નિશ્ચે ચાલવું રે પિયુજી, તરૂણીને કહે તાણ, પિયુ દિલ૦ ૧૪.
તરસે નયનાં લોભિયાં રે પિયુજી, સ્થિર રહિયાં એ દોય, પિયુ દિલ૦;
લાજ વહો તમે એહની રે પિયુજી, હેજ ભરી સામું જોય, પિયુ દિલ૦ ૧૫.
ઉત્તમ જાણી આદર્યા રે પિયુજી, વિરહો હવે મત દેય, પિયુ દિલ૦;

લખી લખીને તમ પગ પડ્યાં રે પિયુજી, આમ તો કહિયું કરેય, પિયુ દિલ૦ ૧૬.
તારી નયનના નેહથી રે પિયુજી, વિનવ્યો પિયુ ગુણખાણ, પિયુ દિલ૦;
પહેલી ઢાળ બીજા ખંડની રે પિયુજી, નેમનું વચન પ્રમાણ, પિયુ દિલ૦ ૧૭.

દોહરા.

એમ ન કીજે નાહલા, છટકી ન દીજે છેહ;
શાખો પર્વતો નેહલો, જ્યમ ઘન ભૂમિનો મેહ. ૧.
કુંવર કહે સુણો કામની, મહો ખેંચાતાણ;
વેગે જઇને આવશું, કરશું દુઃખની હાણ. ૨.
તમે કાયા તમે પ્રાણ છો, દોઇ આંખ્યો આધાર;
દોઇ રહો તમે અહીં કણે, પિતાના મેહેલ મઝાર. ૩.
એક દોય તે દિન રહી, કુંવર થયો ઉદાસ;
શીખ દેઇ નારી ભણી, આપી આગળ આશ. ૪.
કાપડી વેશ કરી ભલો, માગી શીખ વિલાસ;
પંથ ધર્યો એ કાપતો, ભૃગુકચ્છે ઉલ્લાસ. ૫.

ઢાળ ૨ જી.

(આખ્યાનની ચાલ.)

હવે ચંદ્રગુપ્ત તે ચિત્ત ચોંપે, આવે નગર મોઝાર;
બજાર બોહોતેર તે નીકો, હાટ શ્રેણી અધિકાર. ૧.
જોવે સુંદર મંદિર મોટાં, પોળ અને પ્રાકાર;
ચોટાં પણી તેમ ચોરાશી, વણિક કરે વ્યાપાર. ૨.
કામદત્ત ત્યાં (છે) વ્યવહારી, અધિપતિ પોત સંઘાત;
સિંહલદ્દિપ ભણી તે ચાલે, ઉદધિ મારગ ખ્યાત. ૩.
નાનાં મોટાં બાળક કેઇ, દરિદ્રભાવિત જેહ;
આદરે કાકર સમ નર કોઈ, એમ પ્રવહણ તેહ. ૪.
ઉદર કારણ અતિશય લંઘે, મુખ મારગ ચોર;
ધર્મહીણ જે પ્રાણી જાણી, જલધિએ જાવે જોર. ૫.
સેવક કે કે સાહિબ નામે, પેટ પાપી જે કહાવે;
જેને ગણિયે અશુચિ ખાણ મોટા, તેને શિર નમાવે. ૬.

માતપિતાને બંધવ નેહે, સહુ છાંડી ધન મોહ;
નભજળ માંહી જે ઝંપાવે, એહ અદત્તનો દ્રોહ. ૭.
મરણ ભણી જે હાથે હિયડું, ઘર ઘર તેમ ભુંજંત;
માગે શીખડી બાળક તરૂણી, નયણે નીર ઝરંત. ૮.
કામદત્તની પાસે પહોત્યો, વિનયશું શિશ નમાવ્યો;
કહે કામદત્ત બાંધવ ક્યાંથી, એકલડો અહીં આવ્યો. ૯.
રાખે સેવક હું રહું તેનો, માસનો દામ ન માગું;
પેટ ભરૂં તે સેવા બહુલી, હું તમ ચરણે લાગું. ૧૦.
અંગ ચાકરી વાહુ નિશદિન, શેઠને કહેણે ચાલીશું;
એમ જાણીને મુજને રાખો, બોલ્યું વચન પાળીશું. ૧૧.
રાખ્યો કુંવર પેટને કાજે, ઓળગ કાયા સારૂ;
શુભ લગ્ને તે મહુરત મોટે, વા'ણ સીધાવ્યાં વારૂ. ૧૨.
સિંહલદ્વીપ ભણીય હંકાર્યાં, મરૂત શું વહિયાં જાય;
જળનો પંથ કાપે તે ઘણેરો, વાસો જળનિધિ થાય. ૧૩.
રેણી અંધારી શેઠને ચરણે, વિનયે શ્રમને ટાળે;
નિદ્રા પામ્યાં પોતનાં જન તે, અચરજ એક નિહાળે. ૧૪.
પૂરવ ભવના કો સુર મિત્રે, દીઠો કુંવર વહાણે;
ગરૂડ રૂપ કરી ઘન ગાજે, બોલે તું કાંઇ જાણે. ૧૫.
કુંવર વિમાસે કથને ભાસે, અથવા મુજને આખે;
બોલ્યો રખે છાનો રહેતો, મનની મનમાં રાખે. ૧૬.
જાગે સિંહરથજ ! સ્વામી જાગું, કેરી કરો મુજ વાણી;
ઉત્તમ યોગ ઉત્તમ જગમાં, પામે પુણ્યવંત પ્રાણી. ૧૭.
અમૃત સિદ્ધિ યોગ તે રૂડો જન અંગના સંગત હોય;
કામિની કૂખે જન્ન મનોહર, પ્રસવે એવો કોય. ૧૮.
જન્મથકી સુણો અંત લગી તે, સવાલાખ દિનાર;
[illegible] ઝરે દે મુખથી, રૂપ અનોપમ સાર. ૧૯.
[illegible] બત્રીસ અંગે, ભાગ્યતણો અધિકાર;
[illegible] યોગ છે એવી વેળા, [illegible] જયકાર. ૨૦.
[illegible] પામે નર મોટો;

હું કહું તુજને બહુલ સનેહે, વચન ન માનજે ખોટો. ૨૧.
નિઃશ્વાસ મૂકે તેણે ત્યાંહિ, શીલવતીને સંભારે;
પાણિ ગ્રહીને મેં પરહરી છે, હું તસ દુઃખનો હારે. ૨૨.
અમર કહે એમ ગરૂડને રૂપે, આશા સહી તુજ પૂરૂં;
નેમવિજય કહે ઢાળ એ બીજી, દોહગ દારિદ્ર દુઃખ ચૂરૂં. ૨૩.

દોહરા.

નિસાસો કરે શા ભણી, પૂરૂં મનની હામ;
વિરહિણી જે વામાંગના, મૂકું તેને ધામ. ૧.
હરખ્યો મન આતુર થયો, કાયા વાધ્યો કામ;
કહે સ્વામી મુજ મૂકજો, શીલવતીને ઠામ. ૨.
કુંવરને લઇ પાંખમાં, ચાલ્યો ગરૂડ ગગન;
જલધિ લંઘી નગર નિજ, શીલવતીનું ભવન. ૩.
શીલવતી જે સુંદરી, વિરહે કરે વિલાપ;
મેં મેં પૂરવ મેં કર્યાં, મોટાં દુષ્કર પાપ. ૪.
જેહ સુણી વિરહીતણાં, હૈડાં ધ્રૂજે ધીર;
નયણાં આંસુ નીસરે, જે હોય કઠિણ શરીર. ૫.

ઢાળ ૩ જી.

(સુણ સુણ કંતા રે શીખ સોહામણી—એ દેશી.)

પીહરો વાહલા રે અવગુણ કો લહી,
નારી અબળા રે, બળ યહાં કો નહિ;
એમ ન ઘટે રે એ ન નેહલો,
કાયર ન થઇએ રે, કીજે પેહલો. પીહરો૦ ૧.
તુજ વિણ નારીની રે, શુદ્ધ કહો કોણ લિયે,
હેજે હૈડાને રે, મનની કોણ દિયે;
પ્રેમની જાળે રે, પ્રીતમ પરહવી,
એહ અચારજ રે, કરણી અભિનવી. પીહરો૦ ૨.
જાળમાં ઘાલ્યો રે, મીન ભણી જેહને,
કોણ સખાઇ રે, પ્રીતમ તેહને;

દુષ્કર સેહેવા રે, સાસુ બોલડા,
ખમ્યા ન ખમાય રે, ખંતશુ પરગડા. વીહસે૦ ૩.
ચોરી બાંધી રે, તે મુજને વરી,
પંચકેરી સાખે રે, હવે કેમ પરહરી ?
હરણી વિછૂટી રે, મૃગતણા યુથથી,
કો પેર તેને રે, આતુર એકથી. વીહસે૦ ૪.
મૂર્ચ્છા પાવે રે, સખી તસ જાગવે,
હાય હાય કંથા રે, કહીને વિનવે:
કેશને ત્રોડે રે, મોડે અંગુલી,
આળસ કરતી રે, રડતી આકુલી. વીહસે૦ ૫.
પડે વળી ધરણી રે, હૈડું આફળે,
હૃદયને ચુંથે રે, અતિ ઘણું ટળવળે;
ધિઃક ધિઃક નારી રે, એ અવતારડો,
વિરહી વિજોગી રે, શોકી દુઃખવડો. વીહસે૦ ૬,
કેને ભાખું રે, આખું દુઃખ ઈસો,
કો નવ સૂઝે રે, વહિયે મન નિસો;
નેહ વિણ નાથે રે, ભલું મુજ છેતરી,
અવગુણે કીધી રે, પરઘર કિંકરી. વીહસે૦ ૭.
નર હોય જગમાં રે, ધૂરત ઠગ ભલા,
પહોચે સાતમી રે, ઠામે નિરમળા;
હું અપરાધી રે, શી હુતી તાહરી,
આશા ત્રોડી રે, ટાણે માહરી. વીહસે૦ ૮.
નેહ નિઃસ્નેહી રે, કેણીપેરે નિરવહે,
ઓછા છિલ્લર રે, જળ કયમ બહુ રહે;
ફાટે ત્રાહે રે, પાળી સહી જેહની,
હીણા પ્રાણી રે. ગત એહ તેહની. વીહસે૦ ૯.
અવગુણ ગુણને રે, ઉત્તમ લેખવે,
દુર્જન કંથને રે, દિલ નવ મેળવે;
નારીને રોષે રે, ચિત ઘણું ચિંતવે,

છાંડી વાંલા રે, અન્ય દિન કેળવે. વીહસે૦ ૧૦.
ઘણ બહુ જોવે રે, ક્ષણ નવ પાંતરે,
અવગુણ રાખે રે, ભાખે આંતરે:
વિરહી દેહી રે, મન દાઝે ઘણું,
અન્ય જન દેખી રે, દિલ ધરે આપણું. વીહસે૦ ૧૧.
રીત ન જાણે રે, પર જોહ લોકની,
તેણે સ્થિર સ્થાપી રે, મનસા પાપની:
રજની ન આવે રે, નાહલા નિંદડી,
અંતવચ છાંડી રે, પ્રીતમ પ્રીતડી. વીહસે૦ ૧૨.
કરનો મેળો રે, કીધા પહેલડા,
અંગનો મેળો રે, નવ સ્યો દૂંકડો:
વચનને મેલે રે, વચન બોલ્યો નહિ,
વિણ ક્યે વહિયો રે,ન કહે ગયો રે કહીં. વીહસે૦ ૧૩.
એમ બહુ બોલે રે, વનિતા વલવલે,
કુંવરની આંખે રે, જળધારા ચલે:
ક્ષણ ક્ષણ પામે રે, મુર્છામત અંગના,
ભૂમિ પડતી રે, એક નિજ પિયુ વિના. વીહસે૦ ૧૪.
ત્રીજા ખંડની રે, ઢાળ ત્રીજી ભલી,
નેમે ભાખી રે, ધન્યાશ્રીએ સાંભળી:
જે જે કરશું રે, એ સહી કર્મની,
આગળ સાંભળજો રે, વાત છે મર્મની. વીહસે૦ ૧૫.

દોહરા.

કુંવર કહે નિરંતરે, ચાલે બાર ઉચાર:
સાંભળીયું નહિ વિશ્વમાં, દેશી કરિયું ત્રાટ ૧
કહે રાણી તું કેણ છે, એકી વેળા આ ઠામ,
જે જાણે મુજ આસરો, તો ટાળે તુજ નામ. ૨.
હું પિયુ છું તાહરો, ચંદ્રમુખ મુજ ધ્યાન:
તે આવ્યો પરદેશથી, શીલવતી કહી વાત ૩.

તે આવ્યો પરદેશથી, તુજને મળવા કાજ;
પુરૂષ હી નાણી આપણો, ઓળખિયો પતિરાજ. ૪.
દાસી ઉઘાડ્યું દ્વારને, દીઠો નિજ ભરતાર;
પલંગ થકી પરી થઇ, પામી હરખ ઉદાર. ૫.
અવળે મુખ ઊભી રહી, લજ્જાની કરી ઓટ;
વિરહવ્યથા વામી પરી, પામી મન્મથ પોટ. ૬.
દાસી સહુ દૂરે ગઇ, બેઠા આપ પલંગ;
કર ગ્રહીને તે કામની, બેસારી ઉચ્છંગ. ૭.

ઢાળ ૪ થી.

(આસણરા જોગી—એ દેશી.)

હું અપરાધી નારી છું તેરો, કાંઇ ખમજે અવગુણ મેરો રે; સુંદરી સનેહી.
તું સોભાગણ નારી સલુણી, તું તો ગુણવંતથી ગુણ દૂણી રે. સુંદરી૦ ૧.
તું દયાવંત દયાળી બાળી, મેં તો પૂરવ પુણ્યથી ભાળી રે; સુંદરી૦
તું ચિત્રાવેલી સદા ગુણખાણી, લક્ષણા તુજ લક્ષણી વાણી રે. સુંદરી૦ ૨.
શશિવદની તુંહીજ પુણ્યવંતી, સહી દોષ થકી દૂરે હતી રે; સુંદરી૦
મેં અપરાધ કર્યો જે મોટો, તે તેં ખમવા દિલ નવ કર્યો ખોટો રે. સુંદરી૦ ૩.
તું મુજ પ્રાણજીવનથી પ્યારી, હવે દિલ નવ રાખું ન્યારી રે; સુંદરી૦
અવગુણ કીધા આપ ખમાવું, તુજ લળી લળી શિશ નમાવું રે. સુંદરી૦ ૪.
હું તુજ ચોર છું આ ભવકેરો, તેં તો રાખ્યો પ્રીતિનો દોરો રે; સુંદરી૦
સતી શિરોમણિ મેં તું પામી, દર્શને ગયાં દુઃખ વામી રે. સુંદરી૦ ૫.
હું તુજ નામનમણી અભિલાખું, તુજને અહોનિશ ચિત્તે ધ્યાવું રે; સુંદરી૦
કાયા કંચનરતન સમાણી, મુજ મન ઘટમેં તું આણી રે. સુંદરી૦ ૬.
ધન્ય જે ધર્મ કર્યો તે સારૂ, સદા પાળિયો હું પુણ્ય [illegible] રે; સુંદરી૦
[illegible] રે. સુંદરી૦ ૭.
[illegible] નિવાસ રે. સુંદરી૦
[illegible] રે. સુંદરી૦ ૮.
[illegible] રે.
[illegible]
[illegible] રે. [illegible]૦ ૯.

હું પ્રભુ ચરણતણી રખવાળી, સાચી માચી રહું મતવાળી રે; વા'લા૦
તું સાહેબ ને હું તમ દાસી, રહી વળગી નવ કરું હાસી રે. વા'લા૦ ૧૦.
કન્યે રાણી મુખ હસીને વાણી, જોઇ આગમ પ્રીતમ જાણી રે; વા'લા૦
હું નાહી નાથજી અનુસ્નાને, તું ચાહે સંગ પિયુ માને રે. વા'લા૦ ૧૧.
યોગ્ય નહિ છે જોગ એ કરતાં, રહિયે છે જનથકી ડરતાં રે; વા'લા૦
પ્રગટ થઇને આવજો પિયુડા, તવ મન સુખ વહેશું જીવડા રે. વા'લા૦ ૧૨.
ગર્ભ રહે જો કોઇ કરમે, તે તો ભોગવિયે બહુ મરમે રે; વા'લા૦
તું તો ફરીને પૂછક વાંકો, જાયો કામ પડેય સુખ ઢાંકો રે. વા'લા૦ ૧૩.
લોક ઓળંભા પગ પગ સહિયે, બહુ સમજુને તે શું કહિયે રે; વા'લા૦
જો મનમાં હુતો મળવાનો, તો કયમે આવ્યો પ્રભુ છાનો રે. વા'લા૦ ૧૪.
કુંવર કહેછે અવસર રૂડો, એણી વાતમાં નહિ કૂડો રે; સુંદરી૦
લક્ષણ બત્રીસમો નિત નંદ, એણી વેળાએ પામો આનંદ રે. સુંદરી૦ ૧૫.
જન્મથકી અતિ ખણુ લેયો, રૂપે કરી હરિ જેવો રે; સુંદરી૦.
આંગળાં ધાવ્યાં મુખમાં દીસે, કરી રત્ન સુંદરી ચિત્ત હીસે રે. સુંદરી૦ ૧૬.
તેણે માટે માનો તમે કહિયો, અર્થ દેવથકી મેં લહિયો રે; સુંદરી૦
પ્રાણપિયુ સુણો એવી વાતે, તસ વાર ન થાય ઘર જાતે રે. વા'લા૦ ૧૭.
કેવો પ્રતિઉત્તર દેઉં સાસુ, તે તો કાઢે પ્રાણુ જે આ શું રે; વા'લા૦
સહી નાણી દિયો કોઇ સુજને, જો હોવે કાંઇ દિલ તુજને રે. વા'લા૦ ૧૮
મુદ્રિકા દીધી કરની લેઇ, મન મળિયાં માંહોમાંહે લેઇ રે; વા'લા૦
પણ ઇંદ્રિના રસ ઘણું સારા, દોઇ ભોગવતાં મનોહારા રે. વા'લા૦ ૧૯.
નેમવિજય તે રંગ શું મળિયા, વિરહ વ્યથા દુઃખ ટળિયા રે; વા'લા૦
વામતીગર ને ગરુડ તે જ્યારે, મૂક્યો પ્રવહણ લેઇ પેહેલે રે. વા'લા૦ ૨૦.

દોહરા.

ચનો જાગ્યા કુંવર તે. તેહજ જુગ મોઝાર
વિહગ નજરે નાવિયું. દેવતણો પ્રતિકાર. ૧.
સિંહલદ્વીપ ભણી હવે, પવને કર્યો પ્રચાર;
વેગે પહોંચ્યાં જુગ તે, રત્નપુર વર સાર. ૨.
રત્નસેન તસ ભૂપતિ, રત્નમંજરી તસ નાર;
રત્નવતી તેની સુતા, યૌવન કરે ઝંકાર. ૩.

[illegible] ત્રિભુવનને, ભુંજ્યો લાભ અનંત;
[illegible] અતિ ભલાં, મનોહર જેની કાંત. ૪.
[illegible] ભૂપતિ, ખુશી થયો મનમાંહ,
[illegible] અતિ [illegible] ઉત્સાહ. ૫.
[illegible] તાજી, પૂરી [illegible] જેહ;
[illegible] નિરખી નેહ. ૬.
[illegible] તે વાર;
[illegible] હાથ ત્યાં [illegible] તાર. ૭.

ઇલાપતિ નેહા હો, રાજેંદ્ર મારા કુંવરને બોલે,
બેહુ ચખ ડોલે ને અંતર ખોલે. અહો રાજ;
તુજ સંગે ફેરો હો, ઠાકુર મારા ચિત્તને જે ચોળે,
ચિત્તને જે ચોળે ને મોતીને તોળે. અહો રાજ૦ ૫.

હસી તસ ભાખે હો, રાજેંદ્ર મારા ઇંધ્ય ન સુહાશે,
કહિયું ન જાશે ને મન દુઃખ થાશે, અહો લાલ;
મનમાંહી તમને હો, મહીપતિ મારા અચરજ આશે,
અચરજ આશે ને શેક દુહવાશે. અહો રાજ૦ ૬.

મુક્તાફળ એ એક હો, રાજેંદ્ર મારા દાદુરી છે નાની,
વાત નહિ છાની ને એહ પુરાની, અહો લાલ;
ઓળખી અનુમાને હો, લાલન મારા શાસ્ત્રના જ્ઞાની,
શાસ્ત્રના જ્ઞાનીને વાત કહાણી. અહો રાજ૦ ૭.

સાંભળી નૃપ ત્યારે હો, લાલન મારાં અચરજ પાવે,
મન સ્થિર થાવે ને કાન જગાવે, અહો લાલ;
દોયન મોતીડિરં હો, લાલન મારા મૂલ દેવાવે,
એક દૂરવાવે ને પરીક્ષા કરાવે. અહો રાજ૦ ૮.

કુંવરને કહિયે હો, લાલન મારાં મોતીને છેદાવે,
અચરજ લાવે ને ખંડ કરાવે, અહો લાલ;
દાદુરી નૃપ દેખી હો, લાલન મારા મનને હસાવે,
મતિ તસ ભાવે ને અતિ સુખ પાવે. અહો રાજ૦ ૯.

દેખી દેખા એવી હો, રાજેંદ્ર મારા કુંવરની બુદ્ધ,
અતિ ઘણો શુદ્ધને જ્ઞાત મતિશુદ્ધ, અહો લાલ;
ભાગ્યવંત ફરી હો, લાલન મારા અગમ્ય એ કીધી,
લહેશે ઋદ્ધિ ને સકળ સમૃદ્ધિ. અહો રાજ૦ ૧૦.

ત્રીજે ખંડ પાંચમી હો, લાલન મારાં મોતિયાં વેચાયા,
બે એ મૂલ પાયાં, ને સહુ હરખાયાં, અહો લાલ;
નેમવિજય નેહ હો, લાલન મારાં ઘણુંએ સાહાયાં,
અચરજ ભાયાં ને કાજ સવાયાં. અહો રાજ૦ ૧૧.

દોહરા.

મન હરખ્યું મહીપતિતણું, પુરૂષોત્તમ જગ એહ;
એહથકો અદકો નહિ, પુણ્યવંતમાં રેહ. ૧.
શેઠ પ્રતિ રાજા કહે, કોણ પુરૂપ જગસાર;
ઇભ્ય કહે મુખ મોડીને, એ છે અમ્મ સુઆર. ૨.
નરપતિ તવ બોલ્યો નહિ, કુંવરી કહે જઇ માય;
મેં વરિયો પરણીશ હવે, જેમ આવે દિલ દાય. ૩.

ઢાળ ૬ ઠ્ઠી.

(યોધપુર જયો હો કે લાવજો જોધપુરી—એ દેશી.)

નારી નેણ નિહાળે હો કે, ચિતમાં ચિંતવે કવણ એ કામકુમાર;
જગતીજન ભોળવવા હો કે, આવ્યો અભિનવો, નવલો રતિ ભરતાર. ૧.
સહજ સલુણી હો કે, સુંદરી વિનવે, બાળા બે કર જોડ;
હિયડું વેધ્યું હો કે, મનમથ કરી નવે, ઉમાહો મન કોડ. સ૦ ૨.
શેઠ ભણી રાજા હો કે, પૂછે વળી વળી, કહો છે એની જાત,
વિટલ વાણિજ્ય નૃપને હો કે, બોલ્યો મન રળી, શી પૂછો પ્રભુખ્યાત? સ૦ ૩.
ટાળે અંગ શ્રમને હો કે, રાખ્યો ચાકરી, સમજી રહ્યો મન માંહ;
રાજકુંવરી બહુ રીઝે હો કે, રૂપે અપચ્છરી, માત બોલાવે ઉત્સાહ. સ૦ ૪.
પોતે ઇભ્યની સાથે હો કે, આવ્યો નર ભલો, તે મુજને પરણાવ;
બીજો વર વરવા હો કે, નીમ છે માહરે, ઇણવું તે બહુ ભાવ. સ૦ ૫.
જાતિ મન પૂછો હો કે, મારૂં કહ્યું કરે, અણે ભવ એ ભરતાર;
ગુણવંત કોઇ બીજો હો કે, નહિ છે જગત ભરે, એ આતમનો આધાર. સ૦ ૬.
રાણી નૃપને જણાવે હો કે, અતિશે ઉતાવળી, મહીપતિ ચિંતે એમ;
પંચ તેડ બોલાવે હો કે, પૂછે વાસ કુલ, ધરીને મન બહુ પ્રેમ. સ૦ ૭.
ભાખ્યા તેણે સઘળી હો કે, ઉત્પત્ત જગ થકી, વસુપતિ હરખ ધરંત;
બોલ્યા ચતુરસિના હો કે, કહ્યું એમ વશ, ક્ષત્રપતિ ગુણવંત. સ૦ ૮.
અજરા નૃપ જર પે હો કે, વિમાસી બોલિયે, અપજશ એણી વાત;
અંતરગતિ બહુલા હો કે, કિશું બોલિયે, કિજે કેનાથ સાત. સ૦ ૯.
રાજાને કુંવરી આઇ હો કે, રાણી એક ઘણી, રૂપ રંગ પૂરો તેહ;

ભાગ્યવંત કૃપાળો હો કે, દાતા તેહ ભણી, નિરખો સાતે એહ. સ૦ ૧૦.
પરદેશી નવ નિરખ્યો હો કે, કહો કેમ દીજીએ, જશ પામવા પંચ;
અવિચાર્યું અનિષ્ટ હો કે, કેણુ ન કીજીએ, સાજન કેરે સંચ. સ૦ ૧૧.
નરપતિ નર લોભી હો કે, જાણ્યો સાહસી, પ્રાણે રાજકુમાર;
પરણાવે તે પ્રેમ હો કે, રૂપે ઉરવશી, મહોત્સવ નગર મોઝાર. સ૦ ૧૨.
દીધી પુણ્યે જોડી હો કે, દેવે કર કરી, હરખ્યા પુરજન લોક;
કોઈ વરણે વખાણે હો કે, રામા સુખ ધરી, પુણ્યે સંપદ થોક. સ૦ ૧૩.
છઠ્ઠી ઢાળ ત્રીજે હો કે, ખંડે કહી ભલી, નેમવિજય સુખદાય;
ભાવે ભવિ સુણજો હો કે, મતિ કરી નિર્મળી, આગે જે હવે થાય. સ૦ ૧૪.

દોહરા.

ચંદ્રવદની મૃગલોચની, ગજગમની પિકવેણ;
રૂપે અભિનવ અપ્સરી, કુંવરે નિરખી નેણ. ૧.
પદ્મિની મોટી પ્રેમશું, દીધી નૃપ પરિવાર;
મણિ માણિક સુવરણતણાં, ભૂષણ અંબ અપાર. ૨.
સાત વાહણ નૃપ સે પિયાં, ભરી ભરી પૂરણ કીધ;
પૂરવ પુણ્યતણે ઉદય, સકળ મનોરથ સિદ્ધ. ૩.

ઢાળ ૭ મી.

(રખમ દેહસો હો રાજ—એ દેશી.)

સુંદર આતા હો રાજ, મનશું માતા રાજ,
દોઇ જણ ગાતા હો, મોહ સુખમાં મોહતાં;
ભોગવે ભોગા હો રાજ, દુઃખ સજોગા રાજ,
ગયા દુઃખ રોગા રે, મન ભણી મોહતા. ૧.
કામરસ ચિંતે હો રાજ, નિજ મન ખતે રાજ,
આતમ તને [illegible] એમ દેખાં કુમારને;
સુખ મોહ પામ્યા હો રાજ, દુઃખ સર્વ વામ્યા રાજ,
જન શિર નામ્યા રે, [illegible] પ્રેમ પતિને ૨.
[illegible] સમાણી હો રાજ, સુંદરી આણી રાજ,
અપમાન માણી [illegible] નારી હેતે પનોતી

ધન બહુ ધારી હો રાજ, રાય મતિકારી રાજ,
શું એ વિચારી રે, દીધી કેમ એવડી. ૩.
દુરજન દોષી હો રાજ, પાપના પોષી રાજ,
ધરમના શોષી રે, હોય એમ અકારણે;
અવગુણ આગે હો રાજ, પાપ ન લાગે રાજ,
પ્રીતને ત્યાગે રે, દ્વેષી ગુણને ઢાંકણે. ૪.
પર સુખ દેખી હો રાજ, હોય પરદ્વેષી રાજ,
છળના દ્વેષી રે, પાપી રોષ ધરે ઘણો;
મનુષ્ય મ જાણો હો રાજ, મતિ કો વખાણો રાજ,
સહી મન ટાણો રે, પાપે પિંડ ભરે ઘણો. ૫.
એક દિન વારૂ હો રાજ, દુરમતિ કારૂ રાજ.
દુરગતિ સારૂ રે, વાત કહી વાણીએ;
સુણો ભૂપ જમાઇ હો રાજ, મોટી વડાઇ રાજ,
શુકન ભણાઈ રે, આપે હુવે ચાલીએ. ૬.
માગો તમે આણા હો રાજ, ભૂપતિ પરોણા રાજ,
અમીય સમાણા રે, બહુ પ્રેમ ધરી કરી;
ચંદ્રગુપ્ત વેગે હો રાજ, મનને રંગે રાજ,
દ્રવ્યને સંગે રે, વારૂ શેઠ આણા ધરી. ૭.
પ્રાણપ્રિયા વે'લી હો રાજ, મહોલને મે'લી રાજ,
લેઇ આજ્ઞા વે'લી રે. થાઓ તમે આપશું;
શીખડી લીજે હો રાજ, કામ એ કીજે રાજ,
વે'લા થઇજે રે, આપે હવે ચાલશું. ૮.
રત્નવતી વેગે હો રાજ, કાંતને સંગે રાજ,
નિજ મન ટંગે રે, બોલે નિજ તાતને;
આપો મુજ આજ્ઞા હો રાજ, કરશું પ્રયાણા રાજ,
વચન સુજાણા રે, પુત્રી કહે માતને. ૯.
રતિશુ રામા હો રાજ, પ્રીતમ કામા રાજ,
ઉતાવળ સામા રે, માતા કો'ને જાયને;

ધર અભિલાખા હો રાજ, પિયુડે ભાખી રાજ,
સુખે એમ ભાખી રે, જઇ હું મળું માયને. ૧૦

વચન તેહણે હો રાજ, દીધું જેને રાજ,
અનોપમ એને રે, લેઇ સાત સોહામણાં;
હયગજ વારૂ હો રાજ, પુણ્યને સારૂં રાજ,
નૃપબળ સારૂં રે, આપ્યાં તેહને ઘણાં. ૧૧.

દાસ વળી દાસી હો રાજ, જેહ વિશ્વાસી રાજ,
જેહ વિલાસી રે, આપી વારૂ વારાંગના;
પ્રવહણ બેઠાં હો રાજ, લેઇ સુખ મીઠાં રાજ,
વ્યવહારી દીઠાં રે, દય નાયને અંગના. ૧૨.

સાજન પોતે હો રાજ, 'મુખ જળ હોતે રાજ,
સુખ કંજ જોતે રે, પાછા વેગાથી વળ્યા;
જુતા તે હાસ્યાં હો રાજ, પવને આંલ્યાં રાજ,
ન રહે ઝાલ્યાં રે, વારૂ વેગે જે ભલાં. ૧૩.

ઉદધિ માંહે હો રાજ, બહુલ ઉચ્છાહે રાજ,
મનોજવ પ્રાયે રે, જાણે ખ્યાલ વિલોકતાં;
કલ્લોલ જળ લોળે હો રાજ, પવન ઝકોળે રાજ,
બહુ જળ ટોળે રે, વહેતે અશોકતા. ૧૪.

સાતમી ઢાળે હો રાજ, ખંડ એમ ભાળે રાજ,
શીલની રસાળે રે, રૂડી નેમવિજયે કહી;
સહુ તમે સુણજો હો રાજ, ધરમને ધુણજો રાજ,
ભાવે ભણજો રે, હોવે ખ્યાતિ કહ્યાં સહી. ૧૫.

દોહરા.

ઉત્તમ બોલ ચુકે નહિ, જો હોવે સતખંડ;
કે. ભક્તિ તન ચીકણી, પેલી વાલુ અખંડ. ૧.
નારીને કરે નેહડો તે જાડે કબ્જ પાસ,
એવા સાર તેહનો જેમ પોતાચે મન આશ. ૨.

રત્નવતી બોલે તદા, કરજો પ્રભાતે સેવ;
રાત્રિએ જુગતું નહિ, કહિયે છે તમ હેવ. ૩.
બોલે જુગથી નિસરી, બીજે જાવું જેહ;
નિશા અંધારી ઉદધિજળ, વાંછો કુશળ હું તેહ. ૪.
ઉઠ્યો આળસ છંડીને, જાવા શેઠ સમીપ;
છીંકા સામી તવ થઇ, અણસમજ્યારો દીપ. ૫.
નારી કહે જાવા ન દઉં, અપશુકન વડ એહ;
કુંવરી વિનય કરે એહવો, બોલે ગુણનો ગેહ. ૬
સરજ્યાં સુખ દુઃખ ઉપજે, ભાવિ ન મટે કોય;
સરજ્યું હોયે તે પ્રતિ, વારક જગમાં ન હોય. ૭.

ઢાળ ૮ મી.

(જેતશાવર હાટાની—એ દેશી.

કામદત્ત મંત્રી ચાર રે, બેઠા ત્યાંહાં સોયે,
અચરજ હવે હોયે, ભાવિત ન લહે કોયે,
તે સુણજો સહુ કોયે,
વાત વિચારી રે, વરવી તેહની રે;
જે જે કર્મ વિકાર રે, બેઠા ત્યાંહાં સો૦
નાંકી હતી રે, બુદ્ધિ જે જેહની રે. ૧.
જોયો એક હુતો એહ રે, બેઠા ત્યાંહાં સો૦
પરણ્યો ટીકો રે, નીકટ વારાંગના રે;
દેખી મન ચળે ચિત્ત રે, બેઠા ત્યાંહાં સો૦
કામી પુરૂષોને રે, વાલી કામની રે. ૨.
જાતિકુળ નહિ ભાસ રે, બેઠા ત્યાંહાં સો૦
પેટભરો થઇ રે, આવ્યા આપણા રે,
ન ઘટે રાજકુમારી રે, બેઠા ત્યાંહાં સો૦
અંધા હાથે રે, રત્નનો આંગણો રે. ૩.
મારો એહ કુમાર રે, બેઠા ત્યાંહાં સો૦
આવે રાતે રે, તે જવ કહાંકનું રે;

ફલકને ધરિશે છે જેહ રે, બેહા ત્યાંહાં સોહે૦
બેસવી નાખજો રે, લેઇ તે ક્ષણે રે. ૪.
એમ ચિંતવીને તામ રે, બેહા ત્યાંહાં સોહે૦
અહીંએ ગોરી રે, મનમથ સુંદરી રે;
ગીરી ગુણતણી ગેહ રે, બેહા ત્યાંહાં સોહે૦
જાણે દીપે રે, નવલ પુરંદરી રે. ૫.
મિત્ર કહે સુણો સેઠ રે, બેહા ત્યાંહાં સોહે૦
સુતાં આવ્યા રે, કુંવર ઉતાવળો રે;
ફલકને પગથરા દેહ રે, બેહા ત્યાંહાં સોહે૦
કુંવરતણો રે, મન અહીં ભળો રે. ૬.
પડિયો ઉદધિ ઉત્તંગ રે, બેહા ત્યાંહાં સોહે૦
ગુણ માંહિ રે, નવ પદ બોલનો રે;
શીલવતીતણું ધ્યાન રે, બેહા ત્યાંહાં સોહે૦
મનમાં ધારે રે, આશા ધ્યાવનો રે. ૭.
નિસુણી આકરી વાણ રે, બેહા ત્યાંહાં સોહે૦
લહિયો નારી રે, બોલ જે આકરો રે;
આકળી કેમેને ત્યાંહાં આમ રે, બેહા ત્યાંહાં સોહે૦
તેણે પેખ્યો રે, પ્રીતમ તે ખરો રે. ૮.

છાતી દુઃખશું દાઝંત રે, ચિંતે ત્યાંહાં બાળા,
ક્યાંહાં ગેહ આશા, પરના જેમ વાસા,
એહ કરમના ચાળા.
પાને [illegible] રે માંહિ પાંડુઆ રે,
તો કહું કઇ હવે કેમ રે, ચિંતે ત્યાંહાં બાળા૦
આના [illegible] રે, [illegible] આંસુઆ રે ૯.
આહા [illegible] રે ચિંતે ત્યાંહાં બાળા૦
[illegible]
વળી કહે હું નાહ રે, ચિંતે ત્યાંહાં બાળા૦
[illegible] ૧૦.

પિયરિયાં તણો વાસ રે, ચિંતે ત્યાંહાં બાળા૦
દૂર રહિયો રે, કહિયું નાવને રે;
જાણું ન સાસરૂં કેથ રે, ચિંતે ત્યાંહાં બાળા૦
શીલ જે સાચું રે, રહેશે કેમ કને રે. ૧૧.
નયણે નીર પ્રવાહ રે, ચિંતે ત્યાંહાં બાળા૦
માનું જો પેરે, જળધર ઉનલ્યો રે;
છૂટી પ્રબળ પ્રતાવ રે, ચિંતે ત્યાંહાં બાળા૦
કો નર ડાહ્યો રે, જવે જે અલ્યો રે. ૧૨.
પિયુ પિયુ કરીને પોકાર રે, ચિંતે ત્યાંહાં બાળા૦
અંગે પછાડે રે, ત્રોડે કેશ કો રે;
પામે મૂર્ચ્છા અપાર રે, ચિંતે ત્યાંહાં બાળા૦
ફાડે પરાણે રે, આપણા વેશને રે. ૧૩.
કીધાં કોડ કુકર્મ રે, ચિંતે ત્યાંહાં બાળા૦
દુર્મતિકારી રે, ઉદધિ આવિયો રે;
તો મરૂં હું એની કેડ રે, ચિંતે ત્યાંહાં બાળા૦
દિલ દુઃખ દેખી રે, ચિતડે ભાવિયો રે. ૧૪.
એવે શાસનદેવ રે, ચિંતે ત્યાંહાં બાળા૦
આવી ગગને રે, અતિશે ઉતાવળી રે;
ખડગ કર ગ્રહીને તેણે રે, ચિંતે ત્યાંહાં બાળા૦
કેમ થઇ રે, પુત્રી ઉતાવળી રે. ૧૫.
મળશે સહી તુજ કંત રે, ચિંતે ત્યાંહાં બાળા૦
અવધ કહૂં રે, તુજને વર્ષની રે;
ત્યાં લગી કરી જિન ધર્મ રે, ચિંતે ત્યાંહાં બાળા૦
ધરીને મન સારૂં રે, વારૂ હર્ષની રે. ૧૬.
પામી અતિ આનંદ રે, ગુણવંતી નારી,
અહો કામણગારી, શીલ સમારી;
હિયડે પામી રે, પ્રેમ જે અતિ ઘણો રે,
આઠમી નેમ કહે ઢાળ રે, ગુણવંતી નારી,
ત્રીજે ખંડ રે, ઢાળ એ સહુ સુણો રે. ૧૭.

દોહરા.

પામ્યો કંથ પણ કામની, વાધ્યો વિરહો અંગ;
એક વાસર કયમ નિસરે, પીડે અંગ અનંગ. ૧.
દેવી વચને તે સ્ત્રી, સ્થિરતા મન વચ કાય;
નવ પદ સાભારે ભણે, સુખનો એહ ઉપાય. ૨.
એમ કરતાં વાલણ ભિસે, પવને કીધ આનંદ;
બીજે દિવસે મોકલ્યો, નારી ભણી સુખકંદ. ૩.
સુંદર નારી તુજને કહું, કોણ પુરુષ જગ એહ;
જતન કીધું ગુણ કીધું તે, તોહી રૂપની રેહ. ૪.
તું મુજ પ્રાણપ્રિયા સહી, પ્રમદા હવે તું થાય;
તુજથી અંતર કો નહિ, હોસે બે સુખદાય. ૫.

ઢાળ ૯ મી.

(છેડો ના છ છેડો ના છ—એ દેશી.)

તું સસનેહી સ્યામા સારી, પ્રેમે ભરી પનોતી;
ગુણવંતી તું ગજવી ગોરી, લાજસરૂપ સજોતી,
પ્રેમે કહુને, હરિ એવડું શાને કહાવે, નેહ ધરીને. ૧.
દુજી નારી પ્રેમ પિયારી, તારી તે સહુ દાસી;
તું મુજ પ્રાણપ્રિયા પરસ્પરંગી, અંગે સંગીત વાસી. પ્રેમે૦ ૨.
મેં તુજ પામી પૂરવ પુણ્યે, સારી મોહનવેલ;
તોરે સંગે રંગે અભંગે, દુઃખને ઠેલો મેલ. પ્રેમે૦ ૩.
રાણી મનમાં બોલને જાણી, વાણી જંપે એમ;
પાપી પ્રાણી સબલ વિનાણી, એવું ભાખે કેમ,
મનની કહોને, અસવે શાને બોલાવો એમ કહોને. મનની૦ ૪.
પરદ્રોહીને મોહે મેલા, વલી તે રતિ તેને;
નિપટ લાલચી નિપટ લોભી, નારી છે દિલ જેને. મનની૦ ૫.
તેં મુજ પતિને નાખ્યો ઉદધિ, ઉલટી બુદ્ધિ ઉપાવે;
એ કરમે મરમ નવ પાસે, લીલા રંગ સ્વભાવે. મનની૦ ૬.
હું મદમાતી છું ધણિયાતી, વાળ ન વાંકો થાયે;

મૂકીને છેડો એહ પછેડો, નીવેડો હવે થાયે. મનની૦ ૭
જે હોય પિયારી નારી નરને, સામું પાપે ભરાયે;
છેહડો લાગે ભીખને માગે, આગે સુખ નવ થાયે. મનની૦ ૮.
આપણી છાંડી ચાહે પરની, રાતો થઇ જે રાચે;
પાપનો સંચો પૂરો મેલે, દુઃખ મંદિરમાં માચે. મનની૦ ૯.
પરની નારી સંગ બહુલો, દુર્ગતિમાં દુઃખ વેદે;
પરમાધામી પાપી તેને, શસ્ત્રે કરીને છેદે. મનની૦ ૧૦.
તું મુજ આયત હમણા આવી, જો કહ્યું નવ માને;
તો ગતિ એ છે તારા પિયુની, કહીએ છે સહી તાને. મનની૦ ૧૧.
એવી વાતે ખાંપણ દુર્જનને, તું મુજ બંધુ સમાન;
ક્રોધે કરી તન પૂર્યું શ્રેષ્ઠિ, કામાતુર એક વાન. મનની૦ ૧૨.
નભમંડળ તવ છાયું અભ્રે, દામનીના ઝબકારા;
ગડગડાટ કરે ઘનઘોરા, વરસ્યા શબ્દ અપારા. મનની૦ ૧૩.
તડિત શબ્દ બહુ તડતડે, ઘુણ વાયુ ઘુમાન;
એવે રાત્રે જલધિ ઉલટ્યો, યમ રાત્રિ સમ જાણ. મનની૦ ૧૪.
બાવનવીર ચોસઠ જોગણીઓ, સાથે વળી ક્ષેત્રપાળ;
આવી ચક્રેશ્વરી એવે સાથે, ધર્મતણી રખવાળ. મનની૦ ૧૫.
લેઇ અસિને દોડી દેવા, મારણ શેઠને કાજ;
શરણું દેઇ સતીને જાહને, રાખી સહી તમ લાજ. મનની૦ ૧૬.
રે રે પાપી દુર્જનને મૂક્યો, સતીના પદ પરભાવે;
દેઇ શીખામણ દેવી તેને, વળેલી થાનક જાવે. મનની૦ ૧૭.
[illegible] તે [illegible] ત્યાં તે ન [illegible];
[illegible] તે [illegible], [illegible]. મનની૦ ૧૮.
[illegible] તે ન [illegible];
નેમિવિજય [illegible] એ [illegible]. મનની૦ ૧૯.

દોહરો.

[illegible];
[illegible]. ૧.

રાજ્ય કરે રાજા ભલો, સુખદાઇ શિશુપાળ;
કનકસેના તસ ભારજા, પટરાણી સુકુમાલ. ૨.
ત્રિલોચના છે તેહને, બેટી ગુણની ગેહ;
કળા ચોસઠ ચતુરા ભરી, યૌવન દેખે જેહ. ૩.
આપી શેઠ વધામણી, લઇ આવ્યા સહુ સેણ;
નારી રંભા સારખી, નિરખી સહુએ નેણ. ૪.
ચમક્યા કામી હિયડતે, ધમક્યાં ધરમી મન;
એ એવી ગુણની ભરી, કુલિની સુપ્રસન્ન. ૫.
રાજ્ય કહે અમ અંગના, પરણી રાજનધીપ;
સહુ સુણી સુખ પામીઆ, ઉત્તમ એનો દીપ. ૬.
વાત વધી તે નગરમાં, પરણ્યો રાજકુમાર;
અહો અહો પુણ્ય એહનું, ન મળે આ સંસાર. ૭.

ઢાળ ૧૦ મી.

(મોહા સ્વામિ હો, શ્રી શીતળનાથ કે—એ દેશી.)

હવે વાહાણ હે, આવ્યાં તેણે નેર કે, હુવાં એ હરખ વધામણાં;
તેણે ત્યાં હે, સહાં કુશળની નાળ કે, ધડડડડ ગાજે સોહામણાં. ૧.
જન જોવે હે, ઉભા નિજ ગેહકે, આવરો વાંલા વાટડી;
શેઠ કામદત્ત હે, આવ્યો સહુ જાણ કે, ધનતણી લેઇ ગાંઠડી. ૨.
ભલા રત્નવતી હે, સજ્યા શણગાર કે, જિનવંદન ભણી નીસરી;
જન દેખી હે, પડે એ કુમાર કે, ભાખે શેઠની સુંદરી. ૩.
દેખા માંહિ હે, હુવા લોક હેરાન કે, એણી રૂપે કામની;
પુણ્યેથી હે, પાયો એહ કે, વાણી સુણી તે લાજની. ૪.
લીધી આલી હે, તેહજ દરબાર કે, રાજા ચિત્તમાં ચમકિયો.
જપે પૂછી હે, તેહ બોલાવે ભૂપ કે, રૂપે કામ રતિ હારિયો. ૫.
જપે રત્નવતી હે, નિસુણો તમે તાત કે, વાત કહુ વાર પરે;
મુજ પતિને હે, નાખ્યો ઉદધિ માંહિ કે, જેહ વચને પુરજુ ભરે. ૬.
વળી કરવા હે, આરે નિજ નાર કે, અધમ પુરુષ જગ એહ છે;
અજાણ્યાનું હે, જગ મહીં નવ કોય કે, કહિયું નહિ કેણે પડે. ૭.

સાંભળી રાજા હે, એમ વચન વિચાર કે, પહોચાડી નિજ મંદિરે;
તમે રહેજો હે બેટી સુખ ઠામ કે, પ્રેમ ધરીને પેરે પેરે. ૮.
ત્યહાં કામદત્ત હે આવ્યા લેઇ ભેટ કે, શીશ નામે ભક્તિએ ભલે;
ક્રોધ કરીને હે, કહે નરપતિ વેણ કે, રે રે દુષ્ટ પાપે ચળે. ૯.
કબજ કીધા હે, સહી વાહાણ શેઠ કે, નાખ્યો કષ્ટને પાંજરે;
ઘર લુશા હે, સુપા પરિવાર કે, રાખ્યા નહિ તસ અંતરે. ૧૦.
ધણું રત્નવતી હે, કરે જીન ધર્મ કે, મર્મ મિથ્યાતના ટાળી કરી:
ત્રિલોચના હે, રત્નવતી હોય કે, નેહ વાધ્યો બહુ દીલ ધરી. ૧૧.
નિત્ય કરતી હે, આંબળ તપ સાર કે, આવસ્યક દોય ટંકનાં;
નવ પદનો હે, જપતી જાપ કે, પાપ ટળે સર્વ અંગનાં. ૧૨.
પિયુ સંભારે હે, વીસરે નહિ નેહ કે, ધ્યાન ધરે જ્યમ યોગીશ્વરી:
બાપીયડો હે, જેમ મેહશુ તાન કે, રત્નવતી રહે દીલ ભરી. ૧૩.
દુઃખ વારણ હે, કહે રાજકુમાર કે, દુઃખ ન આણીએ એહવું;
હોયે સરજ્યું હે, કુણ મેટણ કે તેહકે, શંકાસમકિત જેહવું. ૧૪.
તે તહાં બોલી હે, રત્નવતી સોય કે, વાલાં દુઃખ છે મોટકાં;
કેમ ખમીએ હે, ગમિયે કેમ રાત કે, ધાત દરદ જે ખોટકાં. ૧૫.
ખારો ખાટો હે, સર્વ તજ્યો આહાર કે, ભૂમિશયન જે આદરી;
મન વચને હે, કાયા પ્રીતમ ! રાખ કે, આ તમને એમ અનુસરી. ૧૬.
ઢાળ દશમી હે, ભાખું શુભ વાણ કે, નેમવિજય મુખ ગહગહી;
તમે સુણજો હે, ભાવે ભવિક લોક કે, આગે વાત હોય તે લહી. ૧૭.

દોહરા.

અહનિશ જઇ વંદન કરે, નગરે શ્રી જિનદેવ;
પૂજા ભક્તિ બહુ ભાવના, બહુ પેરે સારે સેવ. ૧.
દ્યપ કુંવરી ચૂકે નહીં, નવ નવ કરતી કેલિ;
કુંવરી કહે કોઇ વારતા, કથા ચરિત્રને ભેળિ. ૨.
ચંદ્રગુપ્ત રાજાતણું, ચરિત્ર સુણો એક ચિત્ત;
પદતો દેવે કર ધર્યો, રત્નતણે જે વિનીત. ૩.
ધુતારાપુર પટ્ટણે, (તેણે) મૂક્યો લેઇ તેહ;
ક્રિયાભરણે શોભતો, કુંવર કળાનો ગેહ. ૪.

હરિસેણ રાજા ત્યાં ભલો, કમળપ્રભા પટનાર;
હંસાવલિ તસ નંદિની, અતિ અપ્સર અવતાર. ૫.
વીરધવલ મંત્રીશ્વરો, હેમવતી પિયુ જાસ;
કામવતી તસ અંગજા, જોવન ફરે નર આશ. ૬.
માંહોમાંહે પ્રીતડી, એક જીવ તન દોય;
કામવતી હંસાવલિ, ભેદી ન શકે કોય. ૭.

ઢાળ ૧૧ મી.

(મારા નાથનો મોતી લાવનો રાજ—એ દેશી.)

કુંવર તે મનમાં એમ વિચારે, કેણી દિશ હવે જાઉં;
વસ્તો પામું જો વારૂં એહેલો, ભૂખ તૃષાને છિપાઉં લાલ,
જો જો અચરજ જે હોવે હો લાલ. ૧.
વીરધવળ મંત્રી તસ વાર, ઘોડો માંડવી પરિવારે;
આવતો ભોલાવ્યો આપણી મોજે, દીઠો નિરૂપમ ત્યારે લાલ,
જો જો અચરજ જે હોવે હો લાલ. ૨.
અનુપમ અંગે ભૂષણ શોભિત, સુગુણ પુરૂષ જગસારે;
ધન બહુ દેખી મન લપટાણું, લોભી તે એમ વિચારે લાલ,
જો જો અચરજ જે હોવે હો લાલ. ૩.
વીરધવલને કુંવર બન્ને, મળિયા અંગ બે ભીડી;
સાચા સ્નેહી પુરાતન પ્રીતે, રતિરસ કરતા બીડી લાલ,
જો જો અચરજ જે હોવે હો લાલ. ૪.
તું મુજને મળ્યો પુણ્ય સંજોગે, કીધાં મેં બહુ ધર્મ;
નિમિત્તીએ કહ્યો દિન આજ એ રૂડો, ટાળ્યો દુઃખનો મર્મ હો લાલ,
જો જો અચરજ જે હોવે હો લાલ. ૫.
કામવતી મમ નંદની નીકી, રાખી તાહરે કાજે;
અમચા મનનો મનોરથ સીધ્યો, કીધાં કાજ અવાજે લાલ,
જો જો અચરજ જે હોવે હો લાલ. ૬.
એમ કહેતાં તે મંદિર પહોચ્યો, દોએ દિલ ભરપૂરે;
ધુતારાપુર નામ સુણીને, કુંવર ચિંતે ગુણ ભૂરે લાલ,
જો જો અચરજ જે હોવે હો લાલ. ૭.

કામવતીએ લાજ કરી બહુ, કામવતી ગઇ દુરે;
હંસાવલિને વેગે બોલાણી, બેહેનર પાપ નિઠુરે લાલ,
જો જો અચરજ જે હોવે હો લાલ. ૮.
રત્નપુરૂષ શશિ ભાનુ જ્યોતિ, પુરૂષ આણ્યો મુજ તાતે;
તેહતણો વધ હોંસે વરવો, પાપ ઘણું એ વાતે લાલ,
જો જો અચરજ જે હોવે હો લાલ. ૯.
હું કુળખંપણ કારજે કહે, નારીપણું જે પામી;
પુરૂપબહુની થઇ ધણિયાણી, એ માનવ ભવ ખામી લાલ,
જો જો અચરજ જે હોવે હો લાલ. ૧૦.
હાથે કરીને મારવો પ્રીતમ, કૂડ કપટ જે કમાઇ;
તો કહે શું હું જાઇશ લુંટી, માનવ પ્રાણ ગમાઇ લાલ,
જો જો અચરજ જે હોવે હો લાલ. ૧૧.
તાતને વચને મેં બહુ માર્યા, રત્ન પુરૂપની જોડી;
તોય તેહનો ન આવ્યો છેહલો, જારીને દુઃખ તન ખોડી લાલ,
જો જો અચરજ જે હોવે હો લાલ. ૧૨.
દેખો દોલતનો જે દાતા, રંભતણો વર એહ;
ઉલ્લસે તન મન પેખી જેહથી, જંતુ જીવાડણ જેહ લાલ,
જો જો અચરજ જે હોવે હો લાલ. ૧૩.
પ્રચ્છન્ન રીતે પ્રેમ ધર્યો બે, આવી દેખી કુમારે;
હંસાવલિ મન હરખ ઘણેરો, વરિયો એણે અવતારે લાલ,
જો જો અચરજ જે હોવે હો લાલ. ૧૪.
તું મત મારે એહને બેહેની, એ મુજ જીવન પ્રાણ;
મેં દિલ ધરિયું થઇ ધણિયાતી, તું તો જાણી મ જાણ લાલ,
જો જો અચરજ જે હોવે હો લાલ. ૧૫.
એમ કહીને પહોતી મંદિરે, કામવતી વરકન્યા;
નવલ આભૂષણ વેશ બનાયા, દેખી તે ધન્ય ધન્યા લાલ,
જો જો અચરજ જે હોવે હો લાલ. ૧૬.
ઢાળ અગ્યાર રચી નિરૂપમ બોલી, પ્રેમદા પરજિવ ભેલી;

નેમવિજય કહે આગળ જાતાં, દૂધ સાકર કરશું ભેળી લાલ,
જો જો અચરજ જે હોવે હો લાલ. ૧૭.

દોહરા.

વીરધવળ મંત્રી ત્યહાં, માંડે બહુ ઉછરંગ;
ઝાંગી ઢોલ વાજે ભલાં, આરંભ કરિમ ચંગ. ૧.
નવરાવ્યો નીરે કરી, ભકત્યે કીધાં ભોજ;
પ્રીતમ મનશું ખેલતાં, લેતાં બહુ પેર મોજ. ૨.
મંત્રી જંપે કુંવરજી, અમચી નંદિની એક;
નિમિત્તિયો આવ્યો ઇહાં, વિદ્યાવંત વિવેક. ૩.
તેણે કહ્યું મુને મુદા, જલધિ મધે તીર;
પ્રાત સમે નર આવશે, પુરોજનમં વડ વીર. ૪.
દીન લગ્નનો આજ છે, આવ્યા જોતાં વાટ;
પરણો પ્રેમ ધરી કરી, ટાળી સર્વ ઉચાટ. ૫.
હરખ થયો હૈડે ઘણો, પામી એવા બોલ;
પણ છે કોઇક વારતા, જૂઠા કરે કલ્લોલ. ૬.
સાર્ધ પ્રહર જામની [તણો], વીતે કર્યો વિવાહ;
હરખેણો બહુ પેર કર્યો, ધરતા મન ઉત્સાહ. ૭.

ઢાળ ૧૨ મી.

(કરેલા ત્યાં મેરવાણ—એ દેશી.)

મેહેલ ભુવન મોઝાર, અતિ અજવાળે સુંદર ઓરડી જી;
ચિહુ દિશે ચ્યાર ગવાખ, સેજ સમારી ત્યહાં વર ગોરડી જી. ૧.
ઉપર મોટી ખાટ, શીશ પટોડી પુરાતન પાથરી જી;
બેઠો કુંવર તે વાર, જેમ ઉગમણી સોહગ સુંદરી જી. ૨.
તેમ નુજ વદન વિલખાય, દિસે છે જેમ આમણદુમણી જી;
વરે તવ નારી ઉલ્હાસ, વિપુલ કીધો મેર મોહામણી જી. ૩.
કુંવરે ઉપાડી હાથ, પ્રેમે પટોડી તેહ દૂરે કરી જી;
દીઠી ભૂમિ પર કૂપ, દુરગંધી જો અતીશે ભરી જી. ૪.

કહો નારી તણે વાત, એહ કમાઇ કરમને આદર્યો જી;
આદિ હુતી અધિકાર, સચિવ વેશ્યાએ પાંતરો જી. ૫
ઇણી પુરે રીતા વેશ, રામતણી છે સાચી છત્રધારિણી જી;
જીવિત ભેદનો ભેદ, રાયમંત્રી એ બેહુ સુખકારિણી જી. ૬
શીરાં ડોકરી એક, નિવસે જિનવર ધર્મની શ્રાવિકા જી;
દયાતણી જમ ટેક, દેવગુરૂને ધર્મ વ્રત ભાવિકા જી. ૭
ઇણપુરે જિનપ્રસાદ, દ્રવ્ય અછે તેહનું મંત્રી ધરે જી;
તેણે પાપે મહારાજ, દ્રવ્ય નાકું લેઇને પુર બહુ પરે જી. ૮
અન્ન ઉદકનો નાશ, ધરાપતિ તાત (બેહુ) નિર્ધન થયા જી;
માંડયું પાપે મહારાજ, કંઇ નરનારીનાં ધન લુંટિયાં જી. ૯
વેશ મંત્રી નૃપ પાપ, વેર વણ પ્રાણે મારે જે પ્રાણિને જી;
વેંચે ત્રણ સમ ભાગ, મારી નરને ધન બહુ આણિને જી. ૧૦
ત્યમ જે નગરના લોક, પાપ તાપ થકી વસમા ઘણા જી;
પરભવકેરે પ્રતાપ, અનાથપણે થઇ દુર્ગતિ ભામણાં જી. ૧૧
કંઇ એણે નર કોટિ, હોમ્યા હોશે હરખ ધરી મને જી;
તું મુજ પ્રાણઆધાર, જીવનજી છે તું માહરે મને જી. ૧૨
દેખી ઉલ્લસી દેહ, પ્રેમ વાધ્યો છે પ્રીતમ માહરો જી;
આ ભવે તું ભરતાર, મેં કર ધરિયો પલ્લવ તાહરો જી. ૧૩
સમશા મંત્રી તામ, દ્વાર ઉઘેરે પૂરવની પરે જી;
બોલ્યો કુંવર તે આમ, કામ ઇહાં અવસર એ કરે જી. ૧૪
લાજીને ગયો ઠામ, કુંવરી મનમાં થઇ હરખિત બહુ જી;
સુંદર બિછાઇ સેજ, હરખ ધરીને રંગે રમે બેહુ જણાં જી. ૧૫
આનંદદાઇ અંગ, સુખ પામ્યાં ઘણું ભીમર ને ભામિની જી;
સરખો મળ્યો તસ સંગ, સુખ વિલસે ને ઉલસે જાની જી. ૧૬
વનિતા વિવિધ વિલાસ, આનંદ પામ્યાં ત્યહાં આપણાં જી;
લલના લીલના હાસ, હુઆં હરખતણાં વધામણાં જી. ૧૭
સાંભળતાં સહુ (લોક), સુખ દુઃખ ટાળે સહુને મને જી;
બારમી સોહેળ ઢાળ, નેમવિજય કહે સુખ વહે જો તને જી. ૧૮

ખંડ ૪ થો.

દોહરા.

શ્રીહીરવિજય સુરીશ્વરો, જગી ગુરૂ જસ નામ;
પ્રેમે પ્રણમું પદકમળ, પામું વાંછિત કામ. ૧.
રાજસુતા હંસાવળી, સખીપણું તે સાથ;
મોહી તમનું પેખીને, ઘર પહોતો નિજ નાથ. ૨.
વિષય સુખ વિલસે ઘણાં, નરનારી ઉછરંગ;
વીતી રંગે રાતડી, માચ્યો અંગ અનંગ. ૩.
મંત્રી જોવે વાટડી, બહુપેર કરતા સાન;
ભાનુદય ઉઘાડિયું, ઘર ભણી શુભ ગ્રાન. ૪.
તાત ભણે પુત્રી ભણી, એ જન્મ્યો કુણ કામ ?
કામવતી કહે માહરો, એ છે આતમરામ. ૫.
એ મેં માર્યો નવ મરે, હોજો જોડી અખંડ;
માતપિતા પરણાવિયો, તેણે મુજ અતિ ઘમંડ. ૬.
ખુશી થયાં માતાપિતા, દેખી રૂપ જમાઇ;
કમળ સુકોમળ દેહડી, આંખડી તેજ સવાઇ. ૭.
સંધ્યા સમે કુંવર તદા, આભુષણ ધરી અંગ;
સીતા મંદિરે સંચર્યો, જઈ બેઠા તે સંગ. ૮.

ઢાળ ૧ લી.

(વાંલ્હિડ વાયછે વાંસળી રે—એ દેશી.)

વેસ્યાએ આદર બહુ દિયો રે, બેસાર્યો શુભ ઠામ;
અંગે આભરણ શોભતાં રે, બહુ લક્ષણ ગુણધામ. વેસ્યાએ૦ ૧.
સાંજ પડી રવિ આથમ્યો રે, રજનીતણો જે અંધાર;
લલિત તમસ શોભા લહે રે, તમરાં કરે ઝણકાર. વેસ્યાએ૦ ૨.
કુંવર પ્રત્યે કહે કામની રે, તું મુજ મોહનવેલ;
તુજ દર્શન ઘણું વાલહો રે, તું તનમન રંગરેલ. વેસ્યાએ૦ ૩.

[illegible] તમે [illegible] રે, લેજો મન વિશરામ;
[illegible] કે કોઇ કામની રે, કરી આવું તેહ કામ. વેશ્યાએ૦ ૪.
[illegible] કરી ઓરડે ગયા રે, કીધું રાસભ રૂપ;
[illegible] પુછ્યો રે, નિરખે તેનું નિરૂપ. વેશ્યાએ૦ ૫.
[illegible] ઓરડે રે, દેખી પદનો પ્રકાર;
[illegible] અતી રે, માર્યા પુરૂષજ ચાર. વેશ્યાએ૦ ૬.
[illegible] કરી રાક્ષસી રે, ભક્ષણ કરે નરમાંસ;
[illegible] રે, દયા નહિ જરાઅંશ. વેશ્યાએ૦ ૭.
[illegible] દેવતા રે, આવ્યા વ્યંતર નામ;
[illegible] રે, [illegible] કામ. વેશ્યાએ૦ ૮.
[illegible] રે, ઉડી આપ આકાશ;
[illegible] રે, [illegible] આશ. વેશ્યાએ૦ ૯.
[illegible] રે, [illegible];
[illegible] રે, આવી આપ આસન. વેશ્યાએ૦ ૧૦.
[illegible] રે, [illegible] સંતાપ;
[illegible] રે, [illegible]. વેશ્યાએ૦ ૧૧.
[illegible]

વેશ્યા રંગે ચંગ ખંડમાં રે, બેસાડી ઘેરે સાથ;
કુંવર બેઠા નારી કને રે, દેવ કરે શકુ હાથ. વેશ્યાએ૦ ૧૮.
કહે નારી પિયુ પરણીએ રે, મ કરો હવે વિલંબ;
મુજ બંધવ હોય આકરા રે, કપટી ક્રોધી ને સુંબ. વેશ્યાએ૦ ૧૯.
કુંવર ભણે કુણ તું અછે રે, કહે નારી સુણો વાત;
પરણીને પિયુ પછે રે, બહુલો છે અવદાત. વેશ્યાએ૦ ૨૦.
માંડી કજાને મોહરૂં રે, પરણી પ્રેમદા હોય;
જાતિને ભાતિ જાણી નહિ રે, હવે અગરજ જુઓ હોય. વેશ્યાએ૦ ૨૧.

દોહરા.

શાશ્વત છે વૈતાઢ્ય ગિરિ, તેમાં ઉત્તર શ્રેણ;
સાઠ નગર અતિ શોભતાં, ઉપમા દીજે કેણ. ૧.
હેમપુરી છે ત્યાં કહ્યું, હેમરથ નર રાય;
હેમશ્રિયા નારી ભલી, સુજશ જાસ સવાય. ૨.
શીલાવતી તસ સુંદરી, હોય પુત્ર વળી જાસ;
મણિચૂડ રત્નચૂડ બે, યૌવન વયે પ્રકાશ. ૩.
હેમરથ નૃપ અન્યદા, નિમિત્ત પૂછ્યો જે વાર;
હોશે કોટપતિ અંગના, તે કહિયે સુવિચાર. ૪.
જ્ઞાની જ્ઞાન કહ્યું સહી, સિંહરથ નંદન સંત;
ગુપ્તચંદ્ર ચઢિ અશ્વરે, પતિ હોશે ગુણવંત. ૫.
બંધવ બોલે માહરા, એમ ન કીજે વાત;
અમ બેહેની ખેચર વિના, કુણ પરણે કરી ખ્યાત. ૬.
તાતે છોડી દહાડણે, ઘણીવેળા ઘણીવાર;
બંધવ બે દાસાં આવશે, સઘળો એહ પરિવાર. ૭.

ઢાળ ૨૭.

(વારનારી [illegible] આવે [illegible] એ દેશી)

ગગને તેણે પ્રસ્તાવે જી, આવે ખેચર નામ,
નભમંડળ નર જાત જી, વૈરાગ્યો મહીં ઠામ,
ચતુરંગી જ્યાં સેના જી, પાર ન પામે કોય,

લડવાનાં મન જેનાં જી, ક્રોધ કરી અંગ માંય;
બોલે નભચર નભથી એવું, જીવતો જાજે લેઇ પ્રાણ. ગગને૦ ૧
એ કન્યા નથી તારી જી, કહિએ વારંવાર,
વાચા કહું છું મારી જી, વેણે વેણ પ્રચાર;
રાંક સમો કુણ તું છે જી, કહિયે વારંવાર,
ન કહ્યું કહીશ વળી પછે જી, વેણે વેણ પ્રચાર;
કરુણા આવે છે કાયર દેખી, કુંવર થયો હેરાન. એ કન્યા૦ ૨
પંથી હું છું વારું જી, શું માનો મન જોર,
નહિ હું તમ દેઉં સારું જી, ગાજ્યો જ્યમ ઘનઘોર,
કરુણા આવે અમને જી, શું માનો મન જોર,
સાળા જાણી તમને જી, ગાજ્યો જ્યમ ઘનઘોર;
એ હરિણાક્ષી હેંટ વાલી, પરણી પ્રેમ સંપ્રદાય. પંથી૦ ૩
જો હું તમને મૂકું જી, કરુણા આણી અંગ,
ક્ષત્રી બિરુદ ન ચૂકું જી, એહ નારી સંગ;
રવિ શશિ પેર હું રસિયો જી, મોહન નારી સંગ,
એને મન હું વશિયો જી, જેવો કેતકી ભૃંગ;
પરણી આપું જો નારી તમને, જગત શોભા ક્યમ થાય, જો હું૦ ૪
એ વચને રસ ચઢિયા જી, ખેચર રોષ ભરાય;
કુંવર ભણી જઇ અડિયા જી, રાતી દૃષ્ટિ કરાય.
ખડ્ગ લેઇને ધાયા જી, નવલા ક્રોધ ભરાય;
નૃપ પાસે વહી આવ્યા જી, જાગી જો જમરાય,
અંતર સોળ સાત કુંવર વારુ, ઉઠ્યા સબળ અપાર. એ વચને૦ ૫
માંડ્યો મોટો જંગ જી, બોલે [illegible] વાણ,
મરતા કોઈ ન [illegible] જી, [illegible]
[illegible] પર [illegible] જી, [illegible]
[illegible]
[illegible] માંડ્યો૦ ૬
[illegible]
[illegible]

મોટા માર નિવારે છે, ટાળો દૂર જંજાળ;
સોભાગી સુખકારી છે, એ વેળા અસરાળ;
અતિ વિદ્યા તે ખેચરે સાધી, વિજ્ઞપ્તિ ગુણધામ. કંઈક૦ ૭
વ્યંતર શત સહુ નાઠા છે, જોતાં પુઠ ન કોય,
નાઠા જાવે રહ્યા છે, સુગુણિયા સહુ હોય;
કુંવરને અચરજ હોવે છે, જગતિ ચિત્રને જોય,
સઘળું કૌતુક જોવે છે, કાંઇ અણરો જોય;
દેવ પ્રગટાવ્યો માણિકકેરો, ઉઠ્યો ઉદ્ધત રે નામ. વ્યંતર૦ ૮.
આછેરે અકળાયે છે, પ્રગટી પાવક જ્વાળ,
વિદ્યા આકુળ થાયે છે, તેથી બળ અસરાળ;
વ્યંતર પાછા આવે છે, જે હુતા વિસરાળ,
ખેચર પૂંઠ દેવાલે છે, સુર મોટી વિકરાળ;
ઉઠ્યો કુંવર તે દોષને પકડ્યા, મણિચૂડ રત્નચૂડ દોય. આછેરે૦ ૯.
વિદ્યા નભચર દૂરે છે, દેખી કુંવર દિદાર,
નારી બળને ચૂરે છે, પોટે પુણ્ય પ્રચાર;
ગોળા નાળી પ્રહારે છે, મુઇ વેસ્યા તેણીવાર,
ભાવિ કોણ નિવારે છે, જાણે સહુ સંસાર;
ચોસઠ્ય જોગણી નાઠી તતક્ષણ, અશરણ ગઇ ત્યાંહાં એક. વિદ્યા૦ ૧૦.
ચોથી નરકે પોતી છે, પાપની કોથા તેહ,
કપટતણો પટ દેતી છે, પાપે દુર્ગતિ ગેહ;
માંસ ગતિ હોય નીચી છે, માનો સાચું એહ,
પણ નહિ ગતિ ઉંચી છે, પાપ ન કરશો કોઇ;
ચોથા ખંડની બીજી ઢાળે, નેમવિજય કહે નેહ. ચોથી૦ ૧૧.

દોહરા.

કુંવરે છોડવા દો ભણી, નારી બંધન જેહ;
કરૂણા આણી અતિ ઘણી, દાખાને બળ દેહ. ૧.
તે પણ પ્રણમે પદકમળ, વિમળમતિ મન આણિ;
એમ મનરંગ ભાઉ ત્યમ, ગણજો તે શુભ ખાણિ. ૨.

ખગજો અવગુણ આમતણો, મોટા તમે મહંત;
પોત્યો હજી પુણ્ય માહરો, તમ શું સંગમ સંત. ૩.
પેહેલાં તો નવ ઓળખ્યો, તેણે બોલ્યા વિપરીત;
સંપતિ સમયે અમ મને, તમશું બાંધી પ્રીત. ૪.
અમ બન્ને પૂરવ કિયો, સાંચેલો જિન ધર્મ;
તેણે પતિ તુજ પામિયો, રાખી દ્વય કુલ શર્મ. ૫.

ઢાળ ૩ જી.

(ઘેર આવો જી આંબો મોરિયો—એ દેશી.)

હરખિત થઇ તવ હાજરે, સહિ દીધો સોય કુમાર;
કુંવરને જઇએ જી ભામણે. આંકણી.
તુજ કુળ આદિત્ય તું સહી, તું તો સોમશશિ અનુસાર. કુંવરને૦ ૧.
એટલે હેમરથ આવિયો, ત્યાંહાં સબળો લેઇ પરિવાર;
આવી વીર વધાવિયો, મન આણી પ્રેમ અપાર. કુંવરને૦ ૨.
ખેચર સુત ખેચર ભણી, જઇ પ્રેમે કીધ પ્રણામ;
અજવાળ્યા એણે કારજે, વળી રાખી ખગચર મામ. કુંવરને૦ ૩.
હયવર તે સહી હીંસતા, આપ્યા પંચસયા વર જેહ;
આપ્યા દ્વય શત સુંદર, તસ મદઝરતા દ્વીપ જેહ. કુંવરને૦ ૪.
મણિ માણિક મોતી ઘણાં, તેમ રત્નતણી બહુ રાશ;
ખાટ તળાઈ દીપિકા, વર આપિયાં એમ ઉલ્લાસ. કુંવરને૦ ૫.
વારાંગના વરભૂપતિ, લેઇ દીધી જેણે પંચવીશ;
આપી એમ સંતોષિયો, કહે આજ્ઞા સબળ વહીશ. કુંવરને૦ ૬.
અમે ગ્રહી નિજ નંદિની, હેજે ભીડી આપણે અંગ;
લહે જ્યો દિન સુખભણી, રાજ્યો તમરંગ અભંગ. કુંવરને૦ ૭.
દીધી શીખ સોહાગણી, ગોરીને બહુપેરે આપ.
આજ્ઞા માગી કુમારની, સર્વ દૂર કરી દુઃખ છાપ. કુંવરને૦ ૮.
વહિયા ગગને વિદ્યાધરો, જાણે પંખા તણી હાર;
ચંદ્રપ્રભ લીલાવતી, વેગે આવે નગર મોઝાર. કુંવરને૦ ૯.
વેશ્યા મંદિર સંચર્યા, લીધો તે પલંગ વિશ્રામ;

સંચ્યું પુરાતન ધન લિયું, જાણે એહજ મંદિર સ્વામ. કુંવરને૦ ૧૦.
લીલાવતી છોડી ત્યાંહાં, નિજ રામા સુંદર તેહ;
પહોત્યો મંદિર મંત્રીને, સઘળું લેઇ ધન એહ. કુંવરને૦ ૧૧.
આપ આવ્યો વળી કોશવે, લીધી વળી સુસાર;
પ્રાતર મંદિર મંત્રીને, વહી આવ્યો વેગે કુમાર. કુંવરને૦ ૧૨.
કામાવતીને મંદિરે, ત્યાંહાં આણી હંસાવળી તેહ;
કામવતીને એમ કહે, કહું બેની સાંભળ એહ. કુંવરને૦ ૧૩.
મેં વરિયો વર સુંદરો, સહી બોલીને પોત્યો કેથ;
સાંજ સમે પુરી મધ્યે, ગયો નવી જાણિયે એથ. કુંવરને૦ ૧૪.
આવશે હવે મંદિરે, હું નો જોઉંછું તેહની વાટ;
દીઠો હોય તે નારિયે, એ કુંવર ભસે રે ઘાટ. કુંવરને૦ ૧૫.
રાયસુતા હંસાવળી, હરખી ઘણું નયન નિહાળ;
પ્રભ પ્રગટી દિશ જે હતી, હુઇ તેવી તે ખુશાલ. કુંવરને૦ ૧૬.
દગ સિંચંતી સુધાતણી, અંગના અંગ વાધ્યો અનંગ;
કામવતીએ પ્રેમસુ, બોલાવ્યો ધરી ઉછરંગ. કુંવરને૦ ૧૭.
પ્રીતમ કેવે કારણે, કહિયે પ્રિય રાતની વાત;
કોણ પરણી કુંવરી તમે, કહે કુંવર તવ અવદાત. કુંવરને૦ ૧૮.
એવે સમે હંસાવળી, પોહોચી નિજ તાતની પાસ;
નેમવિજય સુખસંપદા, પામી જે ધરમ નિવાસ. કુંવરને૦ ૧૯.

દોહરા.

હંસાવળી કહે માતને, મંત્રી નંદિની જેહ;
પરણ્યો પતિ પરભાત મુજ, તેણુ બાંધ્યો નેહ. ૧.
સુતા સુણી સુખ વાસના, તેડાવ્યો મંત્રીશ;
જમાતા જે ગામતણો, દાખો વિશ્વા વીશ. ૨.
મંત્રી સહિત કુંવરજી, પોહોત્યા ભૂપની પાસ.
દેખી દર્શન રાયજી, અંગે થયા ઉલ્લાસ. ૩.
ભદ્ર આસન ભાવે કરી, બેસાર્યો બક્ષીસ,
સિદ્ધિ વાણ્ય અંગનાં, કુંવરે નામ્યું શીશ. ૪

મંત્રી કહે મહારાજજી, એણી રાતે એ આજ;
પરણી સુધ્ધે ખેચરી, કીધું આપણું કાજ. ૫.
બહુ હરખ્યો મન મહીપતિ, ઉલ્લસ્યાં નેણ ચકોર;
બોલે મીઠા બોલડા, તું તન મન ચિતચોર. ૬.

ઢાળ ૪ થી.

(મોરા નાથજી હો, રાજનગરે ઘટાય—એ દેશી.)

પ્રેમ ધરી કહે ભૂપતિ જી, પરણે રાજકુમાર,
કુંવર કહે કયમ પરણિયે જી, રાજ નથી નિરધાર;
એહ રાયજી હો, રાજ વચન સુણેય. ૧.
સભા સહુ સન્મુખ થઇ જી, જોવે રૂપ કુમાર;
રાખ્યું અંગ છૂપાવીને જી, માનું કામકુમાર. એહ૦ ૨.
કામે પીડિત અંગના જી, નિરખે રૂપ નિહાળ;
પ્રચ્છન્ન ધરી અતિ પ્રેમને જી, અંગોપાંગ વિશાળ. એહ૦ ૩
[illegible] ૫.
[illegible]
[illegible] ૬.
[illegible]
[illegible] ૭.
[illegible]
[illegible] ૮.
[illegible]
[illegible] ૯.

મોહ વિવેક બેહુ રમે, દેખે રાજ્ય હંસ;
બેહુ પ્રવૃત્તિ મલે નહિં, જ્યું વાયસ ને હંસ. ૧૦.

ઢાળ ૭ મી.

(કંઇક વર લાધો—એ દેશી.)

માયા દુર્બુદ્ધિ બે મળી, મન ચિંતે એહ વિચાર રે; વશ કરજે વાર૦
પ્રવૃત્તિ ભણી રિપુપરેં કહે, શીખ સાંભળ પુત્રી સાર રે. વશ કરજે વાર૦ ૧.
તું ચતુરા ચપલા છે ઘણું, નવિ જાણે ઉંડા ભેદ રે; વશ કરજે વાર૦
શાંત દાંત તુજ શોક્ય છે, તસુ પુત્ર હુવો ગયો ખેદ રે. વશ કરજે વાર૦ ૨.
પુત્રવતી પ્રિય માનીયેં, ઘર સઘળું તેને હાથ રે; વશ કરજે વાર૦
પુત્રપખેં શી પદ્મિણી, સતી પુત્ર અછે ઘર આથ રે. વશ કરજે વાર૦ ૩.
પુત્ર વિવેક હુઆ પછી, નૃપ મંત્રી બેહુ એક રે; વશ કરજે વાર૦
નિવૃત્તિ ભણી આદર કરે, છાનો ન છિપે કદી નેહ રે. વશ કરજે વાર૦ ૪.
આજ પછી તું પિયુપ્રત્યેં, તન મન વચનેં એકાંત રે; વશ કરજે વાર૦
ભાવ ભક્તિ એમ સાચવે, જેમ વશ હુવે તુજ કાંત રે. વશ કરજે વાર૦ ૫.
નિવૃત્તિથકી મન ઉતરે, કાંઇ કરજે એવી વાત રે; વશ કરજે વાર૦
કર્મ ક્રિયા કેળવે જાગી, મુજ વાધે અંગની ધાત રે. વશ કરજે વાર૦ ૬.
નિવૃત્તિતણે વારે અછે, તુજ જેમ કરે તે લાજ રે; વશ કરજે વાર૦
શોક્યતણી શંકા ત્રિલી, એ શીખ ધરે મન આજ રે. વશ કરજે વાર૦ ૭.
શોક્ય ગુની વળી સાપણી, વળગી ન જાગી તું જાણુ રે; વશ કરજે વાર૦
શોક્ય કરી શકી કશી, શું કહિયેં તેહ વખાણ રે. વશ કરજે વાર૦ ૮.
શીખ સખી પેરેં સાંભળી, રહે પ્રવૃત્તિ પિયુ પાસ રે. વશ કરજે વાર૦
રાજ્ય અંતર અળગી રહી, જેમ તનુ છાયા રહે પાસ રે. વશ કરજે વાર૦ ૯.
એક દિવસ ઉભો રહે, જિનભવનમાંહી અનપાન રે; વશ કરજે વાર૦
સહેજ કામ સંસારના, સાધે નવ નવી જાત રે. વશ કરજે વાર૦ ૧૦.
પ્રવૃત્તિ નારી મન મંગની, વશ કીધો આપણો નાથ રે; વશ કરજે વાર૦
નિવૃત્તિ બાપડી આદર ન દે, સહુ સરખો મિલિયો સાથ રે. વશ કરજે વાર૦ ૧૧.
ઉદય આપ્યો મંત્રવી, ... પાત કરે નિરાંત રે; વશ કરજે વાર૦
... મોહ મન ધરે, ... નેહે ... રે. વશ કરજે વાર૦ ૧૨.

નવ નવ પરિગ્રહ મેળિયા, મદ માંસ ભખે દિન રાત રે; વશ કરજે૦
પરદ્રોહી મોહી હુઓ, આરંભી દંભી જાત રે. વશ કરજે૦
આર્તધ્યાની આકરો, વળી દ્રોહ તણા પરિણામ રે; વશ કરજે૦
તંદુલમત્સ્ય તણી પરે, દુર ધ્યાની આઠું જામ રે. વશ કરજે૦
તેહી [illegible] તણી પરે, ખરવૃત્તિ ભમાડે ભૂર રે; વશ કરજે૦
જ્યું તરુવરને ઉખેડિને, વાહે બહુ જલનું પૂર રે. વશ કરજે૦
માયા મન હરખી થયું, હવે મંત્રી અમારે સાર રે; વશ કરજે૦
[illegible] તિકા, જેણે વશ કીધો ભરતાર રે. વશ કરજે૦

દોહરા.

માયાનો મન ગહ્યો, હવે કેહને એ પાડ;
ઉલ્લસિયો જલનિધિ ઉલટ્યો, હવે કેહી તસુ આડ.
પવને પ્રેર્યો અગ્નિ જ્યું, મયગલ માત્યો જેમ;
પ્રેર્યો [illegible] વાછ જ્યું, થાવે મત્ત ઉન્મત્ત તેમ.
[illegible] પવગ તણો, કહ્યું રૂપયાનો રોગ;
તિમ [illegible] જ્યું નાર કો, તિમ મન માયા યોગ.
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

ઢાળ ૯ મી.

[illegible]

તે નિજ શ્રવણે સાંભળી જી, અવિજન ભાવમેં આપ. કર્મ૦ એ આંકણી૦
રાય વધાર્યો હાથશું જી, નાનાથી વડ કીધ;
ઘર અધિકારી સ્થાપિયો જી, નિજ મુદ્રા જસ દીધ. કર્મ૦ ૨.
તે હવે મંત્રી રાયને જી, કેદ કરે અતિ જોર;
બાંધ્યોથો પહેલી સહી જી, નિબડ બંધન કરે ઘોર. કર્મ૦ ૩.
આપ વધાર્યો આપને જી, પીડાકારી જોય;
કાષ્ટ વધારે વન્હિને જી, કાષ્ટી બાળે સોય. કર્મ૦ ૪.
અલ્પશક્તિ રાજા થયો જી, મુક્ત નહિં તે નર;
મૂલપદથી મૂકે કરી જી, હાંકી રાખ્યો દૂર. કર્મ૦ ૫.
મન માન્યું મંત્રી કરે જી, ન્યાયેં ન્યાય વિચાર;
બાંધ છોડે આપથી જી, હેતુ અવર ન લગાર. કર્મ૦ ૬.
મોજે માણે મન ઘણી જી, જ્યું લહરી દરિયાવ;
લુટે ખૂટે લોકને જી, લાધો આપણો દાવ. કર્મ૦ ૭.
લાખ ક્રોડ વરસાં લગેં જી, તપ કરે ધર્મની ખંત;
તે પણ મનના પ્રેરિયા જી, સાતમી નરકેં જંત. કર્મ૦ ૮.
જોગ ભલા સુખ ભોગવે જી, તેને આપે મોખ;
તપશી હરણી ગેહની જી, દોય અને ગુણપોષ. કર્મ૦ ૯.
તપ જપ દાન દયા સહી જી, મન વિણ સઘળો ખાર;
મનમેલ મેલોટો ક્યો જી, ઉતારે ભવપાર. કર્મ૦ ૧૦.
ઋણ અવસર મન મંત્રીએ જી, દીઠો વિવેક કુમાર;
સામ્યજ્ઞાન સરિખી કથા જી, બોલાવ્યો સુખકાર. કર્મ૦ ૧૧.
ચિત્ત ચિંતારી નિવૃત્તિને જી, આપ ખરી તે એમ;
સદબુદ્ધિને સંભાળિને જી, વિસરી વિધા જેમ. કર્મ૦ ૧૨.
ભ્રમરી ટોળીની પરેં જી, ઉભો આવી પાસ;
તત્ક્ષણિ લેઈ નૃપે જી, ઉલસ્યો અંગ ઉલ્લાસ. કર્મ૦ ૧૩.
માતા પણ આવી અછે જી, નિજપુત્રીની લાર;
બાંધ્યો ગાઢ વિયોગથી જી, દુઃખથી નિજ નાર. કર્મ૦ ૧૪.
શક્તિ નહિં મહવા તણી જી, પામ્યાને પરકાશ;
દાસત્વથી પરેં દૂર રહ્યો જી, પ્રભુના નાશે પાશ. કર્મ૦ ૧૫.

દોહરા.

રાજા હવે નિજ નિંદતો, સંભારે સોવાર;
માયા સાધારણ વશુ, સેવ્યાં એહ વિકાર. ૧.
સુબુદ્ધિ પ્રિયા મેં તાહરી,શીખ ધારી નહિ કાંય;
તે એ ચોતરણી પરે, બંધન એવડાં થાય. ૨.
પ્રૌઢી પાવન તું પ્રિયા, નિર્મલ ગંગાનીર;
તે તો તું ગુણ આગલી, હીર ક્ષીર દંડીર. ૩.
તું ચિંતામણિ સારિખી, મેં છોડી મતિ મૂઢ;
માયા કાચ કરે ગ્રહી, જગ સઘલોઇ હુંઢ. ૪.

ઢાળ ૯ મી.

(વીર સુણો મોરી વીનતી—એ દેશી.)

પિયુ આખે પ્રિયા સાંભલો, તુઝ મ્હોટી હો જગમાંહે મામ;
પર ઉપકારી પરગડી, આવીને હો કીજે નિજ કામ. પિયુ૦ ૧.
ઘરની સોહ ઘરણી હાથે, એ વાણી હો મેં સાચી દીઠ;
કથન ન માન્યું તાહરૂં, પરસંગે હો હુવો હું ધીઠ. પિયુ૦ ૨.
તુઝ પ્રસાદથી પામિયેં, નિજ પદવી હો જે ત્રિભુવન રાજ;
તુઝ વિણ દાસપણું ભજ્યો, પરઘરનાં હો કીજે છે કાજ. પિયુ૦ ૩.
ક્યાં બાંધ્યો ક્યાં રૂંધિયો, ક્યાં પીડ્યો હો ક્યાં ચીંટ્યો જોય;
ક્યાં મસલ્યો ક્યાં હત હુઓ, ક્યાં કિંકર હો ક્યાં સેવક હોય. પિયુ૦ ૪.
હાલ હુકમ હુયો કિહાં, નિર્ધનિયા હો કીધી બહુ જાત;
નવ નવ રંગ કિયા તિહાં, મેં સઘલી હો ન કહાયે વાત. પિયુ૦ ૫.
તુજ વિરહો વારૂ નહિં, મેં જાણ્યું હો હવે પામી શીખ;
માયા મનમંત્રી મલા, મુઝ કીધા હો રાગ આપ સરીખ. પિયુ૦ ૬.
મેં મત્રી મહોટા કિયા, પણ કીધા હો મુઝ એહ પ્રકાર;
સ્વારથિયાં સઘલાં મળ્યા, હવે સુંદરિ હો તુંહીજ આધાર. પિયુ૦ ૭.
વાંછે રવિને શીત મે, જલ વાધ્યા હો નાવને ધાય;
દગ વંછે અંધક નરૂ, તમમાંહે હો દીપક આવે દાય. પિયુ૦ ૮.
પણ પરિ હું હવે તો ભલી, મિત્ત ચાહું હો જૂઠું પરસંગ,

દીનદયાલ દયા કરી, હવે રાખો હો મુઝ્ઝસંતી રંગ. પિયુ૦ ૯.
શીલવની સાચી તિકા, જે ન તજે હો પતિ આપદમાંય;
સપણુ તિકે સાચા સતી, દુઃખમાંહે હો કરે અધિ ભાવ. પિયુ૦ ૧૦.
મેં અવહીલા જે કરી, તે ખમજો હો તું સુગુણી નારઃ
રોષ રખે મનમેં ધરો, ઇમ બોલ્યો હો ભૂપ વારંવાર. પિયુ૦ ૧૧.
કણુ અવસર કુબુદ્ધિ રાણી, અણચિન્તી હો આવી તિણુઠામઃ
તાસુ ભયેં હરિ ત્રાસવી, મા બેટી હો ગયે નિજ ધામ. પિયુ૦ ૧૨.
બહુ દિવસેં મલિયા હુતા, મનમંત્રી હો નિવૃત્તિ વિવેક;
સુબુદ્ધિ રાણી સાથેં હુતી, નૃપ પાસેં હો આયાથા છેક. પિયુ૦ ૧૩.
દેખી શકે નહિં દુર્જના, સંત મેલો હો તેહને ન સુહાય;
ધર્મ મંદિર ધન તે નરૂ, જે ન કરે હો બેઠ શઠ ઉપાય. પિયુ૦ ૧૪

દોહરા.

માયા નારી પ્રવૃત્તિ બે, એ પણુ આવી તેથ;
રાજા મંત્રી કુબુદ્ધિ વળી, મલી રલિ બેઠા જેથ. ૧.

ઢાળ ૧૦ મી.

(દેશી હાંજરની, અથવા હાલ અનંતાનંત, ભવમાંહી ભમતાં હો જે વેદન સહી;)
(એ દેશી.)

આઇ નારી અજ્ઞાન, તીનું મિલકર હો નરપતિની કને;
ઓલંભો દિયે એમ, એ કયું આઇ હો જે કીધી મને. ૧.
અમશું એવી પ્રીત, ફિર અમ શોકડી હો મુખ કયું લગાઇયેં;
અહોનિશ કીજેં સેવ, ઉચ્છ કરિને હો તુઝને ગાઇયેં. ૨.
ઓલંભા વલી એમ, મંત્રી ને પણુ હો માયા ઉચ્ચરે;
પ્રકૃતિ બુરી કયું નારી, રાજ પધાર્યા હો નિવૃત્તિને ઘરે. ૩.
ઇતિ તત્ત્વદગ મકી, તેં બોલાઇ હો સુબુદ્ધિ બાણી ઇહાં;
નિંબુ રસનો નાથ, દીસતો હેજ હો મિલતા જિહાં તિહાં. ૪.
બોલો તું મન મંત્રી, એ મુઝ વાતાં હો સાચી છે સહી;
સુબુદ્ધિ મલી જો એથ, તો મુજ પ્રભુતા હો સ્થિરતા ના રહી. ૫.

ઇમ સમજાવ્યો મંત્રી, માયા નારી હો વચન કહી ઘણાં;
પ્રકૃતિ ભણી કહે એમ, કરજે પુત્રી હો આલોચ મનતણા. ૬.
દેશવટાની વાટ, નિવૃત્તિ નારી હો જિણ પરેં એ લહે;
કીજેં તેહ ઉપાય, તો એ પ્રભુતા હો નિજ હાથે રહે. ૭.
વિષમતિ પિયુની ઝાલી, આલસ મૂકી હો કામ કરિજીયેં;
તુઝ સખિયા પચવીશ, કિરિયા સારી હો સાથેં લીજીયેં. ૮.
કાયિકયાદિ પ્રસિદ્ધ, ધીરાં ધીરાં હો નવ નવ નાયકા;
એ પંચવીશમાં ઇક ટાલી, ઇરિયાવહિયા હો તુઝ નેહ લાઇકા. ૯.
નિવૃત્તિ નારી જેહ, ઇણિશું નાસે હો ઉભી ના રહે;
મારો છે વિશ્વાસ, ચોવીશસેંતી હો તુઝ આજ્ઞા વહે. ૧૦.
એ સખિયાં અભિરામ, જીણ જગ સઘળો હો જેર કિયો ભલો;
સબલો સજીયો સાજ, નિવૃત્તિસેંતી હો હવે કર સાફલો. ૧૧.
ચોવીશે લેઇ સાથ, પિયુશું ખેલે હો નવ નવ રંગશું;
સખીયાંનાં સુખ દેખ, પિયુડો મોહ્યો હો પ્રમદા સંગશું. ૧૨.
વિભ્રમ વિવિધ વિલાસ, મુખનાં મટકાં હો લટકાં અતિ મલ્યાં;
ગાયાં વાયાં ગીત, પ્રીતમ ત્રૂઠો હો મુખ પાસા ઢલ્યા. ૧૩.

દોહરા.

કહે પ્રીતમ સુણ તું પ્રિયા, મનમાંહિ લીજે હુંશ;
નવિ પૂરૂં જો આ જથે, તો તુજ ગલાના સૂંશ. ૧.
પ્રવૃત્તિ કહે સુણ સાહિબા, નિવૃત્તિ તારી નાર;
તે મુજ હૈડામાં સલી, વેઝ કરે જ્યું સાર. ૨.
ગોમુખ ધરણી એ અછે, થાકી શીલી સાર;
બરષતણી પર પીડવે, એની વાત અપાર. ૩.
તમથી પણ ગુદરે નહિ, ભાજે કરણ વિકાર;
ગરવ મહેલી ગેહિની, એનો ઉલટો ચાર. ૪.
માતા પણ છે એહની, સૂબાની સિરદાર;
વૈરાગણ રહી વાવરી, ન ધરે લોકાચાર. ૫.
દીપવતી જાણી કરી, રાજા દીધી છોટ;

નિજ પુત્રી પણ તેહવી, સરખા સરખી જોડ. ૬.
ગીત ગાન ગાવે નહિં, હાસ્ય વિલાસ ન કોય;
સ્નાન પાન વલી માન નહિ, વ્યસન રસન નવિ હોય. ૭.
જે અમને દીધા અછે, ઉલગરો અધિવાસ;
દેશવટો નિવૃત્તિને, દીજે એ અરદાસ. ૮.
નાગણ તો મુખ વિષ કહી, વીંછણ પુચ્છ વિષ હોય;
શોક્ય નીચ કાં સાપિણી, આદિ અંત વિષ હોય. ૯.
માલતણી પરે કાઢવે, સુતરોંની એ નાદ;
તો અમને સુખ ઉપજે, જીવન આણાધાર. ૧૦.

ઢાળ ૧૧ મી.

(રાગ ધન્યાશ્રી–કુંવર ઇસ્યો મન ચિંતવે, મેરી બહેની કહે કોઇ અગરિજ વાત—એ દેશી.)

એ અરજ માની મંત્રવી, નિવૃત્તિ કીધી વિદાય;
આ પદ તેહ સતી તણી, કવિજનથી હો કહ્યું વરણી ન જાય; ૧.
માયા મન ઉત્સવ ઘણો રે, (એ ટેક.) હવે સીધ્યાં હો સઘલાંઇ કાજ;
ઉદ્યમ સફળ એ હુઓ રે, હવે હોસી હો મોહકુંવરને રાજ. માયા૦ ૨.
પરવશ પડ્યાં જે માનવી, વળી કામણી રે હાથ;
તસ બુદ્ધિ યામિનીમાં સહી, નવી ઉગે હો જ્ઞાન પ્રકાશનાથ. માયા૦ ૩.
માતા પિતા પગ લાગિને, નિજ પુત્ર સાથે નેહ;
નીસરી નિવૃત્તિ તિહાંથકી, પંથ ચાલી હો પડી પરે તેહ. માયા૦ ૪.
નિષ્કંટક રાજ હવે હુઓ, નીસરી નિવૃત્તિ નારી;
પ્રચંડ પવને પ્રેરિયો, જેમ ચાલે હો ધ્વજ અંચલ ચાર. માયા૦ ૫.
ઇમ મન મંત્રી દૃઢ કિયો, જાણી રહ્યો અનેનિગ્ર તેહ;
ક્ષણ એક પાછો નવિ વળે, વધિ તૃષ્ણા હો નાવે તસ છેહ. માયા૦ ૬.
દુર્બુદ્ધિ માયા પ્રગતિશ, જાનો ગરે નિશિ દીસ;
વળી વીનવ્યો સઘળે મની, હવે પૂરો હો રતનની જે જગીશ. માયા૦ ૭.
મોહને શુભ કોઇરે, એ અધિક મન ઉમાહ;
ગુણ્ય સંયોગ હોયશે, એ અવસર તો લાખીણો હોંસ. માયા૦ ૮.
સુત મહિત નિવૃત્તિ પણ નહિં, સદ્બુદ્ધિ રાખત દૂર,

આપણો અધિપતિ એ કિહાં, સુખ હોસે હો સઘળાં ભરપૂર. માયા૦ ૯.
જોરાવર એ જોધ છે, નિજગુણે કરી વિખ્યાત;
આજ ઉદય એનો અછે, ઢીલ ન કરો હો હવે એહિજ વાત; માયા૦ ૧૦.
મન મંત્રી માની વારતા, મોહને રાજા કીધ;
અતિ ઘણાં વાજાં વાજ્યાં, મનમાંહે હો સઘળાં થઇ સિદ્ધ. માયા૦ ૧૧.
હોકાર કરતા નરપતિ. સુરપતિ સઘલા જેહ;
ધ્રુજાવ્યા મોહ રાજા થયે,અતિ અનમી હો તીન ભુવનમેં જેહ. માયા૦ ૧૨.
મોહ રાય પણ હવે મંત્રવી, માનિયો અતિહી ઉદાર;
ક્ષણ એક અળગો નહિ કરે, મુખ આગે હો સઘળો કામદાર; માયા૦ ૧૩.
અતિ સબળ રાજ વધ્યું હવે, જેમ વધે વડ જલ પાય;
સુખ ભોગવે મોહ ભૂપતિ,નીત નવલા હો આનંદ મન થાય. માયા૦ ૧૪.
ગુણવંત ગુરૂ પાઠક વરૂ, શ્રીદયાકુશલ ઉલ્લાસ;
તસુ શિષ્ય ધર્મમંદિર કહે, એ બીજો હો ખંડ મોહવિલાસ. માયા૦ ૧૫.

ખંડ ૩ જો.

દોહરા.

પાર્શ્વનાથ પ્રસાદથેં, પ્રગટે નવે નિધાન;
અલિય વિઘ્ન દૂરેં હરે, જપતાં જેહનું નામ. ૧.

મોહરાય હવે ચિંતવે, નગરી અવિદ્યા નામ;
પુરી પુરાણી છે સહી, તે સખરી મુઝ ઠામ. ૨.

સાજ કરી રહિયેં તિહાં; ભય કેહનો નવિ થાય;
રાજાની એ નીતિ છે, ન રહે એકણ ઠાય. ૩.

ધનનીરી ધરણી બહુ, વિવિધેં કરે વિચાર;
ગુણવંત તે ગાફલ નહિં, સ્વારથ સાધે સાર. ૪.

ઇમ ચિંતવી પુર સજ કરી,સઘલાં લોક વસાય;
સંસારી પ્રાણી ભણી, દીઠાં આવે દાય. ૫.

ઢાળ ૧ લી.

(પાંચમી તપવિધિ સાંભળો;—એ દેશી.)

નગરી નિરખો મોહની, નામ અવિદ્યા જાણો રે;
શોભા સઘળી તેહની, નીકો નિવિડ નિવારો રે. નગરી૦ ૧.
ત્રણ અજ્ઞાન ત્રિકોટ છે, તે નગરીની પાસે રે;
કોશીસાં સોહે જિહાં, કર્મ પ્રકૃતિ પ્રકાશે રે. નગરી૦ ૨.
દેવ નરક પશુ માનવી, એ ગતિ ચાર પ્રતોલી રે;
તીખી તૃષ્ણા ખાતિકા, અતિ ઉંડી તસુ દોલી રે. નગરી૦ ૩.
રમણી ભોગ તે વાડિયાં, મુખ કમલે કરી સોહે રે,
સમર કુંવર રમતો રહે, યૌવનરૂપ મન મોહે રે. નગરી૦ ૪.
પાપ અઢાર તટાક તે, તે અતિ ઊંડાં દીસે રે;
ચહ હડવાદ તે ખાલ છે, ઉન્માદ જલ તિહાં હિસે રે. નગરી૦ ૫.
ક્રીડા વાપી કામિની, શ્રૃંગાર રસ કરિ ગાઢી રે;
કરપદકમલે શોભતી, સરલી સુંદર ટાઢી રે. નગરી૦ ૬.
કામાસન આસન જિહાં, ચોરાસી બાજરો રે;
પરિણામ ક્ષણ ક્ષણ જીવકા, તેદિજ ઘર વિસ્તારો રે. નગરી૦ ૭.
નગરીવિષય જે લોક છે, તે તો મદરા માતા રે;
નગરીને ઐહડે વસે, તે કહુ સરલ કહાતા રે. નગરી૦ ૮.
થોડે લાભે લોક જે, મનમાં હર્ષિત થાય રે;
થોડે અલાભે જે નરા, દીન થઈને જાય રે. નગરી૦ ૯.
મમત્વોપદ્રવ દેવતા, નગરીની રખવાળી રે;
સાન્નિધ્ય ખબર ભલી કરે, જ્યું વાડીમાં માળી રે. નગરી૦ ૧૦.
નાચે કૂદે કેઈ નરા, કેઇ વાદ વિચારે રે;
નંદે વંદે કેઇ સ્તવે, કેઇ યાચક પારે રે. નગરી૦ ૧૧.
કોપે રોપે ગર્વને, જેપે કરણ ન છીપે રે;
આક્રંદ રોવન કેઇ કરે, મિથ્યા મતિ અતિ દીપે રે. નગરી૦ ૧૨.
ધસમસ ધંધામાં ફિરે, વિકથા વિકથા કારી રે;
ગાવે વાવે કેઇ નરા, ફેરે કપટની સારી રે. નગરી૦ ૧૩.

નિર્વિચાર સહુ લોકને, રાજાના અતિ રાગી રે;
નગરી વર્ણી એહવી, મોહ રાજા વડભાગી રે. નગરી૦ ૧૪.

દોહરા.

હવે રાજા વર્ણન સુણો, વલી એહનો પરિવાર;
કવિ કલ્પના ઉપમા કરી, કહે સઘળો વિસ્તાર. ૧.

ઢાળ ૨ જી.

(દેશી ઝુંમખડાની અથવા રંગીલે સારથી;—એ દેશી.)

મૂઢ સંગતિ પરખદ ભલી રે, મહેલ કુવાસના તેથ; મહીપતિ મોહના;
સિંહાસન મતિભ્રંશ છે રે, છત્ર અસંજમ જેથ. મહીપતિ૦ ૧.
ખડ્ગ નિભ્રંછન કર ગ્રહે રે,તેર ક્રિયા અંગી સાર; મહીપતિ૦
પાંચે ઇન્દ્રિય પરવડી રે, પાંચેઇ હથિયાર. મહીપતિ૦ ૨.
અરતિ અને રતિ બે ખડી રે, ચામર ઢાલણહાર; મહીપતિ૦
પાખંડી બહુ પોલિયા રે, સ્વામી ધર્મ સિરદાર. મહીપતિ૦ ૩.
બહુવિધ સંજ્ઞા નટ તિહાં રે, નાટક કરે ઉદાર; મહીપતિ૦
કામિક શ્રુત તિહાં ગાઇયે રે, રાજાને સુખકાર. મહીપતિ૦ ૪.
ભુજબલી ભીમતણી પરે રે, શ્રૃંગાર સખર કરેઇ; મહીપતિ૦
ચાર્વાક મિત્ર માનતો રે, અધિકો માન ધરેઇ. મહીપતિ૦ ૫.
પટરાણી જડતા કહી રે, ગુણ ગણ રૂપ રસાળ; મહીપતિ૦
તસ કુખિ કંદર કેશરી રે, મદન પુત્ર વડ ભાલ. મહીપતિ૦ ૬.
રાગ દ્વેષ આરંભ વળી રે, એ પણ પુત્ર છે તાસ; મહીપતિ૦
જોરાવર સગળા અછે રે, જીપ શકે કુણ જાસ. મહીપતિ૦ ૭.
ચિન્તા પ્રમુખ પુત્રી ઘણી રે, રણ કરવાને શૂર; મહીપતિ૦
ભાટની પરે ભડ અછે રે, દિન દિન અધિકે નૂર. મહીપતિ૦ ૮.
કર્મ ક્રિયા જાણે ઘણી રે, મંત્રી મિથ્યાદષ્ટિ; મહીપતિ૦
જાપ ધરી જેહની નરા રે, દીઠે સઘળી સૃષ્ટિ. મહીપતિ૦ ૯.
દુષ્ટ યોગ મનના છકે રે, તેહિજ સામંત સાર; મહીપતિ૦
સાત વ્યસન સેવે સદા રે, રાજ્યતણા આધાર. મહીપતિ૦ ૧૦.

મંડલિક રાજાને અછે રે, ક્રોધ માન લોભાદિ; મહીપતિ૦
દંભ જોરાવર જોધ છે રે, પગ છગ ઉંપે વાદ. મહીપતિ૦ ૧૧.
સેનાની પરમાદ છે રે, કુદ્ધ કરણને જોધ; મહીપતિ૦
શાન્તિ માહા સુભટાં ભણી રે, ઉત્તા જેણે રોધ. મહીપતિ૦ ૧૨.
ચંડભાવ કોટવાલ છે રે, તસ્કર આલણ હાર; મહીપતિ૦
શેઠ ઉહ્યાં વ્યાક્ષેપ છે રે, મહાજનને સુખકાર. મહીપતિ૦ ૧૩.
પાપ પરિગ્રહ અતિ ઘણો રે, તેહિજ અધિક ભંડાર; મહીપતિ૦
સંગ કુસંગ દાણી તિહાં રે, પુરોહિત પાપ પ્રચાર. મહીપતિ૦ ૧૪.
આળસ શય્યાપાલ છે રે, શઠ હઠ છાહલદાર; મહીપતિ૦
નિંદકકાંનુંગા ઘણા રે, કુકવિ બહુ સુઆર. મહીપતિ૦ ૧૫.
તણીથી પ્રેમ રાગ તે રે, મુખ શોભા પરકાર; મહીપતિ૦
હર્ષ શોક બે મલ્લ છે રે, ક્રીડા કૌતુક સાર. મહિપતિ૦ ૧૬.
વિષય વિકાર ચાકર ઘણા રે, એવો રાજ્ય પડૂર; મહીપતિ૦
ધર્મમંદિર ધન તે નરા રે, મોહથકી વસે દૂર. મહીપતિ૦ ૧૭.

દોહરા.

હવે નિવૃત્તિની વારતા, સુણજો ભવિજન તેહ;
શીલ સત્ય મનમાં ધરે, સાધવી લક્ષણ એહ. ૧.

ઢાળ ૩ જી.

(હમે પરીક્ષા કરશું કુંવર ચડ્યો રે;—એ દેશી)

ધર્મ સહાય કરી કામની ચલી રે, નિવૃત્તિ નીકે નૂર,
આપદ સંપદમાં જે સ્થિર રહે રે, નરનારી તે શૂર. ધર્મ૦ ૧.
મોહ મહિપતિને ભય નાસતી રે, પવનતણી પરે તેહ;
સુત સખરો પણ સાથે શું કરે રે, ભાવી ન ચલે જેહ. ધર્મ૦ ૨.
મારગ લાંઘ્યો અતિ ઘણો કામિની રે, થાકી રહણી થાય;
વિસામા મન જાણું લીજીયે રે, સખરે ઠામ સુહાય. ધર્મ૦ ૩.
પ્રભપુરી ઇક ભાલી ભામિની રે, ઇહાં રહેવાનો લાગ;
મંત્ર પવિત્ર પાણી ટરી છાંટિયે રે, પૂજીજે વલી આગ. ધર્મ૦ ૪.

યજ્ઞ સ્થંભ માંડયો છે યાગે કરી રે, સકલ સઝાઇ સાર;
વેદપાઠી બ્રાહ્મણ મુખ ઉચ્ચરે રે, વેદકંઠે ઉચ્ચાર. ધર્મ૦ ૫.
માષ અને જવ તિલ સહુ ભેલિને રે, હોમ કરે બહુ ભાતિ;
ખીજડ પીપલ લાકડ મેલિયાં રે, ધર્મ તણી મન ખાંતિ. ધર્મ૦ ૬.
છાગના કાનમાં મંત્ર ભણી કરી રે, બલિ કરે બ્રાહ્મણ તેહ;
દેવને તૃપ્તિ હોશે એહથી રે, સરગ હોશે સ્વદેહ. ધર્મ૦ ૭.

નિવૃત્તિ એવી હિંસા દેખીને રે, મનમાં ચિન્તે એમ;
બ્રાહ્મણ તે સમ દમ ક્ષમતા ધરે રે, જ્ઞાની નિર્મમ હેમ. ધર્મ૦ ૮.
મન સુચિકારક સંતોપી સદા રે, ત્યાગી કરૂણાવંત;
સત્યવાદી સૂધા બ્રહ્મ પારખુ રે, આરજ અનુપમ સંત. ધર્મ૦ ૯.

ભ્રમ ભુલા એ બ્રાહ્મણ નામથી રે, ગડરી પ્રવાહે લોક;
વેદમંત્રે કરિ છાગને સ્વર્ગ છે રે, મન વંછિત લહે થોક. ધર્મ૦ ૧૦.
છાગતણી પરે વહાલાને કરો રે, સખરી ગતિ ઉપચાર;
દુર્ગતિયે કાં મૂકો બાપડા રે, વેદ ઉપર એક તાર. ધર્મ૦ ૧૧.
વેદમંત્રે કરી કન્યા વ્યાહિયે રે, તે પણ વિધવા થાય;
મંત્રતણી જો શકિત તિહાં ગઈ રે, લ્યો પરતો મન લાય. ધર્મ૦ ૧૨.

વેદપાઠી બ્રાહ્મણને તાડતાં રે, પીડા ન હુવે લગાર;
તો તે છાગને પીડા નહિં હુવે રે, મંત્રશકિત શ્રીકાર. ધર્મ૦ ૧૩.
સિંહ સર્પનો યાગ કર્યો નહિં રે, બાપડાં બકરાં અનાથ;
દુર્બલઘાતી દેવ અછે સહી રે, નબલાને કોણ સાથ. ધર્મ૦ ૧૪.

પરમેશ્વર એ ખાવાં સરજ્યાં રે, એહવું બોલે એહ;
ખાદકથી પણ પાપી આગલો રે, હિંસા દીપાવે તેહ. ધર્મ૦ ૧૫.
યાગહિંસાને હિંસા નવિ કહે રે, આર્વાક મતના ધાર;
પ્રાણ હરે જે પંચેન્દ્રિય તણાં રે, લઘુ જીવ કેહા સાર. ધર્મ૦ ૧૬.
શિવ તે સર્ગ તીર્થ જલને કહે રે, પૂજે ગો પશુ મંદ;
ગૃહધારીને ગુરૂ કરી સદહે રે, દેવ અગ્નિ સુખકંદ. ધર્મ૦ ૧૭.
એ સઘળા મુઝ શોકય પ્રવૃત્તિના રે, પક્ષપાતી પરધાન;
એમ જાણીને નિવૃત્તિ નીસરી રે, ધરે તેમ ધર્મધ્વનિ ધ્યાન. ધર્મ૦ ૧૮.

દોહરા.

વિસામો લેવા ભણી, વલી જોવું કોઇ ગામ;
ફરતાં એક દીઠું તિહાં, બ્રહ્મમતીનું ઠામ. ૧.
વૈરાગી બેઠા ઘણા, કોપિન વસન ધરેઇ;
હાથ કમંડલ દંડધર, જપે અક્ષમાલ ધરેઇ. ૨.
સ્થાનક વારૂ દેખિને, સુતશું બેઠી ઠામ;
એક બ્રહ્મ જગમાં અછે, શબ્દ સુણ્યો એ તામ. ૩.

ઢાળ ૪ થી.

જંબૂદ્વીપ મઝાર, ભરત ક્ષેત્રમાંહિ;—એ દેશી.

સુત બોલ્યો સુણુ માત, વચન હુવે તીકે, જે કોઇ તત્વ સમ જાણિયે એ;
બ્રહ્મ વિના સબ જૂઠ, એકાંત મતધર, ઇહાં રહેવા મન નાણિયે એ. ૧.
સાચક વ્યવહાર જેહ, નિરત કારણ ભલું, ઉરહો અવલંબ એ સંહિ એ;
નિશ્ચયને ગ્રહે એહ, કીરિયા દૂષવે, ખોટાશું વણુરી નહિં એ. ૨.
મંથસુકી કરે બોધ, તપ જપ ખપ કરે, ઉદ્યમ પણ સવિ આચરે એ;
મુખથી બોલે એમ, એ સહુ જૂઠ છે, નય પ્રમાણ નવિ ઉચ્ચરે એ. ૩.
સ્યાદ્વાદ નહિં એથ, જે સાચો સહી, સકલ રસાયણ સાધકુ એ;
કપટી કૂડા એહ, સ્વપર રૂપનું, પરમારથના બાધકૃ એ. ૪.
વલી કહે જગમાં એક, આતમ વ્યાપિયો, બ્રહ્મ સ્વરૂપી એહુઓ એ;
જ્યું આકાશે ચન્દ, એકજ છે સહી, જલ પ્રતિબિંબ જૂઓ જૂઓ એ. ૫.
ઉપજે વિણુસે ભુર, જલકલ્લોલ જ્યું, નાના મહોટા દીસતા એ;
પણ તે એક સ્વરુપ, અવર ન કોઅછે, એહ અર્થ કહે હીસતા એ. ૬.
કે ઉત્તમ કે નીચ, કે સુર નારકી, આરજ મ્લેચ્છ કે આખિયે એ;
કે નારી કે ખંજ, કે નર તિર્યંચ, મોરપિચ્છ સમ સાખીયે એ. ૭.
કે પંડિત કે મૂઢ, કે રંક રાજવી, ઇત્યાદિક ભેદ અનુસરે એ;
કર્મ ન માને કેન, સહજ સ્વભાવ એ, બદરી કંટકની પરે એ. ૮.
આતમગુણ પર્યાય, અનંત માને નહિં, બોલે બાલકની પરે એ;
પરિણામી બે દ્રવ્ય, આતમ પુદ્‌ગલ, એક વિવેચન ના કરે એ. ૯.
સત્તા શાશ્વતરૂપ, નિજ નિજ દ્રવ્યની, મર્યાદા મૂકે નહિં એ;

દ્રવ્ય અને પર્યાય, ભેદાભેદ જે, સ્યાદ્વાદી સમજે સહી એ. ૧૦.
ઇહાં નવ સીઝે માઉ, વિવેક સુતેં કહ્યો, માતા વચન પ્રમાણિયો એ;
ઉઠિ ચલી પંથમાંહી, પુત્ર પ્રેરી થકી, ભેદ ભલો મન આણિયો એ. ૧૧.

દોહરા.

સુબુદ્ધિ સુતા હવે ચાલતાં, તાપસ આશ્રમ દીઠ;
વિસામો ઇહાં લિજિયેં, સખરી છાયા મીઠ. ૧.
બૂઢા તાપસ અતિ ઘણા, જટા જૂટ બહુ ભાર;
હાથ અક્ષમાલા અછે, નામ નારાયણ સાર. ૨.
શિષ્ય ઘણા ચિહુ દિશ જાઇ, મૂલ કંદ ફલ લેહ;
વનત્રીહી આણે ઘણા, ભોજન અર્થેં તેહ. ૩.
શુક સારો પંખી ભણી, રામ નામ શીખાય;
પાદપ સીંચે વારિશું, ધર્મ ન ધર્મ ઉપાય. ૪.
નિવૃત્તિ નારી ચિંતવે, એ પણ મોહેં લીન;
શમ દમ કરૂણા કો નહિં, જ્ઞાન ગુણેં કરી હીન. ૫.
ભુક્તા ભામિની એ તજી, ભજી ન અંતર દૃષ્ટિ;
કોઇ ક્રિયા અફલી હુવે, જ્યું ઉખરમેં વૃષ્ટિ. ૬.
આરંભ મિથ્યામતિ ઘણા, નિરવદ્ય નહિં એ હોય;
શ્રાંત થયાં પણ છંડિયેં, નદી કૂલની છાય. ૭.

ઢાળ ૫ મી.

(મેરે અરદનાં;—એ દેશી.)

સુબુદ્ધિ સુતા વળી ત્યાંથકી રે હાં, ધરિ ધીરજ મનમાંહિ; ધર્મ ધુરંધરા.
ચાલી ચતુરા ચોંપશું રે હાં, ઝાલી પુત્રની બાંહિ; ધર્મ૦ ૧.
તું સુત સુરતરૂ છાંહડી રે હાં, તો સમ અવર કો નાંહી. ધર્મ૦
ઇક પુર બેઠી કામિની રે હાં, કોલધર્મ સુણી કાન. ધર્મ૦
વિસામો ઇહાં લીજિયે રે હાં, જેન ગુરુ આપણો માન. ધર્મ૦ ૨.
એ ધર્મ સેવે ઘણું રે હાં, તરૂણપણે નર નારિ; ધર્મ૦
આકર્ષે લોકો ભણી રે હાં, ધર્મ શબ્દ સુખકારિ. ધર્મ૦ ૩.

સંત સાધુ મુખ ઉચ્ચરે રે હાં, આચાને બહુ માન; ધર્મ૰
મંડલ માંડે મન રલી રે હાં, ગાવે ગીત ને જ્ઞાન. ધર્મ૰ ૪.
રંડા ચંડા દીક્ષિતા રે હાં, ધર્મ દારા છે એહ; ધર્મ૰
સેવ્યાં શક્તિ હોશી સુણી રે હાં,મન મત ધરો રે સંદેહ. ધર્મ૰ ૫.
મદ્ય માંસ ખાતાંથકાં રે હાં, ઇણુ કામે દોષ નાંહિં; ધર્મ૰
ઇમ સુણી નિવૃત્તિ ચિંતવેરે હાં,ધિક્ ધિક્ એહની છાંહિં. ધર્મ૰ ૬.
મોહ મંત્રીના દાસ એ રે હાં, સંગ ભલો નહિં એહ; ધર્મ૰
નિવૃત્તિ તિહાં દૂતી થકી રે હાં, શીલવતી ગુણગેહ. ધર્મ૰ ૭.
અવર નગર દીઠું ભલું રે હાં, બૌદ્ધમતીનું ઠામ; ધર્મ૰
આતમની ચર્ચા કરે રે હાં, એ હોશે અભિરામ. ધર્મ૰ ૮.
તસુ મુખ એહવું સાંભલ્યું રે હાં, આતમ ક્ષણ ક્ષણ નાંહિ; ધર્મ૰
પુણ્ય પાપ કેહને નહી રે હાં, શૂન્યપણો જગમાંહી. ધર્મ૰ ૯.
માતા પૂછે સુત ભણી રે હાં, એહશું આખે એમ; ધર્મ૰
વિવેક પુત્ર તવ બોલિયો રે હાં, સુણ માતા કહું તેમ. ધર્મ૰ ૧૦.
બૌદ્ધને કહિયે પુત્ર તું રે હાં, પિતા ભણો છો નાંહિ; ધર્મ૰
વ્યાહ ભોગવેલા જૂઓ રે હાં, એક પિતા કયું સાંહી. ધર્મ૰ ૧૧.
અપરાધ કો બીજો કરે રે હાં, અવર દંડીજે કોઇ; ધર્મ૰
રાજનીતિ પણ એ૰લવી રે હાં, ધર્મભણી કિહાં હોય. ધર્મ૰ ૧૨.
શય્યા સખરી સૂઇયેં રે હાં, પીજે ખીર પ્રભાત; ધર્મ૰
ભોજન મીઠું કીજિયેં રે હાં, સાંખ્યમતીની વાત. ધર્મ૰ ૧૩.
સૌગત મત એ સાંભળી રે હાં, નિવૃત્તિ નારી ન સુહાય; ધર્મ૰
તત્ત્વ કપૂરને કર ગયાં રે હાં, દ્રાણ ન આવે દાય. ધર્મ૰ ૧૪.
મુગ્ધ માનવ મૃગપાશ એ રે હાં, ભવ અટવીમાં ભૂર; ધર્મ૰
નિરખી નિરખી પગ મંડિયેં રે હાં, ઇણુશું રહિયેં દૂર. ધર્મ૰ ૧૫.
આગેં ચાલી ઉતાવળી રે હાં, ન રહી એક પલ માત; ધર્મ૰
કપિલ યાગી પણ મલ્યાં રે હાં, તિણુશું ન કરી વાત. ધર્મ૰ ૧૬.
સેવક સઘલા મોહના રે હાં, નિવૃત્તિ નારી મન જાણુ; ધર્મ૰
વૈરીની પરેંપરહર્યા રે હાં, બૂઝે નાંહિ અજાણ. ધર્મ૰ ૧૭.

દોહરા.

ઇણ પરિ સઘળી ભૂમિકા, ભમતી ભમતી ભૂર;
વિસામો લાધો નહિં, ખેદ કરે જે પૂર. ૧.

ઢાળ ૬ ઠી.

(રહો રહો રહો રહો વાલહા;—એ દેશી.

પ્રવચન પુર ગઇ પાધરી, પુણ્ય તણે અંકૂર લાલ રે;
નિકટ આવી નિરખે સહિ, પાપીયડા છે દૂર લાલ રે. પ્રવચન૦ ૧.
ચારિત્ર પ્રાસાદને ઉપરે, ધર્મધ્વજ લહકાય લાલ રે;
દૂરથકી પણ દેખતાં, આનંદ અંગ ન માય લાલ રે. પ્રવચન૦ ૨.
પુણ્ય પવિત્ર પરિણામથી, ઉપદેશ નગરમાં જોય લાલ રે;
પાપ કર્મ ચંડાલનું, પગ પેસાર ન કોય લાલ રે. પ્રવચન૦ ૩.
સાધુ શિરોમણિ સંત જે, નગર મધ્યે રહે તેહ લાલ રે;
દેશવ્રતિ ને સમકિતી, બાહિર વસિયા અછેહ લાલ રે. પ્રવચન૦ ૪.
પ્રવચન પુર વાસી ઘણા, સઘળા સુખિયા લોક લાલ રે;
તત્ત્વતણે સુખ આગલે, તૃણ સમ સુખ સુરલોક લાલ રે. પ્રવચન૦ ૫.
ત્યાંથકી મુક્તિ પુરી ભણી, સાથ ચલે દિન રાત લાલ રે;
ચોર ચરડ લાગે નહિં, ભ્રાંતિ તણી નહિં વાત લાલ રે. પ્રવચન૦ ૬.
તસુ પુરવાસે વન અછે, ઇંદ્રિયદમન છે નામ લાલ રે;
નિવૃત્તિ નારી દેખિયે, અનુપમ એ અભિરામ લાલ રે. પ્રવચન૦ ૭.
[illegible] તે કુંડ છે, જિન વચનામૃત નીર લાલ રે;
[illegible] ભવિક [illegible], [illegible] ભરતી નીર લાલ રે. પ્રવચન૦ ૮.
ધર્મરત્ન [illegible] [illegible], [illegible] [illegible] સાર લાલ રે;
[illegible] [illegible], [illegible], [illegible] લાલ રે. પ્રવચન૦ ૯.
[illegible] [illegible] [illegible] છે, [illegible] લાલ રે,
[illegible] દર્શન [illegible], [illegible] [illegible] [illegible] લાલ રે. પ્રવચન૦ ૧૦.
[illegible] [illegible] છે, [illegible] [illegible] [illegible] લાલ રે,
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] લાલ રે. પ્રવચન૦ ૧૧

હાથ જોડીને પૂછે સતી, કોણ તું સ્વામી આખ લાલ રે;
કેમ વનમાંહિ કયું રહે, સાચું સઘળું દાખ લાલ રે. પ્રવચન૦ ૧૨.
પુરુષ કહે સુણ સુંદરી, મારી સઘળી વાત લાલ રે;
વિમલબોધ નામેં અછું, સિદ્ધપુરૂષ વિખ્યાત લાલ રે. પ્રવચન૦ ૧૩.
કેણ પુર માંહિ રાજવી, અરિહંત નામ છે જાસ લાલ રે;
તસુ આદેશ સદા કરી, કેણ વાડીમેં વાસ લાલ રે. પ્રવચન૦ ૧૪.
આવાસ પદ્મેશી ભૂમિકા, બેસીને આરામ લાલ રે;
શાખું સુખ ભરપુર થી, ગતિ હુવે અભિરામ લાલ રે. પ્રવચન૦ ૧૫.
રાજાના પરસાદથી, મુજને એહવું જ્ઞાન લાલ રે;
આગમ નીગમ વારતા, સઘલાને સમાધાન લાલ રે. પ્રવચન૦ ૧૬.
કર જોડીને કામિની, આખે પુરૂષને એમ લાલ રે;
ઉપકારી શિર સેહરો, મુજને હું કહું તેમ લાલ રે. પ્રવચન૦ ૧૭.
અભાગા નારી એકલી, નહાનો પુત્ર એ સાથ લાલ રે;
અમણતણું દુઃખ શું કહું, એક જાણે જગનાથ લાલ રે. પ્રવચન૦ ૧૮.
મયા કરીને જોઈયે, એ બાલકનો હાથ લાલ રે;
કહિયેં હોશે એહને, પ્રભુના સંપદ સાથ લાલ રે. પ્રવચન૦ ૧૯.
તું નજરેં જે દેખશું, વાઝ એહની વાત લાલ રે;
એ સઘલું મુજને કહો, આણી મન ઉપકાર લાલ રે. પ્રવચન૦ ૨૦.

દોહરા.

સિદ્ધ પુરૂષ બોલ્યો હવે, સુણ ભામિની દુઃખ ગુજ;
દૂર ગયાં હવે જાણજે, એ વાલ્હા છે સુજ. ૧.
એ બાળક જે તાહરો, ઉત્તમ લક્ષણવંત;
સકલ વાતનો હું કહું, એ સાંભલે એકંત. ૨.
તત્વરુચિ નામઃ પુરીશ, મહારી છે અનુકારઃ
શુભાચાર રાજા કુમિ, રૂપથી ને નિરધાર. ૩.
તેહની ગુણ પુત્ર પરણ્યો બહુ પ્રેમ.
અર્દ્ધરસ કેરી એહની, હોશે કુશલ ક્ષેમ. ૪.
વર કન્યા બેઉ ભલા, સોહે જોગ સંજોગ.
મદ અને પુનમ તેહ, પ્રભુ અવિચલ ભોગ. ૫.

એક નગર સુંદર ગુણી, તેણી કન્યા સાર;
લાવણ્ય ગ્રહણ તેણીને, પામી હર્ષ અપાર. ૮.
ભાગ્ય ભલું શુભ સૂત્રનું, એ ઘર ઘરણી થાય;
પરણે રાજ્યની આણથી, કર્યું કેલીએ પાય. ૯.
[illegible] શાખા તણે, તરણા અમૃત પાન;
[illegible] પાવસ નાં તજે, લાગ્યા રંક નિશાન. ૧૦.
[illegible] નારી માનિયું, શિક્ષ નગર શિરદાર;
[illegible] દિન આવિયું, ન કર્યો [illegible] વિચાર. ૧૧.

ઢાળ ૭ મી.

(કુંવર કુંવર [illegible] રે, [illegible] શાલિભદ્ર હો. એ—દેશી)

કુંવર કુંવર [illegible] રે, [illegible] હો, [illegible] પરમ ઉલ્લાસ;
[illegible] ન [illegible] રે, [illegible] હો, [illegible] વનવાસ. કુંવર૦ ૧.
[illegible] રે, [illegible] આંખો આદિ [illegible] હો, ને [illegible];
[illegible] રે, [illegible] હો, [illegible] વિરાગ ગીત. કુંવર૦ ૨.
[illegible] રે, [illegible] હો, [illegible] સંયોગ;
[illegible] રે, [illegible] હો, [illegible] સંયોગ; કુંવર૦ ૩.
[illegible] રે, [illegible] હો, [illegible];
[illegible] રે, [illegible] હો, [illegible]. કુંવર૦ ૪.
[illegible] રે, [illegible] હો, [illegible];
[illegible] રે, [illegible] હો, [illegible]. કુંવર૦ ૫.
[illegible] રે, [illegible] હો, [illegible];
[illegible] હો [illegible]. કુંવર૦ ૬.
[illegible] હો [illegible];
[illegible] હો [illegible]. કુંવર૦ ૭.

[illegible]

[illegible]
[illegible]

ભુક્તિ મુક્તિ દાતા સકલ, અચિંત ચિન્તામણિ જોય;
કામકુંભ સુરતરુ ઘણા, એ સમ અવર ન કોય. ૨.

ઢાળ ૮ મી.

(હાં હાં ચન્દ્રાવની ક્યાં ગઇ;—એ દેશી.)

શોભા સાહિબની ઘણી, મોપેં કહીય ન જાયે રે;
સ્થૂલદષ્ટિ કરિ વર્ણવું, નિશ્ચે અનુભવ પાયે રે. શોભા૦ ૧.
તીન છત્ર શિર શોભતાં, તીન ભુવન ઠકુરાઇ રે;
તીન ગઢે કરી રાજતો, રત્ન ત્રય સુખદાઇ રે. શોભા૦ ૨.
સિંહાસન ઉજ્જ્વલ ભલું, અશોક વૃક્ષ વળિ હોય રે;
ભવિજન તાપ બુઝાયવા, અદ્‌ભુત જળધર જોય રે. શોભા૦ ૩.
મિથ્યા તિમિર નસાયવા, સૂરજ સમ છે તેજે રે;
ધર્મચક્ર જસુ આગલેં, દેવ ધરે ધરિ હેજે રે. શોભા૦ ૪.
ઇતિ ભીતિ જાયે સવે, જંબુક જ્યું સિંહ સાદેં રે;
ફૂલ પગર વરસા હુવે, વળિ સુર દુંદુભિનાદેં રે. શોભા૦ ૫.
જાતિ વૈર મૂકી કરી, સુરનર ને તિર્યંચો રે;
પર્ષદમેં આવી મલે, એવો છે જિહાં સંચો રે. શોભા૦ ૬.
અચરિજ મુઝ જે ધન્ય છે, કોઇકને નવિ દેખે રે;
તે સઘળા કિંકર કહ્યાં, નિરૂપમ એહ વશેખેં રે. શોભા૦ ૭.
અતિશય એહના અતિઘણા, કહેતાં નાવે પારો રે;
કેવલજ્ઞાન દિવાકરૂ, અનંત વર્ષો વિસ્તારો રે. શોભા૦ ૮.
જામાતા જો એહને, શિવે થિર કરિ થિનો રે;
સસરે એવું આખિયું, અનંત દુઃખ તુઝ વિનો રે. શોભા૦ ૯.
એમ સુણી નિવૃત્તિ નારી, હરખી અતિહિ ઉલ્લાસો રે;
મન સંદેહ વિલય ગયો, પરમ પ્રતીત પ્રકાશો રે. શોભા૦ ૧૦.
લહ્યા આદેશ ઉઠી કરી, પુત્રવધુની સંગેં રે;
પ્રવચનપુર પેખણ ભણી, નિવૃત્તિ ચલી મન રંગેં રે. શોભા૦ ૧૧.
ચિત્રારો તારો વામાને, અધિક કિરણ ભાનુ રૂપ રે;
વિવેક નિસિ પરેં દેખિયો, પ્રમદા પરખી આપ રે. શોભા૦ ૧૨.

નગર નજીક આવ્યા જિસેં, પાખંડી મલિયા ચારો રે;
તબ વિવેક દેખી કરી, સુંદર રૂપ અપારો રે. શોભા૦ ૧૩.
કપટ નિપટ મુખ કેલવે, બગલાની પર તેહો રે;
બોલાવે આડા ફરી, વશ કરવા ધરિ નેહો રે. શોભા૦ ૧૪.
મિત્ર સુણો ઇક વારતા, બેસી શીતલ છાયા રે;
નગરી લોક ગુમાન છે, અમ ઘર આવો સુહાયા રે. શોભા૦ ૧૫.
સંકીર્ણ પુરમેં અછે, આ રૂસનાઈ જાયગા રે;
ખિજમત કરસાં મેં ઘણી, હેઠે ધરિ મન રાગા રે. શોભા૦ ૧૬.
પુરનૃપશું પણ થાવ રે, હવડો કેહો કાજે રે;
ઉભારો નૃપનો ભલો, આસંગ ન કરો તાજે રે. શોભા૦ ૧૭.
વળી એ રાજા એહવો, ટાઢો શીલો હોય રે;
કામ ન કાઢે કેહનો, મુનિવર શો મુખ જોય રે. શોભા૦ ૧૮.
માયા છોડાવે મનથકી, પ્રીત રીત નવિ જાણે રે;
શત્રુ મિત્ર સરખા ગણે, આપ રૂપે એક તાણે રે. શોભા૦ ૧૯.
સ્વારથિ પણ એહની, ઉદાસીનતા લાગે રે;
તું પ્રાણી ભોળો અછે, બાથ ભરે શું આગે રે. શોભા૦ ૨૦.
લોકાચાર ન લેખવે, તેણ રોષ ન જગાવે રે;
પુરુષ વેદન કો નહિં, એહને કોઈ ન પાવે રે. શોભા૦ ૨૧.
નિંદા સ્તુતિ બેઉ મળી, ઇમ પાખંડી ભાખી રે;
ધર્મમતિ કહે સાંભળો, વિવેકતણી મતિ રાખી રે. શોભા૦ ૨૨.

દોહરા.

વળી પાખંડી બોલિયા, સુણ વિવેકને એમ;
અમ નગરને દેખિને મનવંછિત લહે તેમ. ૧.
[illegible]
[illegible] ૨.
[illegible]
[illegible] ૩.

રૂપાં પ્રભુના દે સહી, રત્નાં વે કૈલાશ;
પરતો અમ દેવાતણો, આવી નગરનિવાસ. ૪.
મોહભણી જો ચાહ છે, અશ્રવે દેશી એહ;
ચિત્ર દે છે જિન પણ સહી, ટગ ત્યાગશું તેહ. ૫.
ખાતાં પિતાં વિલસતાં, જો લાભીજે મોક્ષ;
નિજ મારગ લાધાં ઘણાં, કોણ સે વિષમો દોષ. ૬.
જંગમ સ્થાવર એહના, સેવક સઘળા લોક;
કોઈ વિરલો હોઈસી, જિન રવિ દર્શન કોક. ૭.

ઢાળ ૯ મી.

શ્રીચંદ્ર પ્રભુ પ્રાહુણા રે;—એ દેશી.

વીર વિવેક વદે કરિયું રે, ઉત્તર આખું સાર રે;
સિંહ તણી પરે ગાજિયો રે, પરમત માન ઉતાર રે. વીર૦ ૧.
મુજને તુમે કેમ ભોળવો રે, સરસ્વતીને સ્યો પાઠ રે;
વચન તમારાં બાવલાં રે, ચંદન નહિં વંશ કાઠ રે. વીર૦ ૨.
મેં મિથ્યામતિ તુમ તણી રે, જાણી છે નિર્ધાર રે;
ધુવાડે કરી જાણિયે રે, પાપ કરો ઉપચાર રે. વીર૦ ૩.
દેવભણી થેં આળવ્યો રે, ઉચ્છિષ્ટ દેવ પ્રકાશ રે;
મોહતણા થેં મિત્ર છો રે, તુમશું કેહો વાસ રે. વીર૦ ૪.
દેવાનો જે દેવ છે રે, શ્રી વીતરાગ વિશેષ રે;
પાચ છતે કોણ કાચને રે, હાથ ગ્રહે કુણ દેખ રે. વીર૦ ૫.
કંચન પીતલ અંતરો રે, ખજુઆ સૂરજ જેમ રે;
તૃણ તરૂવરનો અંતરો રે, દેવ કુદેવનો તેમ રે. વીર૦ ૬.
નિષ્કલંકી જીન દેવ છે રે, ઉજ્જવલ અનુપમ એહ રે;
દોષ વશેં કરિ દૂષવો રે, પણ એ ગુણનો ગેહ રે. વીર૦ ૭.
દષ્ટિરાગ છે દોહિલો રે, મુક્યો કુબુદ્ધિ ન જાય રે;
મોહે ઘેલા માણસા રે, સુધો નાવે દાય રે. વીર૦ ૮.
મૂકો મિથ્યાવાદને રે, ગુણ ઊપર કરો રાગ રે;
શમ દમ સંતરસી ખરો રે; કાં છોડો તે માગ રે. વીર૦ ૯.

મદન નહિં મદ લોભતા રે, તૃષ્ણા નહિય તરંગ રે;
વિષય વિકાર ઇન્દ્રિયતણા રે, નહિં રામાનો સંગ રે. વીર૦ ૧૦.
સમતા રમતા રોપતા રે, હાસ્ય વિલાસ ન તાસ રે;
આશાપાશ ન વાસના રે, એહવા ગુણ પ્રકાશ રે. વીર૦ ૧૧.
દેવ ભલો દિલમાં ધરો રે, ભૂલો ભૂંડે ભર્મ રે;
શ્રીવીતરાગ વિના નહિં રે, દાતા શિવ સુર શર્મ રે. વીર૦ ૧૨.
સંસારી સુખ કારણે રે, લીજે વસ્તુ છકાય રે;
તાસ પરીક્ષા સહુ કરે રે, એહની ક્યું નવિ થાય રે. વીર૦ ૧૩.
તત્ત્વપરીક્ષા જોગ છે રે, માનુષ મોટી જાત રે;
તે લહી પરમાદે કરી રે, ન ધરે ભ્રાંતિ ઉભ્રાંત રે. વીર૦ ૧૪.
તે પશુ નર રૂપે કરી રે, શૃંગ નહિં પુચ્છ કોય રે;
ભૂલા ભવઅટવી વિષે રે, ભૂલા મૃગ સમ જોય રે. વીર૦ ૧૫.
દેવ તમારા દેખિયા રે, રાગી સાગી એહ રે,
વામા કામી મોહિયા રે, નિપટ વિટંબ અછેહ રે. વીર૦ ૧૬.
મુક્તિ હુવા કાં અવતરે રે, દૈત્ય નિપાયા કાંય રે;
ખેલે કાં સંત હોઇને રે, માયાશું મનસાય રે. વીર૦ ૧૭.
શસ્ત્ર ધરે માલા ધરે રે, નાર ધરે અંગમાંહી રે;
વાહન બેસી ચાલતાં રે, એ દેવ શોભા નાહીં રે. વીર૦ ૧૮.
જગત ઉપાયો તિણ સમે રે, વ્યાધિ જરા દુઃખ રોગ રે;
નીપાયા કાં જાણિને રે, ભગવંતાને ક્રમ જોગ રે. વીર૦ ૧૯.
આત્મ દિશ વ્યોમ કાલ જે રે, વસ્તુ અખંડિત એહ રે;
કુણ ઉપજાવે એહને રે, આદિ ન લાભે છેહ રે. વીર૦ ૨૦.
મુખ્ય આતમ દ્રવ્ય આણિયાં રે, જ્ઞાન તે સકલ સ્વરૂપ રે;
એહ વિના થે જાણજો રે, સઘળો છે અંધરૂપ રે. વીર૦ ૨૧.
સકલ પદારથ શાશ્વતા રે, દ્રવ્ય ગુણે કરિ હોય રે;
પરજાય ફિરતા રહે રે, એહ સ્વભાવ તું જોય રે. વીર૦ ૨૨.
રાજસ તામસ સત્ત્વ જે રે, એહ ઉપાધિ સંસાર રે;
જ્ઞાનાદિક ગુણે શોભતો રે, દેવ તિકો નિર્ધાર રે. વીર૦ ૨૩.

દોહરા.

વળી પાખંડી બોલિયા, સુણ વિવેક વર વીર;
કર્મભોગમેં પણ કહ્યાં, તે શિવ હાથેં હીર. ૧.
જુઓ જેવા કર્મ આચર્યાં, તેહવું ફલ દે ઈશ;
એહ વચન સુણિ તિણ સમે, વિવેક વદે મન હીંસ. ૨.
કર્માનુસારી તુમતણો, દેવ હુઓ નિર્ધાર;
તો કયું થેં કર્મા ભણી, નવિ માનો અવિચાર. ૩.
કર્મવશેં જગજીવડા, સુખ દુઃખ લાભે જોય;
પણ પરમેશ્વર કેહને, ભલો બુરો નહિં હોય. ૪.
થેં આખો જિન દેવ એ, રૂસે તૂસે નાહિં;
એહ વાત સાચી સહી, પણ અચરિજ ઈણમાંહિ. ૫.
ભક્ત તિકે સહજેં લહે, અનુપમ લીલ વિલાસ;
ભક્ત નહિં જે જીન તણા, તે લહે બંધન પાસ. ૬.
ઋતુ વસંત છાયા લહે, તરૂવર નવલાં પાન;
વળી વારદ વૂઠે થકે, સઘળે વાધે વાન. ૭.
ઈણે દૃષ્ટાંતે સુખ લહે, જીનવર સેવે જેહ;
સહેજેં સમિયો લાભિને, શિવ પણ પામે તેહ. ૮.

ઢાળ ૧૦ મી.

(મન મધુકર મોહી રહ્યો—એ દેશી)

વિવેક કહે વળી સાંભળો, તુમચા દેવ છે એહ રે;
પાળે તારે સેવકને, ગુણ સઘરા એહ રે. વિવેક૦ ૧.
એ ગુણ દેખી રંજીયા, તો જગ જુઠા સાથ રે;
દેવ કહે સઘળા સહી, ભુક્તિ મુક્તિના દાથ રે. વિવેક૦ ૨.
ગોપી વહાલી જેહને, તેને કાંઇ દેવ રે;
મદમને એમ વખણિયા, મુક્તિ દાસી કરે સેવ રે. વિવેક૦ ૩.
કોપ શાપ દેવે ઘણા, અધીક સબે નાર રે,
નાટક હરખ વિલાસિયો, કયું તે દેવ વિચાર રે. વિવેક૦ ૪.
પૂજ્ય રોકાયા દેખિને, દર્પ ધરે મનમહિ રે;

ખાવે પીવે ખુશ કરે, દેવપણું તે નાંહીં રે. વિવેક૦ ૫.
લોક ઘણે સેવક ભયે, તો તે દેવ ન થાય રે:
મોહતણા સેવક ઘણા, દેવ કરો મન લાય રે. વિવેક૦ ૬.
સંસારી કરણી કરે, મગ્ન રહે મનમાંહિ રે;
દેવ મ જાણો તેહને, મૃગતૃષ્ણાજલ નાહીં રે. વિવેક૦ ૭.
દેવ નિરંજન ધ્યાઇયેં, ધ્યાન ધરી શુદ્ધ હોય રે;
અંતર આંખ ઉઘાડીને, ભાત ભલી પરેં જોય રે. વિવેક૦ ૮.
સાચું રૂપ જાણ્યા વિના, ભૂલે છે સંસાર રે:
પણ પરમાર્થે ઓળખ્જો, સીપ એ રૂપું સાર રે. વિવેક૦ ૯.
સાચો દેવ લહી કરી, જૂઠો નાવે દાય રે;
ક્ષીરસમુદ્ર લહી કરી, ખારે જલ કોણ નહાય રે. વિવેક૦ ૧૦.
મ્હારૂં નામ વિવેક છે, સમજાવું સબ લોય રે;
ઝવેરી જાણે આંતરો, કાચ મણિમેં હોય રે. વિવેક૦ ૧૧.

દોહરા.

ઇણ વચનેં પાખંડીને, છપિ નગરમેં આય;
માતા મુનિશાલા રહી, સુત પુર દેખે જાય. ૧.
તિણ અવસર હવે નિવૃત્તિનો, મનમંત્રી પિયુ સાર:
બહુ વિરહો ન ખમી શકયો, આયો મિલણ વિચાર. ૨.
પિયુ બોલ્યો સુણ હે પ્રિયા, તું શુભ નારી હોય:
મુજ વચનેં તું નીસરી, રોષ ન આણયો કોય. ૩.
તું સત્યવંતી સાધવી, સૂધી સખરી નાર;
તબ મેં પ્રવૃત્તિ વશેં કરી, દીધી ચિત્ત ઉતાર. ૪.
ઇક દિન તુજ ગુણ સાંભરયા, તિણે મિલવાને આય;
તુજ સુત વીસરતો ન છે, ગુણવંત આવે દાય. ૫.
તુજ સુત પરણ્યો તિણે સમે, હું પણ છાનો તેથ;
ગુપ્તપણે આવ્યો હતો, વિમલબોધ છે જેથ. ૬.
વારૂ વીર વિવેક એ, પરણી તત્ત્વરૂચિ નાર;
કરશે કામ છેકો હવે, તિહાં આવીશ સંભાર. ૭.

રોષ ન આણો પાછલો, પિઉશું હિલમિલ હોય;
ગોધન ભાગોલી મિલે, પથ્થર ન મિલે કોય. ૮
એહ વચન શ્રવણે સુણી, કુલવંતીને કોશ;
પગશું પાછા હેલિયે, તોહી ન આણે રોષ. ૯

ઢાળ ૧૧ મી.

હરિયા મન લાગો;—એ દેશી.

ઇક દિન માતા સુત ભણી, શીખ કહે મન લાય રે; સુત સુણ સોભાગી.
તું ડાહ્યો શાણો અછે, માત ભણી સુખદાય રે. સુત૦ ૧
હિત વાણી પાણી ભણી, રાખણું તું છે લોગ રે; સુત૦
પરવધો ટાચો નહિં, સાચો સખર સંયોગ રે. સુત૦ ૨
હિતવાણી કામધેનુ છે, સતપુત્રકાને આય રે; સુત૦
દુષ્ટ કુસુત માતંગને, ઘરમાં કહો કયું જાય રે. સુત૦ ૩
સઘળાને રુચતી નથી, ગુરૂ જન વાણી એહ રે; સુત૦
અમૃતથી અધિકી અછે, જાણે સ્વાદી જેહ રે. સુત૦ ૪
શુભ ઉપદેશ વિના ફિરે, નર નારી જગમાંહિ રે; સુત૦
લાવણ્ય લક્ષણ બાહિરા, જ્ઞાન હૈયે જસુ નાંહી રે. સુત૦ ૫
માત વાણી જાણે સહી, અમૃત ધારા મેહ રે; સુત૦
ઉખરં ક્ષેત્રતણી પરેં, મત દેખાડે છેહ રે. સુત૦ ૬
પ્રવૃત્તિ શોકય શમવા ભણી, કીજેં કોઇ ઉપાય રે; સુત૦
એહ અવસ્થા તિણે કરી, જમવારો કયું જાય રે. સુત૦ ૭
પિઉવિયોગ સ્થાનભ્રંશતા, સુણહિતણો નહિં યોગ રે; સુત૦
એ દુઃખ સઘળાં નવિ ગણું, શુભપુત્રને સંયોગ રે. સુત૦ ૮
ધન ભરિયા ભંડાર જે, ખાતા ખૂટી જાય રે; સુત૦
અક્ષયનિધિ પુત્ર સંપદા, સંસારીને થાય રે. સુત૦ ૯
માતા સદાઇ પુત્રની, આશા રાખે ભૂર રે; સુત૦
તે તુજ પુત્ર રતનથી, કયું મન ન રહે સનૂર રે. સુત૦ ૧૦
સુકરી રાસભાને ઘણા, પુત્ર હુવા શી સિદ્ધ રે; સુત૦
સિંહિણી એકો સુત જણે, સઘળાઇ સુખ દીધ રે. સુત૦ ૧૧

કુલમંદિર દીપક સહી, કુલજામિની ચંદ રે; સુત૦
કુલગાડી ધુર ધવલ છે, સુપુત સદા સુખકંદ રે. સુત૦ ૧૨
તમરૂપ વૈરી વશ કરે, મીલ કમલ ઉલ્લાસ રે; સુત૦
સુપુત્ર સૂરજ ઉગે થકે, શોભાવે ઘરવાસ રે. સુત૦ ૧૩
હવે તું એ નગરીનો ધણી, સેવ નિરંજન દેવ રે; સુત૦
જાસ પ્રસાદ લહ્યાં થકાં, સકલ કરે તુજ સેવ રે. સુત૦ ૧૪
મોહ મહીપતિ જીપતાં, ઊપર કરસી એહ રે; સુત૦
સેવક પણ એહના અછે, મોહ દાવાનલ મેહ રે. સુત૦ ૧૫
ઓલગ કરજે એહની, આઠ પહોર અપ્રમત્ત રે; સુત૦
સાચો ઊતરજે સહી, સાચ ભલો જગ મિત્ત રે. સુત૦ ૧૬
ન રૂચે કૂડ એ સ્વામીને, કાંઈ તિલ તુષ માત રે; સુત૦
સેવા પ્રમાદને વેર છે, ગાય અને વાઘ જાત રે. સુત૦ ૧૭
લક્ષણ એ તે સ્વામીનાં, સેવક ચૂકા જાણ રે; સુત૦
પ્રમાદને વશ હુઇ રહ્યા, મોહેં લીધા તાણ રે. સુત૦ ૧૮
તે ભણી પ્રમાદ છોડીને, ખીજમત કરજે ખાસ રે; સુત૦
પ્રસ્તાવેં સઘળી કરે, આપણી જે અરદાસ રે. સુત૦ ૧૯
શીખ ઇસી માતા તણી, શીશ ચઢાઇ તેણ રે; સુત૦
ધર્મમંદિર કહે હવે સુણો, વિવેક વદે હરખેણ રે. સુત૦ ૨૦

દોહરા.

પય પ્રણમીને બોલિયો, મીઠા વચન વિચાર;
નર પશુ પંખીમેં સહી, માત હુવે સુખકાર. ૧.
પણ સાચી માતા તિકા, આખે શીખ સુજ્ઞાન;
હેમકોડિ હિતકારિણી, નહિં તે શીખ સમાન. ૨.
માની છે શીખ તે સહી, માતુ જે જે દીધ;
સુધાકુંડમાં નાહયેં, કામગવી પય પીધ. ૩.
નંદન વન નિરખ્યો કિયો, બાવન ચંદન લેપ;
ઇણિપરેં સુખ મુજને થયું,સુણિ તુમ વચન અપેખ. ૪.
માતા વચન ઉથાપશે, સો સત પુત્ર ન હોય;

સુખ નાપે માતા ભણી, વ્યાધિ રૂપ તે જોય. ૫.
ઇમ માતા હર્ષિત કરી, ઉઠ્યો કુંવર તિવાર;
માતા હાથ માથે ધરી, જાવે રાજદ્વાર. ૬.

ઢાળ ૧૨ મી.

રામચંદ્ર આજ; ગાયો મોહિ રહ્યો રી;—એ દેશી.

પરબ્રહ્મ, આતમ ભાવ, મોહિ વિરાજ રહ્યો રી;
શ્રી જગનાથ નરેંદ્ર, નિરખી હર્ષ ભયો રી. ૧.
છત્ર ધરે સિરદાર, સિંહાસન પર રાજે;
ધર્મધનુર્ ધરિ હાથ, હરખી ખડગ તે છાજે. ૨.
તત્વના બે કર જોડ, પંચ પ્રભુથી ને કરે રી;
તીન ભુવનનો નાથ, અનુપમ શોભા ધરે રી. ૩.
અષ્ટાંગ યોગના ધાર, યોગ જેમ ભરેરી;
હૃદય કમલ તુજ સાર, પેખશું ભવ મિલે રી. ૪.
સુર નર ભમરા ભૂર, સેવે પાય સદા રી;
તુજ પદપંકજ સાર, મનમેં અધિક મુદા રી. ૫.
જ્યોતિરૂપ જગનાથ, દેવસ્વરૂપ જયો રી;
સ્યાદ્વાદી સુખરૂપ, ભૂપ અનુપ ભયો રી. ૬.
ઘાય કર્મ મલ છોડી, આપ રૂપ વિરાજે;
તો સમ અવર ન કોય, દિન દિન આનંદ દિરાજે. ૭.
ભવ ભવ ભમતાં આજ, દર્શન તુમચો દીઠ
આજ અધિક આનંદ, લોચન અમિય પઈઠ. ૮.
ઇતર સમ તુ રાય, ભોગન ભૂપ કરી રી,
તુ અનંત ધમ અવર ને ધાન્ય કપાર્ડી. ૯.

શ્લોક ॥ અષ્ટાંગયોગાઃ ॥

संयमो नियमश्चैव, आसनं च तथैव च ॥
प्राणायामः प्रत्याहारः, समाधिर्धारणा तथा ॥ १ ॥
ध्यानं चेत्यस्य योगस्य, ह्यष्टाङ्गानि बुधैः ॥
पुर्णांगविदमाला, सुखस्यापदरोषकम ॥ २ ॥

શમ દમ સઘળા ભાવ, આનંદ અધિક ઘણા રી;
તમ સેવ્યાં લહે લોક, નહિં કાંઇ રિદ્ધિ મણા રી. ૧૦.
રવિથી નાસે ઘૂક, મોરથી નાસે ભુજંગા;
તેમ તુજ આણથી દોષ, ન કરે કો પરસંગા. ૧૧.
જંગમ સ્થાવર જીવ, તું સઘળાં સુખદાઇ;
મિત્ર અમિત્ર સમાન, એ તુમમેં અધિકાઇ. ૧૨.
તુમ ગુણ કેરો પાર, કહેતાં ક્યુંહિ નાવે;
પણ આપણી મતિ સાર, સેવક ભાવ જણાવે. ૧૩.

દોહરા.

ઇમ સ્તવના જિન રાજની, કીની બે કર જોડ;
વળી પંચાંગે પય નમે, મન મદ મચ્છર છોડ. ૧.
કૃપા કટાક્ષે જોઇને, ઇમ બોલ્યા જિનરાજ;
પરખદ બારાં સાંભલો, ધરિ ચિત્તમાંહિ સમાજ. ૨.
વીર વિવેક કહી જિયેં, તે છે એહ કુમાર;
ભાંતો ભાંત ભલી પરેં, તત્ત્વ બુદ્ધિ ભંડાર. ૩.
નાયક વિના સેના કિસી, ગ્નાન વિના જ્યું વાણિ;
જલ વિણ સરવર કો નહિં, ગુણ વિણ લાલ કખાણ. ૪.
ધર્મ કર્મ તિમ એ વિના, સખરો નાવે ઘાત;
ભલી બૂરી સબ ભાવની, તુરત લખે એ વાત. ૫.
વિકલેન્દ્રિયમાં એ નહીં, પશુ નરકમેં નાંહિ;
પ્રાયઃ નરમાં એ વસે, વળી આરજ કુલમાંહિ. ૬.
ત્યાં પણ કો વિરલા કને, પૂરણ લાભે એહ;
દીપ ઘણી સઘળા નહિં, મોતી ધારે જેહ. ૭.
અહંકાર કાંઇમેં નહિં, કૃપણભાવ નહિં કોય;
મીઠા બોલે મુખ હસે, ધર્મવંત વળી હોય. ૮.
લાજવંત મતિવંત એ, પર દોષ ઢંકણહાર;
સુખમાંહિ ફુલે નહિં, દીન હીન દુઃખ ઠાર. ૯.
તિણ કારણે ઉત્કૃષ્ટ [illegible];

મુજને તે હોય વાલહો, જે કરે એહનો સંગ ૧૦.
મુજપેં આપો એ સહી, અધિકાર સેવા કાજ;
તે ભણી એહને મેં કિયો, દંણ પુરનો શેઠરાજ. ૧૧.
એહ વચન નૃપનું સુણી, સઘળે કીધ પ્રમાણ;
નગરમાંહિ વાસો દિયો; કુંવર લહે બહુ માન. ૧૨.

ઢાળ ૧૩ મી.

ચિત્રોડા રાજા રે;–એ દેશી.

એક દિન અરદાસા રે, કરે કુંવર અકાશા રે,
મોહ છપણ આશા વાસા આણીયેં રે;
સાહિબ જિન રાજા રે, અતિ સબલ દિવાજા રે,
ફિર વેરી હુવા છે તાજા, જાણીયેં રે. ૧.
મન મચ્છરાલો રે, દુઃખ એતનો માલો રે,
અતિ પાપનો જાલો આલો, મોહ છે રે;
અવિદ્યા ગઢ કીધો રે, નિજ વંછિત સીધો રે,
જાણે જલ જ્યું પીધો, વડ એ લોહ છે રે. ૨.
હાથી ભલા ઘોડા રે, વળી માનવ જોડા રે;
બહુ રાખ્યા છે હોડા; હોડી તુમ તણી રે;
સઘળો જગ જીત્યો રે, હઓ છે વદીતો રે,
વૈરી અનીતો છીતો, સહુ ભણી રે. ૩.
મોહરાજા જોરે રે, આજ સખરો તોરે રે,
કહે હરિ આવે ઓરે, એહને રે;
તપસી તપ ચૂકે રે, મોહપાસેં ઢૂકે રે,
ધર્મ સઘળો તે લૂટે, મારે તેહને રે. ૪.
કુલવંત કહીજેં રે, આચારે છીજેં રે,
મોટે કરી બાંજે, રીઝે રાગમાં રે;
દેવ દાનવ નાગા રે, ઇમ આગેં ભાગા રે,
પૂઠા વળી નાવે સરખા, માગમેં રે ૫.
વદ મંત્રના પાઠ રે, તે પણ જાસે નાઠ રે,

ઇણ મોહના કાઠા ભાઠા, કુણ સહે રે;
પશુ પંખી જીત્યા રે, જસ ખાટે વદીતા રે;
બહુ કાલ વ્યતીતા, અંત ન કો લહે રે. ૬.
તુમ સેવક ભાંખ્યા રે, તો પણ મોહ રાખ્યા રે,
કોઈ જોર ન ચાલે પાલે, કો નહિં રે;
અતુલી બલ દીસે રે, પાપ વિશવા વીશે રે,
સઘળાનાં મન હીંસે, છે સહી રે. ૭.
તુમચો મુખ જોઇ રે, હરખે સબ કોઇ રે;
પર પૂઠે ન હોઈ, હમણાં છે જિસ્યા રે;
મોહ રાય અલેખે રે, જગ સઘળો પેખે રે,
જાણો વિશેષે, હમણાં એ દશા રે. ૮.

દોહરા.

વળી વિવેક વાંચે ઘણા, મોહતણા અવદાત;
જગગુરૂ તું સબ જાણુ છે, તો પણ સુણજો વાત. ૧.
જીવ હણાવે લોકપેં, જૂઠ શીખાવે જોર;
વાટ પડાવે ધન હરે, પરદારક અતિ ઘોર. ૨.
છલ બલ સાધે અતિ ઘણા, જોડે ધનની રાશ;
લોલુપ લોભી લંપટી, વ્યસન ન મૂકે પાસ. ૩.
શીખાવે સઘળા ભણી, પાપતણી બહુ વાત;
સંતતિ સખરી લોયસી, ગરવતણો કરો ઘાત. ૪.

ઢાલ ૧૪ મી.

નેગવની તિહાં બાંભણી;—એ દેશી.

મોહતણો મહિમા સુણી, ભવિજન આતમ ભાવો રે;
ઉદય અધિક આવે જતે, વાધે મોહનો દાવો રે. મોહતણો. ૧.
પૂજાવે પીપલભણી, દેવગતે દવદાવો રે,
પાવસ ન્યાત્રને પોષિયે, એ એ મોહ વિકાશે રે. મોહતણો. ૨.
સાખ પીપી ફલ જેહનાં, કૃમિ કીટકનો ગેહો રે;
પીપલ પીતના ઉદ્ધરે, એ એ મોહ અજેહો રે. મોહતણો. ૩.

પૂજાવે નિર્જીવને, નાગતણે આકારો રે;
સાપતણી હિંસા કરે, એ એ મોહ વિકારો રે. મોહતણો. ૪.
સત્તુ વટો સંસારમાં, પાવક પાપ નિધાનો રે;
પૂજીજે પુણ્ય કારણે, એ એ મોહ વિધાનો રે. મોહતણો. ૫.
આરંભ અધિકા જેહથી, વાધે ભવજલ પૂરો રે;
કન્યાદાન કહીજીએ, એ એ મોહ અંકૂરો રે. મોહતણો. ૬.
બાહિર શુચિ જલથી હુવે, તિહાં માને ધર્મભાવો રે;
તીર્થકરજી ન આદરે, એ એ મોહ સભાવો રે. મોહતણો. ૭.
માખી મધુ દાને દિયે, હોમે ધાન્ય અપારો રે;
ધર્મ બુદ્ધિ તિણશું ધરે, એ એ મોહ પ્રકારો રે. મોહતણો. ૮.
પતિ મૂકી પર પુરુષને, સેવે સાહમી શુદ્ધિ રે;
એકાકાર કરી મળી, એ એ મોહ કુબુદ્ધિ રે. મોહતણો. ૯.
સુરભિ મુખ પુચ્છે કહે, બહુ દેવોનો વાસો રે;
શુદ્ધ કહે મલ મૂત્રને, એ એ મોહ વિલાસો રે. મોહતણો. ૧૦.
સંસારી દેવાં કને, માગે મોક્ષ ગમારો રે;
ગેહીને ગુરૂ કરિ ગણે, એ એ મોહ વિકારો રે. મોહતણો. ૧૧.
ગેહી ધર્મ મહોટો સહી, જસુ આશ્રય સબ કોયો રે;
ઈમ બોલે જગમાં ઘણા, મોહે ભોળા લોયો રે. મોહતણો. ૧૨.
સોનાની સુરભિ કરી, મંત્ર ભણી વિપ્ર લેહ રે;
ભાગ કરી વહેંચી લિયે, એ પણ મોહના ભેદ રે. મોહતણો. ૧૩.
કર્પણી કહે અમ ઉપરા, ધર્મી કેહા હોય રે;
પશુ પંખી નર હણ કહે, અમર્ષ મોહ એ જોય રે. મોહતણો. ૧૪.
વેદ પુરાણે પાળિયો, વળી માઈંદ પુરાણો રે;
નિશિભોજન કરવું નહિ, સમજો ચતુર સુજાણો રે. મોહતણો. ૧૫.
સૂરજ કિરણે ફરસિયો, ગંગારો પણ પાણી રે;
પીવા યોગ્ય પાવન અછે, નિશિ નવિ પીવે ધીરો રે. મોહતણો. ૧૬.
એહ વચન નિજ ગ્રંથરો, માને નહિય લગારો રે;

રસના લોભી લુબ્ધ રહ્યા, એ એ મોહવિકારો રે. મોહતણો. ૧૭.
અવર ધરે બેઠો પિતા, પિંડ લહે નહિં ભોરા રે;
મૂઢમતિ મૂંઝી રહ્યા, એ એ મોહના દોરા રે. મોહતણો. ૧૮.
તો પરભવ પહોતો પિતા, નિજ ઘર બેઠા પુત્રો રે;
પિંડ દિયો પહોંચે નહિં, પરતિખ દેખ પવિત્રો રે. મોહતણો. ૧૯.
પરણાવે વૃક્ષા ભણી, ચેતનની પરેં જાણી રે;
ગ્રંથ રચે વ્યભિચારના, એ એ મોહની ખાણી રે. મોહતણો. ૨૦.
ચેતનને માને નહિ, શૂન્ય ગિણે સંસારો રે;
ક્ષણિકવાદ કેઈ ધરે, મોહતણા વિસ્તારો રે. મોહતણો. ૨૧.
કાનનમાં મૃગલાં રહે, સૂકાં તૃણ આહારો રે;
તે મૃગ મારે માનવી, એ એ મોહ પ્રકારો રે. મોહતણો. ૨૨.
મોહ સોહ બાધા ઘણી, રાજ્ય વધ્યો અતિ જોરો રે;
તમચી આણા માને નહિં, બલ બલિ કાંઇ ફેરો રે. મોહતણો. ૨૩.
તીન લોક નાયક તમેં, મોહ ઇશ પણ એમો રે;
એક મિયાનમાંહે કદા, ખડ્ગ રહે બે કેમો રે. મોહતણો. ૨૪.
તમ સેવકપેં લીજીયેં, ભેટ ભલી સોવારો રે;
જોરો તોરો જાબતો, જગ ઉતરો વિસ્તારો રે. મોહતણો. ૨૫.
વૈરાગ્યે એ લુબ્ધ રહ્યો, સાહિબ ગરિબનિવાજે રે;
ધર્મમંદિર કહે તે સુણો, જે બોલ્યા જિનરાજે રે. મોહતણો. ૨૬.

દોહરા.

વત્સ સ્વચ્છ મતિ તાહરી, તું વિવેક વડ વીર;
ઉપકારેં એ વીનતિ, ભવિકતણી કરે ભીર. ૧.
હું જ્ઞાનેં દેખું અછું, સઘળીહી એ વાત;
કર્મ ઉદય અધિકો અછે, તિણ નહિં બણતી ઘાત. ૨.
ધીર વીર પુરૂષેં ઘણો, યત્ન કીધો બહુ વાર;
પણ એ ફિર ફિર પાલવે, અનંતકાય અનુસાર. ૩.
મહોટો ખલ એ મોહ છે, મહોટો રિપુ એ જાણ;
[illegible] અવધિ વારૂ નહિં, [illegible] ભવિકુ એ [illegible]. ૪.

ઢાળ ૧૫ મી.

(કાજ સાખેણો રે અવ;—ઢલડાની દેશી.)

મોહવશે વળી માનવી રે, માતા શું કરે પ્રેમ;
મદમાતી ને કામિની રે, ઉલટી ચાલે એમ.
વિવેકી, ધિક્ ધિક્ મોહ વિકાર;
સંસારી પ્રાણી ભણી રે, ભવજલ એહ અવતાર. વિવેકી૦ ૧.
પતિ પરદેશે પ્રાણે રે, પર નરશું રમે રંગ;
ગર્ભ તજે મલની પરે રે, ન કરે કરુણા સંગ. વિવેકી૦ ૨.
જનકતણો વળી જોવજો રે, સુતશું પ્રેમ ઉદાર;
ધન પ્રભુતા લુબ્ધાયકો રે, ઘાત કરે અવિચાર. વિવેકી૦ ૩.
માત પિતા મૂકે સહી રે, ભાઇ બ્હેન સગીન;
પ્રાણ તજે પ્રેમે કરે રે, વનિતા વચન આધીન. વિવેકી૦ ૪.
દેશ ફરે ગિરિ શિર ચઢે રે, લંઘે નદીય નવાણ;
જે કામણને કારણે રે, તે પણ ન કરે કાણ. વિવેકી૦ ૫.
પ્રેમ ઘણો સુતશું ધરે રે, માતા વલિય વિશેષ;
ધોવે મલ મૂત્ર ઘર થકી રે, વિરચે નવ નવ વેષ. વિવેકી૦ ૬.
પરણાવે પ્રેમે કરી રે, સુંદરિ સુંદર દેખ;
યૌવન મદમાતો થયો રે, ન ધરે વચનની રેખ. વિવેકી૦ ૭.
ધરતી ધન લોભીયકાં રે, ધંધ કરે મિલિ ભાય;
કથન કોઇ માને નહિં રે, ચાલે આપણી દાય. વિવેકી૦ ૮.
કાયા કંચન સારિખી રે, ઉપરથી દેખાય;
શારદ સંધ્યાવાન જ્યું રે, ક્ષણમેં એર થાય. વિવેકી૦ ૯.
માયા છાયા સારિખી રે, ધન ધન મેલે રે જેહ;
સ્થિરતા તે રહેશે નહિં રે, તડકે લાગે નેહ. વિવેકી૦ ૧૦.
આશ્રવ અધિકા મેલિયા રે, નવ નવ બંધન થાય;
કામ ક્રોધ લહરી વધે રે, જ્યું જલ પવન પસાય. વિવેકી૦ ૧૧.
માત પિતાદિક એહવા રે, સઘળા સખાથી ન હોય;
પણ સંસારી પ્રાણિયા રે, પ્રાયેં એહવા જોય. વિવેકી૦ ૧૨.

જ્યું બીલી બિલમેં અછે રે, સાપાં કેરો વાસ;
પણ આશંકા આણિયે રે, ઇમ સમદિઠિ ઉદાસ. વિવેકી૦ ૧૩.
સાગર તરતાં સોહિલો રે, દવ ઓલાયો રે જાય;
સુર સાન્નિધ્ય ગિરિને ખણે રે, પણ વશ મોહ ન થાય. વિવેકી૦ ૧૪.
ભૂખ્યો રાક્ષસ રાખિયો રે, તીખે શત્રુ સહાય;
મીણ દાંત લોહ ચાવિયો રે, પણ એ વિષમ કહાય. વિવેકી૦ ૧૫.
સેવક પણ જે મોહના રે, સ્વામી સરિખા રે તેહ;
કણુ કણ કીધા ફિર મલે રે, પારદ નારકી જેમ. વિવેકી૦ ૧૬.
અનાદિઅનંત પણ એ સહી રે, અનાદિ સાંત પણ એહ,
સાદિ સાન્ત પણ જે અછે રે, તુમચી સંગતિ જેહ. વિવેકી૦ ૧૭.
મોહ એહ બહુ રૂપિયો રે, સેવક પણ બહુ રૂપ;
એકાકી પ્રાણી ભણી રે, લાગી રહ્યા વદે ભૂપ. વિવેકી૦ ૧૮.
તુજ બેલીથી એહના રે, બેલી અનંત અપાર;
કયું જીપાયે વેગશું રે, તુંહિજ આપ વિચાર. વિવેકી૦ ૧૯.
ચૂંપ કરી હમણાં તે ભણી રે, અવસર સમયો દેખ;
શિવ સાધે સમવાયશું રે, એ સ્યાદ્વાદ વિશેષ. વિવેકી૦ ૨૦.
મોહવશેં હોવે જિણે રે, તેહ અછે પ્રતિકાર;
તે પણ કહિશું તો ભણી રી, સુણુ એક અપર વિચાર. વિવેકી૦ ૨૧.

દોહરા.

લોક તણે અંતે અછે, ઉંચી અનુપમ સાર;
સિદ્ધપુરી નામેં ભલી, સઘળામાં સિરદાર. ૧.
ભવ્યભણી જે યોગ્ય છે, પણ કરે વિરલો વાસ;
હેમ સંગ લાભે નહિં, સઘળી માણિક રાશ. ૨.
જન્મ જરાનું દુઃખ નહીં, આપદ ગર્ભ ન વાસ;
ધન મન બંધન કો નહીં, આતમ સહજ વિલાસ. ૩.
આધિ વ્યાધિ બાધા નહિં, શીત રીત નહિ કાંય;
ભૂપ ધૂપ રૂપ રંગ શા, વિરસ ફરસ નહિં થાય. ૪.
કેવલ કેવલ જ્ઞાનમાં, પરનો નહિં અસંગ;

જ્ઞાન સુધા કરિ ધાપિયા, પરમ ઉલ્લાસ કુતંગ. ૫.
તે પુરની ઇચ્છા કરી, યત્ન કરે બહુ લોય;
પણ ફિર મોહતણી પુરી, પામે આપત સોય. ૬.
શિવપુર મગ જાણે નહિં, જીહાં મારગ ભાસ;
મુગ્ધ મીનં જ્યું માનથી, ફરી રહે જગ જાલ. ૭.
જ્ઞાન ક્રિયા વૈરાગ્ય તિમ, મારગ સૂધા જેહ;
સદ્દહણા સાચી નહિ, ભ્રામક ભાવે તેહ. ૮.
નિકટ મુક્તિ છે જેહને, તે પણ મોહ છલાય;
સાગર કંઠે પણ રહ્યો, પોત ચલાવે વાય. ૯.
મોહથકી બીએ ઘણું, શિવપુર જાવણહાર;
ઓલખીને તેહને, કરજો હર્ષ અપાર. ૧૦.
તૂં સાથે દૂઆ થકાં, ભય નહિં તેહને કોય;
ગરૂડ પંખીથી નાસહી, ભુજંગ જાતિ જે હોય. ૧૧.
પહેલાં પણ શિવપુરતણો, મારગ વહ્યો એમ;
ઇણિપરેં રાજા આખિયો, તહત્તિ કિયો સબ તેમ. ૧૨.

ઢાલ ૨૬ મી.

વધાવાની દેશી.

વધાવો હે વીર વિવેકને, જગનાથેં હે આપણો જાણીદાસ કે;
પુણ્યરંગ પાટણ આવિયો, રાજ્ય દીધું હે માનું ભાનુ ઉલ્લાસ કે. વધાવો૦ ૧.
સેવક સખરા આપિયા, સાથ પૂરો હે શૂરો સુગુણ સનૂર કે;
સાહિબ હુકમ કિયો વળી, તુજ મસરો હે વિમલબોધ પડૂર કે. વધાવો૦ ૨.
તેહને નિજપુરની ધરે, કોટવાલી હે દીજેં સુખકાર કે;
વનપાલકતા મૂકશી, મુજ વચનેં હે ન્યાયેં સુવિચાર કે. વધાવો૦ ૩.
આદેશ લેઇ તિહાં થકી, વીર આયો હે નિજપુરને ઠામ કે;
ધર્મ ધ્યાન ધ્વજ આગલેં, મુખ આગેં હે આગેં કરિ અભિરામ કે. વધાવો૦ ૪.
માતા મન આનંદશું, વળિ વનિતા હે વનિતા લીધી સાથ કે;
પ્રેમનિધાન પ્રતીતની, ઘરમાંડું હે માંડે પ્રથમ એ આથ કે. વધાવો૦ ૫.
જય જય શબ્દ હુવે ઘણા, ગુણ ગાવે હે ભાવે ગુણિજન સાર કે;

પુણ્યરંગ પાટણ રાજિયો, સિદ્ધ વિદ્યા હે વિદ્યાધર જ્યું તાર કે. વધાવો૦ ૬.
વાજીત્ર ગુરુ ઉપદેશનાં, અતિ વાજ્યાં હે ગાજ્યાં ગુહિર ગંભીર કે;
આડંબર અધિકો કરી, પુર પેઠા હે સાથે વડવીર કે. વધાવો૦ ૭.
મ્હોટા મહાજન આવિયા, રાજ મુજરો હે કીધો ઉદ્દાર કે;
આનંદ અધિક હુઆ ઘણા, પુરમાંહે હે વરત્યો જય જયકાર કે. વધાવો૦ ૮.
કોટવાલ સસરો કિયો, પ્રભુવાણી હે જાણી કીધ પ્રમાણ કે;
ઢંઢેરો કરુણા તણો, પુર ફેર્યો હે ફેર્યો વીરની આણ કે. વધાવો૦ ૯.
દૂર કીયા પાપી નરા, પુણ્ય ધારી હે સારી નગરનો વાસ કે;
દુષ્ટ દુર્દાંત જન કાઢિયા, રાખ્યો નહિં હે તિહાં છલનો પાસ કે. વધાવો૦ ૧૦.
રાજ્ય ભલો હવે ભોગવે, શિવ મારગ હે માર્ગનું સુખ તેહ કે;
ભોળાવે ભવિ સાથને, ભવવારે હે સારે સુખ ગુણગેહ કે. વધાવો૦ ૧૧.
માતાને સુખાણી કરી, જસુ સીખે હે હુઆ નવેય નિધાન કે;
મન મંત્રી પણ વેગશું, આવે જાવે હે પ્રમદા પ્રેમ નિધાન કે. વધાવો૦ ૧૨.
અચરિજ ધરતો મંત્રવી, સુત દેખી હે પેખી હર્ષ અપાર કે;
લાજ રહે સુત પુત્રથી, નવિ નિંદા હે નાનોહી નરસાર કે. વધાવો૦ ૧૩.
વીર વિવેક વાધ્યો ઘણું, સુખ પાયો હે શ્રીજિનચંદ પસાય કે;
બીજો ખંડ પૂરો થયો, એ સુણતાં હે ભવિજન આવે દાય કે. વધાવો૦ ૧૪.
દ્વાદશાસ પાઠકવરુ, તસુ શિષ્ય હે ધર્મમંદિર ગણિ સાર કે;
એ સંબંધ કિયો ભલો, સુખદાયી હે શ્રી સંઘને જયકાર કે. વધાવો૦ ૧૫.

ખંડ ૪ થો.

દોહરા.

શ્રીગુરૂ ચરણ પ્રસાદથી, લહિયેં લીલ વિલાસ;
મંગળ માળા સંપજે, દિન દિન અધિક ઉલ્લાસ. ૧.
તિણ પ્રસ્તાવેં મોહ નૃપ, નગરી અવિદ્યામાંહી;
ચાર્વાક મિત્ર ભણી કહે, ઇક દિન વાત ઉચ્છાહી. ૨.
આજસમે મો ઉપરેં, દ્વેષ ધરે નહિં કોય;
એક વિવેક વિના સહુ, પરમ મિત્ર જગ હોય. ૩.
પહેલે પણ જગ બળ કરી, મુજને જીત્યો એણ;
તે વેળા મુજ સાંભરે, ભ્રાંતિ રહે છે તેણ. ૪.
ચાર્વાક તવ બોલિયો, મોહરાય સુણ સિંહ;
સાલ કંટાળ વિવેક છે, તિણસું કેહી બીહ. ૫.

ઢાળ ૧ લી.

(વેગે પધારો હો મહેલથી;—એ દેશી.)

મછરાળો મોહ બોલિયો, ચારવાક સુણ મિત્ર;
ભેદ ન જાણે તું એહનો, છાની ધુરી એ શત્રુ. મછરાળો૦ ૧.
મનમંત્રી મૂરખ થયો, જીવતો મુઓ એહ;
મેં પણ ન કહ્યું માનીને, કેદ કરી ધર્યો એહ. મછરાળો૦ ૨.
રમણ દેવી જીવતા છતાં, શું સુખ પામે જીવ;
જ્યો રોગજ અંગમાં, ઉન્માદ રહે જસ જીવ. મછરાળો૦ ૩.
વિરોધી વૈરી જાગતાં, નિશ્ચિંત સુએ જે સુધ;
તેહ દુઃખી તે જાણજો, નીતિવચન કહેવાય. મછરાળો૦ ૪.
નાનો વૈરી ન અવગણિયેં, વિશ્વાસ ન ધરો તાસ;
મનમેં અગ્ગી દાહિકા, ઘાસનો કરે નાશ. મછરાળો૦ ૫.
અવગણિયેં નહિં રિપુ ગણી, નાનો સો પણ જેહ;
શુલ અંકુર ઉગ્યો થોડ, પ્રસરી પાડે ગેહ. મછરાળો૦ ૬.

દુઃખ પામ્યો નાનો થયો, પર હથ દૂજ્યો જોય;
હલાહલ વિષ તિલ સમું, દુઃખદાયી કહ્યું ન હોય. મછરાલો૦ ૭.
કમધજ ફિરતાં જાયસી, પ્રવચન પુરમાં વાસ;
તો હાથે આવે નહિં, જીમ સિંહ ગિરિમાં નિવાસ. મછરાલો૦ ૮.
રાજનીતિ માંહે કહ્યું, વૈરી નિજ વશ રાખ;
પરવાણી કાનેં સુણી, દૈત્ય સમોવડ ભાખ. મછરાલો૦ ૯.
ખરી ખબર લીધા વિના, સાલ સમાન એ થાય;
ખબર ભણી ચર મૂકિયે, એ મુજ આવે દાય. મછરાલો૦ ૧૦.
મિત્ર કહે વારૂ અછે, સાહિબ એહ વિચાર;
તુરત તેડાવ્યા તિણે ક્ષણે, આખે સકલ પ્રકાર. મછરાલો૦ ૧૧.
પાખંડાદિક દંભ વળી, સખરા સેવક જેહ;
શીખ કહે નૃપ તેહને, કામ કરો સસનેહ. મછરાલો૦ ૧૨.
પુત્ર સહિત નિવૃત્તિ વધૂ, કિહાં નાઠી કિણ ઠામ;
જગ સઘળો ઢૂંઢી કરી, ખબર કરો અભિરામ. મછરાલો૦ ૧૩.
સ્વામી વચન શીશેં ધરી, સેવક ચાલ્યા તામ;
શૂરવીર સાહસિકધર, સ્વામીતણું કરે કામ. મછરાલો૦ ૧૪.
ગામ ગામ પુર તે ફરે, વન વન તરૂ તરૂ તેહ;
વાનરની પરેં જોવતાં, સ્વામી ધર્મ સસ્નેહ. મછરાલો૦ ૧૫.
યત્ન કરી જૂવે ઘણું, પણ કો ન કહે વાત;
પગ પગ પૂછ્યા અતિ ઘણા, ન પડી શુદ્ધ તિલ માત. મછરાલો૦ ૧૬.
ફરતાં દૂર દેશાંતરે, પુણ્યરંગપાટણ જાય;
વાત સકલ તિહાંકિણ લહી, પણ પુરમાં ન જવાય. મછરાલો૦ ૧૭.
છાના બાહાર છૂપી રહ્યા, કો તરૂનો લેઇ સંગ;
કોટવાલ તિહાં નીસર્યો, ચોકી કરતો ચંગ. મછરાલો૦ ૧૮.
ભાગ્ય જોગ આવી જુડી, દૂષણ ઊપર ચોટ;
સિદ્ધિ હુવે કર્યું તેહને, જસુ દિલમાંહે ખોટ. મછરાલો૦ ૧૯.
કોટવાલ સમ જાણિયા, કાઢ બાંધ્યા તેહ;
સમકિત ભટને વશ કર્યા, તાડન તરજન દેહ. મછરાલો૦ ૨૦.

મિથ્યામતી પાખંડ વળી, દંભ પ્રમાદ વિરોધ;
સમકિત થકે ડુંટિયા, મોહતણા દાસ દેખ. મછશાસો૦ ૨૧.
વિવેકતણો લિખુ શુદ્ધિ લઇ, તાડનપણ લહી તેથ;
દર્પ વિષાદ બેહુ લઘા, પુન્યરંગપાટણ જેથ. મછશાસો૦ ૨૨.

દોહરા.

છાના નાઠા તિહાંથકી, રહી ન શક્યા તિહાં તેહ;
જેમ દાવાનલ દેખીને, મૃગ નાસે લેઇ દેહ. ૧.
મોહ ભણી આવી મળ્યા, પ્રણમ્યા સ્વામી પાય;
વિલખાણા તે દેખીને, મોહ વદે ચિત્ત લાય. ૨.
તુમચો મુખ આમેય છે, ભાગા આવ્યા આજ;
મેં આગેંહી જાણિયો, તુમથી નહુવે કાજ. ૩.

ઢાળ ૨ જી.

દેશી પારધિયાની, અથવા બાંસરીયાની; અથવા
કુમંપાલ દલેશનું રે, ફતર પાકા દેહ રે, પુરોહિતઇ;—એ દેશી.

વળી રાજા ઇમ બોલિયો રે, મુજ ભાટ દંભ કહાય રે; દંભ દરિયા.
તે નવિ દીસે રથાનકેં રે, જીવન સમ મુજ થાય રે. દંભ દરિયા.
મેરે કામિત કામ કરીયા, મેરે રાજ ધુરાકો ધરીયા;
હું ચાહું દર્શન તુજ રે, દંભ દરિયા૦—એ આંકણી. ૧.
તે હાથેં મુજ રાજ્ય છે રે, જમણી બાંહ સહાય રે; દંભ દરિયા.
વિરૂધ વેળા એહની રે, ન સુણાવે મહારાય રે. દંભ દરિયા. ૨.
દુષ્ટ સ્વપ્ન નવિ દેખિયું રે, અંગ ન ફરકયું કોય રે; દંભ દરિયા.
શકુન વિરોધી ન અયાં રે, એ ચિંતા કયું હોય રે. દંભ દરિયા. ૩.
ઇમ સુણિ સેવક આપણી રે, માંડી કહે સબ વાત રે; દંભ દરિયા.
દંભે અમને મૂકિયા રે, ઇહાં રહ્યા ન બને ઘાત રે. દંભ દરિયા. ૪.
સાહિબને જાઇ કહો રે, એ સઘળો પરકાર રે; દંભ દરિયા.
હું છાનો વેષાંતરે રે, લેશું સકળ વિચાર રે. દંભ દરિયા. ૫.
હાથે કામેં આવતાં રે, ન રહે સેવકધર્મ રે; દંભ દરિયા.
આવ્યો મુજને દેખજો રે, વૈરીના લહી મર્મ રે, દંભ દરિયા. ૬.

કુરગડાદિક ઋષિને ગ્રહી રે, મોહ પુરે લેઇ જાય રે; હંસ હરિયા.
રાજાસું મુજરો કર્યો રે, બાર કરીને આય રે. હંસ હરિયા. ૨૧.
દુર્ગતિ કારાગારમેં રે, લેઇ ઘાલ્યા તેહ રે; હંસ હરિયા.
વૈરીને વશ તે થયા રે, પામે દુઃખ અછેહ રે. હંસ હરિયા. ૨૨.
વળી રાજા પૂછે કહો રે, દંભતણી કોઇ વાત રે; હંસ હરિયા.
દર્શન દીઠે તેહને રે, મુજને હુવે સુખશાત રે. હંસ હરિયા. ૨૩.

દોહરા.

તિણ અવસર હંસ આવિયો, અણચિંત્યો તિણ ઠામ;
રાજા ઊઠિ ઊભો થયો, હંસ દેખી અભિરામ. ૧.
કરિ પ્રણામ બેસી ઉરસેં, આલિંગન દે રાય;
રોમ રોમ ઉલસ્યા ઘણું, આનંદ અંગ ન માય. ૨.
કુશલ ક્ષેમ પૂછે પ્રથમ, ભલે આવ્યો વડ વીર;
બોલ્યો સ્વામી પસાયતેં, તરિ આયો રિપુ નીર. ૩.
સુણ સાહિબ સઘળો કહું, વાતતણો વિસ્તાર;
રાય વિવેકનો જાબદો, દીઠો અધિક અપાર. ૪.
કોટવાલ કરંડ તિહાં, નગરતણો રખવાળ;
ધર્મરીત રાખે ખરી, જ્યું પાણી ને પાળ. ૫.
નગરમાંહિ પૈસણ ન દે, તબ કોપી મેં ગૂઢ;
સાહિબ કામ સુધારવા, મેં વંચ્યા બહુ મૂઢ. ૬.

ઢાળ ૩ જી.

(વદાલિસર મુજ વિનતિ; ગોડીચા રાય.—એ દેશી.)

પુણ્યરંગપાટણ પેસવા, રંગીલા રાય; મેં કીધા જાતિ ભેદ રે; રંગીલા રાય.
કપટ ક્રિયા કરણી કરી, રંગીલા૦ અવસર એવો દેખ રે. રંગીલા૦ પુણ્ય૦ ૧.
ભૂરિ ભવિક આવી મલ્યા, રંગીલા૦ પણ ન જણાવ્યો ભેદ રે; રંગીલા૦
વચન છટે હું ઉચ્ચરૂં, રંગીલા૦ તદ્દન કરે મુનિંદ રે. રંગીલા૦ પુણ્ય૦ ૨.
બોધન સઘળાં મેં સજ્યાં, રંગીલા૦ તે જાતિ કેમ પ્રમાદ રે. રંગીલા૦
દુસ્સહા પણ આદરી, રંગીલા૦ નાંખ્યા અદ્ભુત રહે રે. રંગીલા૦ પુણ્ય૦ ૩.
કીર્તિ કારણ આચર્યાં, રંગીલા૦ આવશ્યક ઉચ્ચાર રે; રંગીલા૦

પણ અંતર ભેદ્યો નહીં, રંગીલા૦ આતમ પ્રત્યેં પ્રતિકાર રે. રંગીલા૦ પુણ્ય૦ ૪.
દીધી બહુલી દેશના, રંગીલા૦ પરરંજનને કાજ રે; રંગીલા૦
મિથ્યાભાવ મૂક્યો નહિ, રંગીલા૦ મહેર કરી મોહરાજ રે. રંગીલા૦ પુણ્ય૦ ૫.
શ્રાવકાનો ભેખ આદર્યો, રંગીલા૦ ઉચ્ચરતો નવકાર રે; રંગીલા૦
નિશિ રૂષિ શાલા સૂઇને, રંગીલા૦ ઉપધિ લઇ કીધ વિહાર રે. રંગીલા૦ પુણ્ય૦ ૬.
પરભાતેં પૂજા રચી, રંગીલા૦ મુખો મુખશું લાય રે; રંગીલા૦
ધાતુ રત્ન પ્રતિમા ગ્રહી, રંગીલા૦ નાઠો સ્વામી પસાય રે. રંગીલા૦ પુણ્ય૦ ૭.
યાચના મિષ કરી પેખિયો, રંગીલા૦ ઘર ઘર દીઠ આચાર રે; રંગીલા૦
કૂડકપટ બહુ કેળવ્યાં, રંગીલા૦ સાહિબ સાન્નિધ્યકાર રે. રંગીલા૦ પુણ્ય૦ ૮.
નર નારી બહુ છેતર્યા, રંગીલા૦ નવ નવા કીધા ભેખ રે; રંગીલા૦
હવે પુર વર્ણન સાંભળો, રંગીલા૦ દીઠો જેહ વિશેષ રે. રંગીલા૦ પુણ્ય૦ ૯.
નગરીને ચિહું દિશિ અછે, રંગીલા૦ નીયતિકા પ્રાકાર રે; રંગીલા૦
ખાતિકા ધર્મની વાસના, રંગીલા૦ પ્રાસાદ પરિણામ સાર રે. રંગીલા૦ પુણ્ય૦ ૧૦.
લેસ્યા ધવલી છોહશું, રંગીલા૦ ઉજ્જ્વલ કીધી તેહ રે; રંગીલા૦
ઉંચી ભૂમિ નિવાસ છે, રંગીલા૦ સાધુ જન ધર્મ નેહ રે, રંગીલા૦ પુણ્ય૦ ૧૧.
ચાર ભેદ ધર્મ ધ્યાનના, રંગીલા૦ તેહજ પોળ્યો ચાર રે. રંગીલા૦
અનુપ્રેક્ષા ચારે અછે, રંગીલા૦ દૃઢ કિમાડ ઉદાર રે. રંગીલા૦ પુણ્ય૦ ૧૨.
ઇંદ્ર પ્રશંસે જેહને, રંગીલા૦ શ્રીસંઘ મહાજન તેથ રે; રંગીલા૦
યોગાસન બાજાર છે, રંગીલા૦ પુણ્ય કરિયાણું જેથ રે. રંગીલા૦ પુણ્ય૦ ૧૩.
સમતા શેરી મોકળી, રંગીલા૦ બાધા ન લહે કોય રે; રંગીલા૦
બ્રહ્મપુરી સોહે ભલી, રંગીલા૦ સુખિયાં સઘળાં લોય રે. રંગીલા૦ પુણ્ય૦ ૧૪.
જ્ઞાન સરોવર શોભતું, રંગીલા૦ ગુપ્તિ ભલી છે પાળ રે; રંગીલા૦
હંસ ઘણા ક્રીડા કરે, રંગીલા૦ શાન્તિ સરસ રસ શાલ રે. રંગીલા૦ પુણ્ય૦ ૧૫.
જીવ દયા દેવી ભલી, રંગીલા૦ નગરતણી રખવાળી રે; રંગીલા૦
સખરી ચરચા દીપિકા, રંગીલા૦ ઘર ઘર નયન નિહાર રે. રંગીલા૦ પુણ્ય૦ ૧૬.
આતમભાવના ભાવતાં, રંગીલા૦ પટ્ રતુ હોકા ચાત રે; રંગીલા૦
કેહા ગુણ તસુ દાખવું, રંગીલા૦ દીઠાં આવે ધાત રે. રંગીલા૦ પુણ્ય૦ ૧૭.
તે આગળ પુર તાહરું, રંગીલા૦ દીન હીન દુઃખ જાલ રે; રંગીલા૦
કાંઇ શોભા ધરે નહિં, રંગીલા૦ ... દેખાલ રે. રંગીલા૦ પુણ્ય૦ ૧૮

દોહરા.

દંભ કહે સુણજો વળી, નગરી લોક વિચાર:
અંતર એ મેં દેખિયું, સરસવ મેરૂ પ્રકાર. ૧.
ચીજુદી નિંદા ઘણી, તુજ લોકામેં દીઠ;
જામરૂક તે લોક છે, ચેતન ચાતુર મીઠ. ૨.
અલ્પ હેત ભારત કરે, આયે તાહરાં લોક;
વેદ નાંમ તે નવિ લિયે, તિલભર નાંહી શોક. ૩.
બંધન બહુલાં ઇહાં સહે, તાડન તર્જન જોર;
તિહાં કોઇ જાણે નહીં, બંધ ક્રિયા પરિઘોર. ૪.
દીન દીનતા એ લહે, ક્ષણ ક્ષણ વારોવાર;
નવ નવ મંગલ તે લહે, સાર સમાધિ વિચાર. ૫.
ઇહાં રાજા દંડે ઘણું, લોક ન આવે દાણ;
રાજ પ્રજા તે એક છે, હિતવત્સલ તે જાણ. ૬.
અંહ લોક અતિ કલેશથી, ધન પામે છે કોય;
સહજે ધન પામે ઘણા, એ અચરિજ તિહાં જોય. ૭.
ઇહાં ધન ધરતી ગાડિયે, અધોગમનને હેત;
તિહાં દિવસ દાને કરી, વાહીજે શુભ ખેત. ૮.
લાભતણો આસો ઇહાં, ઉદ્યમ અધિકા ઘોર;
નિશ્ચે લાભ તિહાં સહી, અલ્પ ઉદ્યમે જોર. ૯.
ઇહાં બમણો લાભે કરી, હર્ષ ધરે સહુ કોય;
લાભ અનંતે પણ તિહાં, આશ ધરે નહિં જોય. ૧૦.
દીન વસ્તુમાં પણ સહી, લાભ અનંતો થાય;
ઉદક દાન દીનાં થકાં, કંચન કોડી આય. ૧૧.
નરપતિ સુરપતિ તાહરા, સેવક સઘળા જેહ;
તે તસુ નગરી દાસ સમ, એવડો અંતર એહ. ૧૨.
ઇહાં લોકનિ સુત બાપ છે, તે પણ વૈરી થાય;
લોક વિરોધી ફિરા તિહાં હિતવત્સલ સહુભાવ ૧૩.
એહવા લોક તું નિરખજો, ઇક દિન સઘળા મઝાર,
ગાજ્જાહિક દેખણ ભણી, ઉમો મન વિચાર. ૧૪.

ઢાળ ૪ થી.

રાજા જો મિલે;—એ દેશી.

સાધુની પરખદા જ્યોતિ સ્વરૂપ, તિહાં નૃપ વીર વિવેક અનુપ;
રાજા સાંભળો, મેરી અરજથકી રિપુને કળો;
સત્વસિંહાસન માંડ્યું સાર, ગુરૂ આદેશ છે છત્રાકાર. રાજા૦ એ આંકણી. ૧.
શ્રી હ્રીં બેઉ પાસેં નાર આચાર, રાજાને ચામર ઢાલણહાર; રાજા૦
કર્મ વિવર ઉભો છે ખવાસ, તિણ મહાજન આણીજેં પાસ. રાજા૦ ૨.
પ્રભતણા જે જાણણહાર, ગાયન ગીત કરે વિસ્તાર; રાજા૦
શુભ લેસ્યા તે નટવી નાર, થેઈ થેઇ નાટક નાચે ઉદાર. રાજા૦ ૩.
સ્યાદ્વાદ મુખ લીધો તામ, મીઠો અમૃતથી અસમાન; રાજા૦
થિગત હુઆ તે સઘળા લોય, નીકી નટવી નાચતી જોય. રાજા૦ ૪.
નિશ્ચે વ્યવહાર લોચન દોય, તિણ કરી જોતાં આનંદ હોય; રાજા૦
એહ રસાયણ ઇણહીજ ઠામ, નહિં કો દીસે બીજે ગામ. રાજા૦ ૫.
સુણવા ઇચ્છા સુણિયેં જેહ, ગ્રહણ ધારણ ઉહ કહીયેં તેહ; રાજા૦
ઇણિપરેં આઠે* હી ગુણસાર, પહિરયા મોતિના તિણે હાર. રાજા૦ ૬.
સુરિતણા ગુણ છત્રીશ§ હોય, આયુધ ધારે સબળાં જોય; રાજા૦
સુવિચાર બાળપણાનો મિત્ર, તિણસું પહિલો રાખે ચિત્ત. રાજા૦ ૭.
તત્વ રૂચી પટરાણી સાર, માનું લક્ષ્મીનો અવતાર; રાજા૦
ભવ વૈરાગ્ય વડો છે પૂત, ન્યાયેં રાજનો રાખે સૂત. રાજા૦ ૮.

---

* ૧ ગર્વ ન હોય, ૨ નિંદા ન હોય, ૩ કટુકભાષી ન હોય, ૪ અપ્રિય ન હોય, ૫ બોલવામાં ક્રોધ ન હોય, ૬ કાવ્ય શરીર લક્ષણ ચોથા વિષયે મૌની હોય, ૭ પૂર્વ અવગુણ ન કહે, ૮ સ્વાત્મા ન પ્રશંસે.

§ ૧ સ્વરૂપાધિક, ૨ તેજસ્વી, ૩ જુગ પ્રધાન, ૪ આગમ જાણ, ૫ મધુરવાક્ય, ૬ ગંભીર, ૭ બુદ્ધિવંત, ૮ ઉપદેશ દેવાને તત્પર, ૯ પરગુણભાષી, ૧૦ અવગુણ ન કહે, ૧૧ સૌમ્ય, ૧૨ શિષ્યસંગ્રહ, ૧૩ અવગ્રહવંત વિકથાત્યાગી, ૧૪ ચંચલતા, રહિત ઉપશાંત હૃદય, ૧૫ ક્ષમા સહિત, અહંકાર રહિત, ૧૬ કપટ રહિત, ૧૭ નિર્લોભી, ૧૮ તપસ્યા કરે, ૧૯ સંયમ પાળે, ૨૦ સત્ય બોલે, ૨૧ અદત્તત્યાગી, ૨૨ શુદ્ધ પરિણામી, ૨૩ પરિગ્રહ રહિત, ૨૪ બ્રહ્મચર્ય પાળે, અને બાર ભાવના ભાવે.

સંવેગ નિર્વેદ પુત્ર સુજાણ, તેજ પ્રતાપ, ખજો જેવું ભાણ; રાજા૦
દુશ્મન દૂર કરે પાપમાશ, જોગ્યવર જોધા મડ ખાસ. રાજા૦ ૯.
પુત્રી ચારે ચતુરી હીર, કરૂણા મૈત્રી મુદિતા મીર; રાજા૦
ચોથી ઉપેક્ષા નામા સાર, શ્રુતિ ગુણે કરી છે સિરદાર; રાજા૦ ૧૦.
સમકિત મંત્રી છે જસુ પાસ, રાજાનો પૂરણ વિશ્વાસ; રાજા૦
આર્જવ માર્દવ ને સંતોષ, શમ રસ સામંત નહિં કો દોષ. રાજા૦ ૧૧.
સાત તત્વ તે સાતે અંગ, રાજ્યતણા રાજે અતિ ચંગ; રાજા૦
દાનાદિક ચારે ધર્મ ભેદ, ચતુરંગસેના નહિં કો ખેદ. રાજા૦ ૧૨.
વિમલ બોધ કોટવાળ પ્રધાન, પરમાગમ ભંડાર નિધાન; રાજા૦
ક્ષાયોપશમ સમકિત ભાવ વિલાસ, દ.ણી દાણ લિયે ઉલ્લાસ. રાજા૦ ૧૩.
ન્યાય સંવાદ નામા છે શેઠ, સઘળા લોક છે જેહને હેઠ; રાજા૦
પાંચે વ્યવહાર ચોધરી પાંચ,* ઝગડામહિં ન કરે ખાંચ. રાજા૦ ૧૪.
સામાયિક આવશ્યક સાર, પુરોહિત પદવીનો અધિકાર; રાજા૦
પ્રાયશ્ચિત તે નીરની ધાર, નિર્મલ કરવાનો આચાર. રાજા૦ ૧૫.
સુખ સમાધ તે શય્યાપાલ, તંબોલી ધર્મરાગ વિશાલ; રાજા૦
શુદ્ધાશુદ્ધપરિણામ પડૂર, કોડિ ગમે સેવક શૂર. રાજા૦ ૧૬.
એ સઘળા નિજ સ્વામી આણ, નવિ લંઘે કોઇ સુખની ખાણ; રાજા૦
ધર્મમંદિર કહે હવે વળી દંભ, આગળ વાત કહે છે અચંભ. રાજા૦ ૧૭.

દોહરા.

તિણુ અવસર તિણુ પરખદા, માંહિં કીધ પુકાર;
મોહ ભિલ્લ સેવક કરી, ચોરી દેશ મઝાર. ૧.
પુરજન ઝાલી લેઇ ગયા, આપણી લાધી કાર;
સાંભળી ભૂપ વિવેક તબ, કીધો કોપ અપાર. ૨.
મુખ બોલે વળી એહવું, મેલો મોહ નરેશ;
તીન ભુવન રાજા થયો, ન થઇ તૃપ્તિ અશેષ. ૩.

* પાંચ વ્યવહાર આ પ્રમાણે:—૧ લજ્જાવંત, ૨ પ્રાયશ્ચિત શુદ્ધ, ૩ દોષ પ્રકાશહીન, ૪ ગ્રંથ નિર્વાહ, ૫ ઉપસર્ગ અપવાદદર્શી.

અથવા પાંચ કારણ:—૧ કાલ, ૨ સ્વભાવ, ૩ નિયતિવ, ૪ પૂર્વકૃત, ૫ પુરિસકાર.
—સંગ્રહ કર્તા.

મેં પ્રભુતા નિજ ગુણ લહી, દેખી શકે નહિં એહ;
લોભી લોભ વશેં કરી, લેહશે લંગર છેહ. ૪.
રાજ તેજ તેહજ ખરો, જ્યાં રહિ રિપુ ઉપચાર;
દિનકર કર દીઠાં થકાં, કેમ રહે અંધકાર. ૫.
ઇણ વૈરી ઊભા થકાં, પ્રભુતા ન લગે મીઠ;
માટી કુંભ મુખેં રહ્યો, મોધર ભલો ન દીઠ. ૬.
ઇમ આલોચી મંત્રીને, બોલાયો ભૂપાલ;
મતિનિધાન તું મંત્રવી, પ્રભુતા વન રખવાલ. ૭.
છલ બલ કાંઇ કેળવી, જિંપીજેં રિપુ એહ;
રાજ કાજ સ્થિરતા રહે, બુદ્ધિ બતાવો તેહ. ૮.

ઢાળ ૫ મી.

મોરા સાહિબ હો, શ્રી શીતલનાથ કે;—એ દેશી.

મંત્રીસર હો મહોટો મતિવંત કે, કર જોડીને વીનવે;
સુણ સાહિબ હો મુજ ગુરૂ છે જાણ કે, આગમ નીગમ અનુભવે. ૧.
તે ગુરૂને હો મેં શખ્યો પૂછ કે, રાજ્ય વધે કે યું રહે;
બહ બોલ્યો હો તમચો રિપુ મોહ કે, જોરાવર અતિ ગહગહે. ૨.

ગુરૂઉવાચ.

મોહ જીત્યા હો તુમચી વૃદ્ધિ હોય કે, તે તો ઇણ પરિ છપિયેં;
પુરવચને હો જગમાંહિ વિખ્યાત કે, સર્વજ્ઞ રાજા દીપિયેં. ૩.
તસુ રાણી હો કેવલસિરી જાણ કે, નિર્મલરૂપ નિધાન છે;
તસુ લીણો હો રહે નિશિદિન રાય કે, દિન દિન ચડતો વાન છે. ૪.
તસુ સંવર હો મહોટો ઉમરાવ કે, સામંતમાં સિરદાર છે;
તસુ ઘરણી હો મુમુક્ષા નામ કે, જોગીસર હૈયે હાર છે. ૫.
તસુ પુત્રી હો સંયમસિરી નામ કે, સકલ જીવાં હિતકારિણી;
તસુ કન્યા હો પરણો વિવેક કે, તેહ હોશે જયકારિણી. ૬.
કન્યાની હો સખિયા સુખકાર કે, પાંચ અને ત્રણ આખીયેં;
એટલે હો જીપે છે મોહ કે, એહ વચન ગુરૂ ભાખિયેં. ૭.
જિનમુખ હો ધર્મ રુચિ અણગાર કે, કરકંડૂ ભાવા આદરી;

વેયર સ્વામી હો કીધી આહાર શુદ્ધિ કે, દેવની ભિક્ષા નહી ભખી. ૮.
પડિલેહણ હો વલ્કલચીરી કીધ કે, સમિતિ ચોથી તિણે અનુસરી;
ઋષિ ઢંઢણ હો પરઠવતાં સાર કે, પાંચમી સમિતિ વિધિ કરી. ૯.
પ્રસન્નચન્દ્રે હો કરી મનની ગુપ્તિ કે, ધીયાં દુષ્કૃત ધ્યાનશું;
મેતારજ હો ધરિ ભાષા ગુપ્તિ કે, ક્રૌંચ ઉપર દયાવાનશું. ૧૦.
તનુ નિશ્ચલ હો અનુભવ તિણે પાય કે, ચિલાતીપુત્રી તે પરગડો;
કર્મે રાખી હો તનુની શુદ્ધિ ગુપ્તિ કે, પરમાતમ ધ્યાની વડો. ૧૧.
એ આઠે હો સખિયાં અભિરામ કે, સંયમશ્રી સાથે રસી;
એ પરણ્યાં હો પીછે વિવેક કે, મોહ ભણી કરશે ધસી. ૧૨.

દોહરા.

રાય વિવેક એ સાંભળી, મનમાં કરે વિચાર;
એક મ્યાનમાં કયું રહે, બે સારી તરવાર. ૧.
સુતવંતી શીલધારિણી, ઘરમાં બેઠી નાર;
તે ઊપર કયું આણિયેં, સાલ સમાન વિચાર. ૨.
ગાહાગારીની પરેં, કલહો કરશે દોય;
ઘરટ સમોવડ દો ઘરણી, પ્રીત કરણ સમ જોય. ૩.
બીજી પરણે સુખ ભણી, મૂઢ જીકો નર હોય;
ઇક દિશિ ઊગ્યો સૂર પણ, બીજી પડનો જોય. ૪.
ઇમ ચિંતાતુર દેખીનેં, આઇ તત્વરુચિ નાર;
મુખ હસિને એમ ઉચ્ચરે, સુણ સાહિબ ભરતાર. ૫.

ઢાળ ૬ ઠી.

બે કર જોડી વીનવું જી;—એ દેશી.

કર જોડી કામિની કહે જી, તું નર નાથ કહાય;
ચિંતા બહુ નારી તણી જી, નબળા નરને થાય.
ગુણેસર પ્રમદા પરણો તેહ.
જીણ પરણ્યા મીઠી હુવે જી, આપ સાંઈ અછેહ. ગુણેસર૦ આંકણી. ૧
કુલવતી કામણી તીકા જી, બહુ મિલિયા જસ સેહ;
અવધિ આવ્યા નાં તજે જી, છટક ન દાખે છેહ. ગુણેસર૦ ૨.

ભગતિ જુગતિ મૂકે નહિં જી, ભર્ત્તાની ભલી નાર;
સાગર નદિયાં સો ફિરે જી, ગંગા મહિમા અપાર. રાજેસર૦ ૩.
પુરૂષ રીતિ બીજી અછે જી, નારી રીત ન કાંય;
વેલી વૃક્ષ સમાન છે જી, પણ કયું સરિખા થાય. રાજેસર૦ ૪.
વૃક્ષેં હસ્તી બાંધીયેં જી, વેલી ન ધરે જાણ;
ઇણિ પરેં પુરૂષ પ્રધાન છે જી, ન કરો કાંઇ કાણ. રાજેસર૦ ૫.
બહુ નારી પરણ્યાથકાં જી, પુરૂષ ભણી નહિં દોષ;
સંયમશ્રી આયાંથકાં જી, હું ન ધરૂં મન દોષ. રાજેસર૦ ૬.
નિકલો વિકલ ધણી હુવે જી, નારી ન તજ્યો જાય;
દુઃખ સુખ સરસું માછલી જી, સારસ સમ નવિ થાય. રાજેસર૦ ૭.
જીણ આયાં નિજ જય હુવે જી, હું સેવું તસુ પાય;
એહ વચન સુણિ નારીનું જી, હરખી બોલ્યો રાય. રાજેસર૦ ૮.
શોકયેં એહવું સહુ પછેં જી તો હુઇજયત અપાર;
વિલંબ ન કીજેં તો હવે જી, સુણ મંત્રી શિરદાર. રાજેસર૦ ૯.
અતિ ઉજ્જવલ પરિણામ છે જી, તેહિજ સેવક થાય;
પરધાનેં એ મુકિયો જી, ઓલગશે જિણ રાય. રાજેસર૦ ૧૦.
મહિર ભલી મો ઉપરે જી, રાખે શ્રી જિનરાજ;
કન્યા તેહ દેવાવશે જી, બાંહ ગ્રહ્યાની લાજ. રાજેસર૦ ૧૧.
મંત્રી સંજ્ઞા કરી નરા જી, મૂકયા જિનવર પાસ;
એ વિરતંત સહુ લહી જી, લઇ આયો ચાર ભાસ. રાજેસર૦ ૧૨.
મત વિશ્વાસ કરો હવે જી, વૈરી વાધ્યો વાન;
આજ રાજ્ય અતુલી બલી જી, કોઇ પ્રગટયો નિધાન. રાજેસર૦ ૧૩.
તસુ પુર નર નારી ધરે જી, તુમશું જાતિ વૈર;
મંત્રી જાપતો ઉપરા જી, સાધે સગલો નયર. રાજેસર૦ ૧૪.
વસ્ત્ર તજે તપ આદરે જી, લિખન પઠન ધ્યાન લીન;
કામણ ટુમણ આચરે જી, તુજને કરવા ક્ષીણ. રાજેસર૦ ૧૫.
તુજ નગરી લોકાં ભણી જી, લોભાવે મુખ મીઠ;
આપ સરિખા આચરે જી, એવું અચરિજ દીઠ. રાજેસર૦ ૧૬.

દોહરા.

મોહ મહીપતિ એહવો, દેખ મુખે સુણિ વાદ;
કામભટ વાનર જિસ્યો, પામે ચિત્ત વિષાદ. ૧.
વૈરી વધતો દેખીને, મનમાં કરે વિચાર;
તિણ અવસર હવે મોહસુત, અરજ કરે અવધાર.

ઢાળ ૭ મી. દેશી કડખાની.

નાર મિત્તાર, સંસાર, સાગરપડી;—એ દેશી.

વાત હવે તાતજી, સાંભળો મયણુની, એવડી ચિંત મન, કાંઇ આણો;
મુજ સરિખા સુત, સેવક તાહરે, કુણુ અછે તુજ સમ, સચ રાણો. વાત૦ ૧.
બધ નરવંદ, કરઈ ઘણા દેખ તું, ઇન્દ્ર ને ચન્દ્ર સબ, પાય આવ્યું;
સાજ સુત ઘર છતે, જનક ચિન્તા કરે, મૂઢતા કેહની, ચિત્ત જાણું. વાત૦ ૨.
પુત્ર હું આપનો, તો નવિ બીહીજીયેં, રવિ તણો પુત્ર, શનિ લોક આખે;
છીપ સુત મોતીડાં, માતનો ઘાત કરી, સકજ સુત એહને, કોણુ દાખે. વાત૦ ૩.
તાતને શાત સુખ, સંપજે જિણથકી, કમલથી જેમ સર, સોહ પાવે;
પુત્રના પદકજ, પાલણે ઓળખિયેં, લોક વૈરી તિકે, જાસુ ગાવે. વાત૦ ૪.
નામ અભિરામ, અંગજ કિસ્યું કીજિયેં, અંગનો મેલ, અંગજ કહીજેં;
તેહ નાખી દિયે, વનતણાં ફૂલને, વાસ ગુણરાશિ, શિર પર વહીજેં. વાત૦ ૫.
ધીરતા વીરતા, મન ધરી જે રહે, સાંકડે આણીને, શત્રુ પાડે;
જગતિમેં નીર, પાવક ભણી ઓટવે, તેહને વાડવાગ્નિ નસાડે. વાત૦ ૬.
એહવાં આકરાં, વચન સુણિ પુત્રનાં, મોહને મન હુઓ, સુખ સવાયો;
સાધુ સાબાશ, સાબાશ તું સુત ભણી, આજ તેં પુરપતા, બલ જણાયો. વાત૦ ૭.
એહવે તેજેં કરી, વંશ દીપાવિયો, સબ્ય સંદેહ, અંદેહ ટાળ્યો;
રાજ્યનો ભાર, સુવિચાર સુત કંધ હવે, શત્રુ જસગાહવા, ચિત્ત ભાળ્યો. વાત૦ ૮.
કાષ્ટથી ઘણું હુઓ, ધૂમ પાવકથકી, તનુથકી વ્યાધિ, બુધ ચન્દ્ર દેખો;
વૃક્ષથી લાખ છે, નીરથી પંક છે, એહવા પુત્ર, કુપુત્ર લેખો. વાત૦ ૯.
ધૂમથી મેઘ છે, બિંબ પાષાણથી, પંકથી કમલ મણિ, સર્પ માથે;
કલશ માટી થકી, એહવા પુત્ર હુવે, વંશ વિભૂષણા, શોભ સાથે. વાત૦૧૦.
તાહરી અંગ, ગેહાવણી એહવી, શત્રુ દલ ધાન, મેં ઘરટ ભારી;

લોક આનંદ કરી, તો ભણી વર્ણવે, જૂઠ તે દીઠ નિજ દૃગ પસારી, વાત૦ ૧૧.
હસ્તિ જ્યું મસ્ત વલી, તાહરે મિત્ર છે, જગતને જીપતો, મધુ કહીજેં;
ફુટરાં ફૂલ જે, બાણ છે તાહરે, રિપુ ભણી જીપતાં, સાથ લીજેં. વાત૦ ૧૨.
મનતણા અતિઘણા, ઘોર પરિણામ છે, તેહજ તાહરા, દાસ તાજા;
સાર શૃંગાર તેં, સૈન્ય સાથેં લિયા, મેઘ ઘનઘોર ધ્રુનિ, તેહજ વાજાં. વાત૦ ૧૩.
માહરો મંત્રી, મિથ્યાત્વ નામા ભલો, તેહ પણ તાહરે, સાથ સારૂ;
રંજતી પ્રીતિ વલી, રતિ ભલી ભારજા, યુદ્ધની સિદ્ધ, અબ જાત વારૂ. વાત૦ ૧૪.
નારિની ગોઠ, તે જોગણી તાહરે, મંત્રની તંત્રની, ઘાત જાણે;
કુપથ કથા અછે, લોકને ભોળવે, રિપુતણા સૈન્યની, વાત આણે. વાત૦ ૧૫.
ગીતની રીતિ ને, નાટક નાચતાં, હાવ ને ભાવ, પ્રમદા વિલાસા;
આરુ મન્નિહાર, હથિયાર સાથેં ધરે, મુખતણા માગિયા, હોય પાસા. વાત૦ ૧૬.
હાસ્ય ને જૂવટો, બે જણા તાહરા, અંગના અંગ, રખવાલ રાખે;
રામત અતિ ઘણી, તેહ દાસી ભલી, કામ ને કાજ, સબ તાસુ આખે. વાત૦ ૧૭.
શુભ અભિમાન, સન્નાહ તું પહેરજે, નેત્રને બાન, કૃપારોપ ધરજે;
વિષય ઇંદ્રિયતણા, ચંચલ હય ઘણા, મત્ત ઉન્માદ, માતંગ વરજે. વાત૦ ૧૮.
રથ ઘણા સાસતા, જેહ મનોરથા, પાયક લાયક, પ્રેમ પૂરા;
નાયકા સાયકા, વરસતી ફોજમાં, શોભશે જીપશે, શત્રુ શૂરા. વાત૦ ૧૯.

દોહરા.

મોહરાય એણીપરેં કહ્યો, મદનતણો પરિવાર;
રાય વિવેકને જીપવા, શીખ દિયે સુવિચાર. ૧.
પુત્ર સપૂત તું માહરે, ગજનીતિનો જાણ;
અતિ વિશાલ કહને, એ માહારી છે વાણ. ૨.
કિશું [illegible] કરે, અતિ ઉત્સુક મન [illegible];
[illegible] ૩.
[illegible]
[illegible] ૪.
[illegible]
[illegible] ૫.

અવસર વિણુ ગુણુ દોષ છે, દોષ હુવે ગુણુપોષ;
સ્નાન સમે વસ્ત્ર મૂકિયેં, વાંકો દુમ સહુ તોષ. ૬.
જગ સઘળો જુગતેં ફરી, સાધિ સઘળાં ગામ;
પ્રવચનપુર મત પેસજો, અરિહંત રાજા નામ. ૭.
શૂરવીર તેહના ખરો, જોવે નામ વિશેષ;
પાડે મયગલ ભીંતિને, ગિરિ પાડે નહિં દેખ. ૮.
એક ગામ છતો નહિં, કાં નહિં વસની હાણ;
વન મન છાયા નહિં નસે, ઇકતરૂ ઉંધે જાણ. ૯.
પિતા શીખ મણિપરેં ઠવી, શિરપર ધારી મયણ;
ચારવાક પંડિત ભણી, બોલાવી વદે વયણ. ૧૦.
કુંવર ભણી વધામણો, મુહુરત જોવો સાર;
ચાર્વાક હવે બોલિયો, સુણ સાહિબ સુવિચાર. ૧૧.
ભોગ ક્ષીર તિણ ક્ષીર કલિ, શુરૂ નારિ મિકાર;
વૃષ્ટિ વાઉલમેં અપશકુન, એતા ગમન નિવાર. ૧૨.

ઢાળ ૮ મી.

ચતુર સનેહી મોહનાં;—એ દેશી.

મોહ મહીપતિ સાંભળો, બીજ ભલી તિથિ જોય રે;
ચંદ્ર ઉદય હુઆ થકા, ગોધૂલિક શુભ હોય રે. મોહ૦ ૧.
માતતણે પાયે નમી, તિલક કરાવ્યો હરખી રે;
લીધી માતા બહેનની, આશિષ અધિકી નિરખી રે. મોહ૦ ૨.
આદેશ તાતતણો મળ્યો, બાહિર્યું બાહુ મળિયા રે;
પ્રેમે મિત્ર કલત્રશું, લોચન હુવે જલઝલિયાં રે. મોહ૦ ૩.
પાપશ્રુત ભટ મેં ભલાં, બિરુદ બખાણે સારો રે;
કુમિત્ર પ્રસંગ માતંગ છે, તસુપર બેઠો કુમારો રે. મોહ૦ ૪.
ચતુરંગી સેના મળી વર વડ યોદ્ધા સાથે રે;
કુશ પુશ શીઆના જયજયની ધરે હાથે રે. મોહ૦ ૫.
કામ તણી કટકી થઈ, તિહાં નારીમુખ ઢલ રે,
હાસ્ય વિલાસ દેનેં કરી, અધિક મોહે સહુ રે. મોહ૦ ૬

બાણ તે કામકટાક્ષ છે, ભૂહાંકા ધન સીધો રે;
ઢાલ તે ઘુંઘટ પટ ધરી, બાણ ચલાવે સીધો રે. મોહ૦ ૭.
રોદન મોદન મદનના, નવ નવ રંગ તરંગો રે;
મોહે સુર નર મોહિયા, ચૂકયા ઇણને સંગો રે. મોહ૦ ૮.
પશુ પંખી પણ છપિયાં, એકેન્દ્રિય પણ જીત્યા રે;
કિં[illegible] કામ તણા ઘણાં, પસરયા સબલ અનીતા રે. મોહ૦ ૯.
ઇન્દ્રા[illegible] રૂપેં કરી, ઇન્દ્રને જીત્યો કામો રે;
ઇસ્ત્રીરયણેં જીપવા, ચક્રવર્તી અભિરામો રે. મોહ૦ ૧૦.
અનમી આણ ધરે નહિં, વાંકી ટેઢી પાગેં રે;
જેહવા રાવ ઘણા અછે, પણ કિંકર સ્ત્રીઆગેં રે. મોહ૦ ૧૧.
ત્રિવલી ત્રિપથ કહીજીયેં, નારી ઉદરેં હોવે રે;
કામ પિશાચ તિહાં છલે, મૂઢા નર જે જોવે રે. મોહ૦ ૧૨.
પાયોટે પંક્તિઆણી, શુચિને શુચિકર હસતો રે;
અદંત કરે મીરજ આણી, જહાં તિહાં એ ધસમસતોરે. મોહ૦ ૧૩.

દોહરા.

કામતણી ફોજ કરી, ચિહું દિશિ મારે જગ્ગ;
કોઇ શક્ર ચાપિ નહિ, પેખિત જેથી ભગ્ગ. ૧.
[illegible] કાને સુણ્યો, રાય પ્રજાપતિ હાય;
અધ નિજ સુત જાતનો, જનક કહીજે સોય. ૨.
એહને. થેં ટાકો કરો, આદિ આગેં વાજુ;
કોઇ કાલનો ટોકરો, છોરો અજ્ઞ જાજુ.

ઢાળ ૯ મી. રાગ ધમાલ.

પરઘર ગમન નિવારિયેં;—એ દેશી.

[illegible]
[illegible] ૧.
[illegible]
[illegible] ૨.

રાગદૂત વિચમેં ફિરે, આખે મત કરજો ખેડ હો;
કોટ ઓટ લીધી અછે, પણ મયણ ન છોડે કેડ હો. ઇણિ૦ ૩.
તીન જગત એ સાધતો, આવ્યો છે તુમપેં ધાય હો;
તનક તનક તુજ કોટને, કરશે તુજ આણ મનાય હો. ઇણિ૦ ૪.
સાવંત્રી જોય મૂકિયો, ઇણુંસેંતી રાખો રંગ હો;
બ્રહ્મા પણ મન ચિંતવ્યું, ઇણુ સાથેં ન હુવે જંગ હો. ઇણિ૦ ૫.
સાવંત્રીસેંતી મિલ્યા, ઉડીને અંગો અંગ હો;
ચતુર હતો પણ ચૂકિયો, જેર દીધો જોર અનંગ હો. ઇણિ૦ ૬.
બ્રાહ્મણ સઘળા બાંધિયા, વનિતા જોય પગમાંહી હો;
અનમી કોઈ ન પેખિયો, ધર્મ ધીરજ કિણુમાં નાહિં હો. ઇણિ૦ ૭.
બ્રહ્માપુર ઉપી ચલ્યો, આગેં તે મયણકુમાર હો;
જમુનાકંઠિ આવિયો, કરતો જગ ચરિત્ર અપાર હો. ઇણિ૦ ૮.
શ્યામ વર્ણ ઇક સાંભળો, પુરષોત્તમ નામ ધરાય હો;
વૈકુંઠનાથ વખાણિયેં, અવતાર લિયા મન દાય હો. ઇણિ૦ ૯.
મત્સ્ય કૂર્મ નરસિંહના, વામન બલિરાજા બંધ હો;
ભાર્ગવ પણ એહિજ થયો, નવિ રાખ્યો ક્ષત્રીગંધ હો. ઇણિ૦ ૧૦.
દશરથ સુત પણ એ હુવો, રાવણને માર્યો એણ હો;
જાદવ કુળમેં અવતર્યો, વિરચી માયા હરખેણ હો. ઇણિ૦ ૧૧.
કંસ હણ્યો નાગ નાથિયો, નવલા જસુ અવદાત હો;
દાનવ માનવ ઉત્થપિયા, કુણ આખી શકે તસુ વાત હો. ઇણિ૦ ૧૨.
સાગર મથિયો ભુજબલેં, ગિરિવર ઉપાડ્યો જોર હો;
પંચજન્ય પરગટ કિયો, જસ શબ્દ અછે અતિ ઘોર હો. ઇણિ૦ ૧૩.
ચક્ર ગદા શારંગ ધરે, ઇન્દ્રસેંતી જસુ પ્રીત હો;
આજ ન કો એહવો અછે, ઇણશું મોટિ અનીત હો. ઇણિ૦ ૧૪.
જ્ઞાની માની પણ સહી, મધુસૂદન એ ગોપાલ હો;
મયણ વયણ ઇમ સાંભળી, અતિ કોપ્યો ક્રૂર કરાલ હો. ઇણિ૦ ૧૫.
ગોપી જેહવા મૂકીયા, ઉપરાને કિસન મુરાર હો;
નયણ બાણ નીમે કરી, એહો લક્ષ્મી ભરતાર હો. ઇણિ૦ ૧૬.

હાસ્ય રાશિ રતિ કેલિશું, વશ કીધો કેશવરાય હો;
છલ બલ કોઇ ન કેળવ્યો, રંગરાતો માતો થાય હો. ઇણિ૰ ૧૭.
વૃંદાવનમેં ખેલતો, ગોપિયોની પૂરે આશ હો;
કુસમાં કરી શિર સેહરો, વિરચે જ્યું કોઇ દાસ હો. ઇણિ૰ ૧૮.
થાકી ગોપીને ધરે, નિજ હાથે સારિકા જેમ હો;
વસ્ત્ર ઉપાડ્યાં તેહનાં, પ્રગટે તિણશું બહુ પ્રેમ હો. ઇણિ૰ ૧૯.
વૃક્ષ ઉપર ચઢીને રહે, ગોપિયોનાં અંબર લેહ હો;
નવ નવિ કામ વિડંબના, કરતાં નહિં આવે છેહ હો. ઇણિ૰ ૨૦.
જોરાવર હૂતો ઘણું, પણ હાર્યો એકણ સાર હો;
ધર્મમંદિર કહે ધન તિકે, જે જીપે કામ વિકાર હો. ઇણિ૰ ૨૧.

દોહરા.

જયંતહસ્થ દૂર કરી, ચાલ્યો તિહાંથી મયણ;
કોઇ અનમી છે વળી, ઇમ બોલે મુખ વયણ. ૧.
કિણહિકે આવીને કહ્યું, સુણ સ્વામી મુજ વાત;
અચલ એક કૈલાસ છે, તિણપર શંભુ કહાત. ૨.
લોક કહે છે તેહને, મહોટો શ્રીમહાદેવ;
જટામાંહિ ગંગા વહે, ચંદ્ર રહે નિતમેવ. ૩.
પાસ ત્રિશૂલ હથિયાર ધર, વાહન વૃષભ વિખ્યાત;
જગ સંહારણ જેવ છે, અષ્ટમૂર્ત્તિ કહેવાત. ૪.
તીન નેત્ર છે જેહને, ભૂષણ ભસ્મ ભુજંગ;
જેહ કહે મેં મદનનેં, કર્યો કીધ અનંગ. ૫.
એહ વચન સુણી કોપિયો, મોહ કુંવર મછરાલ;
કિર્યો માનું કેશરી, દેવા રિપુશિર ફાલ. ૬.
મંત્રી કહે મુંઝ તમેં, જટિલ યોગનો ધાર;
કહો કિમ કાઢીજે કહે, તૃણ ઉપર તરવાર. ૭.
કામ કહે મૂઝું નહિં, મદનશત્રુ કહેવાય;
સહસ્ર કિરણ ઉગ્યાંથકાં, તિમિર બાવ ન રહાય. ૮.

ઢાળ ૧૦ મી.

સુમતિ સદા દિલમાં ધરો;—એ દેશી.

મદન મોદ શર સાંધિયું, બે ઔ ક્રોધ ગિરીશ; સલૂણો.
કુસુમ ચાપ કરી ચાહિયો, શંકર જ્યું કરી રીશ. સલૂણો. મદન૦ ૧.
ધૂણીધૂપ તૂં કાં સહે, છોડ દિગંબર વેશ; સલૂણો.
હરિણાક્ષી પરભુતસ્માં, કર સખરો પરવેશ. સલૂણો. મદન૦ ૨.
મહાદેવ બોલ્યા તિસે, તું મન્મથ વિખ્યાત; સલૂણો.
પીઉં બુદ્ધિ એ દીજિયે, પહેલી સુણ મુજ વાત. સલૂણો. મદન૦ ૩.
પ્રેત વને શંભુ વસે, ભોજન ભિક્ષા હાય; સલૂણો.
ભાજન મનુજ કપાળ છે, તિલ રતિ નહિં કા આય. સલૂણો. મદન૦ ૪.
એહ અવસ્થા છે સહી, કહો કિણ પરંધર થાય; સલૂણો.
નારી નદીનું પૂર છે, સાગરમાંહિ સમાય. સલૂણો. મદન૦ ૫.
રૂંઢ મુંડ માળા ગળે, આંખ વિરૂપ કહાય; સલૂણો.
મુજથી નાસે કામિની, હંસી થલ ન સુહાય. સલૂણો. મદન૦ ૬.
શાલી દાલ ઘૃત ઘોલ તે, નારી ચાહે નિત્ત; સલૂણો.
ઇહાં ભિક્ષાયેં ઉપમયો, દેખ ઘણો ઇહાં મિત્ત. સલૂણો. મદન૦ ૭.
મંડન ચંદન માગશે, વસ્ત્ર ઘણાં પટકૂળ; સલૂણો.
ચર્મ બિચ્છાવણ એ અછે, નારી ભણી પ્રતિકૂળ. સલૂણો. મદન૦ ૮.
હાસ્ય વયણ મુખ ધારતી, ત્રિવલ્લી રંગ તરંગ; સલૂણો.
નારી નહિં જ્યું જાણિયે, ખૂડે જે કરે સંગ. સલૂણો. મદન૦ ૯.
લોચન સહસ્ર તણો ધણી, ખબર ન લાભે કાંય; સલૂણો.
નારી નિશા અંધકારમાં, અવરને કેમ કહાય. સલૂણો. મદન૦ ૧૦.
મન પરિણામ તે વાનરી, કામ કિરાત કરૂર; સલૂણો.
અજગર હાસ્ય વિલાસ છે, નારી અટવી ભૂર. સલૂણો. મદન૦ ૧૧.
નારથકી હું બીહતો, પર્વત ઓંઠા આય; સલૂણો.
તપસી જોગી જાણીને, મૂંક તું મનની દાય. સલૂણો. મદન૦ ૧૨.
મદન કહે નીલકંઠને, કેડ ન મૂકું કોય; સલૂણો.
પરણ તું પાર્વતી ભણી, શીલવંતી એ હોય. સલૂણો. મદન૦ ૧૩

મદનવશેં મહાદેવજી, ગોપી પરણ્યા નાર; સલૂણો.
ભિક્ષા તો ભાવે નહિં, સાંભળજે ભરતાર. સલૂણો. મદન૦ ૧૪.
ભિક્ષા સખરી ભિક્ષુને, ગેહીને ન સુહાય; સલૂણો.
ધાન્ય ઘણું ઘરમાં હુવે, તે કહું તુજ ઉપાય. સલૂણો. મદન૦ ૧૫.

દોહરા.

ગૌરી કહે મહાદેવજી, જાઓ કૃષ્ણની પાસ,
ક્ષેત્રભૂમિ તે આપશે, બીજ ધનદ પરકાશ. ૧.
હળ તો હલધર આપશે, યમધર મહિષ સુચંગ;
વૃષભ એક તુજને અછે, ખેતી કર મન રંગ. ૨.
ભાતું હું લાવીશ ભલું, ઇમ ચલશે ઘરવાસ;
પણ ભિક્ષા નહિં જમશું, ઇમ કીધો ઉપહાસ. ૩.
કામ વિટંબન બહુ કરી, નવ નવ કર્મ વિકાર;
કહેતાં અંત ન પામિયેં, ઇમ જાણે કિરતાર. ૪.
પારાશર જમદગ્નિ વલી, ચૂકાયા ઇણે કામ;
તીન ભુવન જીત્યા ઇણે, ફિરિ ફિરિ સઘળે ઠામ. ૫.
પુણ્યરંગપાટણની દિશેં, ચાલ્યો મદન કુમાર;
તિણ વેળા તે નગરમાં, પ્રગટ્યો એ આચાર. ૬.

ઢાળ ૧૧ મી.

(કોયલો પર્વત ધુંધલો રે લોલ;—એ દેશી.)

કર જોડી કરે વિનતિ રે લોલ, મંત્રી વિવેકને એમ રે; રાજેસર.
પુણ્યરંગપાટણમાં હુવે રે લોલ, ઉત્પાત સઘલા કેમ રે રાજેસર. કર૦ ૧.
ગઢ મઢ મંદિર ધ્રુજિયાં રે લોલ, ભુકંપ તારાપાત રે; રાજેસર.
શોણિત બિન્દુ આકાશથી રે લોલ, વૃક્ષ ન વાડ વાત રે. રાજેસર. કર૦ ૨.
તિણ અવસર કિણ આખીયોરે લોલ આયો મોહ કુમારરે; રાજેસર.
રાજા પ્રજા સહુ શંકિયા રે લોલ, ભંડ અસુર અપાર રે. રાજેસર કર૦ ૩.
મંત્રીશું નૃપ ચિંતવે રે લોલ, કીજે કણશું જુઝ રે; રાજેસર.
છતદંડ જો લુટશે રે લોલ, તો કાજ એ ગુઝ રે. રાજેસર. કર૦ ૪.
મંત્રી કહે મગ સાધિયા રે લોલ. ગુરૂનું વચન છે આમરે; રાજેસર.

સંયમ સ્ત્રી પરણ્યા વિના રે લોલ, કોઇ ન હોવે કામ રે. રાજેસર. કર૦ ૫
મોહતણો હજી જોર છે રે લોલ, તિણુ એ મદન દીપાયરે; રાજેસર.
ઋષભાદિક જિનેશ્વર કહ્યું રે લોલ, કીધા કોડિ ઉપાય રે. રાજેસર. કર૦ ૬.
અવસરસેંતી સિદ્ધ છે રે લોલ, સઘળી વાતામાંહી રે; રાજેસર.
આતમ બળ વિણ કેરવ્યાંરે લોલ, કષ્ટ ક્રિયા ફલ નાહિરે. રાજેસર. કર૦ ૭.
આપે પણ એહની પરે રે લોલ, પામ્યા પરાજય ઠામરે; રાજેસર.
તો હમણાં એ એપ છે રે લોલ, જાઇ પ્રવચન ગામરે. રાજેસર. કર૦ ૮.
વરશે સંયમ કન્યકા રે લોલ, તો એ છાર સમાન રે; રાજેસર.
અરિહંતશું સાચા હુઆં રે લોલ, વધશે આતમ વાન રે. રાજેસર. કર૦ ૯
આપણને કોઇ આપશે રે લોલ, કાયર મોહ માણ રે; રાજેસર.
અવસર જાણીને આખશીરે લોલ, બહુવિધ લોકની વાણરે. રાજેસર. કર૦ ૧૦.
નગરાજા પત્ની તજી રે લોલ, ફૂપ્નેં મઠ્ઠી ભૂમિ રે; રાજેસર.
આતમહિત કશું આચર્યો રે લોલ, નાશે અપયશ ધૂમરે. રાજેસર. કર૦ ૧૧.
રાય વિવેક વદે કશું રે લોલ, ઢીલ ન કીજે આજ રે; રાજેસર.
ભાજન ભોજન સિદ્ધ છે રે લોલ, કેહી કીજે લાજ રે. રાજેસર. કર૦ ૧૨.
તું પૂછે તે આવજે રે લોલ, સઘળા લોક લેઇ સાથ રે; રાજેસર.
હું આગેથી જાઉંને રે લોલ, ઓળગશું જગનાથ રે. રાજેસર. કર૦ ૧૩.
ઇણ અવસર નર આવિયા રે લોલ, પહેલા મૂક્યા જેહરે; રાજેસર.
નમન કરીને વીનવે રે લોલ, સુણ સાહિબ સસનેહ રે. રાજેસર. કર૦ ૧૪.
મહેર ધણી તુમ ઉપરે રે લોલ, ને સાહિબની આણરે રાજેસર.
કુશળ પ્રશ્ન બહુ પૂછિયા રે લોલ, હર્ષ ધર્યો જિનરાજ રે. રાજેસર. કર૦ ૧૫.
મિલણ ભણી આવે સહીરે લોલ,એમ કરશું એક વાતરે; રાજેસર.
એમ કહીને અમ મૂકીયા રે લોલ, વાત બની નિર્ધાર રે. રાજેસર. કર૦ ૧૬.

દોહરા.

સેવક વાણી સાંભળી, હરખ્યા રાય વિવેક
મનવંછિત સુખ સંપજે, શકુન હુઆ અનેક ૧.
આવિ વચન આદરે, ફૂર, ઉત્તમ શકુન તે જાણ.
બોલાવ્યા પુરોહિતને તેડી કીધે ક… ૨.

વિવેકરાય હવે ચાલિને, પ્રવચનપુરમેં આય;
મંત્રી પણ પૂઠેંથકી, પ્રજા લોક લઇ જાય. ૩.
સકળ લોક રાજા મળી, અરિહંતની છત્ર છાય;
સુખ સમાધેં જઇ રહ્યા, ડર ભય કોય ન થાય. ૪.

ઢાળ ૧૨ મી.

(ઇક દિન નમિ રાજાનો હાથી છૂટ્યો; અતિ મદમત્તથકો;—એ દેશી.)

મયણ તણાં દલ પૂરાં શૂરાં, પુણ્યરંગપાટણ આય રહે; હાં આય રહે.
શૂનું નગર રે દીઠું સઘળું, મયણ ભણી તે જાય કહે. હાં૦ ૧.
મયણકુંવર મન ચિન્તવે એવું, રાય વિવેક તે નાસી ગયો; હાં૦
નામ સુણીને ન રહ્યો ઊભો, જંબુક કાયરકાય થયો. હાં૦ ૨.
કુળાચાર પણ ન કર્યો કોઇ, ક્ષત્રીતણો ધર્મ નાખ દિયો; હાં૦
મંત્રીતણો સુત આખર એહજ, રાજા એહને કોણ કિયો. હાં૦ ૩.
જાતિ ઉપર ગયો ન હુઓ અસલી,ભીંત વિન કેમ ચિત્ર ધરે; હાં૦
નાસણ વિદ્યા ધુરથી શીખી, તે નહિં વિસરી ચિત્ત ખરે. હાં૦ ૪.
રણની હોંશ રહી મનમાંહે, ઇણ અવસર શઠ એ નાઠો; હાં૦
લોક લાજ પણ ન ગણી ભોળે,કામ કિયો અતિહી માઠો. હાં૦ ૫.
જીનવરનો પણ ભગતો યુગતો, નિર્મદ નિર્મમ ન્યાય થિયો; હાં૦
જે જેહવો નર સેવે તેહવો, ફલ પણ હાથોહાથ દીયો. હાં૦ ૬.
જિનવર સંગતિથી સિંહાદિક, તે પણ વૈર વિરોધ તજે; હાં૦
કાં ભુરકી એ ધાલે માથે, શીતલ સાર સમાધિ ભજે. હાં૦ ૭.
અરિહંત ચરણ શરણ ઇણે લીધો, ઝાલૂં હમણાં પુચ્છગ્રહી; હાં૦
ઉંદર કયું બિલમાંહે છૂટે, જો જબ જાવે સાપ વહી. હાં૦ ૮.
પણ મુજ તાતતણી એ વાચા, પ્રવચનપુર મત જાય કદા; હાં૦
માહરી કીરતિ સઘળે હુઇ, જયતપતાકા પાઇ મુદા. હાં૦ ૯.
જયતતણાં નિશાન ઘુરાયાં, હથિયાર હવે સબ મ્યાન કરે; હાં૦
નવનવાં ભેટણાં લેતો મન્મથ, નિજપુર દિશિને પાઉ ધરે. હાં૦ ૧૦.
નવ રસમાં ઇક સાર શ્રૃંગારો, કામ અયાણે મુખ કીયો; હાં૦
શાન્ત ભણી તે છેહડે થાપ્યો, મન્મથ ઉલસ્યો એમ હિયો. હાં૦ ૧૧.

અનુક્રમેં આયો અવિદ્યા નગરી, તિહાં કિણે ડેરો આવી દીધો; હાં૦ ...
મોહરાયને દીધ વધાઇ, સુત આયો યશપુંજ લિયો. હાં૦ ૧૨.

દોહરા.

મોહરાય મન હરખિયો, આયો પુત્ર પ્રધાન;
ગુરૂ લઘુ રીત ન કાકરી, સાહમો જાય સુજાણ. ૧.
મન્મથ તાતભણી તિહાં, તુરત કીયો પરણામ;
સુત સખરા તે સલહિયે, વિનયવંત અભિરામ. ૨.
મન વચ કાયા પ્રેમ ધરી, મળિયા મનને રંગ;
શીતલ ચંદન ચંદ્ર જ્યું, સુખદાયી સુત સંગ. ૩.

ઢાળ ૧૩ મી.

વાગ્યાં ત્રંગી ઢોલ, હે સખી વાગ્યાં ત્રંગી ઢોલ;—એ દેશી.

વાગ્યાં ગુહિરનિશાન, હે સખી વાગ્યાં ગુહિરનિશાન: આયો લાયક નંદન મોહરો;
હરખ્યો સબ પરિવાર, હે સખી૦ હરખ્યો૦ નિજકુલ શેખર દીપે સેહરો. ૧
વંચાણા વચનનિનાદ, હે સખી વંચાણા૦ તિણે કરી અંબર અધિકો ગાજીયો;
પુરજન કરે ઉછરંગ, હે સખી પુરજન૦ ધન ધન મોહ મહિપતિ રાજીયો. ૨.
નવ નવ પાપ વિકાર, હે સખી નવ૦ નટુઆ નાચે રાચે જન મના;
હાવ ભાવ સુખકાર, હે સખી હાવ૦ મંગલ ગાવે તિહાં બહુલા જના. ૩.
પૂર્ણ કલશ પરધાન, હે સખી પુર્ણ૦ શ્રંગાર પાણિ કરીને અતિ ભરેયો;
મલપતિ સોહવ નાર, હે સખી મલપતિ૦ સાહમી આવી મંગલ જ્ય કર્યો. ૪.
આશ્રવ ગોખ વિશાળ, હે સખી આશ્રવ૦ તસુપર બેઠાં નર નારી ઘણાં;
નૃપસુત નયણ નિહાલ, હે સખી નૃપસુત૦ બોલે એ સુત તેહને શી મણા. ૫.
પુર પેસારો કીધ, હે સખી પુર૦ મોહોલે આયો મન્મથ માનશું;
માયાદિક પરિવાર, હે સખી માયાદિક૦ હરખ્યો નિરખી સુત મુખ વાનશું. ૬.
યુગવર શ્રીજિનચંદ, હે સખી યુગવર૦ તાસ પ્રસાદ લહી કરી મેં કીયો;
ચોથો ખંડ રસાલ, હે સખી ચોથો૦ ભણતાં ગણતાં દીસે સુજ દીયો. ૭.
પાવક પ્રવર પ્રસિદ્ધ, હે સખી પાવક૦ દયા કુશલ ગણી ગુરૂ પ્રસાદથી;

ધર્મમંદિર કહે એમ, હે સખી ધર્મમંદિર૦ અર્થ લહ્યો એ મેં આગમથી. ૮.
કર્મ વિચિત્ર કહાય, હે સખી કર્મ૦ તેહ તણો એ વિવરો આખિયો;
ભવિજનને સુખકાર, હે સખી ભવિજનને૦ જીનવર વચન સુધારસ દાખિયો. ૯.

ખંડ ૫ મો.

દોહરા.

શ્રી શંખેશ્વર સુખકરૂ, પ્રણમૂં પારસનાથ;
નામ લિયંતાં જેહનું, આવે અવિચલ આથ. ૧.
ઇણ અવસર મન્મથતણી, કીરતિ ભાટ કરેઇ,
નવ નવ છંદ સ્વચ્છંદથેં, વાણી રચના ધરેઇ. ૨.
જય જય જગને વલ્લહો, જીવ જીવ ચિરંજીવ;
મોહરાય નંદન નિપુણ,ભવ સુખ માણુ સદીવ. ૩.
તું શૂરા શિરસેહરો, તું વીરેં વિખ્યાત;
કુસુમ શરેં જીત્યો જગત, કોણ કહીજેં વાત. ૪.
બ્રહ્મા વિષ્ણુ મહેશ્વરા, ઇંદ્ર ચંદ્ર નાગેન્દ્ર;
ભૂર સૂર ગુરુ ગરૂડ પંખિ, જોગિ જતિ નરચન્દ. ૫.
તેં જગમેં જીત્યા ઘણા, આણ મનાઇ જોર;
કામ પદારથ શિખવ્યો, ધર્મ અર્થ શિવહોર. ૬.
વિષયતણાં સુખ તું લહે, માત તાત સુખકાર;
ઇમ આશીષ સુણી કરી, દીધું દાન અપાર. ૭.

ઢાળ ૧ લી.

આદર જીવ ક્ષમા ગુણ આદર;—એ દેશી.

માત પિતા ભગિની ને ભાઇ, પૂછે મયણને એમ જી;
જગ જીપણની વાત કહીજેં, બળ બુદ્ધિ કીધી જેમ જી. માત૦ ૧.
મન્મથ માંડિ કહીજે આગેં, જીપણની સહુ વાત જી;
નાઠો વીર વિવેક વિખ્યાતો, સાંભળિયા અવદાત જી. માત૦ ૨.

માતા મન હરખ્યું અનિ ઘણું, વખાણે વારંવાર છ;
તું ચિરંજીવે વંશ વિભૂષણ, ધન ધન તુજ અવતાર છ. માત૦ ૩.
બેટા બહુલા હોશે જગમાં, પણ તુજ જોડ ન હોય છ;
તારા બહુ આકારેં દીસે, ચન્દ્ર સમાન ન હોય છ. માત૦ ૪.
નયન અમારાં ચપળ ચકોરા, તુજ મુખ ચન્દ્ર સમાન છ;
કિણ દિન સુત આવીને મળશી, હુતો એ મુજ ધ્યાન છ. માત૦ ૫.
આજ મનોરથ સઘળા ફળ્યા, સુરતરૂ ફળિયો આજ છ;
ચાતક મોર તણીપરેં હરખ્યો, તુજ દર્શન ઘનગાજ છ. માત૦ ૬.
રતિ રંગીલી તારી નારી, વસંત તારો મિત્ત છ;
સ્નેહ ધરીને દિન દિન જોતાં, મારગ તારો નિત છ. માત૦ ૭.
રંગરલીઆં સઘળા મળિયા, હુઓ અતિ ઉછરંગ છ;
નવ નવ નાટક ગીત વિનોદા, કર્મ ઉદય પરસંગ છ. માત૦ ૮.
ઘર ઘર મયણતણા ગુણ ગરજે, કામકથા વિસ્તાર છ;
લીનો જગ સઘળો કામરાગેં, કામ વિકાર અપાર છ. માત૦ ૯.
ઉત્સવ કામ તણા અતિ કીધા, કહેતાં નાવે પાર છ;
નરથી આઠ ગુણો નારીને, વલ્લભ કામ કુમાર છ. માત૦ ૧૦.
બહુલાં સુખ સંસારનાં વિલસે, ધરતો મન ઉછરંગ છ;
ધર્મમંદિર કહે ધન ધન તે નર, કામનો ન કરે સંગ છ. માત૦ ૧૧.

દોહરા.

મોહ મહીપતિ ચિન્તવે, એક દિન એમ વિચાર;
વીર વિવેક નાસી ગયો, જીવનો દુઃખ દાતાર. ૧
મંદમતિ મુજ સુત અછે, બાળક બુદ્ધિ વિચાર;
આવી વાત ન ચિન્તવે, તે છલિયો સંસાર. ૨.
પંડિત પરખે પલકમેં, બાધક સાધક વાત;
છલ બલ કલ જાણે ઘણા, વીર વિવેક કહાત. ૩.
પંડિત તેહને વર્ણવે, જે પરિણામેં મીઠ;
કાય કટુક સુખરોગ ને, દૂર કરંતો દીઠ. ૪.
કારજ તેહિજ કીજિયેં, અંતે સુખ દાતાર;

સ્વાદ સુખેં કિંપાક ફલ, આપે અધિક વિકાર. ૫.
રાત્રુ થકાં જે રાજ્યસુખ, તે સુખ સ્વપ્ન સમાન;
અરિહંત નૃપ પાસે રહ્યો, કરશે કોઈ વિજ્ઞાન. ૬.
ઇમ મન ચિન્તાતુર થકો, બેઠો મોહ નરિંદ;
સઘળી મળિ બેઠી સભા, બેઠાં નરનાં વૃંદ. ૭.

ઢાળ ૨ જી.

ઇક દિન માહાજન આવી એ;—એ દેશી.

તિણુસમે સેવક વીનવે, સુણુ સાહિબ સનેહા જી;
કાળો રૂપ કુરૂપ છે, ઉંચો છે તસુ દેહો જી. ત્રટક.
તસુ દેહ ઉંચો, પુરૂપ કોઇ, આવી ઉભો, તિયાં કણે;
કળિકાળ નામેં, નામ ધરતો, નૃપ જણાવે, મુખ ભણે.
દીદાર તુમચો, દેખવા એ, આયો છે તુમ, ગુણ સ્તવે;
રાજરો હુકમ, એથ આવે, તિણુ સમય, સેવક વીનવે. ૧.
રાજા તેહને તેડાવિયો, દીઠો રૂપ તિવારો જી;
માની વાઘતણી પરે, લૂખો ભૂખો અપારો જી. ત્રટક.
અણુપાર ભૂખ્યો, લોહ જડિયો, રૂપ કુરૂપી, અતિ ઘણું;
તે રૂપ દેખી, સભાજનનાં, કંપિયાં મન, અતિ ઘણું.
તિણુ આય રાજા, પાય પ્રણુમ્યા, રાજા પગુ, આદર દિયો;
કર જોડિ ઉભો, વદન આગેં, રાજા તેહને, તેડાવિયો ૨.
તબ રાજા મુખ પૂછિયું, કેમ કુશળ તુમ હોયો જી;
કિણુ કારણુ ચિર કાલથી, તુજ દર્શન એ જોયો જી. ત્રટક.
એ જોવ દર્શન, હર્ષ આણ્યાં, આયા ઇં, કારણ કિસેં;
તવ બોલિયો તે, પુરૂષ અમુર્ગો, ઇતુ મુજ મન, એ નહિં.
ઇક સુપનુ દેખું, જગત છોડી, જિણુ ઠગો, વશ લિયો;
એ સુપનુ દેખો, વદન આગેં, તવ રાજા, મુખ પૂછિયેં. ૩.
ભોજને કારણ એ કહ્યું, તુજ વેરી છે એહો જી;
[illegible] ત્રટક.
[illegible]

તેહ ચિંતા ભાંજું, રિપુ વિનાસું, જો મુજ, સેવક કરો.
માહરો પણ, તેહ વૈરી, વયર લેશું, તે પછે;
એવો કળિયુગ, પુરૂષ બોલ્યો, બીજું કારણ, એ અછે. ૪.
કળિ બોલ્યો સુણ ભૂપતિ, પ્રવચન પુર તુજ કરો છ;
માહરે મન સુગમો અછે, લેઉં તુજ હજૂરો છ. ત્રટક.
હજૂર લેઉં, દેખ તૂં હવે, શાન સ્હાક, બાંધિશું;
સંવેગ સામંત, જેહ જોધા, તેહ સબળા, સાધશું.
વડ વડા વીર, વિવેક સબળા, સબળ હતા, શુભમતિ;
હવે ખબર પડશે, આણી માથે, કળિ બોલ્યો, સુણ ભૂપતિ. ૫.
દેખે હાથ તું માહરા, પ્રવચન પુર ઉવેશ છ;
જોર ન ભાજે જ્યાં લગે, નવિ મૂકું તાં કેડો છ. ત્રટક.
કેડો ન મૂકું, જ્યાં લગે, અવધીણ ન હુવે, એ ખરો;
મુક્તિનો મારગ, ભાંજી નાખું, મદન જો, માહરી કરો.
અરિહંત રાજન, કેડિ નાખું, મુજનું, ધર્મની ધુરા;
કલિકાલ મહારૂં, નામ સાચું, દેખ હાથ, તું માહરા. ૬.
હરખ્યો મોહ નરેશ તે, સાંભળી વચન કરારો છ;
કામ કહૂ નર એ ખરો, અરિદલનો એ કારો છ. ત્રટક.
એ કાળ અરિદલ, તણે માથે, ઉદ્ધત નર એ, આકરો;
ચિરકાલ એહની, સ્થિતિ ન હોશી, તેહીજ છે મુજ, કાજરો.
ઇમ જાણિને નિજ, પાસ રાખ્યો. સાર મેરહ, સુખકર;
બહુ માન દીધા, વડા કીધા, હરખ્યો મોહ, નરેશર. ૭.

દોહરા

રાજ કાજ ઉદ્ધરે ભૂપ, કળિયુગ રાખ્યો રાય;
રત્ન થકી નેરક ભયા, જિત્યુથી અરિ જયવંત. ૧.
સમય સ્વભાવ થકી હવે, અરિહંત નામ સિધ્ધાંત;
નિરંજન આરાધિન પડે, તેમનો મહિમા થાય. ૨.
કળિયુગ રાજ ભુખ્યો હુવે, મેના ફિર અનેક;
નિત્ય વિલાસમેં મગન ભયે, પ્રવચન મર્યો વિવેક. ૩.

ઢાળ ૩ જી.

મેઘ મન કાંઈ ડમ ડોલે;—એ દેશી.

રાગદ્વેષ વળી અતિ ઘણા જી, બાંધ્યા વડ વિસ્તાર;
વિષયતણી તૃષ્ના વધી જી, વિષની વેલ અપાર.
ભવિકજન, સુણજો કલિયુગ વાત; મૂકો બીજી તાંત. ભવિજન૦ ૧.
મનપર્યાય તે કેવલજ્ઞાની, ક્ષપકશ્રેણિ સુપ્રધાન;
છેદલા સંયમ તીન જે સખરા, ઉપશમ શ્રેણી વિધાન. ભવિજન૦ ૨.
પુલ્લાક લબ્ધિ ને શ્રીજીનકલ્પી, ચૌદપૂરવ અતિમાન;
આદિમ સંઘયણ ને શુક્લધ્યાના, પરમસમાધિ નિધાન. ભવિજન૦ ૩.
કલિયુગ આવતે એટલાં વાનાં, દૂર કર્યાં તિણવાર;
અનુક્રમેં દશ પૂર્વાદિક મેટ્યાં, પૂર્વાનુયોગ વિચાર. ભવિજન૦ ૪.
અંતર મુહૂર્તમાં પૂર્વ ગણતાં, તે રહી લબ્ધિ વિશેષ;
સંઘયણ સઘળા તે પણ બાંધ્યાં, છેવઠ્ઠ રહ્યો દેખ. ભવિજન૦ ૫.
મહાપ્રાણાયામ ધ્યાન જે ધરતા, મોટા શ્રી ઋષિરાય;
તે પણ દૂર કિયો કલિકાલેં, અશુભ ધ્યાન દીપાય. ભવિજન૦ ૬.
ઇણિપરેં જાયે દિન દિન હીણા, કલિયુગ કીધૂં જોર;
કામ ક્રોધ ને વૈર વિરોધા, રૌદ્ર આર્ત અતિ ઘોર. ભવિજન૦ ૭.
સંપ્રતિ રાજા અનુક્રમેં હુઆ, કલિશું કીધ સંગ્રામ;
ઠામ ઠામ જિનચૈત્ય કરાયા, ભાવભક્તિ અભિરામ. ભવિજન૦ ૮.
દેશ અનારજમેં પણ જિનવર, ધર્મ દીપાવ્યો સાર;
કલિયુગને તિણ કાલે કૂટ્યો, ધર્મરાગ મન ધાર. ભવિજન૦ ૯.
તે રાજા દેવલોક ગયા પછી, વ્યાપ્યો કાલ કરાલ;
[illegible] [illegible] મન [illegible], [illegible] મિથ્યાજાલ. ભવિજન૦ ૧૦.
નવ નવ પ્રગટ કિયા પાખંડી, હિંસા ધર્મ અપાર;
દુર્ભિક્ષ પણ કલિયુગના સેવક, [illegible] [illegible]. ભવિજન૦ ૧૧.
જિનવર ધર્મ [illegible] [illegible] [illegible], સમાચારી [illegible];
[illegible] મન [illegible] [illegible], [illegible] [illegible] [illegible] ભવિજન૦ ૧૨.
[illegible] [illegible] અનુ[illegible] [illegible] [illegible] [illegible] ને [illegible].

લેશ દેશથી મતિ શ્રુત હુઆ, બાંધ્યો જડતા જાળ. ભવિજન૦ ૧૩.
જિનશાસનની રક્ષા કાજે, નાવે દેવી દેવ;
તપજપ ધ્યાનતણો નહિ મહિમા, ધર્મતણી નહિં સેવ. ભવિજન૦ ૧૪.
ગુણગચ્છ ભેદ ક્રિયા ઘણુ બૂડે, ઋષિમેં ઘાલી રાડ;
આગમઅંગમાં થોડા બૂઝે, વેશ ભણી ધરે વાડ. ભવિજન૦ ૧૫.
સૂત્ર સકલ માને નહિં છો, અર્થતણા કરે ભેદ;
સદ્દહણા જિન વચને નાહિં, મિથ્યા રાખે ખેદ. ભવિજન૦ ૧૬.
ભુરભુર ભોલાયા એણે, લોભતણે વશ કીધ;
નિર્ગ્રંથને પણ સગ્રંથ કીધા, મૂર્ચ્છા મતિ હણે દીધ. ભવિજન૦ ૧૭.
નિજ ગુણનો ખપ ન કરે કાંઇ, પરગુણ લેવા જાય;
સાવદ્ય શાસ્ત્ર ભણે ઘણાં છો, કર્મબંધ જિણે થાય. ભવિજન૦ ૧૮.
લાલ પાલ ઋષિજી કરે છો, અવર જેહ નર નાર;
ગજવૃત્તિને મૂકી કરી છો, લેવે ખર આચાર. ભવિજન૦ ૧૯.
વિકથા વાદ બહુ કરે છો, આગમ ન જાણે સાર;
ભાવ ભેદ સમજે નહિં છો, બાહિર દૃષ્ટિ અપાર. ભવિજન૦ ૨૦.
સમવાયે પાંચે કરી છો, સ્યાદ્વાદ સુખકાર;
તે નવિ બૂઝે ધુર થકી છો, જિનમતિ મૂલ વિચાર. ભવિજન૦ ૨૧.
નય પ્રમાણ નિરખે નહિં છો, નિશ્ચય નય ન વ્યવહાર;
દ્રવ્ય અને પર્યાય ન બૂઝે, કલિયુગને પરિવાર. ભવિજન૦ ૨૨.
શ્રાવક પણ વળી એહવા હુઆ, એ જુગને પરસંગ;
દેવ ન માને ગુરૂ નવિ માને, ધર્મ ઉપર નહિં રંગ. ભવિજન૦ ૨૩.
ગોગા મોગા ને મહમાયી, ક્ષેત્રપાલ ભલી રીત;
તેહને સેવે મનશું સૂધા, અરિહંત ન ધરે ચિત્ત. ભવિજન૦ ૨૪.
નાટક ગીત સુહાવે ભાવે, જિનવાણી ન સુહાય;
ગુરૂ ઉપદેશ સુણે નહિં કમહૂં, ધરધંધામાં ધાય. ભવિજન૦ ૨૫.
ત્યાગ ધર્મ કરીને શું આપે, ફળ નવ દીઠું હોય;
પૂરી પ્રતીતિ નહિં ધર્મ ઉપર, સિદ્ધ ક્રિયાથી હોય. ભવિજન૦ ૨૬.
દાન દેઈ બહુ વળી કરતાં ગણે, ત્યાગ ન ગણે ભાર;
નિષ્કંટક ધર્મ મન આપસ્તા, પામે ભવજલ પાર. ભવિજન૦ ૨૭.

મહા મંત્ર નવકાર તજીને, સમરે બીજા મંત્ર;
પુણ્યાનુસારી ધનને અર્થે, ધારે બહુલા યંત્ર. ભવિજન૦ ૨૮.
ધાતુરવાદી જૂવટે ખેલે, વાંછે ધનની રાશિ;
પનરે કર્માદાનને સેવે, શ્રાવક નામ ઉલ્લાસ. ભવિજન૦ ૨૯.
વાદેં કુપાત્ર મુખેં ધન ખરચે, પાત્ર ન પોષ્યો જાય;
રાજા ધન દંડીને લેવે, કોડી દાન ન થાય. ભવિજન૦ ૩૦.
આતમરૂપ ન ઓળખે જી, જ્ઞાન ન આણે ચિત્ત;
કામ ક્રોધ ભીનો રહે જી, આરંભ અધિકો નિત્ત. ભવિજન૦ ૩૧.
કળિયુગ સમય સ્વભાવથી જી, શ્રાવક એહવા થાય;
ધર્મમંદિર કહે વિણ ભોગવિયાં, કર્મ ન મૂક્યાં જાય. ભવિજન૦ ૩૨.

દોહરા.

અવર લોક પણ કલિયુગેં, વ્યાપી પાપી કીધ;
કૂડ કપટ છલ બલ ઘણા, કુમતિ કદાગ્રહ ગૃદ્ધ. ૧.
સેવક સ્વામી છલ કરે, પિતા પુત્ર વળી દેખ;
પતિ પત્નીશું છલ કરે, લાયેં કુલની રેખ. ૨.
ન બને સાસૂ ને વહુ, ઘરમાં કલહો હોય;
બીછૂ ચટકાની પરેં, સાસૂ વાણી જોય. ૩.
વૃદ્ધ તાત હૂઓ જિસે, કથન ન માને કોય;
અશન વસન આપે નહિં, પુત્ર વધૂ વશ હોય. ૪.
અલ્પ ભરમને કારણે, ખેલ કરે અતિ ઘોર;
મન સંતોષ ધરે નહિં, તૃષ્ણા વાધી જોર. ૫.
ભગિની ભ્રાત તણે ઘરે, જન્મ લગે રીસાય;
ભાઇ માંહોમાંહે વળી, પરણી જૂઆ થાય. ૬.
સગપણ સંપ ન કો ધરે, સહુ સ્વારથને થાય;
પરમારથ પ્રીછે નહિં, કળિયુગ વ્યાપ્યો આય. ૭.

ઢાળ ૪ થી.

ધર્મ હૈયે ધરો;—એ દેશી.

રસ કસમાં કળિ વ્યાપિયો રે, દિન દિન એહવો થાય;
મેહ ઘણા વરસે નહિં રે, વાજે અધિકા વાયો રે;

કલિ કૌતુક કરે, સમય તણો વળી જોરો રે;
અલ્પ ધર્મ હુઓ. વ્યાપ્યો પાપ અઘોરો રે.
કળિ૦ એ આંકણી. ૧.
પત્ની શું પ્રીત નહિં ધરે રે, પરનારી લોભાય;
શીખ ભલી ઘરની દીયે રે, તે મન નાવે દાયો રે. કલિ૦ ૨.
કપટ કરાવે મિત્રશું રે, જનની જનકશું જૂઝ;
કુબુદ્ધિ શિખાવે પાપની રે; આવતા ન દિયે બૂઝો રે. કલિ૦ ૩.
સ્વારથ લગે મૈત્રી કરે રે, નિયમ સંકટ લગિ જોય;
કષ્ટ પડયાં સમકિત તજે રે, એહવા ધીરજ હોયો રે. કલિ૦ ૪.
થોડી શુભ સંપત્તિ હુવે રે, કદયિં વિણસી જાય;
જો જીવે તો નિશ્ચે હુવે રે, યૌવન ધર્મો ન થાયોરે. કલિ૦ ૫.
દંભ વિના ધર્મ નવિ કરે રે, ક્રોધ સહિત તપ તુચ્છ;
માન ધરી શ્રુતને ભણી રે, ધન મેલે નહિં સુચ્છો રે. કલિ૦ ૬.
વ્યાપારી ચોરી કરે રે, કુલવંત વિટ સમ થાય;
કુલ નારી ગણિકા પરે રે, હસન વસન મન દાયો રે. કલિ૦ ૭.
મુખ મીઠી વાતાં કરે રે, કપટ હૈયામેં રાખ;
કંજૂસ અતિ આરંભ કરે રે, સામી નાવે શાખો રે. કલિ૦ ૮.
ઉત્તમ ફલ થોડાં હુવે રે, ખારાં કડુઆં શાખ;
અલ્પ ક્ષીર ગાયાં દુને રે, થોડી સંતત શાખો રે. કલિ૦ ૯.
ઇમ કલિપાવક બહુ કરે રે, સુકૃત ઇંધનો શોષ;
કુમારપાલ નૃપ અવતર્યા રે, કરવા ઇંધને તોષો રે. કલિ૦ ૧૦.
ઉપદેશેં હેમસૂરિને રે. દીપાવ્યો જિનધર્મ.
ઉત્તમ આચરણા કરી રે, દૂર કિયાં પાપ કર્મો રે. કલિ૦ ૧૧
અષ્ટાદશ દેશા વિષે રે, માર ઇસી મુખ વાણ;
કોઇ ન બાંધે નર કદે રે, એવી જેહની આણો રે. કલિ૦ ૧૨.
ભરણુ પોષણુ નબલા કરે રે, દીન હીન ઉદ્ધાર;
ભાવ ભક્તિ ધર્મ રાગિયા રે, કીધાં ચૈત્ય અપારો રે. કલિ૦ ૧૩.
કલિયુગનું મુખ ઝાલિયું રે, ચૌલુક શીંહ નરેશ;

જી હો સ્નાન વિના એ શુદ્ધ છે, જી હો ભૂષણ વિણ એ રમ્ય;
જી હો વિણ જમ્યાં વળિ ધારતી, જી હો ગુણગણ રયણ અગમ્ય. ચતુર૦ ૧૩.
જી હો વસ્ત્ર વિના ગુપતી રહે, જી હો સુરત વિના સુખદાય;
જી હો પ્રેમ વિના પ્રીત ધારતી, જી હો પરમ સમાધિ ઉપાય. ચતુર૦ ૧૪.
જી હો નરપતિ સુરપતિ ના ગમે, જી હો હલધર પણ ન સુહાય;
જી હો એક વિવેકી શુદ્ધશું, જી હો પ્રીતિ કરે મન લાય. ચતુર૦ ૧૫.
જી હો નિયમ કર્યો છે એણિયેં, જી હો રાધાવેધ સધાય;
જી હો પરણું પિયુ પ્રીછી સાહી, જી હો એ આવ્યું છેદાય. ચતુર૦ ૧૬.
જી હો એ કન્યા હાજર અછે, જી હો વર તું વીર વિવેક;
જી હો પરણાવે સંવર પિતા, જી હો ઢીલ ન કરિયેં છેક. ચતુર૦ ૧૭.

દોહરા.

એહ વચન સુણી હરખિયો, અરજ કરે મન લાય;
હું તુમને શું વીનવું, તું સર્વજ્ઞ કહાય. ૧.
સુંહાલો સેવક અછૂં, ટાઢો શીલો જોર;
કઠિન સુણીજેં કન્યકા, વજ્રતણી પરેં ઘોર. ૨.
પણ તુજ ચરણ પ્રસાદથી, અતુલી બલ મુજ હોય;
મલયાચલ સંયોગથી, ચંદન તરુવર હોય. ૩.
હુકમ લહ્યો સંવર સુતા, પરણાવે સુખકાર;
સાધે રાધાવેધને, તે સુણજો સુવિચાર. ૪.

ઢાળ ૬ ઠ્ઠી.

વનનીની દેશી.

સ્વયંવર મંડપ મંડાવે, તિહાં વર વડા ભૂપ બોલાવે;
રાધે નિરચેં થંભ રોપે, અતિ ઉંચો સબલ આરોપે. ૧.
આઠ આરા આઠ કર્મે, અતિ કઠણ તે નહિં નર્મે;
વેગેં ફરી ફિરતા દીસે, મન વીર વિવેકનું હીસે. ૨.
રાખી ગતિ તિમાકાર, ફરે ચક્રનેમિ અનુસાર;
નિશ્ચમતિ તત્ત્વ તે રાધા, રૂપ પૂતલી ધ્યાન સમાધા. ૩.

જીવના જે આઠ પ્રદેશા, નિશ્ચલ મધ્ય રહે સુદેશા;
બીજા અસંખ્યાતા જેહ, તાતા તેલ તણી પરે તેહ. ૪.
તે સ્થંભ તણે અતિ પાસે, ક્ષમા ઊપર લેઇ વાસે;
ધર્મ નીરે કરીને ભરિયું, પરમાગમ કુંડ કર ધરિયું. ૫.
નિજ ચેતન કીધ કબાણ, તિહાં ધૂનો ધીરજ બાણ;
છત રાતાઇ બહુલા પ્રાણી, આઇ ઉભા કબાણને તાણી. ૬.
થંભને પણ હાથ લગાયા, પણ તત્વકલા નવિ પાયા;
નાખીને તીર કબાણ, ઘણા નાઠા મૂઢ અજાણ. ૭.
લોકે બહુ હાસા કીધા, ફિર પાછા ચાલ્યા સીધા;
હવે વીર વિવેકની વારી, આવિ ઊભો કરિ હુસિયારી. ૮.
પહિલા જગનાથને વંદે, વળતો ગુરૂચરણ આનંદે;
વર તત્વ કલા જે રાધા, સીખાઈ જેણ અગાધા. ૯.
આવ્યો તિણ કુંડની પાસે, ઝાલે બાણ કબાણ ઉલ્લાસે;
સીધો કુંડો હવે થાપે, ચરમ ચક્રતણો રૂપ વ્યાપે. ૧૦.
કર્મચક્ર સ્વરૂપને દેખે, કુંડ દર્પણમાંહિ વિશેષે;
લેઇ બાણ કબાણ ચઢાયો, ટંકાર શબ્દ સુણાયો. ૧૧.
ઉંચી દિશિ બાણને બાંધિ, નીચી દશ્ કરણા બાંધિ;
ભાવિત કરણા કરિ ગાઢી, શુદ્ધ શીલ કછોટી ડાઢી. ૧૨.
ક્રમ ચક્ર ફિરંતો ધારી, તિહાં અંતર જ્ઞાન વિચારી;
રાધાવેધના શરને ભેદે, શુદ્ધ આતમ અનુભવ વેદે. ૧૩.
તબ જય જય શબ્દ ભણીજે, વળી ધવલ મંગલપણદીજે;
વરસાવે ફુલને દેવા, કરે વીર વિવેકની સેવા. ૧૪.
વરમાળા કન્યાએ ઘાલી, પાસે ઉભી આઠે આલી;
સખિયાં એ પ્રવચન માતા, તસુ ઉપની અધિકી શાતા. ૧૫.
હર્ષિત હુઆ અનિ પ્રાણી, તરસ્યાં જ્યું લાધિ પાણી;
તિહાં પરમ પ્રમોદ પ્રકાશે, શુભ ભાવના ભાવ નિવાસે. ૧૬.
પરસંગતણો હુઓ ત્યાગી, સૂધો મુનિ મુખ્ય વૈરાગી;
સંયમશ્રી પરણી નારી. મદિ જીપખને હુશીયારી. ૧૭.

દોહરા.

[illegible] સ્યાદિ;
[illegible] ભક્તિ. ૧.
[illegible] સંસાર;
[illegible] નાર. ૨.
[illegible] અહંકાર;
[illegible] આનંદ. ૩.
[illegible] ઇંદ;
[illegible] આનંદ. ૪.

ઢાળ ૭ મી.

તો હવે નિજ બલ, હો, ભુજ બલ ફેરવી, અરિ નાખું ઉથેટ. વૈરાગી૦ ૯.
ક્ષિણુ પરે ચિન્તી હો, જયસંભા ભલી, વજડાવે શુભ વાર;
કટક સહાયી હો, સઘળું સજ્જ કરે, અરિ ઉપપણુ અધિકાર. વૈરાગી૦૧૦.
સામંત સખરા હો, સાથે વડ વડા, પુત્ર કલત્ર પરિવાર;
હય ગય પાયક હો, રથ ચતુરંગશું, તે સુણજો વિસ્તાર. વૈરાગી૦૧૧.

દોહરા.

જય જય શબ્દ સહુ ભણે, માંગલિક મુખ ચાર;
અરિહંત સિદ્ધ ને સાધુ ધર્મ, એ ચારે સુખકાર. ૧.
શીખ દિયે હવે જગગુરૂ, સુણુ વિવેક વડ વીર;
સમય માત્ર પણુ મત ધરે, પ્રમાદસેંતી શીર. ૨.
માતા શીખે ચાલજે, એ નારી અનુકુલ;
નિશ્ચે સન્નાહ તું પહેરજે, અરિ હોશે અકતુલ. ૩.

ઢાળ ૮ મી.

ભવિક કમલ પ્રતિબોધવા, સાધુ તણે પરિવાર;—એ દેશી.

વિનય વિવેક વિચારશું, કરજે તું મહિલાણ;
વેશાસ ન કરે કેહનો, એ છે માહરી આણો રે;
સુણ સુણ શુભમતિ, તું છે ચતુર સુજાણો રે;
તો પણ આખિયે, રિપુ ઉપણુરો ટાણો રે. સુણુ૦ એ આંકણી. ૧.
જન્મ થકી તું જાણુ છે રે, પુરો પાત્ર સુપાત્ર;
તો પણ ઉપદેશ જાણીને રે, થાપી જે તુજ ગાત્રો રે. સુણુ૦ ૨.
તુજ વૈરી તીખો અછે રે, તું શીલો છે વીર;
બેહુમાં બલ છે ઘણું રે, એ પાવક તું નીરો રે. સુણુ૦ ૩.
શાંત રસીલો તું અછે રે, તે છે તામસ ધીર;
તું સુરતરૂ છાયા અછે રે, એ આતપનો ભારો રે. સુણુ૦ ૪.
નિજ ગુણ ને મત મૂકજે રે, રહેજે માતા પાસ;
અમિય કચોલાં એહનાં રે, લોચન છે ગુણ રાસો રે. સુણુ૦ ૫.

ભવ વૈરાગ્ય એ તાહરો રે, સુત મહોટો શિરદાર;
મુખ આગેં રાખે સહી રે, જીપશે રિપુ પરિવારો રે. સુણ૦ ૬.
સંવેગ નિર્વેદ લઘુ સુતા રે, જય કરશે તુજ જોર;
રણ રસિયા રિપુ જીપશે રે, આતમનો બલ ફોરો રે. સુણ૦ ૭.
સમકિત દષ્ટિ જે મંત્રવી રે, ધરજે ફોજને મુખ્ય;
ઉદ્યમ સફ્લો એ હુશે રે, જાશે સઘળાં દુઃખો રે. સુણ૦ ૮.
શમ દમ તપ જપ ઉમરા રે, વડ વડા વીર વિખ્યાત;
આદરજે તું એહને રે, દુશમનને કરિ ઘાતો રે. સુણ૦ ૯.
જ્ઞાન તલાર એ તાહરો રે, બુદ્ધિતણો ભંડાર;
સ્વસમય પરસમય જાણુ છે રે, રિપુદલ ભાર ઉતારો રે. સુણ૦ ૧૦.
સામાયિક આદેં કરી રે, આવસ્યક નિર્ધાર;
તે તુજ પુરોહિત આખિયો રે, તેહને મત વીસારો રે. સુણ૦ ૧૧.
દશવિધ યતિ ધર્મ હાથિયા રે, ફોજોના શણગાર;
શીલંગ રથ તે રથ ભલા રે, સંખ્યા સહસ અઢારો રે. સુણ૦ ૧૨.
નવ નવ તપ ભેદ તુરંગ છે રે, તીખા તેજી વેગ;
તે ઉપર બેસી કરી રે, દીપાવે નિજ તેજો રે. સુણ૦ ૧૩.
શુભ પરિણામ તે સાબતા રે, પાયક પ્રૌઢા પડૂર;
તુજ મુખ આગેં રણ ભિડે રે, રાખે આપ હજૂરો રે. સુણ૦ ૧૪.
પ્રાયશ્ચિત્ત તે કેમ છે રે, તેહને લેજે સાથ;
ઘાયલને એ સજ કરે રે, સિદ્ધિ સખરી જસુ હાથો રે. સુણ૦ ૧૫.
રાણી બેહુ સાથ લે રે, જે છે બુદ્ધિનિધાન;
નારી જાણુ ન પરિહરે રે, કુણ શૂરો એ સમાનો રે. સુણ૦ ૧૬.

દોહરા.

ઇમ સુણી વીર વિવેક હવે, આવે નારી પાસ;
આખે સુંદરી સાંભળો, ધરી મનમાં ઉલ્લાસ. ૧.
જિનવર વચન હુઓ અછે, નારી લેજો સાથ;
તુમચો સ્યો આલોચ છે, સ્ત્રી બોલી સુણુ નાથ. ૨.

ઢાળ ૯ મી.

પાદિ હવે મનિ ભવી, મન ભમરા રે,—એ દેશી

કર જોડી કામિની કહે, મુજ ભમરા રે;
સુણ સાહિબ ભરતાર, લાલ મુજ ભમરા રે;
કટક માયા જાણી મેં ગમ્યા, મુજ૦ મેં ઘણું સાંહરે સાર. લાલ૦ ૧.
તનુ છાયા જ્યું મેં અનુસરી, મુજ૦ કોન ગણ્યું આગ; લાલ૦
ચંદ્રકલા ચંદ સાથ છે, મુજ૦ વાદલ સાથે ગાજ. લાલ૦ ૨.
સાહિબ ભાગ સમાન છે, મુજ૦ મેં સેવી વિસ્તાર; લાલ૦
મેં સરોવર નીરે ભર્યો, મુજ૦ મેં કમલિની સુખકાર. લાલ૦ ૩.
તું જીવન તું આતમા, મુજ૦ તું અમ પ્રાણાધાર; લાલ૦
તુમ વિરહો ન ખમી શકું, મુજ૦ દેખી રહ્યો કિરતાર. લાલ૦ ૪.
શક્તિ અમારી દેખજો, મુજ૦ રિપુદલ બેઠો જેય; લાલ૦
ગંજ પૂરા દેખશે, મુજ૦ કસવટી અમચી તેય. લાલ૦ ૫.
અવર નારી સમ હું નહિં, મુજ૦ રાજસુતા રજપુત; લાલ૦
રિપુદલ તૃણસમ લેખવો, મુજ૦ નિજ ઘર રાખ્યાં સૂત. લાલ૦ ૬.
વીર વિવેક ખુશી થયો, મુજ૦ પ્રમદાની સુણિ વાત; લાલ૦
સામંત સઘળા તેડિયા, મુજ૦ એહ વિચાર કહાત. લાલ૦ ૭.
આપ આપણી નારીને, મુજ૦ લેજો સઘળી સાથ; લાલ૦
જીત કરી એ શક્તિથી, મુજ૦ કહિયો છે જગનાથ. લાલ૦ ૮.
પ્રથમ સામંતે તબ ગ્રહી, મુજ૦ ક્ષમા નારી જસ નામ; લાલ૦
માર્દવ વરી પ્રિય નમ્રતા, મુજ૦ સાથ હુઇ અભિરામ. લાલ૦ ૯.
આર્જવ સામંતે ગ્રહી, મુજ૦ પ્રસન્નતા નામે નાર; લાલ૦
સંતોષ સામંતે ગ્રહી, મુજ૦ ધૃતિ લલના સુખકાર. લાલ૦ ૧૦.
વિમલબોધ શુભ માર્ગણા, મુજ૦ લીધી સુંદર સાર; લાલ૦
પુરોહિત આસ્તિક્યબુદ્ધિને, મુજ૦ લીધી પત્ની તિવાર. લાલ૦ ૧૧.
શેઠ સત્યવાણી વધૂ, મુજ૦ વેદકતા મંત્રી નાર; લાલ૦
ભવમંદા પુત્ર તે ગ્રહી, મુજ૦ નારી પ્રેમ ઉદાર. લાલ૦ ૧૨.
ઇણિ પરે સઘળે સાથીએ, મુજ૦ સાથે લીધી નાર; લાલ૦

હુકમ હુવો સાહિબતણો, મુજ૦ વેગેં હૂઆ અસવાર. લાલ૦ ૧૩.
પાંચેઈ હથીઆર બાંધિયા, મુજ૦ ઝગમગ જ્યોતિ અપાર; લાલ૦
ઉજ્જ્વલ શુક્લ ધ્યાન છે, મુજ૦ હથિઆરમાં શિરદાર. લાલ૦ ૧૪.
જબર જૈનસાણ ગુરૂશીખ તે, મુજ૦ પહેરી રક્ષા કાજ; લાલ૦
સકલ સાજાઈ લેઈ કરી, મુજ૦ મગન કરે મહારાજ. લાલ૦ ૧૫.

દોહરા.

સાધુ સંયમ ગજરાજ દલ, વરદાયી વડ વીર;
પ્રવચન પુરથી ચાલિયા, સાથ વડ વડા ધીર. ૧.
મોહ મહીપતી ઝપવા, શૂરા પૂરા સાથ;
વીરબલેં ધરતા થકા, જય લક્ષ્મીના નાથ. ૨.
નર નાર શુભરાજ ભૂમિકા, આક્રમતા તિણિવાર;
પસરી કીર્તિ દશદિશેં, હરખ્યાં લોક અપાર. ૩.

ઢાળ ૧૦ મી.

([illegible] ;—એ દેશી.)

વરદાયી વીર મહંતજી, જગ સબલેઈ યશવાસો રે;
કિંચિત ચોર નાસી ગયા, નામ નાસે સુર પ્રકાશો રે. વરદાયી૦ ૧.
મિથ્યાતમ દૂરેં ગયા, [illegible] રે;
[illegible] પ્રગટ્યો નિજ તેજ [illegible] રે. વરદાયી૦ ૨.
[illegible] રે;
[illegible] રે. વરદાયી૦ ૩.
[illegible] રે;
[illegible] રે. વરદાયી૦ ૪.
